# સ્વર્ગયાત્રા

લેખકઃ જયંતીભાઈ પટેલ

Swargayatra

Gujarati Novel

By

Jayantibhai Patel

(C) Jayantibhai Patel

First edition April, 2015

Price $ 12-00

# અનુક્રમ

૧. મારી પહેલી સ્વર્ગયાત્રા
૨. પહેલી સભા
૩. ઘટનાક્રમનું સમયપત્રક
૪. પત્રિકા પહેલી
૫. સંસ્કરણ પહેલાંના પડઘા
૬. રાજકારણવાળા પાછળ પડ્યા
૭. સ્વર્ગલોકની સફરે
૮. સ્વર્ગલોકના છબરડા
૯. મારી જેલયાત્રા
૧૦. માનવસમ યંત્રજીવોના ગ્રહમાં
૧૧. કોણ બચશે કોણ મરશે?
૧૨. મહાસંસ્કરણ
૧૩. તબાહીનું તાંડવ-૧
૧૪. તબાહીનું તાંડવ-૨
૧૫. આરામનો સમય
૧૬. મૃત્યુલોકની એક વધુ સફર
૧૭.દેવશ્રીના આદેશનો અમલ કરતાં
૧૮. વરસાદી ખેતીનાં હવાતિયાં
૧૯. સંસ્કરણની પાંચમી શતાબ્દીએ

# લેખકનાં અન્ય પુસ્તકો

ધરતીને છેડે ઘરડાઘર?
સ્વર્ગયાત્રા
બેગમ
ધરતીનો બીજો છેડો
ગોમતીગઢનો ખજાનો
જો થઈ છે!
મનેખ માટીનાં
મેલા મનનું માણસ
વસમા ઓરતા
શેઠ વણાગીલાલ
સમણાં
અંતાણી નિવાસ
હસતાં હસતાં સુખિયાં થયાં
થોડી હસી મજાક
હરિયાળી ધરતીનાં મનેખ
છૂટા છેડા: ઓપન સીક્રેટ

# સ્વર્ગયાત્રા પહેલાં

મારી આ સ્વર્ગયાત્રાની કથાની શરૂઆત ગમે તે કારણોથી થઈ હોય પણ એની પાછળની ભાવના કલ્યાણની જ છે એમ મને લાગ્યું છે. એટલે આજે હું આ સ્વર્ગયાત્રાની વાત આપને વિગતવાર કરવા જઈ રહ્યો છું. એમાંની કેટલીક વાતો શરૂમાં તમને અરુચિકર લાગશે પણ મારી વાત પૂરી સાંભળ્યા પછી તમને એના હાર્દ અંગે જરા પણ અણગમો નહીં રહે એની મને ખાતરી છે.

મને ખાતરી છે કે તમારામાંના કોઈએ સ્વર્ગયાત્રા કરી નહીં હોય એટલે આ સ્વર્ગયાત્રા પહેલાં મારે તમારી સમક્ષ એની પૂર્વભૂમિકા રજૂ કરવી જોઈએ એવું મને લાગ્યું છે.

મેં જે સ્વર્ગયાત્રાઓ કરી છે તેની શરૂઆત તો મારી જાણ બહાર થઈ ગઈ હતી એટલે મને તો કશી તૈયારી કરવાનો સમય પણ નહોતો મળ્યો. ને આમેય સ્વર્ગ કે નર્કમાં જનારને ક્યાં અગાઉથી જાણ કરવામાં આવે છે કે એને તૈયારી કરવાનો ક્યાં સમય આપવામાં આવે છે!

હવે તો મને સ્વર્ગ ગમી ગયું છે ને મને ખાતરી છે કે મારી વાત પૂરી સાંભળ્યા પછી તમને પણ એ ગમવા લાગશે.

આપણી દુનિયાએ છેલ્લાં પચાસ વર્ષમાં જેટલી પ્રગતિ કરી છે એ જોતાં જો આવી જ પ્રગતિની દોડ બીજાં હજાર વર્ષ ચાલુ રહે તો દુનિયા એવી મંજીલ પર પહોંચી જાય કે એમને કુદરત અથવા જેને આપણે ભગવાન કહીએ છીએ એવા કોઈ આશરાની જ જરૂર ન રહે.

આપણા કરતાં પાંચ હજાર વરસ પૂરાણી કોઈ સંસ્કૃતિ હોય તો તે કેવી હોય! ને લાખ વર્ષ પૂરાણી સંસ્કૃતિની તો આપણે કલ્પના પણ ન કરી શકીએ.

આવી જ એક પૂરાતન સંસ્કૃતિની કલ્પનાને

કેન્દ્રમાં રાખીને મેં આ નવલકથાનું સર્જન કર્યું છે.

આમાં આપણી સ્વર્ગ અને નર્કની કલ્પનાઓનો છેદ ઊડી જાય છે એમ તમને કદાચ લાગશે પણ મને જે સંભવિત અને વાસ્તવિક લાગ્યું તેની કલ્પના મેં આ કથામાં કરી છે.

ન તો હું નાસ્તિક છું કે ન તો મારો આશય કોઈ ધર્મ કે કોઈની શ્રધ્ધાને ઠેસ પહોંચાડવાનો છે. હું તો માત્ર એક લેખક છું ને મારા વાંચકોને મનગમતું સાહિત્ય પીરસવામાં માનું છું. આમાં કોઈને કશું અરુચિકર લાગે તો મને ક્ષમા કરશો.

મને મારા વાંચકો પર પૂરો વિશ્વાસ છે કે મારી બીજી નવલકથાઓની જેમ તેઓ આ નવલકથાને પણ વધાવી લેશે.

આપ સૌના સધિયારે હું આ પુસ્તક મારાં અન્ય પુસ્તકોની જેમ પુસ્તકાલય.કૉમમાં તેમજ ક્રિયેટસ્પેસના માધ્યમ મારફતે પ્રસિધ્ધ કરી રહ્યો છું ને આશા રાખું છું કે તે આપને ગમશે.

કોઈને મારી આ નવલકથા અંગે કાંઈ કહેવું હોય તો મારા ઈમેલ પર લખીને કહી શકે છે. મારું ઈમેલનું સરનામું છે, jd4books@gmail.com

આપનો સેવક

જયંતીભાઈ પટેલ

# ૧.
# મારી પહેલી સ્વર્ગયાત્રા

હું કોઈ વાતે નાસ્તિક નથી પણ મેં જે કાંઈ પરલોકની ભૂમિમાં જોયું છે એ જોતાં મને આપણી પુરાણી માન્યતાઓમાં સુધારા કરવાની જરૂર પડી છે. આજે હું તમને મારી એ યાત્રાની વિગતે વાત કરવા માગું છું. મને ખાતરી છે કે તમે કદાચ મારી વાતમાં સંમત નહીં થાવ તોય તમને એમાં રસ તો જરૂર પડશે જ. સહેજ ધિરજ રાખીને મારી વાત સાંભળજો.

આમ તો આ વાત બહુ જૂની છે. કદાચ પાંચસો વરસ જૂની હોય કદાચ પાંચ હજાર વર્ષ જૂની પણ હોય. ચોક્કસ તો મને પણ યાદ નથી કે ચોક્કસ કયે દિવસે એની શરૂઆત થઈ? એ બધું એવું આકસ્મિક બની ગયું હતું કે મને એના સમયનો કોઈ ખ્યાલ રહ્યો નથી.

એક રાતે હું મારા ઘરની અગાસીમાં સૂતો હતો. બીજે દિવસે સવારમાં જાગીને જોઉં છું તો હું કોઈક બીજી જ દુનિયામાં હતો. મને ચોક્કસ યાદ છે કે હું મારા ઘરની અગાસીમાં જ સૂતો હતો પણ અત્યારે મેં મને એક વિશાળ મહેલના એક ખંડમાં આરામદાય પથારીમાં જોયો.

મેં પથારીમાંથી બેબાકળા થઈને ઊભા થઈ જતાં બારીમાંથી ડોકું બહાર કાઢી આમતેમ નજર કરી તો મારા આશ્ચર્યની અવધી જ ન રહી. એક તરફની ક્ષિતિજમાં સૂર્ય ઊગતો હતો તો સામેની ક્ષિતિજમાં બીજો સૂર્ય આથમી રહ્યો હતો.

પહેલાં તો મારા મનમાં એવો પણ વિચાર આવ્યો કે ગઈ કાલે રાતના દોસ્તોની સંગતમાં બે ઘુંટ વધારે પીવાઈ ગયું હતું તેનું હેંગઓવર જ હશે કદાચ. મેં આંખો ચોળી ને કમરમાં એક ચીમટી પણ ભરી લીધી ને મને ખાતરી થઈ ગઈ કે હું ન તો હેંગઓવરમાં હતો કે ન તો સ્વપ્નામાં.

પણ બે બે સૂર્યવાળી કોઈ જગ્યા હોય એ વાત મારું મન કેમેય સ્વીકારી શકે તેમ ન હતું, વળી રાતે જ મને જો કોઈ લોકો અહીં ઉઠાવી લાવ્યા હોય તો તેમનો ઈરાદો સારો તો ન જ હોય એવું વિચારતાં મારા મનમાં જે ભયની લાગણી જાગી તેનું તો તમે અનુમાન પણ નહીં કરી શકો.

મેં બારી પાસે જઈ ઊગતા અને આથમતા બેય સૂર્યને ફરીથી જોઈ લીધા. મનમાં એવી શંકાય થઈ કે બન્ને સૂર્યમાંનો એક ચંદ્ર હશે કદાચ. પણ ક્ષિતિજમાંના એ બેય સૂર્ય જ હતા એની મને ખાતરી થઈ જ ગઈ. જો એમાંનો એક ચંદ્ર હોય તે એમાં કોઈ ચંદ્રકલંક તો હોવું જોઈએ ને.

મેં ધારીને કલંક શોધવા નજર માંડવા પ્રયત્ન કર્યો તો મારી આંખો અંજાઈ ગઈ. બેમાંથી એકેયનો પ્રકાશ ચંદ્ર જેવો મુલાયમ તો ન જ હતો. બન્નેનો પ્રકાશ આંખોને આંજી દે તેવો હતો. પછી તો બીજો કોઈ રસ્તો ન હતો એટલે છેવટે જે હશે તે જોયું જશે એમ વિચારી મેં પ્રાતઃકાર્ય પતાવવાનું વિચાર્યું.

હું આજે ઘરમાં નથી પણ કોઈ અજાણી જગ્યાએ ઊપડી ગયો છું એની કોઈ પાડોસીઓને ખબર પણ પડવાની ન હતી. હું ઘરમાં એકલો જ રહું છું અને મારી અલગારી વૃત્તિને લીધે મારાં પાડોસીઓએ પણ મારી હાજરી કે ગેરહાજરીની નોંધ લેવાનું બંધ કર્યું છે.

મારી આજની ગેરહાજરી કોઈની નજરમાં આવશે જ નહીં એની મને ખાતરી હતી. અને કદાચ કોઈની નજરમાં એ આવશે તો પણ મારી આવી અલગારી રહેણીકરણી મારી ગેરહાજરીની નોંધ ન લેવાવાને માટે કારણભૂત બનશે કદાચ, મેં મનમાં વિચાર્યું. ને મારું હવે શું થશે એના વિચારથી હું વધારે ગભરાઈ રહ્યો.

હજુ તો હું જેમતેમ કરીને સ્વસ્થ થવા પ્રયત્ન કરતો હતો ત્યાં એક માણસે આવીને એક ટેબલ પર મારે માટે જ્યુસનો  પ્યાલો મૂક્યો ને મારા આદેશની રાહ જોતો હોય એમ અદબથી એક તરફ ઊભો રહી ગયો. (પહેલી નજરે મને એમ લાગ્યું કે એ પ્યાલામાં કોઈ ફળનો જ્યુસ જ હતો) ગૂંચવાતાં મેં એને પૂછ્યું: ‘આ કઈ જગા છે? અને મને શા માટે અહીં લાવવામાં આવ્યો છે?’

'આ સ્વર્ગલોક છે. તમને અહીં શા માટે લાવવામાં આવ્યા છે એ અંગે તો થોડી જ વારમાં તમને કોઈ ઊચ્ચ અધિકારી આવીને જણાવશે. દરમિયાન મારે લાયક કોઈ કામ હોય તો કહો.' એણે સ્વર્ગલોક કહ્યું તેનાથી તો મારી બીકમાં બમણો વધારો થયો. મને થયું કે હું રાતે ઊંઘમાં જ ગુજરી ગયો ને અહીં સ્વર્ગમાં વગર વિમાને તો નહીં આવી ગયો હોઉં ને!

'તમારા એ અધિકારી આવે ત્યાં સુધીમાં મને લાગે છે કે હું નહાઈ લઉં. પણ મારી પાસે બદલવાનાં કપડાં નથી તેનું શું?'

'આપને માટેનાં કપડાં આ આલમારીમાં છે. સાથેના ઓરડામાં સ્નાનકક્ષ છે તેમાં ગરમ અને ઠંડા પાણીની સગવડ છે.' કહેતાં એણે આલમારી અને સ્નાનકક્ષનાં બારણાં ખોલીને બતાવ્યાં.

મેં ઝડપથી પેલો જ્યુસ પી લીધો. એ જ્યુસ કયા ફળનો હતો એ તો મને ન સમજાયું પણ એ એટલો સ્વાદિષ્ટ હતો કે મને ફરીથી એક ગ્લાસ મંગાવવાની ઈચ્છા થઈ. પણ હાલ તુરત તો મારે માટે ચાલી શકે એવાં કામચલાઉ કપડાં માટે આલમારીમાં મેં નજર નાખી. મારા આશ્ચર્ય વચ્ચે જાણે મારે માટે જ તૈયાર કરાવ્યાં હોય એવાં અનેક જાતનાં કપડાં એમાં વ્યવસ્થિત ગોઠવેલાં હતાં.

પડશે તેવા દેવાશે એમ મનમાં વિચારતાં હું જરૂરી કપડાં અને એક ટુવાલ લઈને પેલા કહેવાતા સ્નાનકક્ષમાં પેઠો. આમાં પરદેશી બાથરૂમમાંય ન હોય એવી સુંદર વ્યવસ્થા હતી. આ આખો ખંડ આલ્હાદક ખુશ્બુથી મહેંકી રહ્યો હતો.

મારે કદાચ ગરમ અને ઠંડા પાણીની મેળવણી કરવાની હોત તો આ અજાણ્યા માહોલમાં મને થોડી તકલીફ પડત પણ સ્વચ્છ પાણીથી ભરેલા એક નાનકડા હોજમાં સમધારણ ગરમ પાણી હતું એટલે હું આરામથી નહાયો.

નાહીને હું બહાર આવ્યો તોય પેલો પરિચાલક હજુ ત્યાં જેમનો તેમ જ ઊભો હતો. મેં એને કહ્યુંઃ 'તારે બીજું કામ હશે. મારે તો તારા પેલા ઊચ્ચ અધિકારી આવે ત્યાં સુધી કશું કામ

નથી. તારે જવું હોય તો જા.'

પેલો કહે: 'મારે બીજું કશું કામ નથી. હું કાયમ તમારી સેવામાં જ અર્પિત છું.'

એના જવાબથી મને જે કુતૂહલ થયું તેને વાચા આપતાં મેં એને કહ્યું: 'તું મારી સેવામાં હોય તો પણ તારાથી બેસી તો શકાય. આમ ઊભો રહીને થાકી જઈશ.'

'મને ઊભા રહેવાથી કે બેસવાથી થાક લાગતો નથી. રાત હોય કે દિવસ તમારી હર આજ્ઞા ઉઠાવવાનું જ મારું કામ છે.'

'મારે રાતે કદાચ તારું કામ પડે ને તું ઊંઘતો હોય તો? કે પછી રાતની પાલીમાં તારે બદલે કોઈ બીજો માણસ આવવાનો છે?' મેં એની રાત દિવસની વાતની ચકાસણી કરવા પૂછ્યું.

'હું ઊંઘતો નથી. તમે મને હાંક મારશો ને હું હાજર થઈ જઈશ. મારું નામ છે સેવક સાત. તમે માત્ર સેવક જ કહેશો તો પણ હું આવી જઈશ.'

મને એના નામની પાછળના સાતના અંકે જે વિચાર આવ્યો તેનું સ્પષ્ટિકરણ કરવાનું મને મન થયું. મેં પૂછ્યું: 'સેવક, તારા નામમાં સાતનો અંક છે તો બીજા સેવકો પણ હશે એવું હું માનું છું. તારા જેવા કેટલા સેવકો હશે બીજા?'

'કેટલા હશે એની તો મને પણ ખબર નથી, ઘણા બધા છે, પણ આ નિવાસમાં બીજો કોઈ સેવક નથી એટલે તમે મને ફક્ત સેવક કહીને હાંક મારશો તો પણ બીજો કોઈ સેવક આવી જવાનો નથી.'

'જો તારે કાયમ મારી સેવામાં ઉપસ્થિત રહેવાનું હોય તો તારાં ઊંઘ અને આરામનું શું?'

'મારે ઊંઘવાની કે આરામ કરવાની જરૂર નથી પડતી. હું યંત્રસેવક છું.' તેના આ જવાબથી મને જે આશ્ચર્ય થયું તે વર્ણવવાના મારી પાસે શબ્દો નથી. યંત્રમાનવ કે યંત્રસેવક આપણે માટે અજાણ્યા શબ્દ નથી. પણ આ યંત્રસેવક તો આબેહુબ માણસ જ લાગતો હતો. અને એટલે તો અત્યાર સુધી હું એને માણસ સમજીને જ તેની સાથે વાત કરી રહ્યો

હતો ને!

'જે અધિકારી મને મળવા આવવાના છે તે પણ યંત્રમાનવ(સેવક) છે?'

'ના, તે સત્તાધિશ દેવ છે. તે તમને મળવા બે એક પળમાં આવશે. તે તમારા બધા પ્રશ્નોનું સમાધાન કરશે. તે દરમિયાન મારે લાયક કોઈ સેવા હોય તો આજ્ઞા કરો.' યંત્ર સેવકે કહ્યું.

મને જવાબ આપીને સેવક ત્યાં જ ઊભો રહ્યો હતો તે મને મારા પર દેખરેખ રાખતો હોય એમ લાગતું હતું એટલે મેં કહ્યું: 'સેવક, તું આ ખંડની બહાર ઊભો રહે મારે જ્યારે તારી જરૂર હશે ત્યારે તને હું બોલાવીશ.'

'જેવી આજ્ઞા.' કહી તે ખંડની બહાર ચાલ્યો ગયો. મને થયું કે એ મારા પર નજર રાખતો હોય એવી મારી માન્યતા ખોટી સાબિત થઈ હતી.

આ કોઈ અલૈકિક સ્થાન છે કે પછી હું સ્વપ્નમાં છું એવું ફરીથી વિચારતો હું ઓરડામાંના એક ખુરસી જેવા લાગતા સાધન પર બેસી ગયો. મારી પીઠનો સહેજ સ્પર્શ થતાં જ એ ખુરસી જેવું લાગતું સાધન વિરામાસનમાં ફેરવાઈ ગયું. પણ તરત જ હું એના આશ્ચર્યમાંથી બહાર આવી ગયો.

મને થયું મને અહીં લઈ આવનાર લોકો જે કોઈ હોય એ પણ એ મને દુખી કરવા માગતા નથી એટલું તો પહેલી નજરે લાગે છે. વળી આજે પેલા કોઈ દેવ મને મળવા આવવાના છે એ મને બધું જણાવવાના જ છે. ને એ કદાચ નહીં જણાવે તો મને સામેથી પૂછતાં કોણ રોકવાનું છે?

જો એમ હોય તો મને કોઈ કામ અંગે જ અહીં લાવવામાં આવ્યો હોવો જઈએ. પણ હું એવા કોઈ કામનો નિષ્ણાત નથી કે આવી માનવસમ યંત્રસેવક બનાવી શકે એવી આ સ્વર્ગલોકની સંસ્કૃતિમાં મદદરૂપ થઈ શકું.

કદાચ એવું ન બની શકે કે કોઈ બીજાને બદલે હું પસંદ થઈ ગયો હોઉં! પણ એવું બનવું પણ મને શક્ય ન લાગ્યું. એમણે મારે માટે જે કપડાં તૈયાર કરી રાખ્યાં હતાં તે જાણે દેશમાંથી મારા દરજીએ જ મારી પસંદ મુજબનાં સીવીને

મોકલ્યાં હોય એવાં હતાં.

જે હશે તે હમણાં પેલા અધિકારી આવશે ત્યારે તો ખબર પડી જ જવાની છે ને, એવા વિચારમાં અટવાતો હું પેલા વિરામાસન પરથી ઊઠીને ઓરડામાં આંટા મારવા લાગ્યો.

ત્યાં જ બારણા પાસેથી સુમધુર સુરાવલીઓ વહેવા લાગી ને પેલો યંત્રસેવક સાત, ખંડમાં દાખલ થયો. એણે કહ્યું: 'દેવાધિદેવ પોરુમદેવ પધારે છે.' ને અનાયાસે જ મારાં પગલાં, જાણે હું તેમને સત્કારવા જતો હોઉં તેમ, બારણા તરફ વળ્યાં.

ત્યાં જ બારણામાંથી એક પ્રભાવશાળી અને દૈદીપ્યમાન પુરુષ દાખલ થયા. એમના આગમનથી આખો ખંડ જાણે જળહરી રહ્યો હોય એમ લાગ્યું. એમણે આવતાં જ કહ્યું: 'સ્વપ્નીલ, હું પોરુમદેવ છું. તને મારું નામ યાદ રાખવામાં શરૂમાં કદાચ તકલીફ પડે તો તું મને પરમદેવ કહી શકે છે. એ બન્નેનો અર્થ સરખો જ છે ને અન્ય દેવો ને સેવકો મને એ નામેય જાણે છે.'

'દેવ, મને હજુ સુધી એ જ નથી સમજાયું કે તમારા કોઈ અનુચરો હું ઊંઘતો હતો ત્યારે શા માટે મને અહીં લઈ આવ્યા છે? પહેલાં મારા મનના આ પ્રશ્નનું સમાધાન કરો.' મેં સહેજ અકળાતાં કહ્યું અજાણી જગ્યા ને સામે પોરુમદેવ જેવી પ્રભાવશાળી વ્યક્તિ હોવા છતાં મારાથી સ્વભાવગત ગુસ્સે થઈ જવાયું.

'શાંતિ રાખ સ્વપ્નીલ, હું એ માટે જ તો અહીં આવ્યો છું. તું થોડી ધિરજ રાખ. જો આ સ્વર્ગલોક છે. તમે પૃથ્વીલોકનાં માણસો માનો છો એ સ્વર્ગ નહીં પણ સ્વર્ગલોક. તમારું સ્વર્ગ કાલ્પનિક છે. પણ એમાંની કેટલીક વાતો અમારા આ સ્વર્ગલોકને મળતી આવે છે અને અમારાં કાર્યો પણ તમારી એ કલ્પનાને મળતાં જ છે એટલે તું આ ભૂમિને તમારું સ્વર્ગ માને તોય વાંધો નથી.

'તને મારી વાત માનવામાં નહીં આવે પણ તમે માનો છો એવું કાઈ સ્વર્ગ છે જ નહીં. તમારામાંના કોઈકે એ સ્વર્ગની કલ્પના કરી છે ને બધાને પૂન્ય ને પાપની વાતોથી સારે

મારગે ચાલવાની કેડી કંડારી આપેલી છે.

'હું તને પ્રથમ તો એ સમજાવવા માગું છું કે તને અહીં લાવવામાં આવ્યો છે એની પાછળ તને દુખી કરવાનો કોઈ આશય નથી એ વાત મનથી સ્વીકારી લે.' એમણે ગંભીર પણ પ્રભાવશાળી મુદ્રામાં કહ્યું.

'જો એમ જ હોય તો તઓ મને જાગૃતાવસ્થામાં અને કામની માહિતી આપીને જ શા માટે ન લઈ આવ્યા?'

'એમને એવો આદેશ આપવામાં આવ્યો હતો. જો એમણે તને જાગૃતાવસ્થામાં સમજાવીને અહીં લાવવા પ્રયત્ન કર્યો હોત તો તું તને લેવા આવેલા અનુચરોને અસંખ્ય એવા પ્રશ્નો કરત જેના જવાબ તેમની પાસે ન હતા. હવે તું અહીં છે ને તારા સર્વ પ્રશ્નનું સમાધાન કરવા હું હાજર છું. પહેલાં તું તારા મનમાં રહેલાં આશંકા અને ભયને ત્યજી દે અને શાંતિથી બેસ ને મારું કહેવું સાંભળ એટલે તારા આ સંશયનું નિરાકરણ થઈ જશે.'

'તમે મારા મનનું સમાધાન કરવા આવ્યા છો તો સૌ પ્રથમ મને એ જણાવો કે મને શા માટે અહીં લાવવામાં આવ્યો છે?'

'તારા એ પ્રશ્નનો જવાબ તને રહેતે રહેતે મળી જશે પણ હાલ હું તને સંક્ષેપમાં જ સમજાવી દઉં. જો તમારી પૃથ્વી ને માનવજાત બધું અમારી ઈચ્છા મુજબ ચાલે છે. માની લે કે તમે જેને ભગવાન માનો છો એ ભગવાન અમે જ છીએ.

'અમે તમારી દુનિયાનું ચાલીસથી પચાસ  હજાર વરસે પુન:સંસ્કરણ કરતા હોઈએ છીએ. હવે આગામી પાંચ વરસ પછીના એક ચોક્કસ દિવસે તમારી દુનિયાનું પુન:સંસ્કરણ કરવાનું અમે વિચાર્યું છે ને તેમાં તારે એક મહત્ત્વની ભૂમિકા નિભાવવાની છે.'

'મને તમારી વાત સમજાઈ નહીં. આ પુન: વગેરે.. વગેરે.. એટલે શું?'

પુન:સંસ્કરણ એટલે તમે જેને રીસાકલ કહો છો એવું જ કાંઈક. ટૂંકમાં ફક્ત તમારી આખી દુનિયાની કાયાપલટ. તમારી કુલ વસ્તીમાંથી પસંદ કરેલાં ફક્ત બેત્રણ લાખ

માણસો સિવાયનાં બીજાં લોકો, સાહિત્ય, વિજ્ઞાન, સાધન, સ્થાપત્ય વગેરેનું રીસાયકલ. માની લે કે તમારી આખી દુનિયાનું રીસાયકલ.'

'પણ રીસાયકલ કેવી રીતે? માણસોનું આવું તો કાંઈ રીસાયકલ થતું હશે! એમનું રીસાયકલ તો આમેય એમના જનમ અને મરણથી થતું જ હોય છે પણ આમ સામુહિક રીસાયકલ! એનાથી તો આખી દુનિયા જ તબાહ થઈ જાય.' એમની આ વાતથી મારા મનમાં જે ગૂંચવણ ઊભી થઈ તે મારા મુખેથી આ રીતે બહાર આવી.

'હા, મેં જણાવ્યું એ બધાંનું રીસાયકલ. માનવ જાતનું પણ રીસાયકલ. તું માને છે એવું જનમ ને મરણ મારફતે થાય છે એવું નહીં પણ મોટે પાયે રીસાયકલ. અમારે માટે આ નવું નથી. અમે આ પહેલાં પણ ત્રણ વખત તમારી દુનિયાનું રીસાયકલ કરેલું જ છે. એમ જ માન કે અમે એક પ્રયોગ કરી રહ્યા છીએ અને આ પુનઃસંસ્કરણ પણ તેનો જ એક ભાગ છે.'

'આખી માનવજાતનું રીસાયકલ- નિકંદન! તમારો આ તે કેવો પ્રયોગ છે? અને તેમાં મારે તમને સાથ આપવાનો ને તમારી એ કહેવાતી મહત્ત્વની ભૂમિકા નિભાવવાની! તમે એમ કેમ માન્યું કે હું તમારી એવી વાતમાં સંમત થઈ જઈશ અને તમને સાથ આપીશ? આવી મહાવિનાશની કુટિલ યોજનામાં હું કોઈ પણ ભોગે સામેલ નહીં જ થાઉં.'

'જો અમે તારા પર કોઈ પણ જાતનું દબણ લાવવા નથી માગતા. તારે એક મહિના સુધી અહીં રહેવાનું છે ને અમે આવું શાથી કરવા માગીએ છીએ એ સમજવા પ્રયત્ન કરવાનો છે ને પછી તને યોગ્ય લાગે તો જ તારે એમાં સાથ આપવાનો છે. અમારા આ કાર્યમાં તારે સાથ આપવો કે નહીં એ નક્કી કરવાનું હવે તારે વિચારવાનું છે.'

'પણ હું એક મહિનો અહીં રહેવા જ ન માગતો હોઉં તો?'

'તો તારે થોડી મજબુરી વેઠીને પણ અહીં રહેવું પડશે. આમ તો અમે ન ઈચ્છીએ ત્યાં સુધી તું તારી જાતે તો પાછો પૃથ્વી પર જઈ શકવાનો જ નથી એટલે એક મહિના સુધી તો તારે અમને સહકાર આપ્યે જ છૂટકો છે. પછી તને યોગ્ય લાગે

તે કરવા માટે તું મુક્ત છે. એક મહિનો વીત્યે અમે તને પાછો પૃથ્વી પર મોકલી આપીશું એ મારું વચન છે.' પોરુમદેવે કહ્યું ને મારી પાસે પૃથ્વી પર પાછા જવાનો કોઈ રસ્તો પણ ક્યાં હતો!

'ચાલો તમારી આ વાત હું સ્વીકારું છું પણ તમને આ કામમાં સહકાર આપવા હું બંધાતો નથી. હાલ તો 'બાવા બન્યા હે તો હિંદી બોલ્યા વના છૂટકા હે' એ ન્યાયે હું તમારી સાથે છું.' કમને પણ મારે તેમની વાત સ્વીકારવી જ પડે તેમ હતી એટલે મેં કહ્યું.

'આવતીકાલથી તારું કામ શરૂ થશે. આજે હું અનુચરને સૂચના આપી દઉં છું એટલે તે તને સ્વર્ગલોકનાં વિવિધ સ્થળોની સહેલ કરાવશે અને તેનાથી માહિતગાર કરાવશે. પછીય જ્યારે તારે ક્યાંક જવું હોય ત્યાં જઈ શકાશે.

'તને કદાચ એમ લાગતું હશે કે તને અમે કોઈ પૂર્વ આયોજન સિવાય ઉઠાવી લાવ્યા છીએ તો એ વાત મનમાંથી કાઢી નાખજે.

'તારા આવતા પહેલાં જ બધા દેવો માનવો અને સેવકોને અમે ગુજરાતી ભાષા શિખવી દીધી છે. તને કદાચ એમ લાગશે કે એમ થોડાક દિવસો કે મહિનાઓમાં ગુજરાતી ભાષા તો શિખી જવાતી હશે! પણ અહીં તો બધાને ઊંઘમાં જ એક સંચયપદ્મ દ્વારા એ શિખવી શકાય છે. બીજે દિવસે એ લોકો ગુજરાતી બોલતા ને સમજતા થઈ જાય છે. આ ઉપરાંત અહીંના તારા વસવાટ દરમિયાન તું જ્યાં પણ જઈશ ત્યાં તેઓ તારી ભાષા સમજી શકશે ને તને એ જ ભાષામાં જવાબ પણ આપી શકશે.'

'મને થતું જ હતું કે યંત્રસેવક ગુજરાતી ભાષા કેમ બોલી કે સમજી શકતો હશે!'

'હવે તો તને ખબર પડી ને! બહાર જવા તારે માટે કોઈ બંધન નથી. પણ હમણાં થોડા દિવસ તારે જ્યાં જવું હોય ત્યાં તું અનુચરને સાથે લઈને જઈ શકે છે. અનુચરની સાથે એટલા માટે કહું છું કે તું અહીં અજાણ્યો છે. થોડા દિવસ પછી તું એકલો પણ તારે જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે. તારા ખાવામાં પણ તારે જે જોઈએ તે આ અનુચરને કહીને મંગાવી

શકે છે.'

'મારે પીઝા, ઢોંસા કે દાળ ઢોકરી ખાવાં હોય તો?' મારે માથેથી મરણનો ભય હઠી જતાં આનંદમાં અવીને મેં મજાકમાં પૂછ્યું.

'તું એક વખત માગી તો જો. અહીં બધું જ મળશે કારણ કે આ સ્વર્ગલોક છે.' હસતાં પોરુમદેવે કહ્યું ને અનુચરને કેટલીક જરૂરી સૂચનાઓ આપીને એ વિદાય થયા.

બહાર જવાનું મારું મન તો ઘણું હતું. મારે આ સ્વર્ગલોક વિષેનું કુતૂહલ બધું નજરે જોઈને સંતોષવું હતું પણ પહેલાં પેટપૂજા. મેં સેવકને સવારના નાસ્તા માટે જ્યુસ અને ઈડલી સાંભાર મંગાવ્યાં. ને મારા આશ્ચર્ય વચ્ચે દસેક મિનિટમાં એ આવી પણ ગયાં. ઈડલી તાજી જ બનાવેલી હોય એમ ગરમ હતી ને સાંભાર તો રીતસર ઊકળતો જ હતો.

મેં એને ન્યાય આપ્યો ત્યાં સુધી સેવક બારણા પાસે ઊભો રહીને મારા બીજા હુકમની રાહ જોઈ રહ્યો હતો. આ વખતનો જ્યુસ પહેલી વખતના જ્યુસ કરતાંય વધારે મધુર હતો. મને થયું કે મારે રોજ આ જ્યુસના પાંચસાત પ્યાલા તો મંગાવવા જ પડશે.

સવારનો નાસ્તો એટલો સરસ હતો કે મને થયું કે એ કોઈ સાઉથઈંડિયનને તો મારી જેમ પકડી નહીં લાવ્યા હોય ને! પણ મેં એ વાત અનુચરને પૂછવાનું માંડી વાળ્યું. મને પોરુમદેવની વાત યાદ આવી ગઈ કે આ તો સ્વર્ગલોક હતો. અહીં કશું જ અશક્ય ન હતું.

પછી હું સેવકની સાથે એક રથ જેવા વાહનમાં સ્વર્ગલોકમાં ટહેલવા ઊપડ્યો. રસ્તાની આસપાસ મોટા મોટા પ્રાસાદો હતા. સેવક મને એમાંના એક ભવ્ય મહેલ જેવા લાગતા પણ એક જ માળના મહેલમાં લઈ ગયો. પગથિયાં ચડતાં મને લાગ્યું કે એ કોઈ સાદગી પ્રેમી દેવનો મહેલ હશે પણ અંદર જતાં ખબર પડી કે એ તો આપણા વૉલમાર્ટને પણ ટક્કર મારે તેવો ડીપાર્ટમેન્ટલ સ્ટોર હતો.

એક પછી એક ડીપાર્ટમેન્ટમાં ફરતાં મને કેટલીય ચીજો ગમી ગઈ. મેં એની કિંમત જોવા માટે એ ચીજોને ચારે તરફ ફેરવીને તપાસી જોઈ પણ ક્યાંયે કિંમતની ટીકડી દેખાઈ

નહીં. મેં સેવકને પૂછ્યું: 'કોઈ ચીજ પર કિંમત કેમ લખેલી નથી?'

સેવક કહે: 'કોઈ કિંમત નથી. આપને જે જોઈએ તે લઈ લેવાનું.'

મને લાગ્યું કે સેવકની ક્યાંક ભૂલ થતી હશે. આવો કોઈ સ્ટોર બધું મફત કેવી રીતે આપી શકે! છતાં એની વાતનું પારખું કરવા માટે મેં દાઢી કરવાનો સામાન તથા સાબુ અને શેમ્પુ તથા ખિસ્સાના ચાર રૂમાલ લીધા.

કાઉન્ટર પર બધી ચીજો મૂકી ને એનું બિલ કેટલું આવશે ને આવશે તો કઈ કરન્સીમાં પૈસા માગશે એની ચિંતા કરતો હું ઊભો રહ્યો. આવી સારી ક્વોલિટીની ચીજો કાંઈ મફત થોડી હોય! અને જો મફત હોય તો સ્ટોરમાં ભીડ એટલી હોય કે પગ મૂકવાનીય જગા ન હોય. પણ અહીં તો સ્ટોર સાવ ખાલી હતો. મને લાગતું હતું કે સેવકની ભૂલ થઈ હશે,

પણ ત્યાં તો પેલી કાઉન્ટર પરની યંત્રસેવિકાએ બધો સામાન એક બેગમાં ભરીને મને પકડાવી દીધો ને ઉપરથી કહ્યું: 'પધારવા બદલ આભાર.' મને થયું કે ચાલો મારે જે જોઈએ તે લઈ લેવાનું મને ગમશે. ને મેં મનમાં જ કહ્યું: 'ભાઈ, આ તો સ્વર્ગલોક છે.'

પછી સેવક મને જુદા જુદા મહાલયોમાં લઈ ગયો. એમાંના એક મહાલયમાં પહોંચી એણે કહ્યું: 'કાલે આપને અહીં આવવાનું છે. અહીં મહાસંસ્કરણની ખાસ સભા રાખવામાં આવી છે તેમાં તમારી ઓળખાણ બધા સભ્યો સાથે કરાવવામાં આવનાર છે.'

'મારે અહીં આવવાનો રસ્તો યાદ રાખી લેવો પડશે. મારે એ યાદ રાખવા ઘણી મહેનત કરવી પડશે. આવતી વખતે તો તું સાથે હતો એટલે મેં રસ્તો યાદ રાખવા કશો પ્રયત્ન કર્યો ન હતો પણ જતી વખતે હું તે યાદ રાખવા પ્રયત્ન કરીશ. કયા સમયે આવવાનું છે?' મેં એને પૂછ્યું.

'આપને રસ્તો યાદ રાખવાની જરૂર નહીં પડે. સવારે નાસ્તો પતાવ્યા પછી આપને લેવા એક રથ આવશે. વળી હું પણ આપની સાથે જ હોઈશ એટલે એવી કશી ચિંતા ન કરતા, આપને અહીં આવવામાં કશી અગવડ નહીં પડે.'

મારા ઉતારા પર પહોંચ્યા પછી એણે પૂછ્યું: 'આપ બપોરની હાજરીમાં શું જમવું પસંદ કરશો?' ને મેં સ્વર્ગલોકનો તાગ લેવા મેં મનમાં આવ્યાં તેવાં બેચાર ચીજોનાં નામ દઈ દીધાં ને તેણે કહ્યું: 'જી. થોડી જ વારમાં આપનું જમવાનું આવી જશે. બીજું કાંઈ?'

'હા, આજે નાસ્તા વખતે જે જ્યુસ-શરબત હતો તે પણ સાથે બે પ્યાલા લાવવાનું કહેજે.' મને સવારના નાસ્તાનો જ્યુસ ગમી ગયો હતો.

મને થયું કે આવું રોજ તરેહ તરેહનું ખાવાનું મળતાં મારું વજન એક મહિનામાં વધારે નહીં તો પાંચેક કીલો ગ્રામ તો વધી જ જશે. તો મનમાં બીજોય સવાલ ચકરાવા માંડ્યો કે એક જ દિવસમાં મને સ્વર્ગ ગમી તો નથી ગયું ને!

◇

બીજા દિવસની સભામાં શી ચર્ચા થશે કે એમાં મારું શું સ્થાન હશે એ અંગેના વિચારોમાં મને તે રાતે ક્યારે ઊંઘ આવી ગઈ તેની પણ ખબર ન પડી. સવારમાં જાગ્યા પછીય ક્યાંય સુધી એ મખમલિયા પથારીમાંથી ઊઠવાનું મન થતું ન હતું ત્યાં સેવકનો સાદ સંભળાયો: 'આપને આજે સભામાં જવાનું છે એટલે હવે સ્નાદિથી પરવારીને આપે તૈયાર થઈ જવું જોઈએ.'

'મને લાગે છે કે તારે ઊંઘવાની જરૂર નથી એટલે તું મનેય ઊંઘવા નહીં દઉં.' હસતાં મેં કહ્યું.

'માફ કરશો પણ આપના અગત્યના કામમાં આપ મોડા ન પડો એ માટે મારે કહેવું પડેલું.' એણે એવી રીતે કહ્યું જાણે એનાથી કોઈ અપરાધ થઈ ગયો હોય.

'તારે એમાં માફી માગવાની જરૂર નથી મેં તો મજાકમાં તને ટકોર કરી હતી,' મેં કહ્યું ને એણે ટેબલ પર મૂકેલા ગ્લાસનો જ્યુસ ગટગટાવ્યો. આ જ્યુસ મારો ગઈ કાલે પસંદ કરેલો જ હતો. મને ખાતરી થઈ ગઈ કે આ સેવક મારી પસંદ સમજી ગયો હતો.

'આજે ફક્ત નાસ્તો જ અહીં કરવાનો છે, બપોરનું જમવાનું તો સભામાં જ છે. આપને આજે નાસ્તામાં શું લેવાની

ઈચ્છા છે?'

'આજે હું ફરસી પૂરી અને ચા જ લઈશ.'

'જી. અને બપોરના જમણમાં આપ શું જમવાની ઈચ્છા રાખો છો?'

'ત્યાં સભામાં પણ મને મારી પસંદ મુજબનું જમવાનું મળવાનું હોય તો હું બપોરે દાળ, ભાત, રોટલી અને સાથે કંકોડાંનું શાક લઈશ.' મેં કહ્યું. મને ખબર ન હતી કે અહીં હાલ કંકોડાંની સીઝન હતી કે નહીં પણ મારે આ સ્વર્ગલોકનો તાગ લેવો હતો.

# ૨.
# મારી પહેલી સભા

હું નાહીને માંડ પરવાર્યો હોઈશ ત્યાં મને લેવા માટે વાહન આવી ગયું હતું. સેવકે જણાવ્યું કે મારે ઉતાવળ કરવાની જરૂર ન હતી, એટલે મેં સવારનો નાસ્તો મારા માનીતા જ્યુસ સાથે પતાવ્યો. પછી અમે સભાસ્થાન તરફ જવા રવાના થયા.

આજે મને લેવા આવેલું વાહન આપણા કોઈ વાહન જેવું ન હતું. એ રથ અને કારનું સંકરણ કરીને બનાવ્યું હોય એવું લાગતું હતું પણ આપણી કાર કરતાં ઘણું આરામદાઈ અને ઝડપી હતું.

અમે સભામાં પહોંચ્યા ત્યારે બધા હજુ બહાર ઓસરીમાં ટહેલતા હતા. ત્યાં માનવ દેવો કરતાં સેવકો ઘણા વધારે હતા. કેટલાક દેવ પાસે તો સેવકોનો મોટો કાફલો હોય એમ લાગતું હતું.

થોડી વારમાં બધા સભાખંડની અંદર પ્રવેશ્યા એટલે સૌ પ્રથમ પોરુમદેવે બધાને મારો પરિચય કરાવ્યો અને મારો હવાલો મયંકદેવને સોંપતાં મને કહ્યું: ‘હવે પછી તારે આ મયંકદેવની સાથે રહી કામની સમજ મેળવવાની છે. એ આ કામના મુખ્ય જે પાંચ અધિષ્ઠાતા છે તેમાંના એક છે. તે તને બીજા ચાર અધિષ્ઠાતા સાથે સમયાનુસાર મેળાપ કરાવશે.’

પછી સોમનદેવની નિશ્રામાં સભા શરૂ કરવામાં આવી. મયંકદેવે મને કહ્યું: ‘આજે સભામાં જે કાંઈ કાર્યવાહી થાય તે ધ્યાનથી સાંભળજે અને તેને સમજવા પ્રયત્ન કરજે. જ્યાં ન સમજાય ત્યાં તારે અમને પૂછીને સમાધાન કરી લેવું. હા, જ્યારે કોઈ દેવ બોલી રહ્યા હોય ત્યારે વચમાં પ્રશ્ન પૂછીને કામમાં અંતરાય ન નાખવો.’

એક દેવે કહ્યું: ‘આપણે પુન:સંસ્કરણનો જે દિવસ નક્કી

કર્યો છે તે બધા અધિષ્ઠાતાના કાર્યાલયેથી સ્વીકારી લીધાના સંદેશ આવી ગયા છે. હવે આપણે વિસ્તૃત સમયપત્રક તૈયાર કરીને તેમની સંમતિ માટે મોકલવાનું રહેશે.

'બધાની ને ખાસ તો સ્વપ્નીલની જાણ માટે હું યાદ દેવડાવી લઉં કે આપણે જે દિવસ નક્કી કર્યો છે તે પૃથ્વીની અંગ્રેજી તિથિ મુજબ ૨૭ જુલાઈ, ૨૦૨૦, ને ભારતીય સમય મુજબ રાત્રિના ૧૦-૩૦નો છે. જો કે આ આખા સંસ્કરણનું વિગતવાર સમયપત્રક હજુ આપણે બનાવવાનું છે. એ વિવિધ કાર્યાલયો સ્વીકારે ને તે અંગે પોતાનાં સૂચનો રજૂ કરે તે મુજબ તેમાં જરૂરી ફેરફાર કરીને આપણે તેને સંપૂર્ણ કરીને સ્થાપવાનું છે.'

'દેવેન્દ્ર સોમનશ્રી, આ પુનઃ સંસ્કરણનો પ્રાથમિક તબક્કાનો કાર્યકાળ કેટલા દિવસનો રાખવો છે એનો પણ આપણે વિચાર કરવો પડશે.'

'મારી ગણતરી મુજબ બધી પ્રાથમિક શૃંખલા પાંચ દિવસમાં પતી જવી જોઈએ. પછીનું બધું નિર્માણદેવના કાર્યાલયના સમયપત્રક મુજબ એમના કાર્યાલય દ્વારા થાય તે જરૂરી છે. પછી કોઈ જટીલ પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો જ આપણે એમાં હસ્તક્ષેપ કરવાનો છે એવું હું વિચારું છું ને દેવશ્રીનો એવો જ આદેશ છે.' સોમનદેવે કહ્યું.

પછી કોઈ કાંઈ બોલતું ન હતું એ જોઈ મેં મારી વાત કરવાની તક ઝડપી લીધીઃ 'આ પાંચ દિવસમાં લગભગ સાત અબજ માનવો અને એટલાં જ પશુ-પક્ષીઓ જે મરણ પામશે તેમનાં શબનો નિકાલ નહીં થાય ને તેને કારણે અનેક જાતના રોગ પેદા થશે એનું શું? એમાં તો જેને તમે અલગ તારવીને જીવતદાન દેવા માગો છો એમાંના અડધાય નહીં બચે એવું મને લાગે છે.'

'ભાઈ સ્વપ્નીલ, તારી વાત સાચી છે પણ તેની ગણતરી અમે રાખેલી જ છે. એમાંના સાઠ ટકા લોકો રોગના આ ચક્કરમાં અને હતાશામાં માર્યા જશે પછીય એક લાખ માનવો બચી જશે તેમાં સ્ત્રીઓ અને પુરુષોની સંખ્યા લગભગ સરખી હશે અને તે બધાં ખડતલ અને પાપભીરુ હશે. એમાંથી તો નવી દુનિયા રચાવાની છે!' મયંકદેવે કહ્યું.

નવી દુનિયાના સર્જનના પાયાના માનવોની છટણી કરવાનું મચંકદેવની નિશ્રામાં આવતું હતું. તેમણે કહ્યું: 'આ માટે તારે મારી સાથે રહીને ત્યાંનાં માણસોનાં મનમાંથી રાગ, દ્વેષ, સ્વાર્થ, ક્રુરતા વગેરે દૂર કરવામાં અને તેમને સત્કાર્યમાં વાળવામાં અમને સાથ આપવાનો છે.'

'હું! મારાથી આ કેવી રીતે થઈ શકશે?'

'પોરુમદેવે તારી પસંદગી કરી છે એટલે તારામાં એમને આ નિપુણતા દેખાઈ જ હશે ને! જો આમાં તારે તારાં લખાણો અને ભાષણો દ્વારા એવી હવા ઊભી કરવાની છે કે દુનિયાનો અંત નજીક છે ને એમાંથી જે ગણ્યાંગાંઠ્યાં માનવોને ભગવાન બચાવવા માગે છે તે આવાં સજ્જન અને પૂન્યશાળી માનવોમાંથી જ પસંદ કરશે.'

'હું આવી વાત કરીશ તો બધા મને ગાંડો ગણી કાઢશે. થોડા સમય પહેલાં કોઈકે એક તુત ચલાવેલું કે અમુક તારીખે પૃથ્વી પર મહાન હોનારત આવવાની છે ને એમાં આખી પૃથ્વીનો નાશ થઈ જવાનો છે. જો કે આમાં એણે પોતાનું નામ જાહેર કર્યું ન હતું એટલે એ લોકોના ગુસ્સાથી બચી ગયેલો.'

'એણે તો ફક્ત ગોપગોળો જ ચગાવેલો પણ આ તો નક્કર હકીકત છે. એટલે તારે એવી ચિંતા કર્યા વગર તારું કામ કરતા રહેવાનું છે. આમાં કાંઈ તું એકલો નથી અમે બધા તારી સાથે જ છીએ.

'વળી તારે વર્તમાનપત્રો કે ભાષણોમાં જે વાતો ચર્ચવાની છે તેનો સંપૂર્ણ મુસદ્દો તને એક વખત તો અમે તૈયાર કરી આપીશું. પછી તો તું બુધ્ધિશાળી છે. તારે જેમ તું ચૂટણીમાં ઊભો હોઉં ને તારો પ્રચાર કરતો હોઉં તેમ વધુ ને વધુ લોકો તારે પક્ષે આવતાં થાય અને તારા વિચારમાં સંમત થઈ સન્માર્ગે ચાલતાં થાય એવાં લખાણો અને ભાષણો તૈયાર કરવાનાં છે ને એ પ્રગટ થાય એમ કરવાનું છે. તું જોતો જા, તારી સાથે એક વિશાળ વર્ગ જોડાશે.'

'જોઉં છું. હજુ એક મહિના સુધી તો હું અહીં છું ત્યાં સુધીમાં આપના આ પુન:સંસ્કરણની વાતને સમજવા પ્રયત્ન જરૂર કરતો રહીશ. પણ મારે કહેવું જોઈએ કે મને આપની આ પુન:સંસ્કરણની યોજના ક્રુર અને ઘાતકી લાગે છે. આનો બીજો

કોઈ રસ્તો આપ વિચારો તો સારું એમ મને લાગે છે.'

'તને શરૂમાં એવું લાગે તે સમજાય તેવું છે. પણ તું શાંતિથી વિચારીને કહે કે અત્યારે પૃથ્વી પર બળાત્કાર, ચોરી લૂંટફાટ, યુધ્ધો, મારામારીઓ, લાંચ રુશ્વત, સ્વાર્થ અને દગાખોરી ચાલી રહ્યાં છે તેનાથી તું ખુશ છે? તું પણ એનો જ ભાગ બની રહ્યો છું એવું તેં કદી વિચાર્યું છે ખરું?'

'ત્યાં જે ચાલી રહ્યું છે એનાથી હું ખુશ તો નથી જ. પણ હું માનું છું કે એને અટકાવવાનો બીજો કોઈ માર્ગ કાઢવો જોઈએ.'

'એક બીજું પણ કારણ છે. જે ઝડપથી ત્યાં વસ્તીવધારો થઈ રહ્યો છે એ જોતાં અમને ખાતરી થઈ ગઈ છે કે જો બીજાં વધારે નહીં ને ફક્ત પચાસ જ વર્ષ એને રોકવાનો પ્રયત્ન કરવામાં ન આવે તો આ બધી જે બદીઓ છે એ બેકાબૂ થઈ જશે.

'પૃથ્વીનું અન્નનું ને સાગર જીવોનું ઉત્પાદન એમનાં ભોજન માટે પૂરતું નહીં પડે અને ચોમેર અરાજકતા સર્જાશે. માથાભારે માણસો જ ખાશે અને સંઘરો કરશે ને ઢીલા માણસો ભૂખે મરશે. વળી હાલ જે બદીઓ છે એ એટલી હદે માઝા મૂકશે કે કોઈ દેશની પોલીસ કે કોઈ દેશનું લશ્કર પણ તેને રોકી નહીં શકે. તું જોતો જા, તું પૃથ્વી પર પાછો જશે તે પહેલાં તનેય પુનઃસંસ્કરણની વાત યોગ્ય લાગવા માંડશે.'

'આ સભામાં હું તો એક ત્રાહીત અને બહારનો માણસ માત્ર છું તેમ છતાં આપ સૌ મને બોલવાની તક આપો છો ને મારી શંકાઓનું સમાધાન કરો છો એ જોતાં મને લાગે છે કે હું આપના ધ્યેયને સમજી શકીશ કદાચ.'

'તારે એવું માનવાની જરૂર નથી કે તું બહારનો માણસ છે. તને અમે તો બોલાવ્યો છે. તું માત્ર મહેમાન જ નહીં પણ અમારો સાથી કાર્યકર જ છે. તારે અમારામાં ભળી જવાનું છે ને આમાં તારાથી બને એટલો સહકાર આપવાનો છે.' સોમનદેવે કહ્યું.

'પરમ દિવસે આપણા સમયપત્રક કાર્યાલયની સભા છે પણ કાલે તારે કશું કામ નથી એટલે તું આપણા માહિતી કાર્યાલયનો એક આંટો મારી આવજે. તને ત્યાં ઘણું નવું

જાણવાનું મળશે. આપણે પૃથ્વી પરના જે આંકડા એકત્ર કર્યા છે તેમાં તને જરૂર રસ પડશે.

'તારા સેવકને કહીશ એટલે એ તને ત્યાં લઈ જશે. પરમ દિવસે આપણા સમયપત્રક કાર્યાલયની સભા છે તેમાં જે ચર્ચા થશે એને સમજવામાં એ આંકડા તને ઘણા ઉપયોગી થશે.' મયંકદેવે કહ્યું.

'હવે આપણે શું અને કેટલું બચાવવું અને કેટલાનું પુનઃસંસ્કરણ કરવું તે અંગે વિચારીએ. મોજશોખનાં સાધનોમાંથી તો કાંઈ બચાવવું વ્યર્થ છે. રોજિંદા ઉપયોગનાં સાધનોય જુજ માત્રામાં બચાવવાં જોઈએ. મનુષ્યોને પોતાની જાતે જ પગભર થવાનું અને નવાં સાધનો વિકસાવવાનું કરવા દેવું જોઈએ એવો આપણા બધાનો અભિપ્રાય છે.'

'આ બચેલાં માણસો બધાં બુધ્ધિશાળી અને ખડતલ હશે પણ શરૂઆતમાં તો એમને વિસમ પરિસ્થિતિઓમાંથી માર્ગ કાઢતાં એટલી વિડંબણાઓમાંથી પસાર થવું પડશે કે આપણે એમને માટે જે સાધનો છૂટાં છવાયાં મૂકીશું એ પણ જ્યારે તેમને એની ઉપયોગિતા સમજાશે ત્યારે વાપરવા જેવાં રહ્યાં નહીં હોય.' એક દેવે કહ્યું.

'આમેય એ બધાં સાધનો પ્રાથમિક કક્ષાનાં હશે એટલે એ કદાચ એ સમયે વાપરવા યોગ્ય નહીં રહ્યાં હોય તોય એ લોકો એ વાપરશે અને વખત જતાં એમાં સુધારા વધારા કરશે. આ જ તો હશે એમના સંશોધનનું પહેલું પગથિયું.'

'ઈતિહાસમાં જોવા મળ્યું છે કે ગયા વખતના સંસ્કરણ પછી આવાં કોઈ બચેલાં સાધન વાપરવામાં આવ્યાં ન હતાં પણ પોતાની જરૂરીઆત મુજબનાં જુદાં જુદાં સાધનો એમણે જ વિકસાવ્યાં હતાં. છતાં આપણે કેટલાંક સાધનો એમને માટે હાથવગાં જરૂર રાખીશું ને જોઈશું કે આ વખતે શું થાય છે.' સોમનદેવે કહ્યું.

'મને યાદ છે કે મતારીદેવે કયાં સાધનો બચાવવાં તેની એક યાદી કરી છે. આપણે એમની યાદી જોઈશું.' મયંકદેવે કહ્યું.

મતારીદેવે પોતાની યાદી વાંચવી શરૂ કરીઃ 'પાવડા, કોદાળી, તગારાં, ચૂલો, સઘડી, રસોડામાં વપરાતાં કેટલાંક

સાધનો, ધારિયાં, ભાલા, છરી, બુટ, ચપ્પલ, કપડાં ટોપી, દગ કાચ, દીવાસળી વગેરે, વગેરે.'

'હવે આપણે એ વિશે ચર્ચા કરીશું. કોઈને એ યાદીમાં કાંઈ ઉમેરવાનું હોય તો બોલો.'

'પણ મતારીદેવે આખી યાદી વાંચી નથી...'

'તમે તમારું કોઈ સૂચન હોય તો કરો એટલે મતારીદેવની યાદીમાં તે નહીં હોય તો એ ઉમેરી લેશે.' સોમનદેવે કહ્યું.

'મને લાગે છે કે આપણે તેમને માટે થોડાં કસરત કરવાનાં સાધનો અને કોમ્પ્યુટર, ડીવીડી પ્લેયર વગેરે પણ હાથવગાં રાખવાં જોઈએ.' એક દેવે કહ્યું ને સોમનદેવના મોં પર મલકાટ વર્તાયો.

'એમને એક ટંકનું ખાવાનું મેળવતાં જ લોહીનું પાણી કરવું પડવાનું છે ત્યાં કસરત કરવાનાં સાધનોની તેમને કશી જરૂર પડવાની નથી.' એક દેવે કહ્યું.

'એ સાધન કદાચ કોઈને હાથ ચડશે તો પણ તેને બીન ઉપયોગી ગણીને હાથ પણ નહીં લગાડે. પછી એના ઉપયોગની વાત નવી પેઢીને કરશે પણ નહીં. બેચાર પેઢી પછી કોઈને એ મળશે તો એ કયા ઉપયોગ માટે બનાવવામાં આવ્યું હશે એની એ લોકો અટકળ કરશે એ જોવાની રસપ્રદ થઈ રહેશે.'

'એ લોકો કદાચ એને કોઈ રમકડું સમજે અથવા પરગ્રહમાંથી આવેલી અજાયબ ચીજ તરીકે એની પૂજા કરવા માંડે તોય નવાઈ નહીં. આપણે માટે એ સંશોધનનો વિષય બની રહેશે.'

'હા તમારી એ વાત બરાબર છે. હું મારી યાદીમાં આવી વીસ પચીસ ચીજો ઉમેરી લઉં છું.' મતારીદેવે કહ્યું ને એમના આઈપેડ જેવા સાધન પર ટકોરા મારવા માંડ્યા.

'મને લાગે છે કે આપણે આ બધું જુદા જુદા વિસ્તારોમાં છૂટક છૂટક અને જલ્દી હાથ ન લાગે તેમ છુપાવીને મૂકવું જોઈએ. પહેલી પેઢીને તો આ હોનારતના અચંબામાંથી બહાર આવતાં વરસો લાગી જશે. કદાચ કશું

ફંફોસવાનું મન થાય તોય બીજી કે ત્રીજી પેઢીને થશે.'

'એમને માટે ભાષાજ્ઞાનનાં પ્રાથમિક પુસ્તકો પણ મૂકવાં જોઈએ એમ મારું માનવું છે. કોઈ શિક્ષક અથવા વિદ્યાવ્યાસંગી માણસ બચી ગયો હશે ને તેના હાથમાં આવું પુસ્તક આવશે તો એ પોતાની નવી પેઢીને ભણાવ્યા વગર નહીં રહે.' મેં કહ્યું.

'ચાલો તારી વાત પણ સ્વીકારીએ. બોલો હવે કોઈનું સૂચન છે?' મતારીદેવે બધાની સામે જોતાં પૂછ્યું.

'આજે તો આપણે આ યાદીને સંપૂર્ણ કરીને એક તરફ નથી મૂકી દેવાના ને! હજુ આપણી પાસે ઘણો સમય છે. જેમ કોઈને યાદ આવે તેમ એમાં ઉમેરો કરવાનો રાખજો.' સોમનદેવે કહ્યું ને એ વાત ત્યાં જ બંધ રહી.

પછી બધા જમવા માટે ભોજનખંડમાં ચાલ્યા. મારી સામે એક થાળીમાં તૈયાર ભાણું મૂકવામાં આવ્યું. મારા આશ્ચર્ય વચ્ચે એમાં મારી પસંદગી મુજબનું કંકોડાંનું શાક પણ હતું જ. મેં મનમાં જ કહ્યું: ભાઈ, આ તો સ્વર્ગલોક છે.

જમ્યા પછી મારે બીજું કશું કામ ન હતું. પણ મને યાદ હતું કે કાલે મારે માહિતી કાર્યાલયમાં જવાનું હતું. એટલે મેં રસ્તામાં કોઈ બીજો મોટો સ્ટોર આવતો હોય તો ત્યાં થઈને ઘેર પાછા જવા વિચાર્યું. મને એમની આ વ્યવસ્થા ગમવા લાગી હતી. છતાં મનમાં મેં નક્કી કર્યું કે બધું મફત છે તોય કોઈ કામ વગરની ચીજ ન લેવી પણ નવા નવા આવા સ્ટોર જોવા મારું મન મને લલચાવી રહ્યું હતું.

સેવક કહે: 'એવું વિતરણ કેન્દ્ર વચમાં આવે જ છે. આપને કોઈ ચીજ લેવી છે?'

મેં કહ્યું: 'અત્યારે તો મારે કોઈ ચીજ લેવી નથી એવું લાગે છે પણ કેન્દ્રમાં બધું જોતાં કદાચ કોઈ ચીજ લેવાનું મન થઈ જાય પણ ખરું. એક વખત તું મને ત્યાં લઈ જા તો ખરો.'

એ કેન્દ્ર પણ પહેલાના જેવું જ હતું. મારે તો એ જોવું હતું કે પહેલાં જોયેલાં કેન્દ્રો કરતાં આમાં શું નવિન મળે છે! મેં આમતેમ ફરતાં કેટલીક ચીજોની નોંધ લીધી જે પહેલાં જોયેલા કેન્દ્રોમાં ન હતી અથવા હોય પણ હું એ જોવાનું કદાચ

ભૂલી ગયો હોઈશ.

આ કેન્દ્રમાંથી પણ મેં પાટલૂન પર પહેરવાનો પટ્ટો તથા ઘરમાં પહેરવાનાં સ્લીપર જેવાં પગરખાંની જોડ લીધી. મેં નાઈટ ગાઉન માટે તપાસ કરી પણ એવાં કોઈ કપડાં મારી નજરે પડ્યાં નહીં. મને થયું કે અહીં દેવોમાં નાઈટ ગાઉન પહેરવાની ટેવ નહીં હોય. છતાં મેં સેવકને એ અંગે પૂછ્યું તો ખરું. એ કહે: 'ચાલો મારી સાથે. મને અંદાજ આવી ગયો છે કે તમે શું કહેવા માગો છો.'

ને એ મને એક એવા વિભાગમાં લઈ ગયો કે જ્યાં સૂતી વખતે પહેરવાનાં કપડાંની વિશાળ શ્રેણી હતી. એમાંથી મને બે ગાઉન પસંદ પડ્યાં. એકને ફેરવીને જોતાં મને એના બહારના ને અંદરના ઉષ્ણતામાનમાં ફેર લાગ્યો. મેં એને મારા ગાલ પર અડાડી જોયો તો મને ખાતરી થઈ કે એ એરકંડિશનિંગ ધરાવતો હતો.

મને આમ કરતો જોઈ સેવક સમજી ગયો. એ કહે: 'એ એવા કપડામાંથી બનાવવામાં આવ્યો છે કે આપના શરીરના ઉષ્ણતામાનને જળવી રાખી શકે. તેમાં ઠંડી ને ગરમી આપની જરૂર મુજબ આપ ગોઠવી શકો છો.'

મેં એ પણ લીધો. બહાર નીકળી મેં સેવકને કહ્યું: 'કોઈ પણ ચીજ આમ મફત મળતી હોય તો પોતાને જરૂર હોય કે ન હોય તોય લોકો લઈ જાય એવુંય બનતું હશે અહીં!'

'કોઈ એવું ન કરે. આ બધાં કેન્દ્રો કાયમ ખૂલ્લાં રહે છે એટલે મોટા ભાગના દેવો તો જ્યારે જરૂર પડે ત્યારે તે ચીજ લઈ જાય છે અથવા સેવક પાસે મંગાવી લે છે.'

'તમારે સેવકોએ કોઈ ચીજ લેવી હોય તો?'

'અમારે માટે તો પોશાક પગરખાં વગેરે માટે તો ચેક્કસ ધોરણ છે એટલે એમાંથી જ અમારે લેવાં જોઈએ. કેટલાં લેવાં એ માટે અમારે કોઈ દેવની મંજૂરી લેવાની જરૂર હોતી નથી. ને બીજા કશાની તો અમને જરૂર જ પડતી નથી.'

# 3.
# ઘટનાક્રમનું સમયપત્રક

વચમાં એક દિવસ કોઈ સભા ન હતી એટલે હું સેવકને સાથે લઈને વાહનમાં ફરવા નીકળ્યો. રસ્તે જતાં મેં એને પૂછ્યું: ‘આપણે પેલા મોટા વિતરણ કેન્દ્રમાં ગયા હતા એવાં બીજાં કેન્દ્રો છે ખરાં?’

‘એવાં તો ઘણાં કેન્દ્રો છે.’ એણે કહ્યું.

‘બધે એક સરખી જ ચીજો મળે છે કે કેટલાકમાં બીજા કરતાં જુદી ચીજો મળતી હોય છે?’

‘બધાં કેન્દ્રોમાં સો બસો ચીજો અલગ અલગ હોય છે. આપને કોઈ ચીજ લેવી છે?’

‘લેવું તો કાંઈ નથી પણ એવું હોય તો મારે બીજા એક કેન્દ્રમાં જવું છે.’ મેં કહ્યું એટલે સેવકે ચાલકને બીજા કેન્દ્ર પર લેવા કહ્યું. આ ચાલક પણ યંત્રસેવક જ હતો. હું કશો ફોડ પાડતો ન હતો પણ બધું મફત હતું એટલે મારો પૃથ્વી પરનો જીવ મને બીનજરૂરી શોપિંગ કરવા લલચાવી રહ્યો હતો.

આ કેન્દ્ર પણ પહેલા જેટલું જ વિશાળ હતું. એમાં ચીજોની ગોઠવણ પણ પેલા કેન્દ્ર કરતાં અલગ હતી. આમાંથી મને ગોગલ્સ અને એક આઈપેડ જેવું લાગતું સાધન લેવાનું મન થયું. કિંમતનો તો સવાલ જ ન હતો. મેં એ બેય લઈ લીધાં.

પેલા આઈપેડ જેવા લાગતા સાધનને વાપરવાની આવડત મારામાં ત્યારે ન હતી. ઘેર આવી મેં સેવકને એને કેમ વાપરવું એ પૂછ્યું. એને તો ખબર હતી જ. એણે મને વિધિ સમજાવી. એમાં કેટલીક રમતો પણ હતી એટલે મારે તો મઝા થઈ ગઈ.

મને થયું કે ક્યાંક ટીવી જેવું પણ કોઈ સાધન મળતું

હશે ખરું. મેં સેવકને પૂછ્યું. મહા મહેનતે હું તેને સમજાવી શક્યો કે મારે શું જોઈએ છીએ. કારણ કે સેવકને અંગ્રેજી આવડતું ન હતું ને ટીવી અંગ્રેજી શબ્દ હતો. એણે કહ્યું: ‘આપણે જે કેન્દ્રમાં ગયા હતા ત્યાં એ હતું જ.’

મને થયું કે એ મારા ધ્યાનમાં કેમ ન આવ્યું! મેં કહ્યું: ‘આપણે ફરીથી જ્યારે નવરાશનો દિવસ હશે ત્યારે લઈ આવીશું.’

સેવક કહે: ‘એ તો આપની બાજુના ખંડમાં છે જ ને!’ કહેતાં એણે એક આલમારી જેવા લાગતા રાચનું બારણું ખોલ્યું તો એમાં ટીવી જેવું લાગતું સાધન હતું જ. મેં એને પૂછીને એ કેમ વાપરવું એ જાણી લીધું. એમાં રીમોટને બદલે બોલવાથી અથવા તાળી પાડવાથી કેન્દ્રો બદલાતાં હતાં.

મને થયું કે અહીં ડીવીડી પ્લેયર પણ હોવાં જોઈએ. મેં વળી પાછું સેવકને એ માટે પૂછ્યું તો એ કહે બધી વ્યવસ્થા એમાં જ છે. ને એણે મને એ બતાવ્યું અને તેને કેમ વાપરવું એ સમજાવ્યું.

એમાં ડીવીડી જેવી કોઈ ચીજ ન હતી પણ આપણા પેન ડ્રાઈવના જેવું એક સાધન હતું જે એક ખાનું ખોલીને અંદર મૂકી દેવાનું હતું. એટલે એમાં સંઘરાયેલા કાર્યક્રમો જોઈ શકાતા હતા. અલબત્ત એની સંગ્રહશક્તિ આપણાં પેન ડ્રાઈવ કરતાં હજારો ઘણી વધારે હતી.

◇

ત્યાંથી હું પેલા એમના આંકડાવાળા કાર્યાલયે પહોંચ્યો. મારે મારું ઓળખાણ આપવાની જરૂર જ ન પડી. મને થયું કે મારી ઓળખાણ બધે અગાઉથી જ પહોંચી ગઈ હતી.

‘આવ સ્વપ્નીલ, કહે તારે શી માહિતી જોઈએ છીએ?’ મને જોતાં જ એક અધિકારી જેવા માણસે પૂછ્યું. એમનું નામ અવિરતદેવ હતું. એ આ આંકડાકીય માહિતી કેન્દ્રના અધિષ્ઠાતા હતા.

‘હું કશી ચોક્કસ માહિતી માટે અહીં આવ્યો નથી. હું આ પુન:સંસ્કરણની યોજનાથી બીલકુલ અજાણ્યો છું એટલે જ્યાંથી મળે ત્યાંથી એ યોજના અંગે જાણકારી મેળવી રહ્યો છું.’ મેં

કહ્યું.

'આ તો એ યોજનાનો આંકડા વિભાગ છે. અહીંથી તને તમારી દુનિયા વિશેની બધી આંકડકીય માહિતી મળી શકશે. મને લાગે છે કે તું ત્યાંથી જ આવે છે એટલે મોટા ભાગની માહિતી તો તારી જાણમાં હશે જ.'

'મને લાગે છે કે મારી પાસે જે માહિતી હશે તેના કરતાં ઘણી અધિક માહિતી આપે એકત્ર કરી હશે, કારણ કે આપની પાસે તે મેળવવાનાં અમર્યાદિત સાધનો છે. વળી મારે તો એક પત્રકાર તરીકે જે વખતે જેની જરૂર હોય એટલી જ માહિતી મેળવવાનું ને બીજે જ દિવસે એને ભૂલી જવાનું હોય છે.' મેં હસતાં કહ્યું.

'તારે માથે જે જવાબદારી છે તે એવાં માણસો તૈયાર કરવાની છે જેમને આ મહાસંસ્કરણ વખતે બચાવી લેવાનાં છે. જો કે અમારી પાસે પણ એવાં પચાસેક હજાર માણસોની યાદી તો તૈયાર છે જ કે જેમને બચાવી લેવાનાં છે. બાકીનાં તારે તૈયાર કરવાનાં છે.'

'હું એ યાદી જોઈ શકું?'

'તું તો શું પણ આ સ્વર્ગનો કોઈ પણ માણસ તે જોઈ શકે છે. અહીં કશું ગુપ્ત હોતું નથી.' કહેતાં એમણે પ્રિન્ટર જેવા યંત્ર પર કેટલાક ટકોરા માર્યા ને પાચેક મિનિટમાં જ પાંચસોક પાનાં છપાઈને બહાર આવ્યાં.

મેં એક વિરામાસન પર બેસીને એ જોવા માંડ્યાં. કેટલાંક નામો પર એક ઊડતી નજર નાખી લઈ મેં કહ્યું: 'આમાં કેટલાક એવા ભ્રષ્ટ નેતાઓ છે કે જેમને હું આ યાદીમાં જોવા માગતો ન હતો. એમણે પોતાના દેશનું ભલું કરવાને બદલે પોતાનું ને પોતાનાં સગાંનું જ ભલું કર્યું છે. એમના ભૂલભર્યા નિર્ણયોને કારણે એમની પ્રજાને અનેક સંકટો વેઠવાં પડ્યાં છે.'

'હા, એમાં એવાં કેટલાંક નામો જરૂર છે પણ તેમણે પ્રજાને પૈસે જાહોજલાલી ભોગવી છે ને કદી કોઈ અગવડ વેઠી નથી તેમને અગવડ અને હાડમારી શું છે તેનો અનુભવ કરાવવા જ તેમને આ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.'

'અને એમને એવા ટોળાની વચમાં મૂકવા જોઈએ કે પરસેવો પાડીને એમણે કશું ખાવાનું મેળવ્યું હોય ને ખાવા બેસે ત્યાં કોઈ માથાભારે માણસ આવીને તેમનું ખાવાનું ઝૂંટવી જાય ને તમને ભૂખ્યા રહેવું પડે. એટલે એમનાં કર્યાંની સજા એમણે ભોગવવી પડે ને એ પોતાનાં પાપ યાદ આવે.'

'તારે જે રીતે કામ કરવાનું છે એ કામ કરતાં તારા વિચારોમાં સંમત થયેલાં અને પાપને માર્ગેથી પાછાં વળી ગયેલાં કેટલાંક માણસો અને એ સિવાયનાં અમારી નજરમાં આવેલાં સારાં માણસોની સાથે આવાં ભ્રષ્ટ લોકાનેય અમે સામેલ કરીશું. આ યાદી જેમ જેમ વિસ્તરતી જશે તેમ તેમ તને વધારે ખ્યાલ આવતો જશે. તું દસ પંદર દિવસે આંટો મારતો રહેજે.'

'એમ કરવું કદાચ શક્ય નહીં બને. મારે તો અહીં ફક્ત એક જ મહિનો અહીં રહેવાનું છે. આવતે મહિને તો મને પાછા પૃથ્વી પર માકલી આપવાનું વચન મને પોરુમદેવે આપ્યું છે.'

'હા, પૃથ્વી પર રહીને તારે કામ કરવાનું છે. પણ મને ખબર છે ત્યાં સુધી તારે આ પુન:સંસ્કરણનું કામ પતે ત્યાં સુધીમાં અહીં વારંવાર આવવું પડશે. તારા અહીં આવવા-જવાની સુગમ વ્યવસ્થા પોરુમદેવે ગોઠવી રાખી હશે. તે તને બેચાર દિવસમાં એ અંગે કદાચ કહેશે પણ ખરા.'

'હજુ મેં મનથી એ નક્કી નથી કર્યું કે હું તમારા આ પુન:સંસ્કરણ કાર્યમાં સહકાર આપવા ઈચ્છું છું કે નહીં. એ નક્કી કરવા માટે મને પોરુમદેવે એક મહિનાનો સમય આપ્યો છે. મને આ આખી યોજના બહુ ક્રુર અને ઘાતકી લાગે છે.'

'ગઈ સભામાં તેં જે કાંઈ સાંભળ્યું તેનાથી તારી માન્યતામાં કશો ફેરફાર નથી થયો? વાંધો નહીં હજુ તો આખો મહિનો પડ્યો છે તારે વિચારવા માટે. મને ખાતરી છે કે તારા વિચારોમાં તે દરમિયાન જરૂર પરિવર્તન આવશે ને તું પૂરા મનથી આ કાર્યમાં લાગી જઈશ.'

'એવું થાય તો સારું નહીં તો તમારે બીજા માણસની શોધ કરવી પડશે. પણ મને હજુ એ નથી સમજાતું કે મારાં લખાણો ને ભાષણોથી ધાર્યું પરિણામ આવે.'

'જે થોડાં મણસો તારાં લખાણો ને ભાષણોથી બદલાશે

તે તો મારી આ યાદીમાં આવશે ને! આ યાદીમાં જેટલાં વધારે સારાં માણસો આવશે એટલી નવી સંસ્કૃતિ વધારે સારી થશે, બાકી વખત જતાં એમાંય બદીઓ તો જન્મવાની જ છે.'

'એને બદલે વીણી વીણીને અડધાં નાલાયક માણસોનું જ પુનઃસંસ્કરણ કરી દીધું હોય તો?'

'એમ કરવાથી પાછું પુનઃસંસ્કરણ વહેલું કરવાનું થાય. જો અમે પહેલું સંસ્કરણ કરાવેલું તેનાં ચાલીસ હજાર વરસે બીજું સંસ્કરણ કરવું પડેલું પણ તે પછીનું ત્રીજું સંસ્કરણ તો પાંત્રીસ હજાર વરસે જ કરવું પડેલું. એટલે અમે આ વખતે તને અમારામાં ભેળવીને એક નવો પ્રયોગ કરી રહ્યા છીએ. જોઈએ એનાથી કોઈ ફેર પડે છે કે નહીં.'

'મને લાગે છે કે હું જો તમારા આ પ્રયોગમાં સામેલ થાઉં તો મારે મન મૂકીને કામે વળગી જવું પડશે. મારા આવવાથી જો હવે પછીનું સંસ્કરણ પાંચ કે સાત હજાર વર્ષ પાછું ઠેલાય તો દુનિયાએ પછીના સંસ્કરણ પહેલાં, હાલના કરતાં ઘણી વધારે પ્રગતિ કરી હોય. પણ એ તો જે તે વખતે હયાત હોય તેમણે નક્કી કરવાનું હશે.'

'અમારે જ નક્કી કરવાનું ને! જો, સ્વર્ગમાં કોઈ મરતું નથી કે ઘરડું થતું નથી. અમે બધા હજારો વર્ષો પહેલાંય હતા ને અત્યારે પણ છીએ. મેં ત્રણેય સંસ્કરણો જોયાં છે. તું જો તારા પર મૂકેલા વિશ્વાસને સફળ કરે તો કદાચ તને પણ હવે પછીનું સંસ્કરણ જોવાનું મળી શકે છે.'

'એટલે મને પણ તમે અમરત્વ અપાવશો એમ જ ને!' અમરત્વની વાતથી મારા હૈયામાં જે થનગણાટ થયો તેનો પડઘો મારા અવાજમાં વર્તાયા સિવાય ન રહ્યો.

'એમ કદાચ બની શકે પણ એ મારા કે કોઈના હાથમાં નથી. અમારી ઉપર એક દેવ છે જેને તમે બધા ભગવાન કહો છો તેવા સર્વસત્તાધિશ દેવ નિર્માણદેવના હાથમાં એ બધું છે. આ પુનઃસંસ્કરણનો આદેશ પણ તેમનો છે ને તને અહીં બોલાવીને કામ સોંપવાનો આદેશ પણ એમનો જ છે.'

'મારાથી એમને મળી શકાય ખરું?'

'એમને કોઈ પોતાની ઈચ્છાથી મળી શકતું નથી પણ

જ્યારે એમને કોઈને કોઈ મહત્ત્વનો આદેશ આપવાનો હોય ત્યારે એ એને પોતાની પાસે બોલાવે છે ને આદેશ આપે છે.'

'ને બાકીના નાના નાના આદેશ કેવી રીતે આપે છે?'

'એ આવા આદેશ સંદેશ વાહક યંત્ર પર મોકલે છે. વરસે એકાદ દેવને એમની પાસે જવાનો લહાવોય ભાગ્યે જ મળે છે. હમણાં હમણાં પોરુમદેવને એ લાભ બે વખત મળ્યો છે. આવું મને યાદ છે ત્યાં સુધી પહેલી જ વખત બન્યું છે એટલે અમને બધાને લાગવા માંડ્યું છે કે પુનઃસંસ્કરણનું આ કામ પહેલાં ત્રણ સંસ્કરણ કરતાં જુદી જ રીતે કરવાનો નિર્માણદેવનો વિચાર છે.'

'આ વખતના સંસ્કરણને એ કેવી રીતે અંજામ આપવા માગે છે એનો તમને કશો ખ્યાલ છે?'

'એ તો પોરુમદેવના કાર્યક્ષેત્રમાં આવે છે પણ એમણે અમને જે આંકડા કાઢવાના આદેશ આપ્યા છે એ જોતાં એમ લાગે છે કે આ વખતે પ્રલય, ઉલ્કાપાત, આગ, ધરતીકંપ, જ્વાળામૂખી અને હીમ એ બધાં સાધનો સામટાં ઉપયોગમાં લેવાનાં હોય કદાચ. તારે તો એમની સભામાં વારંવાર જવાનું થશે એટલે એમને જ પૂછી લેજે ને. જો કે તને જણાવવામાં એમને કશો વાંધો નહીં હોય. એ તને ચોક્કસ જણાવશે.'

'મને લાગે છે કે એમને એવું પૂછવાને બદલે એ એમની જાતે એ વિશે વાત કરે ત્યાં સુધી હું રાહ જોવાનું પસંદ કરીશ.' મેં કહ્યું. મારા મનમાં એમ થયું કે હું આવું પૂછું એ કદાચ એમને ન પણ ગમે.

ધીમેધીમે મને તેમની વાતનું હાર્દ સમજાવા માંડ્યું હતું. અરાજકતા અને વસ્તી વધારો એ બેને કારણે આ પુનઃસંસ્કરણ મને હવે વ્યાજબી પણ લાગવા માંડ્યું હતું.

'આમાં મને એ ન સમજાયું કે બધાં સાધનોને એકી સાથે ઉપયોગમાં લેવામાં આવે તો ધ્રુવ પ્રદેશમાંનો બરફ સામટો ઓગળે ને વૈજ્ઞાનિકો કહે છે તેમ દરિયાની સપાટી ૧૦૦ ફીટ જેટલી ઉપર આવી જાય અને કિનારા પરનાં મોટાં શહેરો લગભગ નાશ પામે. પણ તેમ થાય તો દરિયાનું પાણી તેની કાયમી ઉષ્ણતા ગુમાવીને વધારે પ્રમાણમાં ઠંડુ થઈ જાય. આમ થાય તો બાષ્પિભવન ઓછું થાય એ તો સમજાયું

પણ તેને કારણે હીમયુગ કેવી રાતે આવે?' મેં તર્ક કર્યો.

'પૃથ્વી આવા ઘણા હીમયુગમાંથી પસાર થઈ ગઈ છે. જો વાદળો બંધાય નહીં તો સૂર્યનાં કિરણોને વચમાં કોઈ અડચણ નડે નહીં એટલે દરિયાનાં પાણી જલ્દી ગરમ થવા માંડે અને એકાદ વરસમાં તો બધું પહેલા જેવું થઈ જાય. પણ અમારો અનુભવ કહે છે કે સાથે જ્વાળામુખીના વિસ્ફોટ થાય તો એની રાખ હવામાં ઊંચે સુધી ચડે અને સૂર્યનાં કિરણોને તેનો અંતરાય નડે.

'વળી વાદળો બંધાયાં ન હોય તો વરસાદ પણ ક્યાંથી પડે! એટલે જ્વાળામુખીની એ રાખ વરસો સુધી નીચી આવે નહીં. સૂર્યનાં કિરણો ધરતી પર પડતાં ઓછાં થઈ જાય એટલે ઠંડી વધવા માંડે. દરિયાનું પાણી પણ આપણે ધારીએ છીએ એવી રીતે ગરમ થાય નહીં. આ પાણી જે નાનાં નાનાં તળાવો કે ખાબોચિયાંમાં ભરાયેલું હોય તે જામીને બરફ થઈ જાય.'

'પણ આ પ્રક્રિયા એક બે વરસ પછી તો નરમ પડે જ ને!' મેં પૂછ્યું. મને થયું કે જો એમાંથી પાછા વળવાનું શક્ય ન હોય તો પહેલાંના હીમયુગમાંથી પૃથ્વી પાછી વસવા લાયક બની જ કેવી રીતે હોય?

'ના આ તો તમે જેને ચેઈન રીએક્શન કહો છો એવી પ્રક્રિયા છે. એમાંથી પાછા વળતાં હજારો વરસ વીતી જાય. તે દરમિયાન પાણી માત્ર ઠરીને બરફમાં ફેરવાઈ જાય, એને જ હીમ યુગ કહે છે. ને એનું આયુષ્ય પાંચથી દસહજાર વરસનું હોય છે.'

◇

ત્યાંથી બહાર નીકળતાં મને વિચાર આવ્યો કે અહીં માનવ દેવો કરતાં યંત્રસેવકો વધુ છે તે એનું નિર્માણ કેવી રીતે થાય છે એ પણ જોવું જોઈએ. મેં સેવકને એ અંગે પૂછ્યું તો એ કહે: 'એ વિભાગ નિર્માણદેવના સિધા આધિપત્ય નીચે આવે છે. તેમાં મારાથી દાખલ ન થઈ શકાય પણ તમને હું તેના પ્રવેશદ્વાર સુધી લઈ જઈશ. પછી તમે અંદર જઈને બધું જોઈ-જાણી શકશો.'

પછી એ મને વાહન-રથમાં ત્યાં લઈ ગયો. એ જગા એક બહુ વિશાળ ફેક્ટરી જેવી હતી. મેં જોયું કે તેમાં કોઈ

માણસ કે દેવ કાર્યકર ન હતા પણ યંત્રસેવકો જ બીજા યંત્રસેવકોને બનાવતા હતા. મેં મુખ્ય કાર્યાલયમાં જઈને મુખ્ય લાગતા યંત્રકાર્યકરને પૂછ્યું: તમે રોજના કેટલા યંત્રસેવકો બનાવો છે?'

'આમ તો અમે રોજના પાંચસો યંત્રસેવકો બનાવી શકીએ એટલી આ કાર્યાલયની ક્ષમતા છે પણ જરૂર હોય એ મુજબના જ એટલે હાલ તો અમે રોજના પચાસ જેટલા જ સેવકો તૈયાર કરીએ છીએ.'

'આ યંત્રસેવકો બગડી જતા હોય છે કે બિલકુલ નિરૂપયોગી થઈ જતા હોય છે ખરા?'

'એ માટે જ અમારે નવા બનાવવા પડે છે. બાકી નવા તો મહિને દસ કરતાં વધારે બનાવવાના હોતા નથી.'

'જૂનાને તમે સમારીને કામ કરતા નથી કરતા?'

'ના એ કરતાં અમે આવા બગડી ગયેલા યંત્રસેવકોને ભઠ્ઠીમાં નાખી દઈને એનું સ્થાન નવા યંત્રસેવકથી જ પૂરીએ છીએ. જૂનાને સમારકામથી કામ કરતા કર્યા પછીય એમાં વારંવાર ક્ષતિયો ઊભી થયા કરે છે એટલે દેવશ્રીનો આદેશ છે કે જૂનાનું સમરકામ ન કરતાં તેમની જગા નવાથી જ ભરવી.'

'તમે અહીં જે યંત્રસેવક બનાવો એ સીધા ઉપયોગ કરવા જ મોંકલી આપો છો?'

'ના એમાં મુખ્ય શક્તિયંત્ર અમે સ્થાપિત નથી કરતા. અમે તૈયાર કરેલા આ યંત્રસેવકોમાં શક્તિયંત્ર મૂકવા માટે અલગ કાર્યાલય છે, તેમાં આ કામ થાય છે. એની સત્તા જીવનદાતાદેવને હસ્તક છે. તે જે મુજબની જરૂરીઆત હોય એ મુજબની શક્તિ એમાં સ્થાપિત કરે છે. પછી જ યંત્રસેવક કાર્યક્ષમ બને છે.' એણે કહ્યું. મને થયું કે દેવોએ બધું યંત્રસેવકોને સોંપી દીધું નથી.

પછી બહાર નીકળી સેવકની સાથે હું જીવનદાતાદેવના કાર્યાલય તરફ ઊપડ્યો. ત્યાં પણ યંત્રસેવકને પ્રવેશવાનો અધિકાર ન હતો એટલે એને બહાર મૂકીને જ હું અંદર ગયો. મેં જીવનદાતાદેવની સાથે ફરીને ત્યાંનું કામકાજ જોયું.

તેમાં લગભગ પંદરેક જાતનાં નાનાં નાનાં સર્કીટ બોર્ડ

જેવાં લાગતાં ગેઝેટ્સ હતાં જે આ દેવ એમના અધિકાર નીચેના સમાજસારિકોને સૂચવે એ મુજબ એ લોકો ફીટ કરતા હતા. અહીં બધું કામ સમાજસારિકો અને દેવો મારફતે જ થતું હતું.

અહીં યંત્રસેવકોથી માંડીને ભારે કામ કરવા માટેના સેવકો પણ તૈયાર કરાતા હતા. જે મહાલય તૈયાર કરવાથી માંડીને રસ્તા તથા પુલ તૈયાર કરવામાં ઉપયોગમાં આવી શકે તેવા હતા.

ત્યાથી બહાર નીકળતાં મને મનમાં વિચાર આવ્યો કે સ્વર્ગની અપ્સરાઓ વિષે ઘણું સાભળ્યું છે તો અહીં ક્યાંય અપ્સરા જોવા મળતી કેમ નથી! મેં સેવકને અપ્સરાઓ અંગે પૂછ્યું તો એ કહે: ‘સ્ત્રીઓ અહીં દેવો કરતાંય અધિક છે પણ તેમને આ મહાસંસ્કરણના કાર્યમાં સામેલ કરવામાં આવી નથી. બીજાં અનેક ક્ષેત્રમાં તેઓ કર્યરત છે. તમને એ અંગે જાણવાની જિજ્ઞાસા હોય તો હું તમને એવા એક કાર્યાલયમાં લઈ જાઉં કે જ્યાં દેવીઓ જ સર્વ કાર્યો કરતાં હોય છે.’ કહેતાં તેણે ચાલકને સૂચના આપી ને અમારું વાહન અન્ય દિશામાં ચાલવા માંડ્યું.

ત્યાં મેં જોયું કે એક વિશાળ મહાલયમાં અનેક સેવક સેવિકાઓ ને દેવીઓ કાર્યરત હતાં. મેં ઑફિસ જેવા લાગતા એક ઓરડામાં જઈને મુખ્ય લાગતી એક સ્ત્રીને પૂછ્યું: ‘દેવી, મારે આપના આ કાર્યાલય વિષે માહિતી મેળવવી છે. શું મને આપ તે આપી શકશો?’

હસીને એણે કહ્યું: ‘હું દેવી નથી પણ મનોરંજન અધિયત્રી છું. મારું નામ મહાનવી છે. તમારે અમારા કાર્ય વિષે જે જાણવું હોય તે હું તમને અવષ્ય જણાવીશ. પહેલાં હું આપને અમારા જુદાજુદા વિભાગમાં લઈ જઈશ ને એના કાર્ય વિષે સમજણ પાડીશ એટલે આપને કદાચ વધારે કાંઈ પૂછવાની જરૂર જ નહીં પડે.’ કહેતાં એ મને એમના વિવિધ વિભાગો બતાવવા મારી સાથે ચાલી.

ચાલતાં ચાલતાં એણે કહ્યું: ‘અહીં સ્વર્ગલોકમાં સ્ત્રીઓ બે જાતની છે. એક દેવીઓ અને બીજી તમે જેને અપ્સરાઓ તરીકે જાણો છો એ, સમાજસારિકાઓ. હું પણ એમાંની એક છું.

અહીં લગભગ બધી જ સ્ત્રીઓ સમાજસારિકાઓ જ છે. દેવો ક્યારેક અહીં આવે છે ખરા પણ ફક્ત મુલાકાતે.'

'ને દેવીઓ? એ પણ અહીં આવતી તો હશે ને!'

'ક્યારેક જ. એ લોકો એમના દેવને રીઝવવા માટે અમારી પાસે સલાહ લેવા ક્યારેક આવે છે ને અમે તેમને સંતોષકારક સલાહ પણ આપીએ છીએ.'

'શું દેવીઓને પણ એમના દેવને રીઝવવા પડતા હોય છે? મને તો એમ હતું કે એવું બધું તો અમારા પૃથ્વીવાસીઓમાં જ હશે.' મેં આશ્ચર્ય પામતાં કહ્યું.

'એ કદાચ અહીંથી તમારી પૃથ્વી પર આવ્યું હશે. અહીં દેવીઓ પોતાના દેવને રીઝવવા શૃંગાર, અભિસાર અને નેત્રભ્રમણ જેવું કેટલુંય શીખવા અમારી પાસે આવે છે. દેવીઓ પણ આખરે તો સ્ત્રી જાત જ છે ને!

'અમારી પાસે શૃંગારમાં સોળ, અભિસારમાં બાર, નેત્રભ્રમણમાં પંદર, વસ્ત્ર પરિધાનમાં પંચાવન અને નૃત્યમાં ચાલીસ કળાઓ છે. એ સિવાય બીજી અનેક શાખાઓમાં પણ અનેક કળાઓ છે.'

એ પછી એ મને નૃત્યશળા, અભિનય, શણગાર, વસ્ત્રપરિધાન વગેરે વિભાગમાં લઈ ગઈ. એણે મને સમજાવ્યું કે સમાજસારિકાઓનું મુખ્ય કામ નૃત્ય, અભિનય ને શૃંગાર દ્વારા દેવોનું મનોરંજન કરવાનું હોય છે.

મેં કહ્યું: 'હા તમારી રંભા, મેનકા ને ઉર્વશી વિષે મેં અમારા પૃથ્વીલોકમાં ઘણું સાભળ્યું છે. જ્યારે કોઈ મનુષ્યના તપ થકી ઈંદ્રદેવનું સિંહાસન જોખમમાં હોય ત્યારે આવી કોઈ અપ્સરાને અહીંથી તે મનુષ્યનું તપભંગ કરવા મોકલવામાં આવે છે એવું અમારાં પુરાણોમાં આવે છે.'

'તમારી એ વાત કેટલેક અંશે સાચી છે. અમે તોજેતરમાં હીટલરને માટે એક અપ્સરાને મોકલી હતી ખરી પણ અમારા કોઈ દેવનું સિંહાસન બચાવવા માટે તેને મોકલવામાં આવી ન હતી.

'વાત એમ હતી કે દેવશ્રીએ હીટલરને સત્તાના સમતુલન માટે ઊભો કરેલો પણ તે અમારા કાબૂમાંથી બહાર

થઈને સત્તા લાલસામાં પડી ગયેલો અને યહુદીઓ અને નાનાં બાળકો પર તેણે એટલા અત્યાચાર કરવા માંડેલા કે દેવશ્રીએ એનો વિનાશ કરવા અપ્સરાય મોકલવી પડેલી ને એને બીજી રીતે પણ એમણે સકંજામાં લીધેલો.'

'તમારે ત્યાં લગ્નની પ્રથા કેવી છે?'

'કેમ તમારે લગ્ન કરવાનો વિચાર છે કે શું? તમારે લગ્ન કરવાં હોય તો થઈ શકે છે. તમે ફક્ત સમાજસારિકા સાથે જ લગ્ન કરી શકો. જો તમારે લગ્ન કરવાં હોય તો હું તમારે યોગ્ય સમાજસારિકા શોધી આપીશ. તારે કોઈ દેવી સાથે લગ્ન કરવાં હોય તો તમારે પહેલાં દેવત્વ મેળવવું પડે તે પછી જ તમે કોઈ દેવી સાથે લગ્ન કરી શકો.'

'મારે લગ્ન કરવાં નથી. આ તો મેં ફક્ત કુતુહલથી જ પૂછેલું.' મે શરમાતાં કહ્યું.

'એમાં તમારે શરમાવા જેવું નથી. તમારે બે ચાર કે દસેક દિવસ માટે સંસારસુખ ભોગવવું હોય તો તેની પણ વ્યવસ્થા થઈ શકે છે. એમાં તમે કોઈ પાપકર્મ કરતા હો એવું પણ નથી. એ અહીં સર્વસામાન્ય વાત છે.

'અમારી આ સમાજસારિકાઓ યંત્રસેવિકાઓ નથી પણ દેવીઓ અને યંત્ર સેવિકાઓની વચ્ચેની એક કડી છે. એ તમારી માનવ સ્ત્રીઓ જેવી જન્મથી ઉત્પન્ન થયેલી સ્ત્રીઓ જ છે. હા તેમનું આયુષ્ય હજાર વર્ષનું ગણાય છે.

'તમારે સહચાર માણવાનો વિચાર હોય તો પણ હું ખુશીથી એની વ્યવસ્થા કરી આપીશ. શરમાયા વગર તમે મને જ્યારે ઈચ્છા થાય ત્યારે કહેજો.' એણે કહ્યું ને મેં મારી એવી કોઈ ઈચ્છા નથી એમ તો કહી દીધું પણ કોઈક દિવસ સમાજસારિકાની સંગત માણી જોવાનું મને મન પણ થયું.

ત્યાંથી પાછા ફરતાં મેં સેવકને પૂછ્યુ: 'મારે સ્વર્ગલોકનાં બીજાં સ્થળો જોવાં છે. મને લાગે છે કે મેં હજુ એનો બહુ ઓછો ભાગ જ જોયો છે.'

'હા, તમે હજું ફક્ત એનો એક ટકા જેટલો જ ભાગ જોયો છે. હું આજે માહિતી મેળવી લઈશ કે આપને બીજી સભામાં હાજરી આપવા ક્યારે જવાનું છે! પછી આપની પાસે

સમય હશે તો હું આપને સ્વર્ગલોકનાં વિવિધ નગરોમાં લઈ જઈશ.' તેણે કહ્યું. મને લાગ્યું કે તેને કદાચ આ માટે પોરુમદેવની મંજૂરી લેવાની હશે.

# ૪.
# પત્રિકા પહેલી

જે પ્રમાણે નક્કી થયું હતું એ પ્રમાણે મારે પૃથ્વી પર જઈને મારું કામ કરવાનું હતું. તેમણે મને દુનિયાની સો જેટલી ભાષામાં છાપીને અસરકારક પત્રિકાઓ તૈયાર કરી આપી હતી. આ સિવાય બીજું ઘણું સાહિત્ય પણ મને તેમણે આપ્યું હતું તે મારે મારા પ્રચારમાં વાપરવાનું હતું.

આ બધાની સાથે એક દિવસ એમણે મને મારા ઘરમાં પાછો મોકલી આપ્યો. મારે પાછા સ્વર્ગલોકમાં જવું હોય તો કોઈ જોતું ન હોય એવી જગાએ જઈને મારે એમણે બતવેલા એક મંત્રનો ઉચ્ચાર કરવાનો હતો એટલે બેથી ત્રણ કલાકમાં ત્યાંથી કોઈ આવીને મને સ્વર્ગલોકમાં લઈ જવાનું હતું. મને તેમની આ વ્યવસ્થા ગમી. સ્વર્ગ મને ગમવા જ લાગ્યું હતું ને!

પહેલું કામ મારે એમાંની મુખ્ય પત્રિકા વાંચવાનું કરવાનું મેં નક્કી કર્યું. ખાટલામાં આડા પડી પીઠ પાછળ બેત્રણ ઓશિકાં મૂકીને મેં એ પત્રિકા વાંચવા માંડી. જો કે થોડા દિવસથી સ્વર્ગલોકની આરામદાયી પથારીની મને જે ટેવ પડી હતી એને કારણે મારી આ કાયમની પથારી મને અગવડભરી લાગી રહી હતી. જેમ તેમ મેં મારી જાતને પથારીમાં બરાબર ગોઠવવાનો પ્રયત્ન કર્યો ને પત્રિકા વાંચવામાં મન પરોવ્યું.

## પૃથ્વીનો વિનાશ નજીક આવી રહ્યો છે.

આપણી ચારે બાજુ આજે બળાત્કાળ, ગુંડાગીરી, લાંચરુશ્વત, સ્વાર્થ, છેતરપીંડી અને ગુનાખોરીએ માનવજાત પર ભરડો લીધો છે. આપણી આ પૃથ્વી પર જેમ કૃષ્ણ ભગવાનના સમયમાં યાદવાસ્થળી થઈ હતી તેનાથીય મોટું સંકટ આવી રહ્યું છે. એમાંથી ફક્ત બેચાર લાખ માણસોને જ ભગવાન પસંદ કરીને બચાવશે એવો સંકેત મને મળ્યો છે.

આ બેચાર લાખ લોકો એવા હશે કે જેમના થકી

ભગવાન નવી સૃષ્ટિનું નિર્માણ કરશે. હવે આપ સૌની પાસે ફક્ત ચાર-પાંચ વર્ષનો જ સમય છે. માટે ભાઈઓ-બહેનો જાગો ને પાપનો માર્ગ ત્યજી સત્કર્મનો રાહ અપનાવો. ચોરી, લૂટફાટ, ગુનાખોરી અને એવાં બુરાં કામો કરવાં ત્યજી દઈને આપણા ભક્ત કવિ નરસૈયાએ કહ્યું છે તેમ વૈષ્ણવજન બનવા કટીબધ્ધ થાવ.

આપનાં સત્કર્મો જ આપને આ મહાવિનાશમાંથી ઉગારશે ને પ્રભુની દયાને પાત્ર બનાવશે. જે ગણ્યાં ગાઠ્યાં સ્ત્રી-પુરુષોને આ મહાવિનાશમાંથી ભગવાન બચાવવા ઈચ્છે છે તેમાં તો જ તમારી પસંદગી થઈ શકશે.

મારી આ વાતને ગાંડાનો લવારો સમજીને મનમાંથી કાઢી ન નાખતા. હું કાંઈ ગાંડો માણસ નથી. મને ભગવાનનો જે આદેશ મળ્યો છે તેને કારણે જ હું તમને આ કહી રહ્યો છું. આજ સુધી તમે મારા દરેક સમાચારને સત્ય માન્યા છે ને એ સત્ય ઠર્યા છે તેમ મારી આ વાતને પણ સત્ય માનજો ને સન્માર્ગે વળી જજો.

ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું જ છે કે જ્યારે જ્યારે ધર્મનો લોપ થશે ત્યારે દુષ્ટોનો સંહાર કરવા અને સાધુ એટલે કે સજ્જન સ્ત્રી-પુરુષોનો ઉધ્ધાર કરવા હું જન્મ લઈશ. તો આ દુષ્ટોમાં તમારું નામ ન આવે ને તમારો સંહાર ન થાય એ માટે તમારે આજથી જ તૈયારી શરૂ કરી દેવી પડશે.

મને ભગવાનનો આદેશ મળ્યો છે એ મારી વાતના પુરાવા રૂપે હું તમને એક ચેતવણી આપી દઉં કે આજથી પંદર દિવસ પછી અગિયારમી નવેમ્બરે સવારે દસ વાગ્યે આખી પૃથ્વી ધ્રુજી ઊઠશે ને મોટી જાન ને માલની હાની સર્જાશે.

આના પરથી તમને મારી વાતની સચ્ચાઈની ખાતરી થઈ જશે. પછી તો તમને સન્માર્ગે ચાલવાની મતિ થશે ને!

વધુ તો હવે અગિયારમી નવેમ્બર પછી...

આપને હીતચિંતક

સ્વપ્નીલ

બીજે દિવસે મેં મારા તંત્રીને આ પત્રિકા આપી ને સમાચારપત્રના પહેલા પાન પર છાપવા કહ્યું. પહેલાં તો આવું

અફવા જેવું લખાણ છાપવા એ સંમત જ ન થયા પણ મેં જ્યારે આ લખાણ બીજા છાપામાં આપવાની એમને ચીમકી આપી અને કહ્યું: 'જો મેં આમાં કહ્યું છે તે મુજબ પૃથ્વી ધ્રુજી ઊઠશે ને લાખોના જાનમાલનું નુકસાન થશે ત્યારે '**અમે આની અગાઉથી ચેતવણી આપી હતી**' એવી નોંધ તમારે બદલે બીજા સમાચારપત્રવાળો છાપશે ત્યારે તમારી શી દશા થશે?'

'ને તું કહું છું એમ ન થયું તો લોકો આવી અફવા ફેલાવવા બદલ મારે માથે માછલાં ધોશે એનું શું?'

'તમને મારા પર વિશ્વાસ હોય તો આ છાપો. મારા સમાચારને કારણે તમારે ક્યારેય વાંચકોની ક્ષમા માગવી પડી નથી. છતાં તમને એમ લાગતું હોય તો આજે તમે મને જવાબદારી સોંપીને ગેરહાજર રહો. પછી કદાચ આવું કશું ન બને તો દોષનો ટોપલો સીધો મારા પર ઢોળી દેજો ને કહેજો કે તમારી ગેરહાજરીમાં મેં આ છાપવા મંજૂરી આપી હતી. મને સો ટકા ખાતરી છે કે બારમી નવેમ્બરે તમે બધાના વખાણના સંદેશાના જવાબ આપતાં થાકી જશો ને સાંજે એની વધારાની પૂર્તિ છાપવાની મથામણમાં પડી જશો.'

'ચાલ, તું મારો માનીતો ખબરપત્રી છું એટલે હું તારા પર મારી આટલાં વરસોની જમાવેલી પ્રતિષ્ઠા દાવ પર લગાવું છું.'

ને એમણે એને પહેલે પાને તો નહીં પણ છેલ્લે પાને બે કૉલમમાં આ લખાણ છાપ્યું. અમારાં દૈનિક સમાચારપત્રમાં પહેલા પાન કરતાં સ્હેજ જ ઓછું મહત્ત્વ છેલ્લા પાનનું હોય છે. બાકીનાં અદરનાં પાનાંનું મહત્ત્વ તો છેલ્લા પાન કરતાં ઘણું ઓછું ગણાય છે.

આ સમાચાર વાંચી એમના પર કેટલાય ફોન આવ્યા કે એમણે સસ્તી પ્રસિધ્ધિ મેળવવા માટે આવી ઢંગધડા વગરની અફવા વહેતી મૂકી છે. એમણે શરૂમાં તો બધાને મક્કમતાથી જવાબો આપ્યા કર્યા પણ જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ આવા લોકોની કગારોળ વધતી ગઈ ને તંત્રી હતાશ થતા ગયા. છેવટે એમણે મને ઑફિસમાં બોલાવીને છેવટના શબ્દોમાં કહીય દીધું: 'જો અગિયારમીએ તારા કહેવા પ્રમાણેનું કાંઈ ન થયું તો ફરી મને ક્યારેય તારું મોં ન

બતાવતો.'

◇

મને પણ મનમાં ગભરાટ થવા માંડ્યો. ને મેં સ્વર્ગની વાટ પકડવામાં ડહાપણ માન્યું. મારું અચાનક સ્વર્ગલોકમાં પાછા આવવું પરમદેવને ગમ્યું તો નહીં જ હોય પણ એમણે મને કશો ઠપકો ન આપતાં શાંતિથી પૂછ્યું: 'કેમ સ્વપ્નીલ, અચાનક પાછા આવવા વિચાર્યું? કશી તકલીફ ઊભી થઈ કે આમ અચાનક આવવું પડ્યું?'

'મને ગભરાટ થયો. પહેલી પત્રિકામાં જણાવેલો સમય નજીક આવતાં મને થયું કે આપને પૂછીને ખાતરી કરી લઉં કે પૃથ્વી ધ્રુજવાની એમાં જે વાત લખી છે તેમ થવાનું જ છે ને! જો એમ ન થવાનું હોય તો મારે બધાને જવાબ આપવા ભારે થઈ પડશે.'

'તું અહીં આખો મહિનો રહ્યો તોય તને એમાં શંકા કેમ આવી તે જ મને નથી સમજાતું. આપણે જ્યારે આટલું મહાન કાર્ય કરી રહ્યા હોઈએ ત્યારે બધું ચોક્કસ જ હોય. તારે એમ ગભરાઈ જવાનું ન હોય.

'તું તો બધાની વચ્ચે માથું ઊંચું રાખીને ફરી શકું ને તારી વાતમાં બધાને શ્રધ્ધા બેસે એ માટે જ આ પ્રસંગ ઊભો કરવામાં આવ્યો છે. તું નિશ્ચિંતપણે જા અને જ્યાં સુધી તારું કામ ન પતે ત્યાં સુધી આવી રઝળપાટ ન કરતો.'

બે દિવસ સ્વર્ગની સહેલ કરીને હું દસમીની સવારે પૃથ્વી પર પાછો ફર્યો ત્યારે તંત્રીનો ગુસ્સો મારી રાહ જ જોતો હતો: 'ક્યાં મરી ગયો હતો? ચારચાર દિવસથી તારી રાહ જોઉં છું પણ તારો પતો જ ન હતો. મને થયું કે તું અગિયારમીથી ગભરાઈને ક્યાક સંતાઈ ગયો હોઈશ. દલાલને દેવાળું નહીં. કંઈ ન થયું તો બધાને જવાબ તો મારે જ દેવાના છે ને!'

'અરે, મારા સાહેબ, જ્યારે હસતે મોંએ જવાબ દેવાના થાય ત્યારે મને ભૂલી ન જતા. હું તો કાલે સવારથી જ ઑફિસમાં અડિંગો જમાવીને બેસવાનો છું. તમે પણ કાલે વહેલા આવી જજો. બે ફોન પર હું જવાબો આપીશ ને બે ફોન પર તમે જવાબ આપજો. મનસુખને પણ લોકોને જવાબ આપવા કામે લગાડવો પડશે.' મેં મક્કમતાથી કહ્યું. મારા

કહેવાથી તંત્રીનામાં થોડા હોંશ તો આવ્યા તોય તેમના મોં પર હાસ્ય તો ન જ ફરક્યું.

‘હજુ મને શ્રધ્ધા બેસતી નથી. હું તો ચાર દિવસથી ભગવાનને પ્રાર્થના કરું છું કે મને આમાંથી બચાવજે. મેં વળી ક્યાં તારા પર આટલો વિશ્વાસ મૂકીને આવું જોખમ ખેડ્યું?’ એમનો ગભરાટ બોલ્યા સિવાય ન રહ્યો.

◇

મારા લખાણમાં શ્રધ્ધા ધરાવનારા કેટલાક માણસોને કદાચ કશું થવાની આશંકા હશે પણ અમારા સમાચારપત્રની ઑફિસમાં તો સવારથી જ બધા કર્મચારીઓ આવી ગયા હતા. કેટલાકને મારામાં શ્રધ્ધા હતી તો કેટલાક તંત્રીની નાલેશીની રાહ જોઈ રહ્યા હતા.

ને એમ કરતાં દસ વાગ્યાના ડંકા પડ્યા. ઑફિસમાં ટાકણી પડે તો પણ સંભળાય એવો સન્નાટો છવાઈ ગયો હતો. બધા કાન માંડીને કશાક ધડાકાને સાંભળવા તાકીને બેઠા હતા. થોડી જ વારમાં કોઈ કારનું ટાયર ફાટ્યું હોય એવો એક ધડાકો સંભળાયો પણ ખરો. બધા નિરાશ થઈ ગયા. એમણે તો મોટા ભયંકર ધડાકાની આશા રાખેલી.

કોઈ તંત્રીની બીકે કાંઈ બોલતું ન હતું. આમ ને આમ લગભગ કલાક વીતી ગયો. તંત્રીનો ચહેરો ફિક્કો પડી રહ્યો હતો. એમનો ગભરાટ એમના મોં પર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો ત્યાં ટેલી પ્રિંટર પર કડકડાટ સમાચાર ઊતરવા માંડ્યા.

સૌ પહેલાં એ સમાચાર વાંચતાં મનસુખે ચીસ પાડી. ‘કશુંક ભયંકર બની ગયું છે. દૂર પશ્ચિમના રણમાં ઉલ્કાપાત થયો છે અને રેતીની આંધી ઊઠી છે. થોડા જ સમયમાં આખી પૃથ્વી પર એ આંધીને કારણે અંધકાર છવાઈ જશે એવી આગાહી પણ એમણે કરી છે.’ કહેતાં એ ઉતરેલા સમાચારનો એટલો ભાગ કાપીને લઈ આવ્યો ને તંત્રીને આપ્યો.

તંત્રીએ એ વાંચીને ઉપરાઉપરી હુકમો છોડવા માંડ્યા: ‘સ્વપ્નીલ તું અને મનસુખ બેય જણા ટેલી પર જેમજેમ સમાચાર આવવા માંડે એમ મઠારીને લેખ તૈયાર કરવા માંડો. આપણે બપોરે આ ઉલ્કાપાતની પૂર્તિ મૂકવાની છે. કોઈનો ફોન આવે તો હજુ આપણે પૂર્તિની વાત કહેવાની નથી. પણ જ્યારે

વધારે માહિતી સાથેના સમાચાર આવે ત્યારે આપણે પૂર્તિની વાત પણ તેમને કહેવા માંડવાની છે. બે જણા ફોન પર બેસી જાવ. હું કોઈ ફોન ઉપાડવાનો નથી. તમારે કહેવાનું કે હું હાલ બીજા અગત્યના કામમાં વ્યસ્ત છું.'

ત્યાં સમાચાર ઊતર્યા કે રેતીની એટલી ભયાનક આંધી ઊઠી છે ને એટલી ઝડપથી ચારે બાજુ વિસ્તરી રહી છે કે સાંજના ચાર વાગતાંમાં તો એને કારણે આખી પૃથ્વી પર અંધકાર છવાઈ જશે. ને તંત્રીએ ફોન પર બેઠેલા બેયને જણાવી દીધું કે હવે તેમણે પૂર્તિની વાત જાહેર કરવા માંડવાની છે.

'આ સમાચારમાં કોઈ ફોટા આવ્યા કે નહીં? ફોટા આવે એટલે બધા ફોટા પૂર્તિમાં લઈને નીચે યોગ્ય નોંધ-વિગત મૂકવાની છે. હું તંત્રીલેખ તૈયાર કરવા માંડું છું. સમાચાર નવેસરથી ટાઈપ કરવાને બદલે એને કૉપી પેસ્ટ કરીને તેમાં સીધું જ સુધારી મઠારીને કૉમ્પ્યુટર પર મેટર તૈયાર કરવાનું રાખો. આપણે ચાર પાનની પૂર્તિ મૂકવી છે. એટલે આપણે ઉતાવળ કરવી પડશે. આજે તો એમાં સ્વપ્નીલનો ફોટો પણ મૂકવો પડશે.' હવે તંત્રી ઉત્સાહમાં આવી ગયા હતા.

'બધા તમારી સાથે વાત કરવા માગે છે. કેટલાક તો પાછળ જ પડી જાય છે.' ફોન પરના કર્મચારીએ કહ્યું.

'એમને કહો કે એમના બધા સવાલોના જવાબ તેમને આજની પૂર્તિમાંથી મળી રહેશે. હું કાલે સવારની વેળામાં બધા સાથે વાત કરવા જેટલી નવરાશ મેળવી શકીશ. કહેજો કે આજે તો એ મને માફ કરે.'

હજુ તો એક કલાક પણ થયો ન હતો ત્યાં ઑફિસની બહાર મીડિયાવાળાનો ધસારો થઈ ગયો હતો. બધાને તંત્રીનો લાઈવ ઈન્ટરવ્યૂ ટેલીકાસ્ટ કરવો હતો. કેટલાકને મારો ઈન્ટરવ્યૂ લેવો હતો. પણ તંત્રી આવો મોકો હાથમાંથી જવા દે ખરા! એમણે પહેલાં પોતાનો ઈન્ટરવ્યૂ પતાવ્યો પછી મને આગળ કર્યો.

મારી પાસેથી મીડિયાવાળાને ઘણું બધું જાણવું હતું પણ એમને બધાને વધુમાં વધુ રસ હોય તો એ વાતમાં હતો કે મને આ સંકેત ક્યાંથી અને કેવી રીતે મળ્યો હતો.

મેં એમને જણાવ્યું કે મને સ્વપ્નમાં આ ઈશ્વરી સંકેત મળ્યો હતો. એમણે મને ઘણો વિગતવાર સંદેશ આપ્યો છે જે હું હવે રોજ એક એક કરીને અમારા સમાચારપત્રમાં મૂકતો રહીશ. એ જ્યાં સુધી પ્રસિધ્ધ ન થાય ત્યાં સુધી મારાથી એ અંગે કશી વાત કરી શકાય તેમ નથી તો મને માફ કરશો. એમાં મારી નોકરી ને અમારા સમાચારપત્રની નીતિનો સવાલ છે. એ પ્રસિધ્ધ થાય તે પછી એ અંગે વાત કરવા હું સ્વતંત્ર છું.'

મારા તંત્રીને મારી આ વાત શીરાની જેમ ગળે ઊતરી ગઈ. મારી મુલાકાત પતાવી હું ઑફિસમાં પેઠો કે તરત અમણે મારો ખભો થાબડતાં કહ્યું: 'તેં બહુ સારું કહ્યું. હવે જ્યાં સુધી આપણે કાંઈ ન છાપીએ ત્યાં સુધી એ લોકો આપણું માથું ખાવા નહીં આવે. કહે, હવે પછીનો તારો સંકેત શું કહે છે?'

ત્યાં બહારથી આવીને અશ્વિન બોલ્યો: 'બહાર ફેરિયા બૂમાબૂમ કરે છે. બીજી દસ હજાર નકલો છાપવાનો ઑર્ડર આપું?'

'એમાં મને પૂછવાનું હોય? બીજી પંદર હજાર નકલનો જ ઑર્ડર આપી દે. ને કાલના પેપરની પણ પંદર હજાર વધારે નકલ છાપવાની છે. પ્રિન્ટરને ને પ્રિટિંગ ખાતાના માણસોને કહી દે કે આજે આખી રાત એમણે પ્રેસમાં જ રહેવાનું છે. પ્રેસખાતાના બધા માણસો માટે રાતના ચા-નાસ્તાની વ્યવસ્થા પણ કરી દેજે.' તંત્રીએ ઉત્સાહથી ઉપરાઉપરી હુકમો છોડવા માંડ્યા.

એ આખો દિવસ અમારા બધાને માટે બહુ વ્યસ્ત રહ્યો. લોકોના અને મીડિયાના ફોનના જવાબ આપીને અમે બધા થાકી ગયા. છેવટે તંત્રીએ કહેવું પડ્યું: 'હવે બધા ફોન ક્રેડલ પરથી નીચે મૂકીને આવતી કાલના અંક માટે કામમાં લાગી જાવ. કાલે આપણે વિગતવાર અને જેટલા મળે એટલા ફોટા સાથેનો અંક બહાર પાડવાનો છે. તેમાં સ્વપ્નીલના હવે પછીના સંકેતનો પણ બાંધેભારે ઉલ્લેખ કરવાનો છે. ને સ્વપ્નીલ, તારા હવે પછીના સંકેતનું મેટર પણ તારે તૈયાર કરી દેવાનું છે. એ ક્યારના અંકમાં મૂકવું એ આપણે પછી નક્કી કરી લઈશું.'

'મારો વિચાર છે કે આપણે રોજ એક એક કરીને પંદરેક હપ્તા સુધી મારાં લખાણો છાપવાં જોઈએ.'

'એકલાં લખાણો નહીં ચાલે. એમાં કોઈ આવી આગાહી પણ હોવી જોઈશે. તો જ આપણું સર્ક્યુલેશન વધશે.'

'હું જોઉં છું. રોજ તો નહીં પણ બે કે ત્રણ દિવસે એવું મેટર આવશે. કાલને માટેનું મેટર તો મારી પાસે તૈયાર જ છે. એનો પ્રિંટ આઉટ કાઢીને હમણાં જ આપની ઍપ્રુવલ માટે આપને આપી દઉં છું.' મેં કહ્યું.

'તો ઝટ પ્રિંટ આઉટ કાઢ અને મારી પાસે આવ. આપણે મારા તંત્રી લેખમાં પણ એનો ઉલ્લેખ કરવો પડશે.' તંત્રીએ ઉત્સાહથી કહ્યું ને હું એમના કહ્યા મુજબ કામે વળગ્યો.

# ૫.
# સંસ્કરણ પહેલાંના પડઘા

મને સ્વર્ગલોકમાંથી જુદીજુદી ભષામાં જે પત્રિકાઓ તૈયાર કરીને આપવામાં આવી હતી તે મેં જે તે ભાષાનાં જાણીતાં વર્તમાનપત્રોમાં છાપવા મોકલવા માંડી. મારી પહેલી પત્રિકાની જે અસર પડી હતી તેને કારણે બધે મારી સારી છાપ ઊભી થઈ ગઈ હતી એટલે લગભગ બધાએ મારી પત્રિકાઓ છાપવા માંડી.

ને બે જ દિવસમાં આખા વિશ્વમાં એની ચર્ચાઓ થવા માંડી. કેટલાકે આટલો પરચો જોયા છતાં તેને ગપગોળો કહીને નજરઅંદાજ કરવા પ્રયત્ન કર્યો પણ મોટા ભાગના લોકોએ એને ગંભીરતાથી લઈને એને વિષે જાત જાતની અટકળો કરવા માંડી.

ત્રીજી પત્રિકામાં મહાપ્રલયની આગાહી હતી. એ પત્રિકા છપાઈ કે તરત ઠેકઠેકાણેથી એનું ચોક્કસ સ્થાન જાણવા માટે ફોન પર ફોન આવવા માંડ્યા. આમાં વર્લ્ડ વેધર બ્યૂરોમાંથી પણ ઈંક્વાયરી આવી એમાં મારાં લખાણો કરતાં મારી પહેલી સફળ આગાહીનો પડઘો વધુ હતો.

એમણે પોતાનાં બધાં સાધનો વાપરીને જે તારણો કાઢ્યાં હતાં તેની સાથે મારી આ આગાહી જરાય બંધબેસતી થતી ન હતી, પણ મારી પહેલી આગાહી પણ એમના વર્તારા કરતાં જુદી જ પડી હતી એટલે આ વખતે એ લોકો થોડા મૂંઝાયા હતા. તેમણે મારા પર વારંવાર દબાણ કરીને તેની સચ્ચાઈ અને તેનું ચોક્કસ સ્થાન જાણવા પ્રયત્નો કરવામાં કાંઈ બાકી મૂક્યું ન હતું.

મેં તેમને એમ કહીને ટાળ્યા હતા કે મારી પાસે એ લોકો માગે છે એવી કોઈ માહિતી નથી. વાસ્તવમાં મારી પાસે એવી માહિતી હતી પણ નહીં. એમાંના કેટલાકે મારી વાતમાં શંકા જરૂર કરી પણ કોઈએ મારી વાતને હંબંગ કે સસ્તી

પ્રસિધ્ધિ મેળવવા માટેનું તિકડમ કહેવાની હિંમત કરી ન હતી.

એમણે મારી પહેલી આગાહીને જોઈ હતી તેનું આ પરિણામ હતું. તેમના આવા વર્તાવથી મારાં હિંમત અને આત્મશ્રધ્ધામાં ઘણો વધારો થયો. તો સાથે સાથે મારા તંત્રીમાં પણ એનું પ્રતિબિંબ પડતું લાગ્યું.

મારી આ આગાહીને દિવસે લાખો આંખો ટીવી અને ક્ષિતિજ તરફ મંડાઈ રહી હતી. તે રાતે લગભગ બે વાગ્યાના સુમારે હિંદ મહાસાગરમાં એક મોટો ધરતીકંપ થયો અને તેનાથી જે સુનામી ઉત્પન્ન થઈ તે પચાસ ફીટનાં મોજાં રૂપે પચાસ કીલો મીટરની ઝડપે કિનારા પર ધસી આવી જેને કારણે લગભગ પચાસેક હજાર લોકોનાં મોત થયાં ને અનેક વહાણો તથા મકાનો તારાજ થઈ ગયાં.

ભારતની સરકારે તો મારા પર ધરતીકંપની જાણકારી છુપાવવાનો અપરાધ કર્યા બદલનો કેસ પણ ઠોકી દીધો. આ વાત જાણતાં ભારતના કેટલાય જાણીતા વકીલોએ મને એનાથી ન ગભરાવા અને વગર ફીએ મારો કેસ લડી આપવાની તૈયારી પણ બતાવી. જો કે મારી પાસે સ્વર્ગલોકનું પીઠબળ હતું એટલે મને કોઈ વાતનો ડર આમેય ન હતો.

મેં તેની સામે જવાબમાં ફક્ત એટલું જ જણાવ્યું કે આ ઈશ્વરી સંકેત હતો એટલે જેટલી માહિતી એ સંકેતમાં મને મળી હોય એટલી મને ખબર હોય. મારો આશય માહિતી છુપાવીને મોટી જાનહાનીનું પાપ મારે શીરે લેવાનો ન જ હોય. પછી ગમે તે કારણ હોય પણ ભારતની સરકારે આગળ કોઈ કારવાઈ કરી ન હતી એ હકીકત છે. મને લાગ્યું કે સરકારને સ્વર્ગલોકથી એમના કેસનો જવાબ મળી ગયો હશે કદાચ.

આ બે વખતના અનુભવે દેશમાં જે વાતાવરણ સર્જાયું તે મારે માટે ઘણું ઉત્સાહપ્રેરક હતું. કેટલીક સંસ્થાઓમાંથી મને વક્તવ્ય માટે બોલાવવાનાં આમંત્રણો આવ્યાં હતાં તો કેટલાક લોકોએ પાતાના વિસ્તારમાં સ્વપ્નીલ સદ્વિચાર મંડળને નામે નાનાં મોટાં મંડળોની સ્થાપનાઓ કરી હતી ને એનું ઉદ્ઘાટન મારી પાસે કરાવવાનાં આમંત્રણો પણ મને મળ્યાં હતાં. મારા તંત્રીએ પણ કોઈને કોઈ રીતે મારો ફોટો અમારા વર્તમાનપત્રમાં રોજેરોજ ચમકતો રહે એવું ગોઠવી કાઢ્યું હતું.

ત્યાં ઈસ્લામના કોઈ મૌલવીએ મારી સામે ફતવો બહાર પાડ્યો એમાં જણાવવામાં આવ્યું હતું કે મારી આ સંકેતની વાતમાં ઈશ્વર કે અલ્લાનો સંકેત નથી પણ ધતીંગ છે. અમારા મત મુજબ તો આ લખનાર કાળા જાદુથી આલમને ભડકાવી રહ્યો છે. એની અસર જો કોઈ ઈસ્લામીક દેશને થશે તો ઈસ્લામ એ સાંખી લેશે નહીં ને એ લખનારના જાનને માટે ખતરો ઊભો થશે.

તંત્રી મને રોજ રોજ કોઈક આગાહી કરવાનો આગ્રહ કરતા હતા પણ મારે તો નક્કી કરેલા કાર્યક્રમ મુજબની તૈયાર પત્રિકાઓ જ સામાન્ય મઠારીને છાપવા આપવાની હતી એટલે હું તંત્રીને જેમ તેમ સમજાવી દેતો હતો ને એ પણ ના છૂટકે લાચારીથી મારી વાત સ્વીકારી લેતા હતા.

◇

એક દિવસ ભારતના હવામાનખાતાના બે અધિકારીઓ મને મળવા અમારા વર્તમાનપત્રની ઑફિસે આવ્યા. એમણે બહુ સૌમ્ય રીતે વાતની શરૂઆત કરી: ‘સ્વપ્નીલભાઈ, તમારી આ ઈશ્વરી સંકેતની વાત આમ તો આ વૈજ્ઞાનિક યુગમાં કોઈને ગળે ઊતરે તેવી નથી પણ બધાએ એના બે બે પરચાઓ જોયા છે એટલે હવે કાઈને તમારા સંકેતોની બાબતમાં શંકા કરવાની હિંમત નથી. પણ અમને લાગે છે કે એની પાછળ કશુંક એવું છે કે જે તમે બધાથી છુપાવી રહ્યા છો.’

‘તમને એવું કેમ લાગે છે કે હું કશું છુપાવી રહ્યો છું? શું મને આ જાનહાની ગમતી હશે? પણ મેં જણાવ્યું છે તેમ મને ફક્ત આ પ્રલયનો જ સંકેત મળ્યો હતો. જો મને એના સ્થાન વિષે મને જાણકારી હોત તો મેં એની જાણ દેશના સત્તાવાળાઓને જરૂર કરી હોત ને તેનાથી હજારો લોકોની જિંદગીઓ બચી ગઈ હોત. પણ હું લાચાર હતો.’

‘મને લાગે છે કે તમારી પાસે કદાચ એનો અછડતો અંદેશો હોય અને તમે એને નજરઅંદાજ કર્યો હોય!’

‘ના એવું કાંઈ ન હતું. કદાચ અમારા શહેરમાં જ આ સુનામી આવવાની હોત તો પણ હું કદાચ મારી રોજની ફરજ બજાવવા અહીં ઑફિસમાં બેઠો હોત ને કાળનો કોળિયો થઈ ગયો હોત.’

'જો તમારી પાસે આવી અધૂરી માહિતી હોય તો તમારે આવી આગાહીઓ ન કરવી જોઈએ. એનાથી લોકોમાં દહેશત ફેલાય છે. અમારી દૃષ્ટિયે તો તમારી આ આગાહીઓ અફવાઓ ગણાય ને કાયદાકીય દૃષ્ટિએ તો એક ગુનો ગણાય.'

'એ અફવાઓ હોય તો પણ સાચી પડતી અફવાઓ છે. તમારા હવામાનના વર્તારામાં ઘણી વખત ધોધમાર વરસાદની આગાહી કરો છો ને આખો દિવસ ધોધમાર તાપ પડે છે એવું બને જ છે ને! દાખલા તરીકે ગયા રવિવારે તમે આગાહી કરેલી કે હવામાન સૂકું રહેશે તેને બદલે ચાર ઈંચ વરસાદ પડેલો ને કેટલાય ખેડૂતોના પાક પલળી ગયા હતા.'

'તમે હવે વ્યક્તિગત વાત પર ઊતરી ગયા. પણ અમે જે આગાહીઓ કરીએ છીએ એ અમારાં વૈજ્ઞાનિક સાધનોનાં અવલોકન મુજબ કરીએ છીએ.' પેલા અધિકારી મારા આ સીધા આક્ષેપથી થોડા છપાયા પણ એમણે એ બદલ દિલગિરી વ્યક્ત કરવાને બદલે ગુસ્સો કરીને એમની વાત રજૂ કરી.

'આપણે ક્યારનાય વ્યક્તિગત વાત જ કરી રહ્યા છીએ ને! તમે મારી વાત કરતા હતા તો મેં તમારી વાત કરી એમાં ખોટું શું છે? જો તમારા વર્તારા આટલાં બધાં મોંઘાં સાધનો ને આટલા બધા તજજ્ઞો છતાં ખોટા પડતા હોય તોય એ માન્ય ગણાય ને મારા સાચા પડવા છતાં અફવા કેમ ગણાય એ મને સમજાવશો?'

'જુઓ, અમે અહીં લડવા નથી આવ્યા પણ તમારી થિયરી સમજવા આવ્યા છીએ. તમે જે સંકેતની વાત કરો છો તેમાં તમે જો સ્થળનો સામાન્ય પણ ઉલ્લેખ કરી શકો તો એનાથી અનેક લોકોના જાન બચી શકે એટલું તો તમે સ્વીકારો છો ને!'

'હું તો તમારી વાત સમજી શકું છું પણ તમેય મારી વાત સમજવા પ્રયત્ન કરો એટલું જ હું ઈચ્છું છું. મને સ્વપ્નમાં જે દૈવી સંકેત મળે છે એ હું જાહેર કરું છું. એમાં મને જે સંકેત ન મળ્યો હોય એવા સ્થળ વિષે હું કાંઈ પણ કહું તો એ અફવા ગણાય. એવું કદાચ થાય અને ન પણ થાય. એના કરતાં મને જે સંકેત મળે તે હું જાહેર કરું ને તમે એમાં

તમારાથી થઈ શકે એવી સંશોધનાત્મક આગાહીની જાહેરાત કરો તો એ વધારે અસરકારક નિવડી શકે એમ તમને નથી લાગતું?'

'ચાલો, તમારી આ વાત અમે સ્વીકારીએ છીએ. તમે હવે પછી જે સંકેત મળે તે તમારા પેપરમાં છાપતા પહેલાં અમને મોકલી આપશો કે જેથી અમે એ અંગે ચકાસણી કરીને અગાઉથી સાવચેતીનાં પગલાં લેવા માટે જનતાને જણાવી શકીએ.'

'જ્યાં સુધી આવા કોઈ સમાચાર અમારા વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ ન થાય ત્યાં સુધી અમે તમને આપી ન શકીએ પણ અમારું પત્ર છપાવા જાય કે તરત અમે તમને એ આખું ઈમેલ મારફતે મળી જાય તેમ કરીશું. દાખલા તરીકે આવતી કાલના અંકમાં જ એક સંકેતના સમાચાર છે. જે તમને આજે રાતના બાર વાગ્યાની આસપાસ મળી જશે. તમારે રાતનો ઉજાગરો થશે પણ આપણને એ જાણવાનું મળશે કે મારા સંકેત અને હવામાનખાતાના સહયોગથી પ્રજાને કેવો ફાયદો થઈ શકે છે?'

'જો એ આગાહી આવા વિનાશની હોય તો તમારા વર્તમાનપત્રની નીતિની વાત બાજુ પર મૂકીને અમને એ માહિતી તમે આજે જ આપી દઈ શકો એવું ન થાય? જો એમ થઈ શકે તો અમને એ અંગે સંશોધન કરવાનો પૂરતો સમય મળે ને એનાથી કદાચ હજારો લોકોના જાન બચી શકે.'

'અમે એમ કરી શકતા નથી પણ તમારી પાસે તો મહા મોંઘા મૂલનાં સાધનો ને તજજ્ઞોની આખી ટીમ છે. મને લાગે છે કે તમે આ તબાહીનું મૂળ જરૂર શોધી શકશો અને તેનો લાભ હજારો લોકોને આપી શકશો.' મેં કહ્યું.

'અમારી પાસે આ બધું હોવા છતાં આટલો સમય ઘણો ઓછો ગણાય. વળી અમારી જાણકારી લોકો સુધી પહોંચે એમાં પણ થોડો સમય જાય એની ગણતરી કરવામાં આવે તો આટલો સમય પૂરતો નથી.'

છેવટે એમની આવી સમજાવટથી તંત્રી નરમ પડ્યા ને આવતીકાલના મારા સંકેતની એક પ્રિન્ટઆઉટ કોપી એમને આપી ને એમાંના એક અધિકારીએ તો તરત જ ફોન પર

એમની ઑફિસમાં કેટલાક સંશોધન માટે તાકીદ કરવાની સૂચનાઓ પણ આપી દીધી.

‘મને લાગે છે કે તમારી પાસે અગાઉથી આ સંકેતની જાણકારી આવી ગઈ છે એનાથી કોઈ ફેર જરૂર પડશે. વળી સંકેત મુજબ આ તબાહીનો સમય સાંજના ૪-૩૦નો છે એટલે આપને આપનો વર્તારો જાહેર કરવાનો અને તેની ચેતવણી લોકોને આપવાનો ઘણો સમય પણ મળશે.’ મેં કહ્યું. ને એ લોકો વિદાય થયા.

◇

અમારો પ્રિન્ટઆઉટ હાથમાં આવતાં જ એમણે જે ઝડપથી તપાસના આદેશ આપવા માંડ્યા હતા એ જોતાં મને લાગ્યું કે આ વખતની હોનારતમાં જાનહાનીમાં ઘણો ઘટાડો થશે. તો મને બીજી બાજુ એવો પણ વિચાર આવ્યો કે મારી છાપ ઊભી કરવા આવી મહામારીને બદલે કોઈ સર્જનાત્મક આગાહી કરવામાં આવે તો વધુ સારું. મેં વિચાર્યું કે મારે મારી આ વાત પોરુમદેવને કહેવી જોઈએ.

પણ આ વાત એમને કહેવી કઈ રીતે? સ્વર્ગની દોડાદોડી કરવાની તો એમણે મને ના જ પાડી છે. પણ મારી આ ગૂંચવણના જવાબ રૂપે જ હોય તેમ એ રાતે જ મને સ્વર્ગનું તેડું આવ્યું.

મેં ત્યાં જઈને તરત પોરુમદેવને મારી આ વાત કરી તો એમણે હસતાં કહ્યું: ‘તારી વાત આમ તો બરાબર છે પણ લોકોને સર્જનાત્મકને બદલે વિનાશાત્મક વાતોમાં જ વધારે દિલચસ્પી હોય છે. કદાચ તું સર્જનાત્મક વાતની આગાહી કરશે તો આનાથી દસમા ભાગના લોકોય એની નોંધ નહીં લે.’

‘આપે મને આમ અચાનક તેડાવ્યો છે તો શી આજ્ઞા છે?’

‘તારે માટે બીજી પણ કેટલીક પત્રિકાઓ તૈયાર કરવામાં આવી છે એ તને આપવાની હતી. ને તેં જેમ આજે તારી પત્રિકા હવામાનખાતાને અગાઉથી આપી તેમ રોજ આપવાની ચાલુ રાખજે. એનાથી લોકોમાં તારા પ્રત્યે વધારે વિશ્વાસ ઉત્પન થશે.’

મેં બીજી કોઈ દલીલ ન કરતાં પૃથ્વીનો મારગ પકડ્યો. આજે તો મારી ત્રીજી આગાહી સાચી પડવાની હતી. એમાં ઘણા બધા દેશોનાં હવામાનખાતાંઓ કામે લાગી ગયાં હતાં. હવે જોવાનું એ હતું કે એ લોકો કેટલા સાચા નિષ્કર્ષ પર આવે છે! આ તો એમની આબરૂ દાવ પર લાગી ગઈ હોય એવો મામલો હતો. સામે પક્ષે અમે પણ એ વાતની સ્પષ્ટતા આજના પેપરમાં કરી હતી કે દેશના હવામાનખાતાને આની જાણ ચોવીસ કલાક પહેલાં અમે કરી છે.

આ બધા દેશનાં હવામાનખાતાંએ જાતજાતની આગાહીઓ કરી હતી. કોઈકે દક્ષિણપૂર્વમાં સુનામીની આગાહી કરી હતી તો કોઈકે સોલ્ટલેકમાં ઉલ્કાપાતની વાત કરી હતી તો કોઈએ કેલિફોર્નિયામાં મોટા ધરતીકંપની આગાહી કરી હતી. હવે બધા મારા સંકેતના પરિણામની વાટ જોઈ રહ્યા હતા.

ત્યાં સમાચાર આવ્યા કે દક્ષિણ મહાસાગરમાં એક ધરતીકંપથી ૪૦૦૦ સ્કેર માઈલનો એક ટાપુ સમુદ્રમાંથી ઉપસી આવ્યો હતો. આને કારણે સમુદ્રમાં એક વિશાળ સુનામી ઉત્પન્ન થઈ હતી પણ એની અસરમાં કોઈ ધરતીપટ ખાસ આવ્યો ન હતો. કારણ કે આ ધરતીકંપનું કેન્દ્ર દૂર સમુદ્રમાં હતું. હા, ઓસ્ટ્રેલિયાના કેટલાક સમુદ્ર કિનારા પર આની સામાન્ય અસર વર્તાઈ હતી પણ આને કારણે કોઈ જાન કે મિલકતને હાની પહોંચી ન હતી.

અલબત્ત કોઈ પણ દેશના હવામાનખાતાએ આની ચેતવણી કે આગાહી કરી ન હતી કે તેમના તરફથી અમને આ પછી ન કોઈ ફોન આવ્યો હતો. આજે એ બધા ખોટા પડ્યા હતા ને મારી સ્વર્ગીય આગાહી સાચી પડી હતી. આજે અમારે બદલે હવામાનખાતાએ લોકોને જવાબ આપવાના થયા હતા.

# ૬.
# રાજકારણવાળા પાછળ પડ્યા

મારા આ સંકેતની વાતોએ મને એટલી બધી પ્રસિધ્ધિ અપાવી કે કેટલાક રાજકીય આગેવાનો મને એમના પક્ષમાં ખેંચવા મારા પર અનેક તરફથી દબાણ કરવા માંડ્યા. ગુજરાતમાં ખાલી પડેલી ધારાસભાની બેઠક માટે એક પક્ષે તો મને ટિકિટ આપવાની લાલચ પણ આપી.

મેં એમને જણાવ્યું કે મને રાજકારણમાં રસ નથી ને એમાં મને ઝાઝી સમજણ પણ પડતી નથી. તો એમણે કહ્યું: ‘તમારા જેવા જુવાનોએ રાજકારણમાં આવવું જોઈએ. અમે હવે કેટલા દિવસ રહેવાના? પછી દેશની ધૂરા તમારે જ સંભાળવાની છે ને!’

એમની આવી વાતથી મને મનમાં હસવું આવ્યું. તો બીજી તરફ મને એમ પણ લાગ્યું કે એમની ઉંમર જોતાં એમની વાત સાચી પણ હતી. એ લગભગ એંશી સુધી પહોંચી ચૂકેલા હતા. પણ હજુ રાજકારણમાંથી રીટાયર થવાનું નામ લેતા ન હતા. મને થયું કે એમને હું અત્યાર સુધી કેમ ન જણાયો!

કે પછી મારા સંકેતનો અનુભવ જોયા પછી એમને ડહાપણની દાઢ ફૂટી છે! મેં એમનો આગ્રહ જોતાં એમને ટાળવા જ કહ્યું: ‘તમારો આગ્રહ છે તો હું આ અંગે વિચારીને તમને એક અઠવાડિયામાં ચોક્કસ જવાબ આપીશ.’

‘તમે મોડું કરશો ને કદાચ અમારા હાઈ કમાન્ડ બીજા કોઈને પસંદ કરી લેશે તો તમારી વાત ઊડી જશે. જુઓ અમે તમને અમારી પાર્ટીમાં આવો તો પાંચ કરોડ રૂપિયા અગાઉથી આપી દઈશું ને તમે ચૂંટાઈને આવો પછી કોઈ એવા ખાતાનું મંત્રીપદ આપીશું કે તમારી સાત પેઢી સુધી છોકરાંને કમાવાની ચિંતા જ નહીં રહે. જલ્દીથી વિચારીને જવાબ

આપજો.'

એ લોકો મનમાં કદાચ એવું તો નહીં વિચારતા હોય કે હું આ સંકેતની જેમ એમની ચૂંટણીના પણ સંકેત મેળવીને એમને જણાવું તો એમને કોને ટિકિટ આપવી ને કોને નહીં એ નક્કી કરવામાં રાહત થઈ જાય. પછી એમને ચૂંટણીમાં હારવાની નોબત જ ન આવે.

ગમે તેમ પણ એમની આવી વાતોથી મને લાગ્યું કે રાજકારણમાં મારી કિંમત તો નક્કી થઈ ગઈ હતી. જો હું એમાં ભાવતાલ કરું તો એ વધી શકે એવું પણ મને લાગવા માંડ્યું હતું.

મને ગામેગામથી સભા સંબોધવાનાં જે આમંત્રણ મળતાં હતાં એમાંથી કેટલીક સભાઓમાં હું ગયો પણ હતો. ત્યાં પણ હું તો પૃથ્વીનો અંત નજીક આવી રહ્યાની જ વાત કરતો હતો. કેટલાક શ્રોતાઓ મને પૂછતા પણ ખરા: 'હવે પછીનો તમારો સંકેત કયો છે? અમને કહો તો અમે એમાંથી બચવા માટેનાં પગલાં તો લઈ શકીએ.'

હસીને હું કહેતો: 'મારો મુખ્ય સંકેત છે કે આજથી લગભગ પાંચેક વરસે આપણી ધરતી પર મહાવિનાશ સર્જાવાનો છે ને તોમાંથી ફક્ત બે લાખ સ્ત્રી-પુરુષો જ બચવાનાં છે. તમારે મેં અગાઉ જણાવ્યું છે તેમ આ વિનાશમાંથી બચીને નવી સંસ્કૃતિનો પાયો નાખવામાં પાયાના પથ્થર નથી બનવું? જો તમે ઈચ્છતા હો કે તમે નવી સંસ્કૃતિની રચનામાં ભૂમિકા ભજવી શકો તેમ છો તો આજથી જ મેં કહેલા માર્ગે ચાલવા માંડો.'

મારી વાત એમને હું એમના પ્રશ્નનો જવાબ આપવાનું ટાળતો હોઉં એવી લાગતી હશે કદાચ, પણ મારી પાસે એ સિવાય બીજો ઉત્તર જ ક્યાં હતો!

છેવટે મેં સ્વર્ગલોકમાં પૂછી જોયું કે એમને આવનાર વિનાશની ચોક્કસ તારીખ જણાવી શકાય કે નહીં. તેમનો જવાબ તો મને જેમ ખાતરી હતી તેમ નકારમાં જ હતો. છેવટે મારે લોકોને આવા મોઘમ જ જવાબ આપવાનું ચાલુ રાખવું પડ્યું.

મેં મારી પત્રિકાઓનો મારો ચાલુ રાખ્યો. મારી

પત્રિકાઓ હવે બહારના દેશોમાં છપાવા માંડી હતી એટલે પરદેશથી પણ કેટલાક લોકોના ઈમેલ મારા પર આવવા માંડ્યા હતા. હું એમને જેમ મારાં ભષણોમાં કહેતો હતો એમ મોઘમ જ જવાબ આપતો હતો. એ લોકો આક્ષેપ પણ કરતા હતા કે હું એમનાથી આ માહિતી છુપાવીને લોકોનાં મોતના તમાસા જોઈ રહ્યો હતો.

હા, ઈસ્લામ મારી વિરુધ્ધ થઈ ગયો હતો. એમને તો એમ જ લાગતું હતું કે હું આ બધું તૂત જ ચલાવતો હતો અને તેનાથી છેવટે તો ઈસ્લામ પર ખતરો ઊભો કરવાનો જ મારો આશય હતો.

એમણે તો મારે માટે ફતવાના રૂપમાં એક સંદેશો પણ વહેતો કર્યો હતો કે મારી વાતો ઈસ્લામ અને અલ્લાહની હકુમતની વિરુધ્ધનું એક કાવતરું છે. ને હું અલ્લાહથી પણ ઉપર હોવાનો દાવો કરું છું. એમણે તો એટલે સુધી મને ધમકી આપી હતી કે જો હું મારી આ પ્રવૃત્તિ બંધ નહીં કરું તો મારે જાનથી હાથ ધોઈ નાખવા પડશે.

◇

મને ખબર નથી કે મારા આ પ્રચારને પરિણામે પ્રજાના વિચારોમાં કશો ફેરફાર થયો હતો કે નહીં. ને એ જાણવાનો મારી પાસે કોઈ રસ્તો પણ ન હતો. હા, હવે મારે સ્વર્ગલોકમાં ફરી જવાનું થશે ત્યારે ત્યાંના આંકડા વિભાગમાં જઈને તપાસ કરવી પડશે કે તેમની બચાવવાની યાદીમાં કેટલાં નવાં નામ ઉમેરાયાં છે ને કેટલાં નામ એમાંથી કમી થયાં છે.

ત્યાં એક રાતે મને સ્વર્ગલોકથી અચાનક તેડું આવ્યું. પોરુદેવે મને જણાવ્યું કે મારે રાજકારણમાં પ્રવેશવાથી દૂર રહેવાને બદલે એમાં પ્રવેશવાનું છે. એમાંથી મને જે સારા કે નરસા અનુભવો થશે એમાંથી આપણે કોને બચાવવા કે કોને પડતા મૂકવા એ નક્કી કરી શકાશે.

'દેશે દેશનું રાજકારણ અનીતિના અખાડા જેવું જ છે એમાંથી આપણી યાદીમાં જેને બચાવવાના છે એવા આમેય બહુ ઓછા છે. તેમાં જો હું જઈશ તો જેને આપણે બચાવવાના નક્કી કર્યા છે એમાંથી કેટલાય કમી થઈ જશે. મને જે લોકો

એમના પક્ષમાં ભેળવવા આવ્યા હતા તે પણ એમની સ્વર્થી યોજનામાં મારો ઉપયોગ કરવાની ભાવના સાથે જ આવ્યા હતા.' મેં કહ્યું.

'એમ થશે તોય શો વાંધો છે? આપણે ફક્ત લાયક માણસોને જ બચાવવાના છે. એમાં કેટલાક નાલાયક માણસો કે જેમને એમનાં કર્યાંની સજા ભોગવવા માટે બચાવવાના છે તેમાં થોડો ઊમેરો થશે.'

'એક પક્ષવાળાએ તો મને પાંચ કરોડ રૂપિયા આપવાની ઑફર પણ આપી છે.' મેં કહ્યું.

'તને એ પૈસા લઈ લેવાની લાલચ તો નથી થતી ને! પાંચ કરોડ બહુ મોટી રકમ કહેવાય.'

'અહીં આવ્યો ને આપણી સંસ્કરણની યોજનામાં સામેલ થયો તે પછી મને એવી કોઈ લાલચ રહી નથી.' મેં એમને હસીને જવાબ આપ્યો.

પણ છેવટે મારે તો એમની વાત માન્યા સિવાય બીજો રસ્તો જ ક્યાં હતો? મેં રાજકારણમાં પ્રવેશવાનું નક્કી કરી લીધું ને પેલા પાંચ કરોડની ઑફરવાળા પક્ષની પસંદગી કરી.

મેં ધરતી પર આવીને પેલા રાજકારણીઓને સંદેશો મોકલી આપ્યો કે મેં મારા વર્તુળમાં વાત કરી છે ને બધા મને સહકાર આપવા તૈયાર છે. મને પૈસાનો કોઈ મોહ નથી એટલે હું પક્ષમાં જોડાવા માટે કોઈ રકમ તો નહીં લઉં પણ તેમના પક્ષની છાપ સારી છે એટલે હું એમાં જોડાવા તૈયાર છું. અને મેં રાજકારણમાં ઝંપલાવવાનું નક્કી કર્યું છે.

ને બીજે જ દિવસે મને એ લોકો મળવા આવી પહોંચ્યા. એમને મારી પૈસા ન લેવાની વાત કદાચ ચોખલિયાવેડા જેવી લાગી હશે પણ એ શીરાની જેમ એમને ગળે ઊતરી ગઈ હતી.

'અમને ખાતરી જ હતી કે તમે અમારી વાત સમજશો. તો આવતીકાલે તમે અમારી સર્વસુખી પાર્ટીમાં જોડાઈ ગયા છો એની જાહેરાત કરીને આવતે અઠવાડિયે વિધાનસભામાં ઉમેદવારી કરવા માટે તમારું ફોર્મ પણ ભરાવી દઈશું. તમારો સાથ અમારે મન મહત્ત્વનો છે એટલે અમે તમારો બધો

ચૂંટણી ખર્ચ પણ પક્ષ તરફથી કરીશું ને તમને જીતાડવાના પૂરા પ્રયત્ન પણ કરીશું. વળી તમારી ખ્યાતિ હાલ એટલી પ્રસરી છે કે તમને જીતવામાં કશો વાંધો નહીં જ આવે.' એમણે કહ્યું.

'તોય મને લાગે છે કે આપણે સામ, દામ, દંડ ને ભેદ એ બધા નુસ્ખા સામટા અમલમાં મૂકવા પડશે.' મેં એમની નીતિની ચકાસણી કરવા કહ્યું.

'તમે એ વાતમાં નિશ્ચિત રહેજો. રાજકારણમાં અમે કાંઈ નવા નથી. તમને જીતાડવા જરૂર પડશે તો અમે નાણાં કોથળી ખૂલ્લી મૂકી દઈશું. દારૂની પરબો ખોલી દઈશું. વોટ દીઠ પૈસા વહેંચવાનો તો અમારા પક્ષને વરસોનો અનુભવ છે.'

'હું પૈસા વહેંચીને વોટ ખરીદવામાં માનતો નથી.' મેં અમને થોડા વધારે ઉશ્કેર્યા.

'જુઓ, એમાં એવા ચોખલિયાવેડા ના ચાલે. અમે જો તમારા કહ્યા પ્રમાણે ચૂંટણી લડતા હોત તો આજે અમારી સરકાર તો ન હોત ને કદાચ અમે વિરોધપક્ષમાં પણ ન બેસી શકતા હોત. બધી સીટો માટે પૈસાની લહાણી કરવી જ પડે છે. આપણી  સામેની પાર્ટી પણ પૈસા વહેંચે જ છે. પછી આપણે એવા ચોખલિયાવેડા કરવા જઈએ તો રહી જઈએ અઢારના ભાવમાં.' તેમણે પોતાનું પોત પ્રકાશ્યું.

ને મારે તો એ જ જોઈતું હતું ને! બધું મારી ગણતરી મુજબ પાર ઊતરતું હતું.

◇

પછી તો ચૂંટણી આવી ને ગઈ ને હું મારી જામેલી પ્રતિષ્ઠાને કારણે જીતવાનો તો હતો જ ને વધારામાં એમની નાણાં કોથળીના કામણને કારણે ઘણા મોટા તફાવતથી ચૂંટણી જીતી ગયો. પાર્ટીના આગેવાનોએ એનો બધો જશ પોતાની કુનેહ અને નાણાં ખર્ચવાની પાર્ટીની ગુંજાઈશને આપ્યો.

મેં એમાંથી લગભગ પચીસ માણસોને પસંદ કર્યા કે જેમને મારે પેલી સજા ભોગવવા માટે બચાવવાની યાદીમાં સામેલ કરવાના હતા. એ પાર્ટીમાં કેટલાક સારા પણ હતા

જેમને પણ બચાવવાના હતા પણ તેમને સજા કરવા માટે નહીં પણ નવસર્જન માટે બચાવવાના હતા. જો કે એ બધું તો માહિતી કાર્યાલયની યાદી જોયા પછી જ થઈ શકે તેમ હતું.

ત્યાં મને સ્વર્ગનું તેડું આવ્યું. પોરુમદેવે મને કહ્યું: 'તેં ચૂંટણીમાં જીત મેળવી એ બદલ અભિનંદન. તારા ચૂંટણીના અનુભવથી તેં કેટલાંક નામોની પસંદગી કરી પણ હશે. આજે માહિતી કાર્યાલયમાં આંટો મારજે ને એમણે સુધારેલી યાદી પર નજર નાખજે. તારાં પસંદ કરેલાં નામ એમાં જો કે આવી જ ગયાં હશે છતાં તારે એમાં કોઈ ફેરફાર કરાવવા જેવા લાગે તો તેમની સાથે ચર્ચા કરી લેજે.'

'એ યાદીમાં સારાની સાથે આપણે ખરાબ માણસોને પણ પસંદ કરીએ છીએ પણ એમને એમના યોગ્ય સ્થાન પર કેવી રીતે મૂકાશે એ મને નથી સમજાતું.'

'એ બધું નવનિર્માણદેવશ્રીના ક્ષેત્રમાં આવે છે. તું પરમ દિવસે આંકડાશસ્ત્ર વિભાગમાં જજે ને એમની સુધારેલી યાદી પર નજર નાંખજે. તો તને થોડો ચિતાર મળશે. બાકી દરેકને તેમને યોગ્ય જગા પર મૂકવાની દેવશ્રીની શી યોજના છે એની તો મને પણ ખબર નથી.'

'હું ત્યાં જઈશ. મને બધેથી સારો સહકાર મળે છે એ આપની કૃપા છે.' મેં કહ્યું.

'તારે સમાજસારિકા કાર્યાલયમાં એની મુખ્ય અધિકારિણી સાથે જે વાત થઈ હતી તેમ તારે ટૂંક સમય માટે કોઈ સમાજસારિકાનો સહયોગ જોઈએ તો વગર શરમાયે એને જણાવજે. અહીં એને કોઈ જાતનું દુષણ માનવામાં આવતું નથી.' એમણે કહ્યું ને હું શરમાઈ ગયો. 'તું અહીં એક અઠવાડિયા સુધી છું એટલો સમય એની અનુભૂતિ પણ કરી લે. એમાં કશું ખોટું છે એમ ન માનતો.' એમણે ઉમેર્યું ને હું વધારે શરમાઈ રહ્યો.

પોરુમદેવની આજ્ઞા મુજબ હું બીજે દિવસે માહિતી કાર્યાલયે પહોંચ્યો. એમણે મને એમની છેલ્લી તૈયાર થયેલી યાદી બતાવી. મેં જેને શિક્ષા કરવા માટે પસંદ કરેલા એ બધા એમાં સમાવિષ્ટ કરી દેવાયેલા હતા. મેં જેને નવસર્જન માટે પસંદ કરેલા તેમાંના કેટલાક હજુ એમાં સમાવવા બાકી હતા.

મેં એમનું ધ્યાન એ તરફ દોર્યું તો એ કહે: ‘તારે એમાં ઉમેરવા જેવાં હોય એ નામ તું ઉમેરી શકે છે. જો કે આ યાદી છેવટે તો સર્વસત્તાધિશ દેવ જ નક્કી કરવાના છે એટલે છેવટની યાદી તો હજુ લગભગ બે મહિના પછી નક્કી થશે.’

‘મારે પણ હજુ કેટલાંય નામ એમાં ઉમેરવાનાં કે રદ કરવાનાં થશે. એ તો હજુ મને જેમ વધુ અનુભવ થતા જશે તેમ નક્કી થતાં જશે.’

‘તારી પાસે હજુ ઘણો સમય છે. આ યાદી સંપૂર્ણ થઈ જશે ત્યાં સુધી તને જે અનુભવ થશે એને આધારે એમાં ઘણી ઉમેરણી કે છટણી કરીને આપણે યાદી પોરુમદેવને મોકલી શકીશું.’

મને એક અઠવાડિયા સુધી સ્વર્ગમાં રોકાવાની વાતથી રોમાંચ થઈ ગયો. મને એવોય વિચાર આવ્યો કે પોરુમદેવે હસતાં જે ટકોર કરી હતી તેમ કોઈ સમાજસારિકાનો સંગ સેવી લઉં પણ હજું શરમ મારો કેડો મૂકતી ન હતી.

એનું ક્યારેક ફરી વિચારીશું એમ મનને મનાવીને હું મારા આવાસ પર આવીને આડો પડ્યો.

અચાનક મને વિચાર આવ્યો કે આમ નવરા બેસી રહેવા કરતાં અહીં છું ત્યાં સુધીમાં સ્વર્ગલોકનાં બીજાં સ્થળો પર શા માટે ન જવું!

# ૭.
# સ્વર્ગલોકની સફરે

બીજે દિવસે સેવકે મને કહ્યું: ‘આજે આપને કોઈ સભામાં જવાનું નથી તો આપની ઈચ્છા હોય તો હું આપને સ્વર્ગલોકનું પરિભ્રમણ કરવા લઈ જઈ શકું છું.’

‘આપણે સવારનો નાસ્તો પતાવીને નીકળીએ. એમ કર મારે માટે કૉફી, ટોસ્ટ, એપલનો જામ, જ્યુસ અને નમક યુક્ત બટર મંગાવ.’

‘જેવી આપની આજ્ઞા.’ કહીને એ બહાર ગયો ને હું મારું પ્રાતઃકાર્ય પતાવવા માંડ્યો.

લગભગ કલાકેક પછી અમે સ્વર્ગની સફરે ઊપડ્યા. આજે સેવકે એક અલગ પ્રકારનું વાહન મંગાવ્યું હતું. અમારે અમારા નગરની બહાર દૂર જવાનું હતું એટલે એણે કદાચ વધારે ઝડપવાળું વાહન મંગાવ્યું હશે એમ મને લાગ્યું.

અમારી આજુબાજુનાં દૃષ્ય બહુ ઝડપથી પસાર થઈ રહ્યાં હતાં એટલે મને લાગ્યું કે અમે ઘણી ઝડપથી ગતિ કરી રહ્યા હતા. ઘણી વખત અમારી બન્ને બાજુએ આછા જામલી રંગના અર્ધ પારદર્શક પડદા જેવું આવતું હતું ને પસાર થઈ જતું હતું એ જોઈ મેં સેવકને પૂછ્યું: ‘આ પડદા જેવું શું હોય છે?’

‘એ આપણી બેય બાજુમાંથી આવતાં વાહનોને આપણા માર્ગમાં આવતાં રોકવા માટેનું રક્ષણાત્મક કવચ છે. એનાથી આપણા માર્ગમાં આવતાં વાહનો આપોઆપ જ રોકાઈ જાય છે.’

‘તારી આ વાત મને ન સમજાઈ. માર્ગમાં આવતાં વાહનો આપોઆપ કેવી રીતે રોકાઈ જાય?’

‘આ પટલમાં જ એવી રચના કરવામાં આવી હોય છે

કે મુખ્ય માર્ગ તરફ આવતાં વાહનોને પહેલાં થોડા અંતરે સામે અવરોધ આપી તેમને એ ધીમાં પાડી દે છે અને બીજાં સોએક કદમોના અંતર પછી તેમને રોકી દે છે. એ બધી ક્રિયા સ્વયંસંચાલિત છે.'

'આપણે કેટલી ઝડપથી જઈ રહ્યા છીએ એ જાણી શકાય ખરું?'

'આપણે હાલ એક ક્ષણના ચાલીસ જોજનની ઝડપે જઈ રહ્યા છીએ. તમારા પૃથ્વીલોકના માપ મુજબ ગણીએ તો આપણી ઝડપ કલાકની પાંચસો પંચાવન માઈલ જેટલી થાય.' તેણે કહ્યું.

'અમારે ત્યાં તો વિમાનોની જ આટલી ઝડપ હોય છે. અહીં આટલી ઝડપ હોવા છતાં આપણને સહેજ પણ ખબર પડતી નથી કેમ!'

'કારણ કે આપણું વાહન માર્ગ પર નહીં પણ માર્ગથી બે હાથ અધ્ધર ચાલી રહ્યું છે. અહીંના બધા ધોરી માર્ગ આ પ્રકારના જ વાહનવ્યવહાર માટે બનાવેલા હોય છે.'

અમે આમ વાત કરતા હતા ત્યાં સામે સમુદ્ર કિનારો દેખાવા માંડ્યો. અમારું વાહન થોભ્યું હોય એમ મને લાગ્યું. ત્યાં અનેક સમાજસારિક સ્ત્રી પુરુષો સ્નાન કરી રહ્યાં હતાં. સેવક કહે: 'તમારે સ્નાન કરવું હોય તો આ સ્થાન ઉત્તમ છે. આ સમાજસારિક સ્નાન વિસ્તાર છે.'

'મારો અહીં સ્નાન કરવાનો કોઈ વિચાર નથી કે મારી પાસે એને યોગ્ય વસ્ત્રો પણ નથી.' મેં કહ્યું.

'વસ્ત્રોની ચિંતા કરવાની જરૂર નથી. સામે જે નાનકડો પ્રાસાદ દેખાય છે તેમાંથી આપને જે જોઈએ તે મળી રહેશે.' સેવકે મને સ્નાન કરવા લલચાવતો હોય એમ કહ્યું.

હું એને કશો જવાબ આપું તે પહેલાં તો આસપાસથી પાંચ જેટલી સમાજસારિકાઓ દોડી આવી ને તેમણે મને ઘેરી લીધો. 'સ્વપ્નીલ, આવો અમારી સાથે સ્નાનની મઝા માણો.' કહેતાં તેમણે મને કિનારા તરફ ધકેલવા માંડ્યો. ને હું કાંઈ વિરોધ કરું તે પહેલાં તો તેમણે મને પહેરેલે કપડે જ સ્નાન કરાવી દીધું.

મને પહેલાં તો આ અજાણી સ્ત્રીઓ સાથે થોડો ક્ષોભ થયો પણ પછી મને મઝા પડવા માંડી. વળી આ સમાજસારિકાઓ તો જરાય ક્ષોભ વગર મારી સાથે વર્તી રહી હતી. એમણે મને સ્નાની સાથે મર્દન કરવા માંડ્યું હતું એમાં તો હું લગભગ આરોપાઈ જ ગયો. મેં પણ એમની સાથે સામાન્ય અટકચાળાં કરતાં એકને તે લગભગ બાથ જ ભરી લીધી. તો બીજી બધી તાળીઓ પાડી ઊઠી.

એકે કહ્યું: ‘અલી, માનકીયા, જોજે તને ક્યાંક સ્નાનમ્ પ્રાસાદમાં ન ઉપાડી જાય. કદીક મનેય એવી જકડીને પકડ ને સ્વપ્નીલ, હું ના નહીં પાડું.’

આવી મસ્તીમાં કલાકેક વીતી ગયો. પછી મેં કહ્યું: ‘તમે મને પહેરેલે કપડે જ સ્નાન કરાવી દીધું. હવે મારે બીજાં કપડાં જોઈશે.’

‘લે ચાલ, હું તને કોરો કરાવી દઉં.’ કહેતાં જેને મેં પહેલાં બાથમાં લીધી હતી એ સમાજસારિકાએ મને પેલા સ્નાનમ્ પ્રાસાદ તરફ દોર્યો.

‘સ્વપ્નીલને કોરો કરતાં પાછો ભીંજવી ન દેતી પાછી. ને સાચવજે, સ્વપ્નીલ, કોરો થઈને જ પાછો આવજે.’ એક જણીએ મીઠી ટકોર કરી.

એવીએ મને સ્નાનમ્ પ્રાસાદમાં લઈ ગઈ. ત્યાં એક બાથરૂમ જેવી નાનકડી ઓરડીમાં એ મારી સાથે દાખલ થઈ ને મને આલિંગનમાં લઈને એણે એક સ્વીચ જેવી લાગતી ચીજ પર હળવો ટકોરો માર્યો કે ચારે તરફથી માદક મહેંકભર્યો આલ્હાદક વાયુ વાવા લાગ્યો. તે સામાન્ય ગરમ હતો. વળી સામે આ સમાજસારિકાનું ઉષ્માભર્યું આલિંગન હતું.

હું વગર ટોવાલે જ કોરો થઈ ગયો. મારે કપડાં બદલવાની જરૂર જ ન પડી. તો સામે એણે મને ચૂંબનોથી ચંચલિત કરી દીધો.

‘તું કહેતો હો તો હું તારી સાથે રહેવા આવી જાઉં. મને તારી સંગત ગમશે. બોલ, શો વિચાર છે?’ મને એના આલિંગનમાંથી સહેજ મુક્ત કરતાં એણે પૂછ્યું.

‘હું ઘણે દૂર રહું છું. તને ત્યાં સુધી આવવું દૂર પડશે.’

મેં કહ્યું.

'તેની ચિંતા ન કરતો. ને મારે એક જ વખત દૂર આવવું પડશે ને! પછી તો હું તારી સાથે તું કહે તેટલો સમય રહીશ. તને બીજો કશો વાંધો હોય તો જુદી વાત છે.'

'વાંધો બીજો કશો નથી પણ મને પોરુમદેવ સામે શરમ લાગશે. જો કે તેમણે જ મને આવો સહચાર માણવાનું સૂચન કરેલું જ છે.' મેં કહ્યું. મને આ સુંદરી ગમી ગઈ હતી.

'તો વાત નક્કી. હું અત્યારે જ તારી સાથે આવવા તૈયાર છું.'

'પણ હું તો હજુ સાંજ સુધી સ્વર્ગલોકનાં વિવિધ સ્થળો જોવા જવાનો છું.'

'તેમાં શો વાંધો છે? હું પણ તારી સાથે બધે ફરીશ. તારી સાથેનો સેવક તો બધે તારી સાથે જઈ પણ નહીં શકે. હું તારી સાથે બધે આવીશ તો તને બધું બતાવીશ પણ ખરી.'

'હમણાં થોડી વાર પહેલાં બતાવ્યું હતું એવું જ!'

'એ તો સામાન્ય ઝલક હતી. તું જોજે તો ખરો હું તને તારા શયનખંડમાં આખું સ્વર્ગલોક બતાવી દઈશ.' તેણે આંખો નચાવતાં કહ્યું ને મને એની એ આંખોમાં જ સ્વર્ગનાં દર્શન થઈ ગયાં.

'પણ ઘેલી, હું તો હજુ તારું નામ પણ જાણતો નથી. આમ સાવ અજાણ્યામાં તો સાથે રહેવાનું કેમ નક્કી કરાય?'

'લે હું તને મારું નામ જણાવી દઉં. હું છું માનકીયા. હું એક દેવની સાથે દસ વરસ સુધી રહેલી છું. ને મારી ઉંમર પણ લગભગ તારા જેટલી જ છે. બાકી અહીં તું ચારે બાજુ જુએ છે તે બધી તો સો વરસથીય વધારે ઉંમરવાળી છે. બોલ રાજ્જા, મને સાથે લઈ જાય છે કે હું તને પછી કોઈ સો-બસો વરસની સમાજસારિકા સાથે ઓળખાણ કરાવું?'

'જો, મારું અહીં કાયમ રહેવાનું હજુ નક્કી થયું નથી. મહિનામાં દસેક દિવસ જ અહીં સ્વર્ગલોકમાં આવું છું. તને આ વાતમાં વાંધો ન હોય તો બાંધી લે તારાં કપડાંની પોટલી એટલે આપણે ઊપડીએ.' મેં કહ્યું ને એ સીધી જ અમારા

વાહનમાં ચઢી ગઈ.

થોડી વાર પછી મેં એને પૂછ્યું: 'તારાં કપડાંનું શું?'

'તારી સાથે તારા આવાસમાં રહેતાં મારે કપડાંની શી જરૂર છે. હા, બહાર જઈશું ત્યારે પહેરવા જેટલાં કપડાં તો આપણે નગરમાંથી લઈ લઈશું.' એણે કહ્યું ને પાછી આંખો નચાવી ને હું તેની આવી ખુલ્લી મજાકથી મનમાં શરમાતાં એને મારા નિવાસમાં સાવ કપડાં વગરની હરતી ફરતી જોવાનાં સ્વપ્નાંમાં સરી ગયો.

મેં સેવકને વાહન બીજા વિસ્તાર તરફ લેવા સૂચના આપી ને અમારું વાહન ઊપડ્યું. માનકીયા લગભગ મારા ખોળામાં જ બેઠી હતી ને તેને અળગી કરવાનું મને મન પણ ક્યાં થતું હતું?

એમ કરતાં અમે એક રમણીય ઉદ્યાન જેવા સ્થાન પર પહોંચ્યાં. ત્યાં અનેક દેવ-દેવીઓ આનંદ-પ્રમોદમાં વ્યસ્ત હતાં. અહીંનો માહોલ પણ પેલા સમાજસારિક સ્નાનવિસ્તાર જેવો જ હતો. કોઈ ઉદ્યાનમાં ટહેલતાં હતાં તો કોઈ વૃક્ષના છાંયામાં પ્રેમમસ્તીમાં લીન હતાં.

સેવક મને કાંઈ કહે તે પહેલાં માનકીયાએ કહ્યું: 'આ દેવ-દેવીઓ માટેનો ઉદ્યાન છે. અહીં અમે ક્યારેક કામ પ્રસંગે આવી શકીએ છીએ પણ સેવકોને અહીં આવવાની છૂટ નથી. ને કાલથી તારે સેવકને સાથે લઈને નીકળવાની જરૂર પણ નથી. હું તારી સાથે બધે આવીશ ને તને આખા સ્વર્ગલોકની સહેલ કરાવીશ.'

'આપણને સાથે જોઈને લોકો તરેહ તરેહની કલ્પનાઓ કરતાં તાકી રહેશે.'

'ના એમ નહીં થાય. બધાને ખબર પડી ગઈ છે કે હું તારી સાથે રહેવા આવી ગઈ છું. હું તારી સાથે આ રથમાં બેઠી તે જ ક્ષણથી આ વાતની આખા સ્વર્ગલોકમાં જાણ થઈ ગઈ છે.'

'આટલી ઝડપથી બધાને ખબર પડી ગઈ? મારે પોરુમદેવની સામે શરમાવું પડશે.' મેં ચિંતામાં પડી જતાં કહ્યું.

'તારે એમાં શરમાવું પડે એવું શું છે! એમણે તો તને

કોઈ સમાજસારિકાનો સંગ શોધી લેવાની વાત કરી હતી ને! ને તે તેં શોધી લીધો. જો કે ખરી રીતે તો એ તેં શોધ્યો એમ કહેવું બરાબર નથી. સંગ તો મેં શોધી લીધો છે. મેં તને જો ન શોધ્યો હોત તો તું તો એક છોકરી જેવો શરમાતો હતો એટલે બીજી કોઈ તો તારી સામું પણ ન જોવત.' એણે ટીખળ કરતાં કહ્યું.

'લે રહેવા દે. આલિંગનમાં પહેલી તો મેં જ તને લીધેલી ને!'

'ને પછી તું એક છોકરીની જેમ એવો શરમાઈ ગયેલો કે મારી સખીઓ તો હસીને બેવડ વળી ગયેલી. એટલે તો હું તને સ્નાનમ્ પ્રાસાદમાં કોરો કરવા લઈ ગયેલી.'

'ને કોરો કરવાને બદલે પ્રેમરસમાં તરબોળ કરીને મને ભીંજવીને પાછો લઈ આવેલી. આજે રાતે હું એનો બદલો કેમ લેવો એનો જ વિચાર કરતો હતો.'

'એમાં તો તું થાકી જઈશ, મારા પૃથ્વીપતિ.'

'એમાં તું મારી સાથે હોઈશ એટલે થાક ક્યાં વર્તાવાનો છે, મારી સ્વર્ગની રાણી!'

'એય બુધ્ધુ હું કાંઈ સ્વર્ગની રાણી નથી.'

'તો હુંય ક્યાં પૃથ્વીપતિ છું! મને થાય છે કે આજનું ભ્રમણ પડતું મૂકીને આપણે પાછાં વળી જઈએ.'

'જો અહીં આવી જ ગયાં છીએ તો આ ઉદ્યાનમાં આંટો મારતાં જઈએ. કાલે બીજા વિસ્તારમાં જઈશું.'

'ભલે, મારે તો આજે આપણા શયનખંડનો વિસ્તાર જ ખુંદવો છે.'

'તું બહારથી દેખાય છે એટલો શરમાળ કે ભોળો તો નથી જ એ તો હું તને પ્રથમ જોયો ત્યારથી જ જાણી ગઈ હતી પણ તું આટલો બેશરમ છું એની જાણ મને હમણાં જ થઈ. પણ તું મને જેવો છે તેવો જ ગમી ગયો એટલે તો હું કાચી ઘડીમાં તારી સાથે આવવા તૈયાર થઈ ગઈ ને!'

અમે રથમાંથી ઊતરીને કયી તરફ જવું એ વિચારતાં હતાં ત્યાં જ એક દેવનો અનુચર અમારી પાસે આવ્યો ને એણે

કહ્યું: 'મનાવંતદેવે આપને લઈ આવવા મને મોકલ્યો છે. આપ બન્ને કૃપા કરીને મારી સાથે આવશો!'

'દેવની આજ્ઞા છે તો અમે જરૂર આવીશું. ચાલો અમને એમની પાસે લઈ જાવ.' આ મનાવંતદેવ કોણ હશે એનો વિચાર કરતાં મેં કહ્યું ને અમે પેલા અનુચરની સાથે ચાલ્યાં. માનકીયા પણ આ દેવથી અજાણી લાગતી હતી નહીં તો એ કાંઈક જરૂર બોલી હોત.

થોડી જ વારમાં અમે મનાવંતદેવની પાસે પહોંચી ગયાં. આ મનાવંતદેવ બરફ જેવી શ્વેત દાઢીમાં શોભતા હતા ને એક ઋષિ જેવા પ્રભાવશાળી લાગતા હતા. એમણે અમને આવકારતાં કહ્યું: 'મને લાગ્યું કે એક નવું યુગલ મને એમના સંલગ્નની વધામણી દેવા આવી રહ્યું છે એટલે મને થયું કે મારે એમને સામેથી આમંત્રવાં જોઈએ. સ્વપ્નીલ, તું હવે સ્વર્ગનો સાચો નાગરિક થયો. તમારી દુનિયામાં તો એકલા કે કુંવારા માણસને કોઈ ઘર પણ ભાડે આપતું નથી બરાબર ને!'

'એ બધી આપની કૃપા છે. મને પોરુમદેવે આમ કરવાની અનુમતિ આપેલી પણ હું શરમમાં રહેલો. આજે આ માનકીયાએ મને એ શરમમાંથી બહાર કાઢ્યો.'

'તને એમાં શરમ કેમ લાગતી હતી એ જ મને સમજાતું નથી. જો કોઈએ મન મૂકીને પોતાનું કર્તવ્ય કરવું હોય તો એને માટે યોગ્ય પર્યાવરણ પણ હોવું જોઈએ. વળી આ માનકીયા તો યુવાન અને ઉત્સાહી છે. એ તને સંસારસુખની સાથે તારા કર્યવ્યમાં પણ મદદરૂપ થશે એવો મને વિશ્વાસ છે.'

'એ આપની કૃપા.' મેં નમ્ર ભાવે કહ્યું.

'આવ હું તને આપણા આ સ્વર્ગલોકના ઈતિહાસથી પરિચિત કરાવું. તારે માટે મેં સંક્ષેપમાં કેટલાક મુદ્દાઓનું ટાંચણ કરી રાખ્યું છે એ તને અહીંના ઈતિહાસ અને અમારા છબરડાથી પરિચિત કરાવશે.' કહેતાં તેમણે મને એમના અભ્યાસકક્ષ તરફ દોર્યો.

અભ્યાસખક્ષમાં અસંખ્ય પુસ્તકો, તથા આપણા કૉમ્પ્યુટરમાં હોય છે એવાં સંગ્રહ ગેઝેટ્સ વ્યવસ્થિત ગોઠવાયેલાં હતાં,

'તો અહીં સ્વર્ગલોકમાં પણ છબરડા થાય છે! હું આ નવું જ જાણું છું.'

'હા અહીંય છબરડા થાય છે. ને અમારા છબરડા કાંઈ નાના પાયા પર થતા નથી. એનાથી ઘણી વખત તમારી પૃથ્વી જેવા કોઈ ગ્રહની તારાજી પણ થઈ જાય છે.'

'મને આપની આ વાત ન સમજાઈ. બીજા ગ્રહની એટલે કે પૃથ્વીની તારાજી!' ગુંચવાતાં મેં પૂછ્યું.

'ના તારા જેવા બીજા ચાર ગ્રહોનું સંચાલન અમે કરીએ છીએ. તું આ માહિતીસંગ્રહમાં જોઈશ એટલે તને એ વિષે ઘણું જાણવા મળશે. ને તારે વધારે જાણવાની જિજ્ઞાસા થાય તો અહીં આવી જવું.'

'મને એ ગમશે. મને તો હજુ એ પણ નથી સમજાતું કે આપ અમારી પૃથ્વીનું સંચાલન કેવી રીતે કરો છો!'

'જો હું તને એમાંની એક મુખ્ય વાત સમજાવું. તમે હિંદુઓ માનો છો કે બાળક જન્મે પછી છઠ્ઠા દિવસે વિધાત્રી આવીને બાળકના ભવિષ્યના લેખ લખી જાય છે. એ વિધાત્રી એટલે અમે. અમારે ત્યાં એને માટે એક અલગ કેન્દ્ર છે. ત્યાંથી દરેક નવજાત બાળકમાં પ્રત્યક્ષ થયા સિવાય જીન્સનું આરોપણ કરવામાં આવે છે. આ જીન્સ અમે અમારી ઈચ્છા અને જરૂરીઆત મુજબનું તૈયાર કરતા હોઈએ છીએ અને જરૂર પડે તો પછી અમે એમાં ફેરફાર પણ કરતા હોઈએ છીએ.'

# ૮.
# સ્વર્ગલોકના છબરડા

મને મંનાવંતદેવની છબરડાની વાતમાં ખાસ રસ પડ્યો. મારા આવાસ પર પહોંચ્યા પછી તરત જ હું એમની સંગ્રહસંચય જોવા બેસી ગયો. મનમાં અકળાતી માનકીયા આમતેમ આંટા મારીને થાકી એટલે મારી પાસે આવીને કહેવા લાગી: ‘આજે તારે જે જમવાની ઈચ્છા હોય એ સેવકને જણાવી દે હું મારે જે ખાવું છે એ એને જણાવી દઉં છું. પછી તો મને તારી ખાવાની ટેવોની ખબર પડી જશે એટલે હું જ એને જણાવી દઈશ.’

‘મારે માટે તું એને હાંડવો, મરચાંનું અથાણું ને કડક ચા મંગાવી દેવાનું કહેજે.’ મેં કહ્યું.

‘શું કહ્યું તેં, હાંડવો અને બીજું શું?’ તેને માટે આ બધી ચીજો અજાણી હતી એટલે તે ગૂંચવાઈ રહી.

‘તું સેવકને બોલાવ એટલે હું તેને જ જણાવી દઉં. તારે માટે આ બધું અજાણ્યું છે એટલે તું કદાચ કોઈ ભળતી જ ચીજ મંગાવીશ ને મારે ના છૂટકે તેનાથી ચલાવી લેવું પડશે.’

મેં સેવકને મારા જમવાની યાદી જણાવી તો માનકીયા કહે: ‘મારે માટે પણ એ જ મંગાવજે.’

સેવકના ગયા પછી માનકીયા કહે: ‘તારે આ બધું આજે જ જાણી લેવું જરૂરી છે! આજે તો આપણે મધુરજની ઉજવવાનું નક્કી કર્યું હતું.’

‘એક વખત ખાઈ તો લેવા દે. મનેય તારા જેટલી જ એની ઉતાવળ છે.‘ મેં એની સામે આંખો નચાવી.

‘મને એમ કે તું એ ભૂલી ગયો હોઈશ એટલે મનાવંતદેવના સંગ્રહસંચયની પાછળ પડ્યો હોઈશ.’

ત્યાં જમવાનું આવી ગયું. પહેલાં તો એ હાંડવાનાં ચકતાં સામે તાકી જ રહી. એણે મને પૂછ્યું: ‘આને તું હાંડવો

કહે છે?'

'તને એ નામ બરાબર ન લાગતું હોય તો તું એને બીજા નામે પણ યાદ રાખી શકે છે. મૂળ વાત તો છે એના સ્વાદની. એ તને ભાવે છે કે નહીં એ અગત્યનું છે.'

'આ હાંડવો તારી ચામાં બોળીને ખાવાનો છે કે તેના પર ચા રેડીને ઓગાળીને ખાવાનો છે? તું તારી રીતે એને ખાવાનું શરૂ કર એટલે હું તારી રીતે ખાવા માંડીશ.'

'મને ખાતરી છે કે તને એ ચોક્કસ ભાવશે. જો એને આમ ભાગીને ખાઈ શકાય કે પછી સીધું જ ચકતું ઉઠાવીને દાંતથી બચકું ભરીને પણ ખાઈ શકાય.' કહેતાં મેં ચકતું ઉપાડી એક ખૂણા પર ભચકું ભરીને એને ખાઈ બતાવ્યું.

મારી જેમ એણે પણ એક ચકતું લઈ બચકું ભર્યું. એણે કહ્યું: 'બહુ સારો સ્વાદ છે. આવી કેટલી વાનગીઓ તારી દુનિયાની તને યાદ છે? મને રોજ એવી જુદીજુદી વાનગી ચાખવાની મઝા પડશે. બદલામાં ક્યારેક હું તને અહીંની ખાસ વાનગીઓ પણ ચખાડતી રહીશ. મને ખાતરી છે કે તને એ ગમશે.'

પણ ચાનો ઘૂંટડો મારતાં એના મોં પરના ભાવ જોતાં મને લાગ્યું કે એને ચાનો સ્વાદ પસંદ પડ્યો લાગતો ન હતો. મેં પૂછ્યું: 'તને ચા ન ભાવી?'

'એનો સ્વાદ અમારા કોઈ પણ ફળના રસ કરતાં જુદો છે. કયા ફળનો એ રસ છે.'

'એ કોઈ ફળનો રસ નથી પણ એક વનસ્પતિનાં પાનને પાણીમાં ઉકાળીને એ બનાવવામાં આવે છે. એનાથી આપણને સ્ફૂર્તિ મળે છે ને સાંજના આમ મોડેથી લેવાથી ઊંઘ પણ આવતી અટકે છે.'

'મને હવે ખબર પડી કે તેં કેમ આજે સાંજના ખાવામાં ચા મંગાવી છે. તારો આજે ઊંઘવાનો વિચાર લાગતો નથી. બહુ પાક્કો છું તું.' કહેતાં એણે એકી શ્વાસે ચા ગટગટાવી લીધી.

'તારી વાત સાચી છે હું આજે ઊંઘવા માગતો નથી ને તને પણ ઊંઘવા દેવાનો નથી. ચાલ, સેવકને આ બધું સાફ

કરવાનું સોંપી દે. પછી આપણા શયનખંડનું બારણું બંધ કરી દઈએ.'

'હું પણ એવું જ વિચારતી હતી.' એણે કહ્યું ને પેલો સેવક ઊભો હતો તેની પરવા કર્યા સિવાય એણે મને એના બાહુપાશમાં જકડી લીધો.

મેં એને કાનમાં કહ્યું: 'આ સેવક ઊભો છે એની તો શરમ રાખ. તારા આવા ચાળા જોઈ એ મનમાં શુંય વિચાર તો હશે.'

'એ તો યંત્રસેવક છે એનામાં એના કામ સિવાય બીજું વિચારવાની શક્તિ જ નથી. આપણે ઉઘાડે બારણે પ્રેમ કરીએ ને એ સામે ઊભો હોય તોય એ તો આપણે એને કોઈ આદેશ આપીએ એની જ રાહ જોતો હોય.' માનકીયાએ કાનમાં કહેવાને બદલે મને સામાન્ય અવાજમાં જ કહ્યું તોય મારી શરમ ઓછી ન થઈ.

મેં સેવકને બહાર ઊભા રહેવાનું કહ્યું. એ બહાર ગયો એટલે મેં મારા શયનખંડનું બારણું બંધ કર્યું ને માનકીયાને લઈને પથારીમાં ઝંપલાવ્યું.

એ રાત અમે જેમ મનમાં કલ્પી હતી એના કરતાંય વધુ ઉત્તેજનામાં વીતી. અમે છેક પાછલી રાતે માંડ બેએક કલાક ઊંઘ્યાં હોઈશું.

◇

બીજે દિવસે સવારે માંડ પરવારીને અમે માનકીયા માટે કપડાં લેવા અમારા નજીકના વિતરણ કેન્દ્રમાં ગયાં. એને માટેનાં કપડાંય એણે મારી પસંદગી મુજબનાં લીધાં. એનું આવું વલણ જોઈ હું મનમાં પ્રસન્ન થઈ રહ્યો.

અમારા આવાસ પર આવી મેં પેલું સંગ્રહસંચય પેલી દાબડીમાં મૂક્યું ને અમારા સ્વર્ગીય ટીવી પર એને જોવા લાગ્યો. મેં માનકીયાને બે ઘડી સુધી મને ખલેલ ન પહોંચાડવા જણાવી દીધું. તો એ મારી સાથે મનાવંતદેવનું સંગ્રહસંચય જોવા આવીને બેસી ગઈ.

આ સંગ્રહસંચય જાણે મારે માટે જ તૈયાર કરાયું હોય એવું હતું. એમાં મનાવંતદેવ પડદા પર હતા ને અવાજ પણ

એમનો જ હતો.

એ કહેતા હતા: ‘સ્વપ્નીલ હું તને અમારી ભૂલો કે છબરડાઓ વિષે વિગતે જણાવવા માગું છું. અમે આજથી લગભગ બે હજાર વરસ પહેલાં એક તુક્કો લડાવેલો. અમને થયું કે આ યંત્રસેવકો છે તેમાંથી તેમને અર્ધ માનવ બનાવીને તેમને પ્રજનન કરી શકે તેવા બનાવીએ તો તે વધારે સારા ઉપયોગમાં આવી શકે ને તેમને બનાવવાનું જે કાર્યાલય નિભાવવું પડે છે એની પરોજણ પણ ઓછી થઈ જાય.

‘એટલે અમે પસંદ કરીને પચાસ સ્ત્રી પુરુષ સેવકોનામાં અર્ધ માનવ શક્તિનું આરોપણ કરેલું. પણ પાંચ સો વરસમાં તો તેમણે પ્રજનન મારફતે પોતાની વસ્તી પાંચ હજાર જેટલી કરી દીધી. એટલું જ નહીં પણ એમને વધારે હક મળવા જોઈએ અને સ્વર્ગલોકની વ્યવસ્થામાં એમને યોગ્ય સ્થાન આપવું જોઈએ, એવી રજૂઆતો પણ કરવા માંડી.

‘એમની આ માગણીઓ એટલી બધી જોરદાર થવા લાગી કે અમને થયું કે આ તો બકરું કાઢતાં ઉંટ પેઠા જેવો ઘાટ થયો છે એટલે અમે એ બધાને બે મોટાં અવકાશયાનોમાં પર્યટનના નામે બેસાડીને એક દૂરના ગ્રહ પર મૂકી આવ્યા.

‘અમને હતું કે ત્યાંના વિપરિત હવામાનમાં એમાના કેટલાક માર્યા જશે તો કેટલાકની પ્રજનન શક્તિ ઘટી જશે ને પરિણામે તેમનો ક્રમશ: નાશ થઈ જશે. પણ ત્યાં પણ અમારી ગણતરી ખોટી પડી.

‘એ લોકો ત્યાંના હવામાનમાં ટેવાઈ ગયા ને એમની વસ્તી વધતી જ રહી. હાલ એમની વસ્તી ત્યાં બસો લાખ એટલે કે બે કરોડ જેટલી થઈ ગઈ છે. જો કે એ લોકોએ વિજ્ઞાનમાં એટલી પ્રગતિ નથી કરી કે એ કોઈક બીજા ગ્રહને કદાચ નુકશાન કરવા જેટલા શક્તિમાન થઈ જાય.

‘અમે એમની દરેક પ્રવૃત્તિની દેખરેખ રાખવા માટેનું એક કાયમી વ્યવસ્થાપન પણ કરેલું છે. એ ધ્યાન રાખે છે કે આ લોકો અમુક હદથી આગળ ન વધી જાય. જો એમ થશે તો અમારે એ સંસ્કૃતિને નિર્મૂળ કરી દેવી પડશે.’

‘એમનામાં જે જીવાશક્તિનું નિરુપણ કરવામાં આવેલું તેમાં જ અમે ક્યાંક અમે થાપ ખાઈ ગયા હોઈશું. એને કારણે

એ લોકો પ્રગતિમાં આટલા ઝડપથી આગળ વધી ગયા. જો કે આવું ચોક્કસ કયા કારણથી થયું તેનો વિગતવાર અભ્યાસ પણ અમે કરી રહ્યા છીએ. એનાથી ભવિષ્યમાં ફરી આવી સ્થિતિનું નિર્માણ ન થાય એ માટે અમને પુરતું માર્ગદર્શન મળી શકે.

'અમારો બીજો છબરડો હતો તમારો હીટલર. એનામાં અમે મહત્વકાંક્ષા ને નેતાગીરીનાં જીન્સનું આરોપણ કરેલું. આમ કરવા પાછળ અમારી ગણતરી એવી હતી કે એનાથી સત્તાનું સમતુલન જળવાશે. પણ એ તો અમારી ધારણા કરતાં ક્યાંય વધુ મહત્વાકાંક્ષી બની ગયો. એણે યહુદીઓ પર જે જુલ્મ આચર્યા તેથી તો અમારે શરમાઈ મરવાનું થયું.

'છેવટે અમારે અહીંથી એક કાબેલ અપ્સરાને એની પાસે મોંકલવી પડી ને એનું ધ્યાન એની પેલી મહત્વાકાંક્ષાથી વિચલિત કરવું પડ્યું તો બીજી તરફ એને રશિયન હીમનો અનુભવ પણ કરાવવો પડ્યો. ગમેતેમ તોય છેવટે અમે એને કાબૂમાં તો લઈ જ લીધો ને કમોતે માર્યો પણ ખરો.

'અમારો ત્રીજો છબરડો હતો હિંદીમહાસાગરમાંની સુનામીનો. એમાં અમે અમેરિકાને પાઠ ભણાવવા માગતા હતા પણ એના સ્થાનમાં થોડી ભૂલ થઈ ગઈ અને લાખો નિર્દોષ લોકોનો એમાં ભોગ લેવાઈ ગયો.'

'હું માનું છું કે આ છબરડાઓમાંથી આપને પણ ઘણું નવું શિખવાનું મળ્યું હશે.' મેં મનમાં કહ્યું.

ને મારું કહેવું તેમના કાન પર પડી ગયું હોય તે તેમણે મને જવાબ આપતા હોય એમ આગળ કહેવા માંડ્યું: 'અમને તો ફક્ત શિખવાનું જ મળ્યું છે પણ અમે જેમને કાંઈક શિખવવા માગતા હતા તેમને પણ ઘણું વધારે શિખવાનું મળ્યું હશે.

'તમે હિંદુસ્તાનના લોકો લોહીથી દૂર ભાગો છો જ્યારે ઈસ્લામિક અને ખ્રિસ્તી લોકોનો તો લડ નહીં તો લડનારો દે એ જ ગુરુમંત્ર છે. એમને અંદરો અંદર લડતા રાખવા પણ અમારે તમારી દુનિયામાં કાયમ માથું મારવું પડે છે. નહીં તો એ લોકો બીજા નિરુપદ્રવી લોકોને શાંતિથી જીવવા પણ ન દેતા હોત. તેમનામાં સત્તાભૂખ અને લાલચ એટલાં બધાં છે કે

તેમને નાથવા અમારે તેમને સામસામે લડતા જ રાખવા પડે છે.'

'હવે મને સમજાય છે કે જેને અમે આવાં યુધ્ધો અમારી દુનિયાની ભૂલો સમજતા હતા તે તો આપની કાર્યશૈલીનાં જ પરિપાક હોય છે.' મેં વિચાર્યું.

'હવે પછીનો આગળનો ભાગ તારે વાંચીને સમજવા જેવો છે. એ વાંચતાં તને અમારા કેટલાક વધારે છબરડા ને કેટલાક સફળ નિર્ણયોની જાણ થશે ને તને ખાતરી થશે કે અમે જો તમારી દુનિયામાં હસ્તક્ષેપ ન કરતા હોત તો તમારું સંસ્કરણ પાંચ-સાત હજાર વરસ પહેલાં જ કરવાની અમને ફરજ પડી હોત.'

એમણે મારી વધુ જાણવાની જિજ્ઞાષાને મારા પર છોડીને એમનું વક્તવ્ય પૂરું કર્યું.

◇

માનકીયા મારી સોડમાં લપાતાં બોલી: 'તારે હવે આ જૂના પોપડા જ ઊખેડવા છે કે સ્વર્ગલોકના બીજા વિસ્તારો જોવા જવું છે! કાલે તો તારે પુન:સંસ્કરણની સભામાં જવાનું છે.'

'સ્વર્ગની સફર તો હવે તારી જ નિશ્રામાં કરવાની છે એટલે મારી રાણી તું જ હવે નક્કી કરીને કહે કે તું મને આજે કયા નવા નગરને વિશે લઈ જવા માગે છે!'

'આજે હું તને માણસો સાથે વાતો કરતાં પશુપક્ષીઓના જેવાં વનચળોની દુનિયામાં લઈ જવા માગું છું. એ અમારા સ્વર્ગલોકનું અભયારણ્ય છે એમ જ માન. અમે તેને નિર્ભયારણ્ય કહીએ છીએ.'

પછી અમે મારી પસંદગીની દાળ-ઢોકરી અને માનકીયાની પસંદગીનો ફળોનો જામ તથા અંજીર જેવા કોઈ ફળનું અથાણું વગેરે ખાઈને અમારી આ નિર્ભયારણ્યની જાત્રાએ ઊપડ્યાં.

માનકીયા આજે બહુ ખુશ હતી કારણ કે આજે પેલા સેવકની ગેરહાજરી હતી ને આજના પ્રવાસનું સુકાન એના હાથમાં હતું. એ રોજની જેમ મારા પડખામાં બેઠી હતી. એના

એક હાથથી એ મને એવી રીતે પકડી રહી હતી કે જાણે હું ક્યાંક ભાગી જવાનો ન હોઉં!

એમ કરતાં અમે અમારા લક્ષ્ય પર પહોંચ્યાં. રસ્તાની એક તરફ આ અભયારણ્ય હતું તો સામેની બાજુ પર કેટલાંક મકાનો હતાં. માનકીયા મને પહેલાં તો એમાંના એક મકાનમાં લઈ ગઈ. મને લાગ્યું કે એ કોઈ કર્યાલય હતું. કાર્યાલયના મુખ્ય માણસે અમને આવકારતાં કહ્યું: 'નિર્ભયારણ્યમાં આપનું સ્વાગત છે. હું છું દેવપ્રસાદ. હું માત્ર નામથી જ દેવ છું પણ છું એક  સમાજસારિક માત્ર. કહો શી સેવા કરી શકું આપની?'

'હું તમારા સ્વર્ગલોકથી ખાસ પરિચિત નથી એટલે કેટલાક દિવસોથી સ્વર્ગલોકના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને એનાથી પરિચિત થવા પ્રયત્ન કરી રહ્યો છું. આજે તમારા આ નિર્ભયારણ્યની મુલાકાતે આવ્યો છું. અમારા પૃથ્વીલોકમાં પંચતંત્રની વાતોમાં મેં બોલતાં પશુ-પક્ષીઓની વાતો વાંચી છે. આજે હું એવાં પશુ-પક્ષીઓને જોવા રૂબરૂ આવ્યો છું.'

'સ્વપ્નીલ, તને એ ખબર છે કે પંચતંત્રમાંની બધી સત્ય વાતો જ છે ને તેનું મૂળ અહીં જ છે! વાત એમ બનેલી કે અમારા કેટલાક દેવોને કોઈ કોઈ કામ પ્રસંગે મૃત્યુલોકમાં જવાનું થતું હતું તેમાં અમારા એક દેવશ્રીને વારંવાર ત્યાં જતાં ત્યાંની એક કન્યા સાથે પ્રેમ થઈ ગયેલો.

'તેમણે અગાઉથી નિર્માણદેવની મંજૂરી લીધા પહેલાં તેની સાથે મૃત્યુલોકમાં જ લગ્ન કરી લીધેલાં એટલે નિર્માણદેવે એમનું દેવત્વ નિર્મૂળ કરી એમને સ્વર્ગલોકમાંથી બહાર કરી દીધેલા ને તેમને મૃત્યુલોકમાં જ રહી જવું પડેલું. તેમણે આ સ્વર્ગલોકની કેટલીક વાતો ત્યાં કરેલી. તેમાં તમારી આ પંચતંત્રની વાતો પણ હતી.'

'મને તો એમ જ હતું કે આ પંચતંત્રની વાતોની તો ફક્ત બાળકોના મનોરંજન અને ઉપદેશ માટે જ કોઈ ઋષિએ રચના કરી હશે.'

'અલબત્ત એની પાછળનો તેમનો ઉદ્દેશ તો એ જ હતો પણ એ વાતો કપોળકલ્પિત ન હતી. તેની પાછળ એમના સ્વર્ગલોકના અનુભવોનું ભાથું હતું. કાળક્રમે એમનું અવસાન

થયું ને બધા આ પંચતંત્રને કલ્પિત વાતો માનવા માંડ્યા.'

'માફ કરજો પણ મને આ વાચાળ પશુ-પક્ષીઓને બોલતાં સાંભળવાનું બહુ મન છે એટલે પહેલાં તો તમે અમને એ તરફ લઈ જાવ. તે દરમિયાન આપણી વાતો તો ચાલતી જ રહેશે. મારે એ જોવું છે ને સાથે સાથે તમારી પાસેથી એ વિષે વધારે જાણવું પણ છે.' મેં કહ્યું.

'તો ચાલો આપણે પહેલાં એ તરફ જઈએ.' કહેતાં તે અમને સામેના નિર્ભયારણ્ય તરફ લઈ ગયા. એ સીધા જ એક સિંહ પાસે ગયા ને એમણે એને કહ્યું: 'કેમ આજે તમે આમ નિષ્ક્રિય બેઠા છો?'

'હાલ તો મને ન તૃષા છે કે ન તો ભૂખ એટલે આમ બેઠો છું.'

'તમને ખોટું ન લાગે તો અમારે ત્યાં એક બહુ પ્રચલિત રમૂજ છે તે તમને કહું.'

'રમૂજમાં વળી ખોટું લાગવાની વાત જ ક્યાં આવી? તમારે જે કહેવું હોય તે કહો.' સિંહે કહ્યું.

'એક જંગલનો રાજા સિંહ ઘરડો થઈ ગયો હતો. એનામાં શિકાર કરવા જેટલીય શક્તિ બચી ન હતી એ જોઈને એક વાંદરાને સિંહની મજાક કરવાનું મન થયું ને તેણે સિંહની પાસે જઈ તેને એક લપડાક લગાવી દીધી ને એક ઝાડ પર ચડી ગયો. સિંહને થયું કે હું એની આ લપડાકનો બદલો નહીં લઉં તો કાલે જંગલમાં મારી આબરૂ શી રહેશે! એટલે તે ઝાડની નીચે જ આંટા મારવા લાગ્યો.

'હવે જે ઝાડ પર આ વાંદરો ચડી ગયો હતો એ કોઈ ફળાઉ ઝાડ ન હતું. થોડી વાર પછી વાંદરાને ભૂખ લાગી એટલે એ ઝાડ પરથી ગૂપચૂપ ઊતરીને ભાગ્યો. સિંહે તેને ભાગતો જોયો ને તેની પાછળ પડ્યો. નજીકમાં કોઈ મોટું ઝાડ હતું નહીં એટલે આ વાંદરો ગભરાઈને કોઈ પ્રવાસીએ ફેંકી દીધેલું એક છાપું લઈને એમાં મોં સંતાડીને વાંચવાનો ઢોંગ કરી રહ્યો. સિંહે તેની નજીક આવીને પૂછ્યું: 'તેં અહીંથી કોઈ વાંદરાને ભાગતાં જોયો?'

વાંદરો કહે: 'કયો પેલો સિંહને લપડાક મારીને ભાગતો

હતો તે?'

સિંહ હતાશાથી કહે: 'એટલી વારમાં છાપામાં પણ આવી ગયું!'

અભયારણ્યનો સિંહ કહે: 'હુંય તારા એ સિંહ જેવો જ ઘરડો થયેલો છું પણ કોઈ વાંદરો મારી નજીક ફરકે તો એ જીવતો જ ન બચે પછી લપડાક મારવાની તો વાત જ શી!' સિંહે વટભેર કહ્યું.

'તે અહીં પણ તમે શિકાર કરીને જ ભોજન મેળવો છે?'

'તો તને એમ લાગે છે કે અમારું ખાવાનું તમારો યંત્રસેવક આપી જાય છે? અમારામાં ને તમારા મૃત્યુલોકમાં જાનવરોમાં બે જ વસ્તું ભિન્ન છે. અમે બોલી શકીએ છીએ ને દેવો તથા સમાજસારિકની ભાષા સમજી શકીએ છીએ ને દેવો કે સમજસારિકો અમારો શિકાર કરતા નથી કે અમે એમનો શિકાર કરતા નથી.'

પછી અમે નિર્ભયારણ્યમાં કલાકેક ઘૂમ્યાં. મને જુદાં જુદાં પશુઓ અને પક્ષીઓ સાથે વાતો કરવાનાં ઘણી મઝા પડી.

# ૯.
# મારી જેલયાત્રા

અહીં પૃથ્વી પર મારા પ્રચારને કારણે ઘણું વિચિત્ર રાજકારણ ખેલાઈ રહ્યું હતું. મારા વિચારોથી પ્રભાવિત થયેલા હજારો યુવાનો મારા નામનાં વિવિધ મંડળો ને ક્લબો ઊભાં કરીને મારા વિચારોનો એમની રીતે પ્રચાર કરી રહ્યા હતા તો કેટલાક સંપ્રદાયઘેલા લોકો મને તરકટી ને સસ્તી પ્રસિધ્ધિની પાછળ પડેલા લાલચું માણસ તરીકે પણ ઓળખાવવા પ્રયત્ન કરી રહ્યા હતા.

હું દરેક વખતે સ્વર્ગયાત્રા કરીને પૃથ્વી પર પાછો આવું ત્યારે મારી સામે કોઈ નવું તૂત ઊભું થયેલું જ હોતું. આ વખતે કેટલાક સંપ્રદાયના લોકોએ મને સત્ય સાબિત કરી બતાવવાની ચેલેન્જ ફેંકી હતી. જો મને સ્વપ્નમાં આવા દૈવી સંકેત મળતા હોય તો એ વાત ધર્મના વડાઓ સમક્ષ મારે પૂરવાર કરી બતાવવી અથવા મારે જાહેરમાં સૌની માફી માગવી એવી તેમની માગણી હતી.

મેં તેમની સામે એટલું જ કહ્યું: ‘આવતા રવિવારે જે થવાનું છે તેનો સંકેત હું શનિવારના સમાચારપત્રમાં આપવાનો છું. જેને મારી વાત સત્ય ન લાગતી હોય એ સૌ ધર્મના વડાઓને મારી વિનંતિ છે કે મારી આગાહીને અગાઉથી ખોટી સાબિત કરી બતાવે અથવા જાહેરમાં મારી માફી માગે. આમ કામ વગરના આક્ષેપો કરીને અને મને નીચો દેખાડીને એ મોટા સાબીત થઈ શકવાના નથી.’

એમણે મને આનો જવાબ આપવાને બદલે હું બહુ અભિમાની બની ગયો છું ને કાળા જાદુથી લાખો લોકોનો સંહાર કરી રહ્યો છું એવું આળ મારા પર નાખવા પ્રયત્ન કર્યો. તો સામે પક્ષે મારા વિચારોમાં સંમત થયેલા લોકોએ મારી આગાહીની સામે એ ધર્મના વડાઓને પોતાની સત્ય આગાહી કરવાની ચેલેન્જ આપી.

ગમે તેમ પણ મારી આ પત્રિકાઓથી ભૂલોકમાં ગરમી તો આવી જ ગઈ હતી. મારા પક્ષના ને મારી વિરુધ્ધના એવા બે ભાગ અહીં ઊભરી આવ્યા હતા. હજુ મહાસંસ્કરણને તો લગભગ બે વરસની વાર હતી ને મારાથી એની ચોક્કસ તારીખ જાહેર કરી શકાય એમ ન હતી એટલે મારે તો આ તમાસા જોઈ રહેવા સિવાય બીજો કોઈ આરો ન હતો.

ત્યાં એક ધર્મના વડા તરફથી મારે માટે એક સંદેશો વહેતો થયો કે જો તેને (મને) જ આવા દૈવી સંકેત મળતા હોય તો એનામાં એવી કોઈ દૈવિક શક્તિ હોવી જ જોઈએ. જો એમ હોય તો એ શહેરના ચોકમાં ઊભા રહીને એ શક્તિનો ચમત્કાર બતાવે અથવા માફી માગે.

મારે બદલે મારા સાથીઓએ જ એમને જવાબ આપી દીધો: ‘સ્વપ્નીલે ક્યારેય એવું કહ્યું નથી કે એની પાસે કોઈ દૈવી શક્તિ છે. એણે તો પહેલેથી જ જણાવેલું છે કે તેને સ્વપ્નમાં જે સંકેત મળે છે તેને જ તે સમાચારપત્રમાં રજૂ કરે છે. જેને એમાં વિશ્વાસ ન હોય એને તે માનવા હોય તો માને ને ન માનવા હોય તે ન માને. આમાં કોઈએ હોબાળો કરવાની શી જરૂર છે?’

આવા આક્ષેપો ને એની સામેના મારા ખુલાસાઓના હોબાળા વચ્ચે એક ધર્મના વડાએ ફતવો વહેતો કર્યો કે હું કોઈ પરદેશી આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલો છું અને એમનાં સૂચન પ્રમાણે આવી આગાહીઓ પેપરમાં છપાવું છું ને એની પાછળ રહેલા આતંકવાદીઓ આવી ખૂનામરકી ફેલાવે છે. જો એને વહેલી તકે રોકવામાં નહીં આવે તો માનવજાત પર ક્યારેક મહાન સંકટ આવી પડશે.

દેશના સત્તાવાળાઓએ મારી પાસે આનો જવાબ માગ્યો. મેં એમને જણાવ્યું કે જો એમ હોય તો એ મને બતાવે કે હું કયા આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલો છું. એમનો આ દાવો અફવા કરતાં જરાય વધારે મહત્ત્વ ધરાવતો નથી.

પણ સત્તાવાળાઓ પર પેલા લોકોનું દબાણ એટલું બધું હશે કે એમણે મારી વાત સાંભળ્યા વગર મને કસ્ટડીમાં લઈ લીધો. મારા તંત્રીએ વકીલ રોકીને મારે માટે જામીન માગ્યા પણ કોઈ ને કોઈ બહાનું કાઢીને સત્તાવાળાઓએ મને

જેલમાંથી છોડવાનું લંબાવ્યા કર્યું.

મેં જેલમાં રહીને મારી પછીની પત્રિકા તંત્રીને મોકલી આપી ને તે છપાઈ પણ ખરી. એમાં આગાહી હતી. બે દિવસ પછી પેસિફિક મહાસાગરમાં એક મોટી ઉલ્કા ખાબકી હતી ને એને કારણે એક મોટી સુનામી આવી હતી પણ એ ઉલ્કાપાતનું કેન્દ્ર વસ્તીથી ઘણું દૂર હતું એટલે ખાસ કોઈ જાનહાની થઈ ન હતી. હા, એક વહાણ અને એક ઓઈલવાહક જહાજ ડૂબી ગયાં હતાં.

મારા તંત્રીએ એમના તંત્રીલેખમાં પેલા ચુગલીખોર સંપ્રદાયવાદીઓને સણસણતો જવાબ આપી દીધો. એમણે લખ્યું હતું કે કયા દેશના આતંકવાદીઓ પાસે નિયત સ્થળે ઉલ્કાપાત કરવાવાની શક્તિ છે એ હવે આ માણસોએ બતાવવાનું છે.

ખરી રીતે તો તેમણે મારા પત્રકારની જાહેરમાં માફી માગવાની વેળા આવી છે. જો એ લોકો સમજુ હોય તો એમણે સામે આવીને જાહેરમાં કબુલ કરવું જોઈએ કે જુઠાણાં ને અફવા મારો પત્રકાર નહીં પણ તેઓ ફેલાવે છે.

મારો કેસ કહેવા પૂરતો ચાલ્યો. મારી સામે એવા કોઈ પુરાવા ન હતા કે મને નાનીશીય સજા ફરમાવી શકાય એટલે કૉર્ટે મને નિર્દોષ ઠરાવીને છોડી મૂક્યો એટલું જ નહીં પણ મારી વગર પુરાવાએ ધરપકડ કરવા બદલ પોલીસને તતડાવ્યા પણ ખરા.

જમાનાને ખાઈ બદેલા એક દેશનેતા એક દિવસ મને મળવા મારે ત્યાં આવ્યા. એ અમારા રાજકીય પક્ષના હતા. મને થયું કે કોઈક અગત્યનું કામ હશે. એમણે સામાન્ય વાતો કરીને છેવટે કહ્યું: 'મને ખાતરી છે કે તું જે સંકેતની વાતો કરે છે તેના કરતાં ઘણી વધારે માહિતી તારી પાસે જરૂર હશે.'

'કાઈ મારી વાત માનતું કેમ નથી? જો મને તમે કહો છો એવી વધારે માહિતી હોય તો હું એને છુપાવીને માણસોને મરવા દઉં ખરો!'

'જો આપણે એક જ પક્ષના છીએ એટલે કોઈને નહીં તો મને એનો સહેજ અણસાર આપ એટલે આવનાર આફતના સમયે એનાથી બચવાની તૈયારી કરવાની સમજણ પડે.

આપણા અંગત સંબંધોને ધ્યાનમાં રાખીને તું આટલુંય ન કરી શકે! વળી હું તને એ મફતમાં જણાવવાનું નથી કહેતો. તારે જોઈએ તો હું તેના બદલામાં તને કરોડ બે કરોડ રૂપિયા આપવા પણ તૈયાર છું.' એમણે પોત પ્રકાશ્યું.

મેં કહ્યું: 'મને પૈસામાં જરાય રસ નથી એ તો તમે જાણો જ છો. મને મહાવિનાશનો એવો કોઈ સંકેત મળ્યો નથી પણ એ જો મને મળશે તો તમને એકલાને જ નહીં પણ દુનિયાના બધા લોકોને માટે બધી ભાષાનાં છાપાંમાં એ જણાવી દઈશ. એટલે મારી વાત માનો ને આજે તો મને માફ કરો.'

◇

પેલા તંત્રીલેખના અનુસંધાનમાં એ ધર્મના વડાનો તો કોઈ જવાબ ન આવ્યો પણ મને સ્વર્ગલોકમાંથી તેડું જરૂર આવ્યું. મને બોલાવીને પોરુમદેવે કહ્યું: 'જો પૃથ્વીલોકમાં તારી વાતો બધે જાણીતી થઈ ગઈ છે. હવે આપણે કાંઈક નક્કર વાત તેમની સામે મૂકવી છે. અને તે પણ કટકે કટકે.'

'આ કટકે કટકેની વાત મને ન સમજાઈ.' મેં કહ્યું.

'કટકે કટકે એટલા માટે કે લોકોમાં આ વાત જાણવાની વધારે ઉત્સુકતા જાગે ને એક જ ધડાકે આપણી વાત દરેક માણસ સુધી પહોંચે. આપણે બે અંકો સુધી તો બાંધેભારે એવી જાહેરાત કરવાની કે દુનિયા પર આવનારી મહા હોનારતની ચોક્કસ તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

'વળી બીજા અંકમાં એવી જાહેરાત કરવાની કે કયા વર્ષમાં એવું બનશે. વળી ત્રીજા અંકમાં એમ જણાવવાનું કે એ કયા મહિનામાં આવશે. ને બધાની એ જાણવાની લાગણી તીવ્રત્તર થાય પછી આપણે ચોક્કસ તારીખની જાહેરાત કરવાની છે.'

'પણ આપણે આમ તારીખ આપવામાં ઢીલ કરીશું તો પેલા લોકોને કહેવાનું મળશે કે આપણી પાસે એવી કોઈ માહિતી નથી એટલે રોજ આવાં ગતકડાં મૂકીને લોકોનામાં ખાલી ઉત્સુકતા વધારી રહ્યા છીએ.'

'ના, તમારી ધરાવાહિક વાર્તાઓમાં જેમ છેલ્લા

ફકરામાં જણાવવામાં આવે છે તેમ આપણે પણ નોંધ મૂકીશું કે વધુ આવતે અંકે.'

◇

આ વખતે મારે ભૂલોકમાં એક મહિના જેટલું રહેવાનું થયું હતું એટલે માનકીયા સહેજ ચિડાયેલી હતી. એણે મને આવતાં જ કહ્યું: 'તું તારી દુનિયામાં ગયો હતો એ તો બરાબર પણ હું એકલી અહીં હતી એનો તો તારે ખ્યાલ રાખવો જોઈએ ને! મને કેટલું એકલું લાગતું હશે તારા વગર એનોય તને ખ્યાલ ના આવ્યો? આખો મહિનો તું ત્યાં રહી પડ્યો.'

'મનેય તારા વગર ત્યાં ક્યાં ગમતું હતું! પણ આ પુન:સંસ્કરણનું કામ પતે ત્યાં સુધી તો તારે આવું નિભાવી જ લેવું પડશે. પછી હું કાયમ તારી સેવામાં હાજર રહીશ, બસ!'

'આવાં બહાનાં મને ન બતાવતો. ફરીથી તારે પૃથ્વીલોકમાં જવાનું થાય તો તારે મને સાથે લઈ જ જવી પડશે. તું એ માટે પોરુમદેવ પાસેથી અનુમતિ માગી લેજે. હું તને આ વખતે તો એકલો જવા દેવાની નથી જ.'

'પોરુમદેવ એની અનુમતિ નહીં આપે. એને બદલે હું દસ દિવસમાં જ પાછો આવી જવાય એવું ગોઠવી કાઢીશ. પછી તો તું ખુશ ને!' મેં એને શાંત પાડવા કહ્યું.

'તે ત્યાં તેં બીજી કોઈ સહિયર તો નથી રાખી ને? મને સાથે લીધા વગર હું તને મૃત્યુલોકમાં નહીં જ જવા દઉં એ વાત નક્કી જાણજે. તારી પર પોરુમદેવના ચાર હાથ છે એટલે તે તને અનુમતિ ચોક્કસ આપશે. પછી તારે મને ન જ લઈ જવી હોય તો તું જાણે.' કહેતાં માનકીયાની આંખમાં પાણી આવી ગયાં.

'લે હવે તું રડવાનું બંધ કર. આટલે દહાડે હું અહીં આવ્યો છું તે તારું આવું રડતું મોં જોવા તો નહીં જ આવ્યો હોઉં. લે કાંઈક સારું સારું જમાડ પછી પડીએ પથારીમાં તે થાય સવાર વહેલી. બોલ, શું જમાડે છે?'

'તારે જે જમવું હોય તે. બોલ, શું જમવાની તારી ઈચ્છા છે?'

'મને લાગે છે કે હું મારી સાથે તને આજે નવી જ

વાનગી જમાડું. તું એમ કર પુરણપોળી, દાળ, ભાત, કઢી ને કાજુ કારેલાંનું શાક મંગાવવા માટે સેવકને જણાવી દે.'

'તું મને આવું કાંઈ નવું જમાડીને પટાવવા માગતો હો તો એ વાત ભૂલી જજે. હું કોઈ પણ ભોગે આ વખતે તો તારી સાથે આવવાની જ છું. મારેય તારા પૃથ્વીલોકને જોવો છે ને તેં કોઈ બીજીને ત્યાં રાખી હોય તો તેને પણ મારે મળવું છે.'

'જેવી તારી મરજી. પણ એક વાતની ખાતરી રાખજે કે મેં ત્યાં બીજી કોઈને રાખી નથી. તને તો ખબર જ છે કે પ્રેમનો પહેલો પાઠ તો હું તારી પાસેથી જ શિખ્યો છું. હું કાલે જ પોરુમદેવ પાસે તને મારી સાથે લઈ જવાની અનુમતિ માગી લઈશ, બસ? હવે તો હસ.'

ને તે હસી પડી. પછી અમે શાંતિથી જમ્યાં ને પછી તરત જ એકબીજાને આલિંગીને એમ જ પથારીમાં પડ્યાં. એણે મને ચૂંબનોથી ભીંજવી દીધો તો મેં પણ એની મહિનાની ભૂખ આવેગ પૂર્વક ભાગી. છેક મોંડી રાતે અમે બેય સંતોષના શ્વાસ લેતાં નિંદરને ખોળે જંપ્યાં.

બીજે દિવસે મેં પોરુમદેવ પાસે માનકીયાને મારી દુનિયામાં સાથે લઈ જવાની અનુમતિ માગી. તો એમણે કહ્યું: 'તારી સાથે એને લઈ જવાનો વાંધો નથી પણ એ તારા ત્યાંના સંજોગો તથા રહેણીકરણીથી પરિચિત નથી એટલે તારે એને એ બાબતની ખાસ કેળવણી આપવી પડશે ને તોય થોડોક સમય સુધી તો તારે એની સાથે જ બધે જવું પડશે. ને તારા કામમાં પણ અંતરાય આવશે.

'છતાં તને યેગ્ય લાગતું હોય તો એને સાથે લઈ જવા દેવામાં મને કોઈ વાંધો નથી. પણ કોઈને એ બાબતની શંકા ન જવી જોઈએ કે માનકીયા સ્વર્ગલોકની વાસી છે. તારા સ્વર્ગલોક સાથેના સંબંધો વિષે પણ હજુ કોઈને જાણકારી નથી.'

'મારે એને મારી સાથે લઈ જવી હોય તો અમારે ત્યાં લગ્ન નોંધાવી દેવાં પડશે. એમાં માનકીયાના જન્મનો દાખલો જોઈશે એનું તો બધું ખોટે ખોટું કરીને પતાવવું પડશે.'

'એનોય વાંધો નહીં. તારી રીતે જે કરવું જઈએ એ કરી લેવું. બે વરસ પછી તો એ નોંધણીનો દસ્તાવેજ અને એ

કાર્યાલય બધું કાં તો દરિયાને તળિયે હશે કે જ્વાળામુખીની રાખ નીચે ધરબાઈ ગયું હશે.' એમણે હસતાં કહ્યું. ગમે તેમ પણ મને માનકીયાને પૃથ્વીલોકમાં લઈ જવાની મંજૂરી મળી ગઈ.

સાંજે મેં જ્યારે માનકીયાને આ વાત કરી ત્યારે એ હરખાઈને મને ગળે જ વળગી પડી. 'મેં કહ્યું હતું ને કે તારા પર પોરુમદેવના ચાર હાથ છે એટલે તને મંજૂરી મળી જ જશે. બીજા કોઈને આવી મંજૂરી જોઈતી હોત તો પોરુમદેવ એને માટે કદાચ નિર્માણદેવની પાસેથી મંજૂરી મંગાવવાની વાત કરત.'

◇

એ જ રાતે પૃથ્વીલોકમાં આવીને બીજે દિવસે વહેલી સવારે હું માનકીયાને લઈને અમદાવાદ ગયો. એક એજન્ટને હજાર રૂપિયા પકડાવી દીધા કે બધું કામ સહજ થઈ ગયું. કાચી ઘડીમાં અમારાં લગ્ન નોંધાઈ ગયાં. માનકીયાનું નામ મેં માનસી કરી દીધું.

લગ્ન પતાવીને અમે માનસી માટે અમદાવાદના બજારમાંથી સાત ડ્રેસ લીધા. પોરુમદેવની આજ્ઞા હતી કે સ્વર્ગની કોઈ ચીજ ધરતી પર લઈ જવાની નથી એટલે એને માટે અંદરનાં ને બહારનાં બધાં જ કપડાં ખરીદવાનાં હતાં. લગભગ પચીસેક હજાર એનાં કપડાંમાં થયા.

એણે સ્ટોરમાં બધાં કપડાંને ટેસ્ટ માટે પહેરીને ખાતરી કરી લીધી. તેને આ વ્યવસ્થા ઘણી ગમી ગઈ. મેં બીલ ચૂકવવા ક્રેડિટ કાર્ડ વાપર્યું તેની તેને નવાઈ લાગી. એણે મને પછી ખાનગીમાં પૂછી લીધું કે અહીં પણ ત્યાંની જેમ જે જોઈએ તે લઈ લેવાનું જ હતું?

મે એની ચોખવટ કરતાં કહ્યું: 'અહીં કશુ મફત નથી મળતું. એક પ્યાલો પાણી લઈએ તો પણ તેના પૈસા ચૂકવવા પડે છે.'

'પણ આપણે ક્યાં કશું ચૂકવ્યું છે?'

મેં એને કાર્ડ બતાવ્યું તો એ કહે: 'એ તો એણે તને પાછું આપ્યું. એમાં આપણે કશું આપ્યું ક્યાં?'

હોટેલમાં પહોંચ્યા પછી મેં એને ક્રેડિટ કાર્ડની વિધિ બતાવી ને રૂપિયાની કરન્સી બતાવી. એને એમાં બહુ મઝા પડી. પણ મને લાગ્યું કે તેને આ બધું સમજતાં મહિનોય ઓછો પડશે. મેં મનમાં નક્કી કરી લીધું કે એને એકલી છોડવાનું જોખમભર્યું સાબીત થાય એમ હતું. એક મહિનો અહીં રહે તો એને અહીંના વહેવાર અને અહીંની રીતભાતમાં સમજણ પડે.

અમારા શહેરમાં પાછા પહોંચ્યા પછી મેં સમચારપત્રની ઑફિસમાં બધાને મારા લગ્નની જાણ કરી ને માનસીની ઓળખાણ કરાવી. મેં એમને જણાવ્યું કે એ જન્મથી જ વેનિસમાં રહી છે એટલે તેને ગુજરાતી થોડુંગણું જ આવડે છે. ને ત્યાં અંગ્રેજીનો પણ વહેવાર નથી એટલે અંગ્રેજી પણ એવું જ આવડે છે.

પણ બે જ દિવસના અનુભવે મને સમજાઈ ગયું કે એ ઘણુંબધું શીખી ગઈ છે. એનામાં સમજશક્તિ ઘણી હતી. એક અઠવાડિયામાં તો તે સંપૂર્ણ ગુજરાતી થઈ ગઈ હતી. હવે મને તેની કશી ચિંતા ન હતી. બહાર મારું કશું ખોટુ દેખાય એવું હવે નહીં જ બને એવો મને વિશ્વાસ બેસી ગયો.

મેં એને ગુગલ મેપ પરથી વેનિસ શહેરનો મેપ કાઢી આપ્યો ને તેના કુટુંબના રહેવાના કલ્પિત સ્થાન અંગે અને વેનિસની સામાન્ય ભૂગોળ મનમાં પાકી કરી લેવા જણાવ્યું. કદાચ કોઈ વેનિસથી પરિચિત સાથે વાતચીત થાય તો એને ખોટાં ન પડવું પડે. મારે માટે તો હું કહી શકું કે હું ભાગ્યે જ ત્યાં એક અઠવાડિયું રહ્યો હોઈશ એટલે મને તો મારી સાસરીવાળાંના ઘરનો રસ્તો પણ યાદ નથી.

માનસી ઘણી રૂપાળી હતી ને સમજુ પણ એટલી જ હતી. એક જ અઠવાડિયામાં એણે મારા મિત્રવર્તુળમાં પોતાની સારી એવી છાપ ઊભી કરી દીધી હતી. મારા સમાચારપત્રના સ્ટાફના લોકો તથા મારા અન્ય મિત્રો તરફથી અમને નાનીમોટી પાર્ટીઓ યોજી જમવા બોલાવવામાં આવતાં હતાં.

માનસી એમાં પણ અલગ છાપ પાડતી હતી. એની બોલવાની છટા તથા કપડાં ને વર્તનથી એ બધી સ્ત્રીઓથી અલગ આભા ઊભી કરતી હતી. એક જ અઠવાડિયામાં તો એ

ગુજરાતી અને અંગ્રેજીમાં છટાથી વાતો કરવા માંડી હતી. મારા મિત્રોની પત્નીઓ પણ એનાથી અંજાઈ ગઈ હતી ને એની સાથે બેનપણાં બાંધવા પડાપડી કરવા માંડી હતી.

મારે નામે જે ક્લબો અને મંડળો શરૂ થયાં હતાં તેમાંથી કોઈ ને કોઈ મને વક્તવ્ય માટે બોલાવતા હતા તેમાં પણ હું તેને મારી સાથે લઈ જતો હતો. એક વખત એક ક્લબવાળાએ એને બે  શબ્દો કહેવા માટે વિનંતિ કરી તો એણે મારાં પત્રિકાઓ અને સંકેતો વિષે જે વાતો કરી તેનાથી તો એની એવી હવા ઉત્પન્ન થઈ કે દરેક આવાં ફંક્શનમાં એને વક્તવ્ય આપવાની જાણે એક રસમ જ ઊભી થઈ ગઈ.

◇

હું એકલમૂડિયો હતો ને બહાર ખાઈ લેતો હતો એટલે મેં રસોડું કે એનાં વાસણો વસાવ્યાં જ ન હતાં. હા, ચા મૂકવા જેટલી વ્યવસ્થા જરૂર કરી હતી. એટલે અમે બહાર જમવાનું જ રાખ્યું હતું. અમે પંદરવીસ દોસ્તોને એક દિવસ બહાર હૉટેલમાં જમવા પણ બોલાવ્યા હતા. એમાંના કેટલાક મિત્રોએ તો અમે જ્યાં સુધી રસોડું શરૂ ન કરીએ ત્યાં સુધી અમને એને ત્યાં જ જમવા આવવાનું સૂચન પણ કર્યું હતું જેનો અમે આભાર સાથે અસ્વીકાર કર્યો હતો.

આ બધામાંથી વખત કાઢીને હું માનસીને ગાંધીનગરમાંનું અક્ષરધામ મંદિર તથા આબુ વગેરે સ્થળોએ ફરવા પણ લઈ ગયો હતો. બધું જોયા પછી એણે કહ્યું: ‘આ બધાનો બે વરસ પછી તમે નાશ કરવાના છો?’

‘બધાનો નહીં પણ આમાંના મોટા ભાગનો તો ખરો જ. આ વિચાર મારો નથી પણ નિર્માણદેવનો છે. આમાંથી નવી જ સૃષ્ટિનું સર્જન કરવાની એમની ઈચ્છા છે.’

# ૧૦.
# માનવસમ યંત્રજીવોના ગ્રહમાં

મેં દેશમાં બધાને કહ્યું કે માનસીને વેનિસમાં એનાં માતપિતાને મળવા જવું છે ને એ લોકો મને પણ એની સાથે બોલાવે છે એટલે દસેક દિવસ અમે ત્યાં જઈ આવીએ. ને અમે માનસીના પિયરમાં વેનિસ નહીં પણ સ્વર્ગલોકમાં પાછાં આવી ગયાં.

અહીં તો મારે માટે કામ તૈયાર જ હતાં. આમાં મને માનસી મદદરૂપ થઈ શકે તેમ ન હતી. અહીં કોઈ દેવની સાથે તેમનાં પત્ની કોઈ સભામાં આવતાં મેં જોયાં ન હતાં. ને હું તો હતો માત્ર એક મહેમાન ને માનસી તો હતી સમાજસારિકા. એટલે મારી સાથે હું એને સભામાં લઈ જઈ શકતો ન હતો.

હા, દેવીઓનું કોઈ મહત્વ ન હતું એમ નહીં પણ દેવો અને દેવીઓનાં કાર્યક્ષેત્ર અલગ અલગ હતાં એટલી વાતની મને ખબર હતી.

હું હજુ દેવીઓના કાર્યક્ષેત્ર વિષે કાંઈ જાણતો ન હતો. મેં મનમાં નક્કી કર્યું કે મારે મનાવંતદેવને આ અંગે પૂછવું જોઈએ. બીજે દિવસે મારે કોઈ સભા ન હતી એટલે અમે મનાવંતદેવને મળવા ઊપડ્યાં.

મેં એમને આ અંગે પૂછ્યું તો એ કહે: ‘તારે સ્વર્ગલોક વિષે હજુ ઘણું જાણવાનું બાકી છે. દેવીઓ અહીં તું માનું છું એમ નિષ્ક્રિય નથી. એ એમની શક્તિદા કાર્યાલય મારફતે ઘણું કામ કરી રહ્યાં છે. ને આમેય એ લોકો દેવો પર તો અસીમ પ્રભુત્વ ધરાવે જ છે ને!’ એમણે મજાકમાં કહ્યું.

‘મારે પહેલાં તો એમના આ શક્તિદા કાર્યાલય વિષે જાણવું છે. પછી તમારા પેલા યંત્રમાનવ ગ્રહ વિષે પણ જાણવું છે.’

'તમારા મૃત્યુલોક અને આ યંત્રમાનવના ગ્રહ સિવાય બીજા ત્રણ ગ્રહોને પણ અમે અહીંથી નિયંત્રિત કરી રહ્યા છીએ. તારે જ્યારે નવરાશ મળે ત્યારે અહીં આવી જવું. હું તને એ ગ્રહો વિષે જણાવીશ એટલું જ નહીં પણ તારે જવું હશે તો હું તને એ બધા ગ્રહોની ઊડતી મુલાકાતે પણ લઈ જઈશ.'

'મને લાગે છે કે મારે આપની પાસે જ્યારે આપને સમય હોય ત્યારે પૂછીને વારંવાર આવી જવું પડશે.'

'મારી પાસે તો કાયમ સમય હોય છે. તારે માથે અત્યારે દોડાદોડનું કામ છે. તારે સ્વર્ગલોક ને પૃથ્વીલોક વચ્ચે દોડ્યા કરવું પડે છે. મારું કામ તો ઈતિહાસનું છે. એમાં તો જૂનાં મુડદાં ઉખેડવાનાં. ને મારી સાથે તો બધા મળીને સો જેટલા સહાયક મદદનીશ છે. તારે જ્યારે નવરાશ હોય ત્યારે અહીં આવી જવું.'

'મારે આજે નવરાશ છે એટલે હું સાંજ સુધી આપની પાસે છું. કહો, આપ મને આજે ક્યાં લઈ જવા માગો છો?'

'આજે હું તને યંત્રમાનવના ગ્રહમાં લઈ જઈશ. ત્યાંનું સંચાલન અહીંથી કેવી રીતે થાય છે એ સમજવામાં તને એ જોયા પછી વધારે સમજણ પડશે. પછી જ્યારે તું ફરી આવીશ ત્યારે હું તને બીજા ત્રણ ગ્રહો પર પણ લઈ જઈશ. પછીના કોઈ દિવસે હું તને શક્તિદા પર પણ લઈ જઈશ.' એમણે ઉત્સાહથી કહ્યું. ને એક સેવકને અવકાશયાન તૈયાર કરવા સૂચના આપી.

◇

થોડી જ વારમાં અમે અમે અવકાશયાનમાં ગોઠવાઈ ગયાં. આ અવકાશયાન એક નાના પ્લેન જેવું જ હતું. પણ એનો આકાર લંબગોળ હતો. એમાં બધી બાજુએ કાચની હોય એવી પારદર્શક દિવાલો હતી એટલે એમાંથી બહાર જોઈ શકાતું હતું પણ આ યાનની ઝડપ એટલી વધુ હતી હતી ને તે વાદળોથી ઘણું ઊપર ઊડતું હતું કે બહારનું કશું દેખાય તે પહેલાં તો હજારો માઈલના વેગથી દૂર સરકી જતું હતું.

આ યાનને એક માનવસારિક ચલાવી રહ્યો હતો ને તેની સાથે બે યંત્રસેવકો સહાયક તરીકે તેની આજુબાજુ બેઠેલા હતા. આમ તો આનું સંચાલન જાણે સ્વયં સંચાલિત હોય એમ

એ લોકો કોઈ કામ કરતા હોય એમ લાગતું ન હતું. એ લોકો એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા.

મનાવંતદેવે મને કહ્યું: 'આપણે ત્રણેક કલાકમાં ત્યાં પહોંચી જઈશું. ત્યાં સુધી તારે ને માનકીયાને આરામ કરવો હોય તો બાજુના ખંડમાં બધી સગવડ છે. હું તો મારા વાંચવાના કામમાં લાગી જઈશ.'

માનકીયા કહે: 'સ્વપ્નીલને આરામ કરવો હોય તો ભલે જાય. હું તો અહીં બેઠી છું. આપને કોઈ ચીજની જરૂર પડે તો હું આપની સેવામાં હોઈશ.'

'તારે શરમાવાની જરૂર નથી તું પણ સૂવા જઈ શકે છે. મારે કશી ચીજની જરૂર પડશે તો પેલા ત્રણેય ગપ્પાં મારતા જ બેઠા છે તેમાંનો કોઈ મારી સેવામાં આવી જશે.' એમણે કહ્યું ને માનકીયા જાણે એમના કહ્યાની જ વાટ જોતી હોય તેમ મારી પાછળ અંદર આવી ગઈ. ને અમે અવકાશમાં પ્રેમ કરતાં કેવી અનુભૂતિ થાય છે એનું સંશોધન કરવામાં પડી ગયાં.

આ ખંડમાં પ્રકાશ અને ઉષ્ણતાની સમધારણ વ્યવસ્થા હતી ને એક તરફ બાથરૂમ જેવી એક નાનકડી કુટિર પણ હતી. તેમાં પીવાના ને અન્ય કામમાં વાપરવાના પાણીની સગવડ પણ હતી. એમાં સ્નાન કરવું હોય તોય કરી શકાય એવી વ્યવસ્થા કરેલી હતી. યાનની બહાર -૩૦૦થી -૪૦૦ ડીગ્રી ઉષ્ણતામાન હોવા છતાં અંદર તો ઘરમાં હોય છે એવું સમધારણ ઉષ્ણતામાન રાખવામાં આવ્યું હતું.

આપણે ત્યાં તો બધાને ખબર છે જ કે અવકાશમાં ગુરુત્વાકર્ષણ હોતું નથી એટલે તમારે યાનની અંદર એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું હોય તો કાંઈને કાંઈ પકડીને લગભગ લટકાઈને જવું પડે છે. પણ અહીં એવું કશું લાગતું ન હતું. અમે જેમ ઘરમાં ફરતાં હોઈએ એમ જ આમતેમ ફરી શકતાં હતાં. મને લાગ્યું કો આ યાનને તળિયે ગુરુત્વાકર્ષણ ઊભું કરી દેવામાં આવ્યું હોવું જોઈએ. મે મનમાં જ કહ્યું: ભાઈ, આ તો સ્વર્ગલોક છે!

થોડી રંગમસ્તી પછી મારી આંખો ઘેરાવા માંડી એટલે માનકીયા બહાર ચાલી ગઈ. હું કેટલું ઊંઘ્યો હોઈશ એ મને

યાદ નથી પણ જ્યારે માનકીયા મને બોલાવવા આવી ત્યારે મારી આંખો ઊઘડી. માનકીયા કહે: ‘ચાલ, બહાર. યંત્રમાનવોની દુનિયા આવી ગઈ.’

‘એટલી વારમાં!’ મેં આશ્ચર્યથી કહ્યું ને ઝડપથી મોં ધોઈને હું બહાર આવી ગયો. હવે અમારા યાનની ગતિ થોડી ધીમી કરાઈ હતી એટલે નીચેની દુનિયા જાણે અમને ભેટવા ઝડપથી ધસી આવતી હોય એવું દૃષ્ય નીચે જોતાં દેખાતું હતું. આ નીચે ઊતરવાની ઝડપ એટલી બધી હતી કે હું મનમાં ગભરાઈ રહ્યો હતો. મને લાગ્યું કે અમારું યાન નીચે ખાબકી રહ્યું હતું.

મેં મનાવંતદેવને પૂછ્યું: ‘આપણે વધુ પડતી ઝડપથી તો નીચે જઈ રહ્યા નથી ને!’

‘ના રે, હજુ તો આપણે એ ગ્રહથી લાખો માઈલ દૂર છીએ. જો આટલી ઝડપથી નીચે ન જઈએ તો બીજી બે ઘડી વધારે થાય. આ ઝડપ આપણે આવ્યા તેના કરતાં બસોમા ભાગની જ છે. આપણું યાન નિયત કાર્યક્રમ મુજબ જ ચાલે છે. આપણે હજુ ત્યાં પહોંચતાં બે કે ત્રણ ઘડી થશે. તારે ગભરાવાની જરૂર નથી.’

હું આટલા વખતથી અહીં હતો છતાં મને એમની આ ઘડીના માપની ચોક્કસ ખબર ન હતી. મેં એકબે વખત એનું માપ કાઢવા પ્રયત્ન કર્યો હતો તો મને અંદાજ આવ્યો હતો કે એમની એક ઘડી એટલે આપણી બાવીસ મિનિટ જેટલી હતી. જો કે ચોક્કસ તો મને હજુ ખબર નથી. એટલે મેં અંદાજ કાઢી લીધો કે અમે લગભગ પોણોથી એક કલાકમાં એ ગ્રહ પર પહોંચવાના હતા.

મનાવંતદેવના જવાબથી મારી ચિંતામાં થોડો ઘટાડો થયો ને હું નવી દુનિયાને જોવાની ઉત્તેજનામાં ફરવા લાગ્યો. એક વખત મને આ યંત્રસેવકોના અર્ધ માનવ રૂપને જોવાની ઉત્તેજના હતી તો એ લોકો અમને કેવો આવકાર આપશે કે અમારી સામે લડવા તો તૈયાર નહીં થઈ જાય ને એવી મને બીક પણ લાગતી હતી.

થોડી જ વારમાં અમારું યાન થોભી ગયું હોય એમ લાગ્યું. મનાવંતદેવે કહ્યું: ‘આપણે આપણા નિરિક્ષણ કેન્દ્ર પર

આવી ગયા છીએ. ચાલો, પહેલાં આપણે અહીંની તાજી નવાજૂની વિષે માહિતી મેળવીએ.' કહેતાં એ આગળ થયા ને અમારા યાનની સાથે હમણાં જ જોડાયેલા એક ઑફિસ જેવા મકાનમાં અમને લઈને દાખલ થયા.

હું અને માનકીયા નવી દુનિયામાં પગ મૂકવાનો રોમાંચ અનુભવતાં એમની પાછળ ચાલતાં હતાં. મનાવંતદેવ અમારા મનની વાત જાણી ગયા હોય એમ બોલ્યા: 'હજુ આપણે એ ગ્રહની ભૂમિ પર પહોંચ્યા નથી. આ તો આપણી એ ગ્રહ માટેની નિરિક્ષણ કચેરી છે. એ પેલા ગ્રહથી આઠ હજાર કોસ દૂર છે. આપણી આ કચેરી આપણે અંતરિક્ષમાં નિર્માણ કરેલી છે. અહીંથી આપણે આ ગ્રહની ગતિવિધિયોનું ધ્યાન રાખીએ છીએ.'

'આપણે એ ગ્રહ પર નથી જવાના?' મેં પૂછ્યું.

'આપણે જરૂર જઈશું પણ તે પહેલાં એમની નવી કોઈ પ્રવૃત્તિ હોય તો આપણે એની જાણકારી મેળવી લઈએ. આપણે એમનાથી કોઈ વાતે ડરવા જેવું નથી. એ લોકો આપણી સાથે હજુ સારો વહેવાર રાખી રહ્યા છે. એમને એમ છે કે આપણે તેમને ક્યારેક પાછા સ્વર્ગલોકમાં બોલાવી લઈશું. તું જોજે તો ખરો એ લોકો આપણને કેવી રીતે આવકારે છે!'

'એ લોકો હવામાં ઊડવાના પ્રયોગો કરે છે. એમણે હલકા લાકડાનું આપણા પ્રાથમિક યાન જેવું રમકડું બનાવીને હવામાં ઊડવાના અખતરા કર્યા છે પણ ખરા ને અમાં પાંચેક જણાના પ્રાણ પણ ગયા છે. આજે આપની સામે એ લોકો હવાઈ યાન વિષે વધુ જાણવાની જિજ્ઞાસા દર્શાવશે પણ ખરા.' આ નિરિક્ષણ કચેરીના મુખ્ય અધિકારીએ કહ્યું.

'વાંધો નહીં આપણી સાથે સ્વપ્નીલ છે તે એના પૃથ્વીલોકનાં યાનોની વાતો કરશે. એની પાસેથી એમને કોઈ તકનિકી જાણકારી તો નહીં મળે પણ એમને બીજા નવા પ્રયોગો કરવાની ચાનક જરૂર ચઢશે.'

◇

ત્યાં હળવો નાસ્તો કરી અમે ગ્રહ પર ઊતરવા યાન ધુમાવ્યું. મને મનાવંતદેવે કહ્યું: 'હું તારી ઓળખાણ પૃથ્વી પરના એક પત્રકાર તરીકે કરાવીશ. તારે એમને એમના

હવાઈ ખ્યાલને અનુરૂપ તારી રીતે જાણકારી આપવી ને તમે પૃથ્વીલોકમાં શરૂમાં જે પ્રયોગો કર્યા હોય એની બધી વાતો કરવી. તું કોઈ વૈજ્ઞાનિક નથી એટલે એમને તારી પાસેથી ખાસ જાણકારી તો નહીં મળે પણ તોય એ તારાથી થોડા અંજાશે તો ખરા જ.'

આમ વાત કરતા હતા ત્યાં જ અમારું યાન એ ગ્રહ પર આવી પહોંચ્યું. અમે આવવાના છીએ એની જાણકારી એમને પહેલેથી જ મળી ગઈ હોય એમ એમણે અમારા સ્વાગતની તૈયારીઓ કરી જ રાખી હતી.

અમે યાનમાંથી બહાર નીકળ્યા કે તરત એક અધિકારી જેવા જણાતા માણસે અમને આવકારતાં એમના સભાખંડ તરફ દોર્યા. ત્યાં લગભગ પચાસેક માણસો અગાઉથી હાજર હતા. મને લાગ્યું કે એમણે સરકાર જેવી કોઈ રચના કરી હોવી જોઈએ.

મનાવંતદેવે બધાને મારો પરિચય કરાવતાં કહ્યું: 'આજે મારી સાથે સ્વપ્નીલને આપની સાથે પરિચય કરાવવા લઈ આવ્યો છું. એ પૃથ્વીલોકનો માણસ છે. વ્યવસાયે તે એક પત્રકાર છે. ત્યાંના એક સમાચારપત્રમાં તે વરસોથી કામ કરી રહ્યો છે. એ હાલ પૂરતો અમારા સ્વર્ગલોકનો મહેમાન છે.'

'અમારે કોઈ વાત બધા સભ્યો સુધી પહોંચાડવી હોય તો અમે સેવકને દોડાવીએ છીએ એવું જ કોઈ કામ તમે ત્યાં કરો છો શું?' એક જણાએ મને જ સીધું પૂછ્યું.

'ના એવું નહીં. અમે ત્યાં અમારા આખા વિશ્વમાં જે કોઈ ઘટના બને તેને અમે અમારા સમાચારપત્રની શતસહસ્ર કરતાંય વધારે પ્રતીઓમાં છાપીને દેશના દરેક માણસ સુધી પહોંચાડીએ છીએ. આવાં એક નહીં પણ સેંકડો સમાચારપત્રો અમારે ત્યાં હોય છે.'

'તમને આવી ઘટનાઓની જાણકારી કેવી રીતે મળે છે?'

'અમારે ત્યાં આવા સમાચાર મેળવનારા ઘણા ખબરપત્રીઓ હોય છે. એ અમને આવા સમાચાર બનતાંની સાથે જ મોકલી આપે છે.'

‘એ સમાચાર આપવા તમારી પાસે આવે છે?’

‘ના એ લોકો સંદેશાવાહક યંત્ર પર અમારા કાર્યાલયમાં મોકલી આપે છે.’ મેં કહ્યું પણ મારી આ વાત એમને સમજાઈ હશે નહીં એવું મને લાગ્યું.

‘હા, એવાં યંત્ર તો સ્વર્ગલોકમાં છે. મનાવંતદેવશ્રી અહીં ઉપસ્થિત છે તો અમારે એમને વિનંતિ કરવાની છે કે એઓશ્રી અમને આવા યંત્રની જાણકારી ઉપલબ્ધ કરાવીને ઉપકૃત કરે.’ પેલા મુખ્ય માણસે કહ્યું.

‘એમની પૃથ્વીલોકની અને આપણી સ્વર્ગલોકની આ સંદેશવાહક વિધિમાં અંતર છે. એમની વિધિ વધારે સરળ છે. એ તમને અનુકૂળ પડશે. હું સ્વપ્નીલને કહીશ કે તે તમને એની પ્રાથમિક જાણકારી આપે. એ કોઈ વૈજ્ઞાનિક નથી એટલે તમારે જ એના પરથી સંશોધન કરીને એવી પધ્ધતિ વિકસાવવી પડશે.’

‘એના કરતાં આપશ્રી આપને ત્યાં છે એવી વિધિની જાણકારી અમને કૃપા કરીને આપો તો સારું.’

‘એ માટે તમને બધાને ખબર છે કે મારે નિર્માણદેવની અનુજ્ઞા લેવી પડે. સમય જતાં કદાચ એ શક્ય બનશે પણ હાલ તે તમે મૃત્યુલોકની આ વિધિ જાણીને એને વિકસાવો એ જ યોગ્ય છે.’

પછી મેં એમને હું જાણતો હતો એટલી વિગતે આપણી સંદેશા વ્યવહારની જાણકારી આપી. તો એક જણે કહ્યું: ‘અમે હવામાં ઊડવાના પ્રયોગો કરી રહ્યા છીએ. તે તમારા મૃત્યુલોકમાં તમે આવું કાંઈ કરો છો?’

‘હા, અમે ત્યાં આસાનીથી એક નગરથી બીજા નગરમાં જઈ શકીએ છીએ. જો તમે મને તમારા પ્રયોગથી વિકસાવેલાં સાધનો બતાવો તો હું તમને અમારાં સાધનો અંગે વધુ સારી રીતે સમજાવી શકું.’

એટલે તરત એ લોકો તૈયાર થઈ ગયા ને મને એમની પ્રયોગશાળામાં લઈ ગયા. ત્યાં પડેલાં નિષ્ફળ ગયેલાં સાધનોમાં એક ગ્લાઈડરને મળતું સાધન હતું, મેં તેમને પૂછ્યું કે તેનાથી એ લોકો શું કરવા માગતા હતા?

‘અમે એ બનાવ્યું હતું તો ખરું પણ તેનામાં યંત્ર બેસાડવાની અમને ગૂંચવણ થઈ છે. વાસ્તવમાં તો અમારી પાસે એવું યંત્ર બનાવવા જેવી જાણકારી નથી.’

‘એને તમે યંત્ર વગર પણ ઉડાડી શકો છે. હું બતાવું એવા એમાં થોડા ફેરફાર કરો તો તમે એની સાથે હવામાં ઊડી શકો છો.’

એમનામાં ધગશ તો હતી જ કેટલાક લોકો તો તરત જ મારા કહ્યા પ્રમાણે ફેરફાર કરવા માંડ્યા. લગભગ અડધા કલાકમાં તો એમણે મારી કલ્પના મુજબનું ગ્લાઈડર તૈયાર કરી પણ દીધું.

પછી મારા કહ્યા પ્રમાણે એને નજીકની એક મધ્યમસરની ટેકરી પર લઈ ગયા ને મેં એમને ગ્લાઈડિંગના પાઠ ભણાવવા માંડ્યા. આવું લાકડાનું ખોખું કોઈ યંત્ર વગર હવામાં ઊડી શકે એ વાત માનવા જ એ લોકો તૈયાર ન હતા તો પછી એની સાથે ટેકરી પરથી મોતનો કૂદકો મારવા તો કોઈ તૈયાર થાય જ ક્યાંથી!

મેં બે ચાર વખત ગ્લાઈડિંગ ક્લબમાં ગ્લાઈડિંગ કરેલું હતું એટલે મને મારા આ સાધનમાં શ્રધ્ધા હતી. મેં એમને કહ્યું કે હું એમને બતાવું કે કેવી રીતે ઊડી શકાય. તોય એમનામાં શ્રધ્ધાનો સંચાર થયો હોય એમ લાગ્યું નહીં. મને ટેકરી પરથી ધક્કો મારતાં પણ એ લોકો અચકાતા હતા.

છેવટે મારા આગ્રહથી ને કાંઈક નવું જાણવાનું મળશે એ આશાએ એમણે મને નીચે ધકેલ્યો. લગભગ પચીસેક ફીટ નીચે ગયા પછી મેં સુકાન મરડ્યું ને ઉપર આવીને તેમની આજુબાજુ ચક્કર મારવા માંડ્યાં.

બધા લોકો પહેલાં તો આશ્ચર્યથી તાકી રહ્યા ને પછી અહોભાવથી તાળીઓ પાડવા માંડ્યા. લગભગ દસેક મિનિટ આમ ચક્કર મારીને હું નીચે મેદાનમાં સલામત ઊતર્યો કે તરત મારી ચારે બાજુથી લોકો ધસી આવ્યા.

મેં એમને ફરીથી ગ્લાઈડિંગની કરામત શિખવવા માંડી ત્યાં એક જણ કહે: ‘એમ વાતો કર્યે ના આવડે. ચાલો, પાછા ટેકરી ઉપર હું ઊડવા તૈયાર છું. કદાચ પગ ભાગશે તોય વાંધો નહીં.’

પછી એને ગ્લાઈડિંગ કરવા તૈયાર કરીને ધક્કો માર્યો. બધાને તો એમ જ હતું કે હમણાં એ પડશે ને એનાં હાડકાં ભાગશે એને બદલે એ પાંચેક મિનિટ હવામાં તર્યો પણ નીચે ઊતરવામાં ગફલત ખાઈ ગયો. એ ગ્લાઈડરની સાથે થોડો ઘસડાયો ને છોલાયો પણ ખરો.

ઊભો થઈ જતાં એ કહે: ‘તમે બધા જોજો કે એક મહિનામાં તો હું આપણા ગ્રહની ચારે બાજુ આંટો મારી આવીશ. આપણે આવાં બીજાં દસ વિમાન તૈયાર કરીશું ને બધાને એ ઉડાડવાનું શિખવાડી દઈશું.’

‘ભાઈ, તમારી ઊતરવામાં થોડી ભૂલ થઈ ગઈ. નીચે ઊતર્યા પછી તમારે એની સાથે દસેક ડગલાં તો દોડવું જ પડે. તે દરમિયાન એની ઝડપને ધીમી પાડી શકાય. વાંધો નહીં ફરીથી આવી ભૂલ નહીં થાય. પહેલી વખત તો બધાને આવું છોલાવું જ પડે છે. નાસીપાસ ન થતા.’ મેં એને કહ્યું.

તો પેલા આગેવાન મનાવંતદેવને કહે: ‘આપશ્રી ફરી એક વખત સ્વપ્નીલને લઈને આવશો તો કૃપા થશે. અમારે એમની પાસેથી ઘણું જાણવું છે.’

‘સ્વપ્નીલ કાંઈ કાયમ સ્વર્ગલોકમાં રહેતો નથી. એ ફરીથી આવશે ત્યારે હું એને તમારી પાસે જરૂર લઈ આવીશ.’ મનાવંતદેવે એમને આશ્વાસન આપ્યું.

# ૧૧.
# કોણ બચશે કોણ મરશે

બીજા દિવસની સભા બહુ ઉત્તેજનાવાળી હતી. એમાં તો કોને બચાવવા અને તેમને કેવી રીતે બચાવવા તેની વિગતવાર ચર્ચા કરીને યાદી સંપૂર્ણ કરી દેવાની હતી.

‘અવિરતદેવે લગભગ બે લાખ કરતાંય વધારે માનવોની યાદી કરી છે તો શું આપણે એ બધાને બચાવવાના છે?’ એક દેવે પ્રશ્ન કર્યો.

‘પહેલા તબક્કામાં પચીસ-પચાસ હજાર વધારે કે ઓછા એનું કોઈ મહત્ત્વ નથી. સાચા અર્થમાં કેટલાને બચાવવાના છે એ તો નિર્માણદેવ નક્કી કરવાના છે. હાલ તો આપણે અવિરતદેવની આખી યાદી સ્વીકારીને આગળ વધીએ છીએ.’ પોરુમદેવે કહ્યું.

‘હવે એમને કેવી રીતે બચાવવા એ પણ આપણે વિચારવું જોઈએ. જો આપણે એક સામટાં આઠ કે દસ પરિબળોનો મહાસંસ્કરણમાં ઉપયોગ કરવાના હોઈએ તો એમને બચાવવાની પણ ચોક્કસ યોજના આપણે ઘડવી પડશે.’

‘હા, તમારું કહેવું યોગ્ય છે. આપણે પહેલાં તો પૃથ્વીલોકમાં એવાં પચાસેક સ્થળો નક્કી કરવાં જોઈએ કે જે વિનાશના આ પ્રાથમિક ઝંઝાવાતમાં ઓછાં અસરમાં આવવાનાં હોય.’

‘વળી આ સ્થળો પણ એકબીજાથી દૂરદૂર હોવાં જોઈએ કે જેથી બચી ગયેલાં પોતપોતાની રીતે મુશ્કેલીમાંથી માર્ગ કાઢતાં આગળ વધે.

‘અવિરતદેવને મૃત્યુલોકની વધારે ખબર છે. તેમની પાસે જ આપણે સલામત સ્થળો વિષે જાણીએ.’ પોરુદેવે અવિરતદેવને આગળ કર્યા.

'મેં એ વિષે ઘણું વિચાર્યું છે. આપણે કોઈ દેશના માનવ વસાહતવાળા વિસ્તારો તો બચાવવા માગતા જ નથી એટલે આવાં સ્થળોમાં ગુફાઓ, પર્વતો, રણ કે નિર્જન ટાપુઓ જ બાકી રહે.

'વળી રણ પ્રદેશો તો આમેય જીવવા યોગ્ય સુવિધા-કવચ ધરાવતાં નથી એટલે ત્યાં તો જેમને બચાવીએ એમને તો મૃત્યુદંડ દીધા બરાબર જ છે. જો કે મારી યાદીમાં એવાં ઘણાં નામો છે કે જેમને જીવનની તકલીફો કેવી હોય છે એનો વાસ્તવિક અનુભવ કરાવવા માટે જ બચાવવાનાં છે ને એમાંનાં મોટા ભાગનાંને તો પાંચસાત વર્ષ આવી તકલીફો વેઠીને મરવાનું જ હશે. હા, એમાંનાં કેટલાંક એમાંથી બચીને નવસંસ્કૃતિની રચનામાં પણ ઉપયોગી થઈ શકે તેવાં પણ હશે.'

પોરુમદેવે કહ્યું: 'સમર્થદેવ પાસે કયાં કયાં સ્થાનો પર ત્રાટકવું એની કોઈ ચોક્કસ યોજના તૈયાર હશે. આપણે તેમને સાભળીએ.'

'મેં એવાં પંદર સ્થળો નક્કી કર્યાં છે કે જ્યાં ધરતીકંપથી, દસ પર ઉલ્કાપાતથી, આઠ સ્થાનો પર સુનામીથી, બાર સ્થાનો પર જવાળામુખીથી, અને પંદર સ્થળો પર વાવાઝોડાંથી ત્રાટકી શકાય તેમ છે. વળી અનેક રાજ્યો યુધ્ધમાં ઝંપલાવે ને અણુયુધ્ધ ફાટી નીકળે એનાથી પણ મોટી ખુવારી કરવાની મારી યોજના છે.'

'બીજું બધું તો એકી સાથે થઈ શકે તેમ છે પણ તમારે અણુયુધ્ધ કરાવવું હોય તો આજથી તેની શરૂઆત કરી દેવી જોઈએ.' પોરુમદેવે ટકોર કરી.

'મેં કેટલાક દિવસો પહેલાં ચીન અને અમેરિકા વચ્ચે વધતા જતા તણાવ અંગે આપને જણાવ્યું હતું. હવે જો એ તણાવને તણખો ચાંપવામાં આવે તો ચીનને પડખે રશિયાને ઊભું કરીએ ને અમેરિકાને પડખે મિત્ર રાજ્યોને જોડી દઈને આખા પૃથ્વીલોકને અસર કરે તેવું અંતીમ વિશ્વયુધ્ધ શરૂ થઈ શકે એવી યોજના તો મેં કરી જ રાખી છે હવે તમે કહો તો એમાં એક તણખો જ ચાંપવાની વાર છે.'

'તો વહેલી તકે શરૂ કરો આમેય આપણે

પુન:સંસ્કરણમાં બધાં જ સાધનો સામટાં ઉપયોગમાં લેવાનું નક્કી કરેલું જ છે ને! તારું વિશ્વયુધ્ધ પરમ સીમાએ પહોંચશે ત્યાં આપણા મહાસંસ્કરણનો જોરદાર હથોડો વીંઝાશે. યાદ રહે આપણે સ્થાપત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન, જાન, માલ, મિલકત એ બધાંનું સંસ્કરણ કરવાનું છે.'

'અવિરતદેવે કેટલાંક માનવોને બચાવવા માટેનાં સ્થાનો નક્કી કર્યાં છે. તેમાંનાં બધાં આપના ત્રાટકવાથી બચી શકે એટલે અંતરે છે કે નહીં તેની ચર્ચા તમે એમની સાથે કરી લેજો. જો એમાં તમને કોઈ ફેરફાર કરાવવા જેવા લાગે તો એ પણ એમની પાસે કરાવી લેજો.'

'હવે આપણે એટલું તો નક્કી કરીએ છીએ કે અવિરતદેવે જે યાદી નક્કી કરી છે તેમાંનાં બધાંને આપણે સંસ્કરણના પહેલા તબક્કામાં તો બચાવવાનાં છે. પછી નિર્માણદેવના હાથમાં લગામ હશે. મહાસંસ્કરણનો આપણો કાર્યકાળ તો ફક્ત પાંચ જ દિવસનો હશે. પછીનું બધું નિર્માણદેવના કાર્યાલય હસ્તક થશે.'

'સ્વપ્નીલ પૃથ્વીલોકનો માનવી છે અને આપણા આ સંસ્કરણના કામમાં આપણને ઘણો ઉપયોગી થયો છે. અને એને પોતાનાં અંગત મિત્રોને કદાચ આ યાદીમાં સમાવવાની ઈચ્છા પણ હશે. તો આપણે તેને પંદર દિવસનો સમય આપીએ કે જેમને તે બચાવવા માગતો હોય તેમનાં નામ અવિરતદેવની આ યાદીમાં દાખલ કરાવી દે.'

'ગઈકાલે એ માનવસમ યંત્રજીવોની દુનિયામાં ગયો હતો ને ત્યાં એણે એમને કોઈ પણ જાતના યંત્ર વગર માણસને હવામાં અધ્ધર રાખે ને મુસાફરી કરાવે એવા એક સાધનનો પરિચય પણ કરાવ્યો હતો.' એક જણે કહ્યું.

'ચાલો, ત્યાંની પ્રગતિમાં સ્વપ્નીલનું નામ જોડાયું. ફરી જાઉં ત્યારે એમને તારી દાળ-ઢોકરી બનાવવાની રીત પણ શિખવાડજે.' બીજા એકે મજાક કરી.

'એણે જે યંત્ર વગરના ઊડવાના સાધનની જાણકારી એમને આપી એને તમે નાની ન ગણશો. આપણે પણ ત્યાંથી જ પગથિયાં માંડીને ઉપર ચડ્યા છીએ ને!'

'તો પછી એ લોકો ક્યારેક અવકાશયાન બનાવે તો

આપણે એને માટે સ્વપ્નીલને જ જવાબદાર કેમ ન ગણવો!' બીજાએ મજાક આગળ વધારી.

'જો એમ જ હોય તો મારે મનાવંતદેવને ભલામણ કરવી પડશે કે ફરી વખત એ ત્યાં જાય ત્યારે સ્વપ્નીલને બદલે તમને સાથે લઈ જાય.'

'આપણાં એવાં નસીબ ક્યાંથી. અત્યારે તો બધાના સ્વપ્નીલ પર ચાર હાથ છે. એને જ્યાં જવું હોય ત્યાં લઈ જવા બધા દેવો તૈયાર હોય છે.'

'મજાક મશ્કરી બહુ થઈ. આપણે બપોરના ખાણા પછી આપણી ચર્ચા આગળ વધારીશું. હવે આપણી પાસે ફક્ત બે જ મહિનાનો સમય બાકી રહ્યો છે. બધાએ ગંભીરતાથી કામમાં વળગી જવું જોઈએ.' પોરુમદેવે કહ્યું ને બધા બપોરના ભોજન માટે અંદરના ખંડમાં ચાલ્યા.

ભોજન લેવા જતાં એક દેવે કહ્યું: 'આપણે અહીં આરામથી મનભાવતાં ભોજન જમી રહ્યા છીએ ને પૃથ્વી પર જે નવી સંસ્કૃતિનો પાયો આપણે નાખવા માગીએ છીએ એમને માટે આપણે પશુઓની હત્યા અને તેમના માંસ ભક્ષણ સિવાય બીજો કોઈ આરો નથી છોડતા. શું આ સંસ્કૃતિ આપણે માંસભક્ષી રચવાની છે?'

એનો જવાબ આપતા દોય તેમ પોરુમદેવે કહ્યું: 'એક સુત્ર એમણે જ બનાવેલું છે: જીવો જવસ્ય ભક્ષણમ્. છતાં મુનિદેવની વાત આપણે ધ્યાનમાં રાખીને એમને હાથવગાં એવાં કેટલાંક ધાન્યનાં બીજ જરૂર મૂકીશું અને જોઈશું કે એમાંના કેટલા એને જ આધારે જીવવાનું પસંદ કરે છે!' પોરુમદેવે કહ્યું.

'એક તો એ ધાન્યના બીજમાંથી નવું ધાન્ય ઉત્પન્ન થતાં ચારથી છ મહિના જેટલો સમય જશે. તેમાં તો જે લોકો માંસ ખાવા નહીં ઈચછતા હોય એમણે પણ માંસ ખાવાની ફરજ પડશે.'

'તો આપ શું ઈચ્છો છો? આપણે તેમને માટે તૈયાર પક્વાન મૂકવાં જોઈએ!'

'ના, પણ આપણે એમને માટે કેટલાક સ્થળે ધાન્યનો

પુરવઠો તો કેટલાક સ્થળે ધાન્યનાં બીજ મૂકવાં જોઈએ. કેટલાંક સ્થાન પર ધાન્ય કે બીજ કાંઈ ન મૂકતાં ફક્ત નાનાં પશુઓને જ મૂકવાં જોઈએ. પછી આપણે જોવું જોઈએ કે એવાં સ્થળો પરથી પણ માણસો ધાન્ય શોધવાના પ્રયાસો કરે છે કે નહીં.'

'મુનિદેવની વાત વિચાર માગી લે તેવી છે. આપણે તેમના અભિપ્રાય મુજબની વ્યવસ્થા કરવી જોઈએ. એમાં અવિરતદેવની જવાબદારી વધે છે. એમને કોઈ અન્ય દેવની મદદની જરૂર હોય તો આપણે એમની સાથે કોઈને મૂકવા જોઈએ.'

'મારે એ પુરવઠા ત્યાં પહોંચાડવાના નથી. મારે સમર્થદેવની સાથે ચર્ચા કરીને એવી કેટલીક હાટડીઓ બચાવી લેવી પડશે કે જેમાં આવા પુરવઠાનો સંગ્રહ થયેલો હોય. મને લાગે છે કે અમે તે કરી શકીશું.'

'આપણે આ પુનઃસંસ્કરણ એક પ્રયોગ તરીકે કરતા હોઈએ એવું મને લાગે છે. મને તો એમ હતું કે આપણે આ નવનિર્માણ માટે કરી રહ્યા છીએ.' મેં કાંઈક કહેવાની તક ઝડપી.

'આપણે આ સંસ્કરણ નવનિર્માણ માટે જ કરી રહ્યા છીએ, પણ એમ કરતાં આવા કોઈ પ્રયોગ ન કરી શકાય એવું તો તું નથી માનતો ને! પેલી તમારામાં એક ઉક્તિ છે જ ને કે ઘા ભેગો ઘસરકો. આ પણ એના જેવું જ છે એમ માનીશ તો તને આ સમજવામાં કોઈ તકલીફ નહીં પડે.' સોમનદેવે હસતાં કહ્યું.

◇

ભોજન પછી તો જાણે એ ભોજનથી બધા દેવોમાં અજબ સ્ફુર્તિ આવી ગઈ હોય એમ લાગ્યું. બધાના મેઝ પર કાગળો ને અન્ય ચીજોના ખડકલા થઈ ગયા.

એક દેવે કહ્યું: 'મેં અવિરતદેવની યાદીનો વિગતે અભ્યાસ કર્યો તો એમાંથી મને જે જાણવા મળ્યું તેનું તારણ હું આપની સમક્ષ રજૂ કરું છું. એમની યાદીમાં ઘણા બધા સજ્જનોની સાથે બાર હજાર દેશનેતાઓ, પંદર હજાર કરતાં વધુ માથાભારે ગુનેગારો, સાત સો ભક્તો, પાંચ હજાર સાધુઓ

ને પૂજારીઓ અને આઠ હજાર જેટલા મોટા વેપારીઓનો સમાવેશ થાય છે. તો આમાં સાધુઓ આટલા ઓછા કેમ છે?'

'કારણ કે એ બધા સાચા સાધુઓ છે. બાકીના કહેવાતા સાધુઓ તો ગુનેગારો કે વેપારીઓમાં આવી જાય છે.' અવિરતદેવે ખુલાસો કર્યો.

'મને સમજાયું નહીં. સાધુઓ ગુનેગારમાં ને વેપારીઓમાં કેમ?'

'એમાંના કેટલાક એમના અનુયાયીઓના જાતીય શોષણમાં તો કેટલાક ધર્મને વ્યવસાયની જેમ ધન કમાવાના સાધન તરીકે વાપરનારા સાધુઓ છે.'

'સાધુ અને જાતીય શોષણ!'

'એ જ તો જોવાનું છે. ત્યાં સાધુ એટલે બ્રહ્મચારી એવી એક સર્વસામાન્ય માન્યતા છે. હવે આપણે જાણીએ છીએ કે વિષય વાસના કોઈને છોડતી નથી. આપણા સ્વપ્નીલનો જ દાખલો લો ને! એને પોરુદેવે સામેથી જ કોઈ સ્ત્રીનો સંગ શોધી લેવાનું ન કહ્યું!' અવિરતદેવે કહ્યું ને હું શરમાઈ રહ્યો.

એમણે આગળ કહેવા માંડ્યું: 'જો આવા સાધુઓના પર આ બ્રહ્મચારીપદ પરાણે લાદી દેવામાં ન આવતું હોત તો આ સાધુઓમાંના મોટાભાગના સાધુઓ કદાચ સાચા સાધુઓ થઈ શક્યા હોત.'

'અમારે ત્યાં કેટલાક સંપ્રદાયોમાં ગૃહસ્થી સાધુઓ હોય છે. ત્યાં સ્વાર્થનુ દુષણ પેસી જાય છે.' મેં કહ્યું.

'કાંઈ વાંધો નહીં. આપણે તો બે જ વિભાગમાં માણસોને મૂકીએ છીએ. સારા માણસો ને ખરાબ માણસો. સારા માણસોને નવનિર્માણ માટે ને ખરાબ માણસોને સજા કરવા માટે આપણે બચાવવાના છે. પછી તો નિર્માણદેવ એમનું શું કરવું એ નક્કી કરવાના છે ને!'

'આપણે આડી વાતોમાં ચડી ગયા. સમર્થદેવ ને અવિરતદેવે આ માણસોને કેવી રીતે બચાવવા એ અંગે કોઈ નિર્ણય લીધો છે?' પોરુમદેવે મૂળ વાત પર બધાને લાવતાં કહ્યું.

'એ અંગે હજુ અમે કશું ચોક્કસ નથી નક્કી કર્યું પણ અમે તે એકબે દિવસમાં નક્કી કરીને આપને જણાવી દઈશું.' અવિરતદેવે કહ્યું.

'આપણે માણસો અંગે ઘણું બધું વિચાર્યું પણ સ્થાપત્યો અને સાહિત્ય તથા સંસ્કૃતિ અંગે પણ શું અને કેટલું બચાવવું એ પણ આપણે નક્કી કરી લેવું જોઈએ.' એક દેવે કહ્યું.

'તમે મારું કામ વધુ ને વધુ મુશ્કેલ કરતા જાવ છો. તમે જે નક્કી કરો તે હું બચાવવા કોશિશ જરૂર કરીશ પણ તે બધાં તમે જેવી હાલતમાં બચાવવા માગો છો એવી હાલતમાં બચાવવાં મારા હાથમાં નથી. એક વખત પ્રલય કે આંધી શરૂ કર્યા પછી એમાંથી ધાર્યાં પરિણામ જ મેળવવાં અશક્ય છે.' સમર્થદેવે પોતાની મુશ્કેલી રજૂ કરી.

ચાલો તમારી એ વાત સ્વીકારીને આગળ વધીએ તોય આપણે શું શું બચાવવું એ તો નક્કી કરવાનું રહે જ છે. આ માટે પોરુમદેવ અવિરતદેવને પોતાની પસંદગી જણાવે એ જ મને તો યોગ્ય લાગે છે.'

'ભલે એ જવાબદારી હું સ્વીકારું છું. એ હું અવિરતદેવને બે દિવસમાં જણાવી દઈશ. આપણે અગાઉથી જે દિવસ મહાસંસ્કરણ માટેનો નક્કી કર્યો છે એમાં કોઈ ફેરફાર કરતા નથી એ તો બધા સમજો છો જ ને! કોઈને આ સંસ્કરણ વખતે પૃથ્વીલોકમાં હાજર રહેવું હોય તો જણાવજો. સ્વપ્નીલને તો ત્યાં રહીને બધું જોવાનું જ છે.'

◇

સભા પતાવીને હું પૃથ્વી પર પાછો આવ્યો ત્યારે પેલો તણખો ચંપાઈ ગયો હતો. ચીન અને અમેરિકાએ યુધ્ધમાં ઝંપલાવ્યું હતું ને એક તરફ મિત્ર રાજ્યો અમેરિકાને પડખે આવી ગયાં હતાં તો બીજે પક્ષે ચીનને પક્ષે રશિયા પણ યુધ્ધમાં સામેલ થઈ ગયું હતું.

પાકિસ્તાનની એવી કોઈ હેસિયત ન હતી પણ એ આ યુધ્ધનું મેદાન બની રહ્યું હતું. ભારત એમાંથી તટસ્થ રહેવા પ્રયત્ન કરતું હતું પણ એનેય પાડોશની રણભૂમિના તણખા તો ઊડતા જ હતા. અમેરિકાએ અણુશસ્ત્રો સાથેના વિમાનો એશિયાચી હવામાં ઊડતાં રાખ્યાં હતાં. કોઈ પણ ક્ષણે

અણુયુધ્ધ ફાટી નીકળવાની જાણે ઘડીઓ ગણાતી હતી.

# ૧૨.
# મહાસંસ્કરણ

પૃથ્વી પર પાછા આવી મારું પહેલું કામ હતું મારા દોસ્તો અને મારા વિચારોમાં સંમત થઈ મારી સાથે જોડાએલા કેટલાક લોકોને બચાવવાનું. હજુ લગભગ પંદર દિવસનો સમય હતો મારી પાસે પણ આવાં માણસોને અલગ તારવી લેવાનું કામ બહુ અઘરું હતું. ને મેં આવાં માણસોની એક યાદી તૈયાર કરવા માંડી.

બે દિવસની મહેનત પછી મેં જ્યારે આ યાદી પૂર્ણ કરી ત્યારે મને લાગ્યું કે હજુ એમાં બીજાં વધારે નહીં તોય વીસેક નામ તો ઉમેરવા જેવાં રહી જતાં હતાં. ને મેં તે ઉમેરી લીધાં. મારે કેટલાં નામ ઉમેરવાનાં છે એનો કોઈ ચોક્કસ આંકડો પોરુમદેવે મને આપ્યો ન હતો એ સારું જ થયું હતું એમ મને લાગ્યું.

આ બધાંને કયા ચોક્કસ સ્થળે લઈ જવાં એ મારે નક્કી કરીને સમર્થદેવ પાસે એ સ્થળને એમના વિનાશના ડાયરામાંથી બકાત રાખવાનું કહેવાનું હતું. મને ખાતરી હતી કે એ મારી વાત સમજશે. અથવા મારે એમણે બતાવેલે અન્ય સ્થળે આ બધાંને લઈ જવાનું ગોઠવવું પડશે. ને મેં સ્વર્ગનો એક વધુ ફેરો ખાઈ એ કામ પણ પતાવી દીધું.

મારા સમચારપત્રની ઑફિસમાં જઈને મેં મારા સાથી કર્મચારીઓને ખાનગી વાત કહેતો હોઉં એમ આવી રહેલા આ મહાસંસ્કરણની વાત વિગતે કરી. મારી વાત ન માનવાની તેમનામાં હિંમત ન હતી. તેઓ એમાંથી કેમ બચવું એનો વિચાર કરવાને બદલે ગભરાઈ રહ્યા.

મેં તેમને જણાવ્યું કે હું તેમને એક એવી જગ્યાએ લઈ જવા માગું છું કે જ્યાં આ મહા હોનારતની સૌથી ઓછી અસર વર્તાવાની છે. મેં એમને એમ પણ સમજાવવા કોશિશ કરી કે આ હોનારત પછી પૈસાની કોઈ કિંમત રહેવાની નથી એટલે

એમણે જો કશું બચાવવું હોય તો ફક્ત ખાવાની ચીજો, કપડાં અને દવાઓ જેવી કેટલીક ચીજો જ છે.

મેં જુદે જુદે સ્થળેથી બસોની ચાર ટૂર આયોજિત કરી હતી. આ દરેક ટૂર મારા નક્કી કરેલા સ્થળે એક સાથે પહોંચે એવું મેં આયોજન કર્યું હતું. મહાસંસ્કરણને દિવસે બપોરે જ આ બધા ત્યાં પહોંચી જાય એવી વ્યવસ્થા મેં વિચારી હતી. ને ત્યાં મેં એક આખું ગેસ્ટ હાઉસ માગ્યા તેટલા રૂપિયા આપીને એક દિવસ પુરતું ભાડે રાખી લીધું હતું.

બધાને ખબર તો હતી જ કે મેં કરેલી મહાવિનાશની જ આ રાત હતી. તો સામે પક્ષે એમને એમ પણ લાગતું હતું કે હું તેમને મહાવિનાશનો આ નજારો સારી રીતે જોઈ શકાય એવા સલામત સ્થળે લઈ આવ્યો હતો એટલે તે બધા આનંદમાં હતા ને રાતે થનારા મહાવિનાશને વધાવવા જાણે તૈયાર હતા.

મેં એમને  સામે બેસાડીને ગંભીરતાથી આવનારી આફત વિષે વિગતે વાત કરી. મેં એ પણ જણાવ્યું કે હું તેમને આ મહાવિનાશનો નઝારો બતાવવા માટે નહીં પણ તેમને એ બધાથી બચાવવા માટે જ અહીં લઈ આવ્યો છું.

મેં એમને કહ્યું: ‘આ મહાવિનાશ પછી તમારે જે કોઈ ચીજની ખાસ જરૂર છે એવી કેટલીક ચીજો સાથેની ટ્રકમાં છે. એમાં જે ખાધા ખોરાકી અને જીવન જરૂરિયાતની ચીજો છે એ કાળજીથી વાપરવાની અને સાચવવાની છે. જે બધી ચીજોની તમારે જરૂર પડશે એ બધી હું લઈ આવ્યો છું. તમારે એકજૂથ થઈને રહેવાનું છે ને રહેવાની તેમ જ ખાવાની ચીજો માટે બહાર તપાસ કરતા રહેવાનું છે.

‘પાંચસાત દિવસ પછી તો અનેક ભૂખ્યા લોકો લૂટફાટ કરવા માંડશે તેમનો તમારે સામનો કરવો પડશે. તમે બધા એક સાથે હશો તો જ એમને પહોંચી વળી શકશો. મારી વાતને હસવામાં ન કાઢી નાખતા. હું જે કહું છું તે પ્રમાણે બનવાનું જ છે. માટે તમે બધા કમર કસીને તૈયાર થઈ જાઓ.

‘આજે રાતે ભયંકર હોનારત થશે એ તો મેં ભાખેલું જ છે. તમને હજુ એનો ચોક્કસ ખ્યાલ નહીં આવતો હોય પણ આ હોનારત પછી જે બે લાખ માણસો જ બચવાનાં છે તેમાંના જ તમે છો. તમારી આસપાસ કદાચ કોઈ જ નહીં હોય. તમારે

તમારા આટલા સિવાય કોઈનું મોં જોવું હોય તો પચીસ કે પચાસ કીલો મીટર દૂર જવું પડશે.'

'તમે કહ્યું હતું કે પછી પૈસાની કોઈ કિંમત નહીં રહે તો અમારે કોઈ ચીજની જરૂર પડશે તો તે મફત મળવાની છે?' એક જણે પૂછ્યું.

'એટલે જ હું કહું છું કે તમે મારી વાત સમજ્યા નથી. તમારે જે ચીજ જોઈએ તે ક્યાંથી મળશે એની તમારે પહેલાં તપાસ કરવાની છે ને પછી તે મેળવવાની છે. જો તે કોઈના તાબામાં હોય તો એની પાસેથી માગી ભીખીને અથવા બદલામાં તમારી કોઈ ચીજ આપીને તમારે એ મેળવવી પડશે. તમે ટોળું બનાવીને એ ચીજ કોઈની પાસેથી લૂટી લો એમ હું નથી ઈચ્છતો. તમારે જ તો નવી દુનિયાનો પાયો નાખવાનો છે ને એ પાયો લૂટફાટ કે અનીતિથી ન નખાય એટલું તો હું જરૂર ઈચ્છું છું.'

હવે કેટલાકને મારી વાત સમજાઈ હોય એમ લાગ્યું. મેં આગળ કહ્યું: 'જુઓ આખી દુનિયાને માથે આફત આવવાની છે પણ બધા કાંઈ આપણા જેવા સજ્જન નહીં હોય. કેટલાક માથાભારે પણ એમાં હશે. તમારે એમનો સામનો કરવો પડશે. એમનાથી તમારી પાસે જે કાંઈ છે એનું રક્ષણ પણ કરવું પડશે. એટલે તમારામાંથી આપણે એક કમીટી બનાવવી પડશે ને તેના આદેશ મુજબ બધાએ વર્તવું પડશે તો જ તમે આ વિકટ પરિસ્થિતિમાંથી હેમખેમ બહાર આવી શકશો.'

'એના કરતાં આપણે ત્યાં શહેરમાં જ રહ્યા હોત તો આવી કશી અગવડ તો ન વેઠવી પડત ને!'

'કયું શહેર? હવે કોઈ શહેર કે કોઈ ગામડું બચવાનું નથી. તમારે તમારું ઘર ને તમારી માલમિલકત એ બધું ભૂલી જવાનું છે ને નવેસરથી એકડે એકથી આગળનું ભણવાનું છે. હું તમારી સાથે છું.'

'તમે કહો છો એ બધું પતી જાય પછી મારે આપણા શહેરમાં જઈને જોવું તો પડશે કે એમાંથી કેટલું બચ્યું છે? હું તો ઈચ્છું છું કે એ બધું જેમનું તેમ જ હોય. આપણી ઑફિસ પણ હેમખેમ હોય.'

'એટલું થાય તો માનવું કે ભગવાને તારી વાત

સાંભળી છે. બાકી તો મેં જેમ કહ્યું તેમ કશું બચવાનું નથી. તમારે ને બીજાં જે બચી ગયાં હોય એમણે બધું નવેસરથી ઊભું કરવાનું છે એમ જ માનજો.'

'હજુ તો પવનની લહેરખીય આવતી નથી. મને લાગે છે કે તમે ખોટા પડવાના છો. બહાર ઝાડનું પાંદડુંય હાલતું નથી ને તમે આખી દુનિયાના નાશની વાત કરો છો.'

'હજુ તો આઠ વાગ્યા છે. મેં કહેલા સમયે તમને ખાતરી થઈ જશે કે મારા પર વિશ્વાસ રાખીને તમે અહીં આવ્યા એ સારું થયું છે નહીં તો તમેય આ કાળના ખપ્પરમાં હોમાઈ ગયા હોત.'

ત્યાં તંત્રીએ બૂમ પાડી: 'અમેરિકાએ ચીન પર અણુબોંબ નાંખ્યો. આજે આવા મહત્વના સમાચાર ઊતર્યા ત્યારે જ હું આપણી ઑફિસમાં નથી.' ત્યાં એમનો મોબાઈલ પણ મૂંગો થઈ ગયો.

અમારી આવી વાતો ચાલતી હતી ત્યાં જ દૂરથી ભયંકર ગડગડાટના ને ધડાકાના અવાજો આવવા લાગ્યા. મેં વિચાર્યું કે મહાસંસ્કરણની છડી પોકારાતી હતી. કોઈકે બારીમાંથી બહાર જોવા માંડ્યું તો કેટલાક હિંમત કરીને બહાર નીકળ્યા. પણ એક મહા ભયાનક ધડાકો થયો ને દૂર જોરદાર આગની જ્વળાઓ ઊઠી એટલે બહાર નીકળેલા બધા ગભરાઈને મકાનની અંદર ભાગી આવ્યા.

મેં કહ્યું: 'બધા હવે ભાગી જઈને બહાર નીકળી શકાય તેમ ઊભા રહેજો. જો આ મકાન પર આફત આવે તો જ આપણે બહાર ખુલ્લામાં નીકળવાનું છે. બહાર પણ આપણે સલામત નથી એમ જ માનવાનું છે. આજે અનેક જ્વાળામુખી ફટવાના છે, દરિયામાં મોટી મોટી સુનામીઓ આવવાની છે ને ભયંકર ધરતીકંપ થવાના છે. કોઈ મોટી ઈમારત કે કોઈ સ્થાપત્ય બચી શકવાનું નથી. બચી ગયેલા લોકોએ પોતાને રહેવા માટે ઝૂપડાં પણ જાતે જ બાંધવાં પડવાનાં છે.'

'ખાલી પડેલાં મકાનોમાં ન રહી શકાય? કેટલાંક મકાનો તો બચી જશે ને!' એક જણે કહ્યું. મને થયું કે હજુ એને મારું કહેવું સમજાયું નથી.

મેં કહ્યું: 'કોઈ મકાનો બચવાનાં જ નથી. લગભગ

બધાં મકાનો કાં તો દરિયાને તળિયે હશે કે તે જ્વાળામુખીની રાખ નીચે ધરબાઈ ગયાં હશે કે પછી ઈંટ માટીના ઢગલામાં ફેરવાઈ ગયેલાં હશે. તમને અહીંથી બહાર નીકળતાં પણ બીક લાગે એવું ભેંકાર વાતવરણ બહાર હશે.'

પણ મારે વધારે કહેવાની જરૂર જ ન પડી. અમારા આ ગેસ્ટ હાઉસનો ચોકીદાર એની ઓરડીમાંથી ગભરાઈને મકાન તરફ આવતો હતો ત્યાં એક જોરદાર વંટોળ આવ્યો કે એ ઊડીને અક ઝાડની ઊંચી ડાળી પર જઈને પડ્યો ને ને અમે કાંઈ વિચારીએ તે પહેલાં તો પેલું ઝાડ એને લઈને દૂર ખીણની સામેની ભેખડ પર જઈને પટકાયું. ડરના માર્યા બધા મનમાં ભગવાનને યાદ કરતા મારી પાછળ ભરાયા. હવે એમને સાચી પરિસ્થિતિ સમજાઈ હોય એમ મને લાગ્યું.

મેં કહ્યું: 'તમારે કોઈએ આંધળિયાં કરીને કોઈ જોખમ લેવાનું નથી. જો તમારામાંથી કોઈને કાંઈ થઈ જશે તો મારું કર્યું કારવ્યું વ્યર્થ જશે. બહાર બધું જ આપણને ભરખી જવા તૈયાર છે એમ જ માનવું. બધા ગરમ કપડાં પહેરી લો અને માથા પર પણ કાંઈક બાંધી લો ને ટોપીઓ પહેરી લો. કદાચ કોઈ ચીજ તમારા પર પડે તો પણ તમને ઈજા ન થાય એ માટે સાવધ રહો.'

'ગેસ્ટ હાઉસનું આ મકાન તો નવું જ બનેલું હોય એવું લાગે છે. મને લાગે છે કે એ તૂટી નહીં પડે.' એક જણે પોતાના મનને સાંત્વન આપતો હોય એમ કહ્યું.

'કોઈ મકાન બચવાનું નથી. મને જે સૌથી સલામત જગ્યા લાગી છે ત્યાં હું તમને લઈ આવ્યો છું. હવે આપણે ભગવાનને પ્રાર્થના જ કરવાની છે કે એ આપણને બચાવે.'

ત્યાં જ એક ભયંકર અવાજ આવ્યો ને ગેસ્ટ હાઉસનું મકાન જાણે પાયામાંથી ધ્રુજી ઊઠ્યું. અમારામાંના જે લોકો હજુ પૂરા ડર્યા ન હતા ને તરેહ તરેહની કલ્પનાઓ કરતા હતા તેય હવે તો ડરીને બારણા પાસે આવી ગયા. કેટલાક તો મને વળગીને ઊભા રહી ગયા હતા.

કોઈકે ડરતાં ડરતાં બારીમાંથી બહાર જોતાં કહ્યું: 'આકાશમાં કાળાંધબ વાદળો ધસી આવ્યાં છે ને ચાંદો પૂરેપૂરો ઢંકાઈ ગયો છે.'

મને થયું એ કદાચ કાંઈ જ્વાળામુખીની રાખ પણ હોઈ શકે. પણ મેં કોઈને એવું કહ્યું નહીં. હું એમને વધારે ડરાવી મૂકવા માગતો ન હતો. ત્યાં બહાર કડાકા ને ભડાકાનું જાણે તાંડવ જ શરૂ થઈ ગયું. એક વિશાળ ઝાડ મૂળમાંથી ઊખડીને ઊડીને અમારી બહાર પાર્ક કરેલી બસ પર પડ્યું. એનો ડ્રાઈવર તો બાપડો હાથમાં માળા લઈ ક્યારનોય અમારી પાસે આવી ગયો હતો ને એક બારી પાસે બેસીને માળા ફેરવી રહ્યો હતો.

બસ પર આ ઝાડને પડતું જોઈ એનાથી બોલાઈ ગયું: ‘મારી બસ તો ગઈ.’ બોલતાં એણે અમારી સામે જોયું ને અમારાં ડરીને બઘાઈ ગયેલાં મોં સામે જોતાં એનેય કશોક અમંગળ ખ્યાલ આવી ગયો હોય એમ એ માળા ફેરવતો મોટેથી ભગવાનનું સ્મરણ કરવા માંડ્યો.

મેં ઘડિયાળમાં જોયું તો હજુ તો રાતના અગિયાર જ વાગ્યા હતા. હવે જ ખરી ગડેડાટી થવાની હતી ને એ બધું પાંચ દિવસ ચાલવાનું હતું. અમારે આખી રાત આમ અજંપામાં જ કાઢવાની હતી. અમારે કેવી પરિસ્થિતિનો સામનો કરવાનો છે એની ખબર તો સવારે સહેજ અજવાળું થાય ને આ કડાકા ભડાકા ઓછા થાય એટલે બહાર નીકળીને જોવાનું હતું. પણ મને તો ખબર હતી જ કે આ કડાકા ભડાકા ઓછા થવાના ન હતા.

મને સમર્થદેવના આયોજન પર શ્રધ્ધા હતી. હજુ સુધી તો એમણે અમને બચાવી લીધાં હતાં. ત્યાં અમારા ગેસ્ટ હાઉસની લાઈટ પણ ગઈ. બહારની લાઈટ તો પહેલા ધડાકા સાથે જ ગઈ હતી પણ ગેસ્ટ હાઉસની લાઈટ આપોઆપ જનરેટર પર ચાલુ થઈ ગઈ હોવાથી ડીઝલ પહોંચ્યું ત્યાં સુધી ચાલુ રહેલી.

અમારા આ ટોળામાં પચાસ જેટલી સ્ત્રીઓ ને પંદરેક બાળકો પણ હતાં. કેટલાંક બાળકો રડતાં હતાં તો કેટલીક સ્ત્રીઓ પણ જાણે એમને સાથ આપતી હોય એમ છાનું છાનું રડતી જ હતી. એકે રડતે સાદે મને કહ્યું: ‘સપનીલભાઈ, આ બધું બંધ કરાવો ને. તમારું કહેવાનું ભગવાન માનશે.’

‘બહેન આ ભગવાનનો જ કોપ છે. આજે એમાં મારું કે

આપણું કાઈનું ચાલે તેમ નથી. હું તમને બધાંને એટલે તો અહીં લઈ આવ્યો છું કે તમે બધાં આ કોપમાંથી ઉગરી જાવ. પછી તો જેવી ભગવાનની મરજી.'

'તે ભગવાન આપણા પર આવું કેમ કરતા હશે!'

'માત્ર આપણા પર જ નહીં પણ આખી દુનિયા પર ભગવાન ખફા થયા છે.'

'તે થાય જ ને. આપણે એમને જરૂર પડે ત્યારે જ યાદ કરીએ છીએ. એક વાર ગરજ પતી કે પછી હું કોણ ને તું કોણ! લોકો મંદિરમાંથી ભગવાનનાં ઘરેણાં ચોરી જાય પછી ઉપરવાળો કેટલા દિ આ સાંખી લે? અરે, કળજુગ આયો છે બોન કળજુગ. આજે તો મારો વહાલો શંકર ભગવાન રૂઠ્યો છે. એ તાંડવ નાચ કરી રહ્યો છે. એ આખી દુનિયાનું ધનોતપનોત કાઢીને જ જંપશે.' ખૂણામાંથી પેલો ડ્રાઈવર બોલ્યો.

'બધાં એ જ દાવનાં છે. એમણે મરજાદ મેલી દીધી છે. ધરમધ્યાન કરતાં એમને કાંટા વાગે છે જશે સીધા નરકમાં. હરગમાં તો એમને કોણ પેસવા દેતું 'તું.' બીજી એક મરજાદી બાઈએ બળાપો કાઢ્યો.

ત્યાં એ ડ્રાઈવરના ગળામાંથી ભજનની સુરાવલી વહેવા માંડી:

**પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે**
**તારી બેડલીને બુડવા નહીં દઉં**
**તારી બેડલીને બુડવા નહીં દઉં જાડેજા રે**
**એમ તોરલ કહે છે જી.**

**હરણ હણ્યાં દસ લાખ તોરી રાણી**
**હરણ હણ્યાં દસ લાખ રે.**
**વન કેરા મોરલા મારીયા**
**મેં તો વન કેરા મોરલા મારીયા તોરલદે રે.**

**લૂટી કુંવારી જાન તોરી રાણી**
**લૂટી કુંવારી જાન રે**
**મોડબંધ વરને મારીયા**
**મેં તો મોડ બંધ વરને મારીયા તોરલદે રે**

**એમ જેસલ કહે છે જી.**

એના ગળામાંથી આવતા આ ભજનનો ભાવ કેટલાકને અત્યારે એવો આશ્વાસનભર્યો લાગ્યો કે એ લોકો એની સામે આવીને બેસી ગયા.

'મારો વાલીડો તારો સાદ જરૂર સાંભળશે મારા વીરા.' કહેતાં પેલી મરજાદી સ્ત્રીએ એનાં ઓવારણાં લીધાં.

◇

બહાર ગગડાટ થોડા ઓછા થયા હતા. અંદર રડતાં છોકરાં પણ શાંત પડ્યાં હતાં. બધાંના મનમાં એમ થઈ ગયું હતું કે ભગવાને તેમને ઉગારી લીધાં હતાં. પણ મને ખબર હતી કે આ શૃંખલા તો પૂરા પાંચ દિવસ ચાલવાની હતી.

મેં એક જણને પેલા સામાનમાંથી થોડો નાસ્તો કાઢીને બધાને આપવાનું સોંપ્યું ને બહારની પરિસ્થિતિ જોવા હું બહાર નીકળ્યો. બીજા બે જણા પણ મારી પાછળ બહાર આવ્યા. ગેસ્ટ હાઉસ ટેકરી પર હતું એટલે ઉપરથી ચારે તરફ જોવાય તેવું હતું. પણ હજુ સવારનું અજવાળું થવાને થોડી વાર હતી છતાં ઝાંખો ઉજાસ હતો.

એક જણે નીચે તરફ જોતાં બૂમ પાડી: 'અંધારામાં કશું ચોખ્ખું દેખાતું નથી પણ નીચે તો પાણી ફરી વળ્યાં હોય એવું લાગે છે. નીચેનું રોઝીયું ગામ ક્યાં ગયું?'

'પાણીને તળિયે ગરક થઈ ગયું લાગે છે. ભાઈ, તમે કહેતા હતા એવું જ છે. આખું ગામ પાણીમાં ડૂબી ગયું. એની વસ્તીમાંથી કોઈ બચ્યું હશે કે બધાં ઊંઘમાં જ ઉપર પહોંચી ગયાં હશે! આપણા શહેરનું પણ આવું જ થયું હશે તો..?'

'ભાઈ, આપણે આજુબાજુ તપાસ કરવી જોઈએ. અહીં બાજુમાં જ એક સ્ટોર હતો. તેનું શું થયું એ જોવું જોઈએ.' કહેતાં એણે પેલા સ્ટોરની દિશામાં ચાલવા માંડ્યું. અમે પણ તેની પાછળ ચાલ્યા.

થોડે દૂર ગયા પછી ઈંટ-માટીના એક ટેકરા પાસે પહોંચી પેલો કહે: 'ભાઈ, અહીં જ સ્ટોર હતો.' કહેતાં એણે હાથ વડે કેટલાક ઈંટાળા આઘા કર્યા તો એ સ્ટોરનું બોર્ડ દેખાયું. એક જણ પાછા જઈ ગેસ્ટ હાઉસમાંથી બીજા માણસોને

બોલાવી લાવ્યો. ને અમે બધા એ સ્ટોરનો કાટમાળ ખસેડવા મંડી પડ્યા.

લગભગ સાંજ પડવા આવી ત્યારે અમે સ્ટોરનો ઉપરનો મલબો તો ખસેડી શક્યા. પછી અંદર પડેલા કચરાને બહાર ફંગોળતાં અમે અંદર તપાસ કરવા માંડી. એમાં અમારે જોઈતાં રેશનપાણી એટલાં બધાં હતાં કે અમારે આખા વરસ સુધી ચાલી શકે.

'રાશન પાણી તો છે પણ રસોઈ કરવાનાં વાસણોનું શું?' એક જણે કહ્યું.

'એય હશે. મેં ક્યાંક નૉન સ્ટીક પાન જોયું હતું.' કહેતાં એ પાછળની તરફ ગયો ને એક તપેલું તથા બે ત્રણ પાન લઈ આવ્યો.'

'આમાં ચૂલા પણ વેચાતા હોત તો કેટલું સારું થાત. આપણે આ નૉનસ્ટીક પાનનું કરીશું શું?'

'કેમ ચૂલો બનાવીને એના પર રોટલા બનાવીશું.' બીજાએ કહ્યું.

'હા, ચૂલા પર નૉનસ્ટીક પાનમાં રોટલા કરનારા આપણે કદાચ પહેલા જ હોઈશું.' બીજા એકે હાજિયો પુરાવ્યો.

પણ ગેસ્ટ હાઉસ પર આવીને તપાસ કરી તો એમાં તૈયાર રસોડું ને સો એક માણસોને માટે જમવાનું કરી શકાય તેવાં વાસણો હતાં જ. જો થોડાં વધારે માણસોનું જમવાનું કરવું હોય તો તે બે કટકે કરવું પડે અથવા પેલા સ્ટોરમાંથી લાવેલાં નાનાં નાનાં વાસણોમાં કરવું પડે. ગમે તે પણ આમ અમારો ખાવા બનાવવાનો પ્રોબ્લેમ તો સોલ્વ થઈ ગયો.

એક જણે કહ્યું: 'પેલા સ્ટોરમાંથી આપણે જોઈતી ચીજો અને રાશન અહીં લાવીને ભરી દેવાં જોઈએ. કાલે કદાચ બીજાની નજરે પડી જાય તો આપણા હાથમાંથી જાય ને આપણને પછી તકલીફ પડે.'

'એમ જ કરવું જોઈએ. હજુ તોફાન પત્યું નથી. કાલની કોને ખબર છે. આજે જ બધું ફેરવી લેવું જોઈએ.' બીજાએ કહ્યું ને બધા એ ફેરવવામાં વળગી પડ્યા.

ગેસ્ટ હાઉસ પર પાણીની ટાંકી મોટી હતી ને ભરેલી પણ હતી. પણ અમારે પાણીનો ઉપયોગ કરકસરથી કરવાનો હતો એટલે અમે નક્કી કર્યું કે કોઈએ નહાવા માટે કે બાથરૂમ માટે એ પાણીનો ઉપયોગ ન કરવો. એને બદલે જેને જેટલું પાણી જઈએ એટલું નીચે ભરાયેલા પાણીમાંથી બાલદીથી ભરી લાવીને વાપરવું.

ગેસ્ટ હાઉસમાં રૂમોનો તોટો ન હતો એટલે દરેકના અલગ અલગ રૂમો પણ ફાળવી દેવામાં આવી. કોઈ પાણીનો બગાડ ન કરે એ માટે બધાને ચેતવણી તો આપવામાં આવી જ હતી તેમ છતાં પાણીની ટાંકીનો વાલ્વ ફક્ત ખાવા બનાવતી વખતે જ ચાલુ કરવાનો નિયમ રાખ્યો. પાણીની બોટલો પણ એક રૂમમાં મૂકી તેને તાળું મારીને તેની ચાવી નિમેલા મુખ્ય કાર્યકર અવિનાશને આપી દેવામાં આવી હતી એટલે એ બોટલો પણ છેવટના આધાર તરીકે વાપરવા માટે સુરક્ષિત રાખવામાં આવી હતી.

અમારા સામાન્ય અંદાજ પ્રમાણે આ ટાંકીનું તથા બોટલોનું પાણી પંદર દિવસ તો ચાલશે જ એવું તારણ કાઢવામાં આવ્યું હતું.

તો ટ્રકના ડ્રાયવરે એક નવો સુઝાવ આપ્યો કે ત્રણ બસો અને ટ્રકની ટાંકીઓમાંથી ડીઝલ કાઢીને જો જનરેટરમાં પૂરવામાં આવે તો જનરેટરથી બોરમાંથી પાણી ખેંચીને પાણીની ટાંકી ભરી શકાય તેમ હતી. પણ અવિનાશે એને આ વાત ખાનગી રાખવા સમજાવી દીધો હતો. જો આ વાત બધા જાણી જાય તો તેઓ પાણીનો આડેધડ વપરાશ કરે ને કદાચ ચોખ્ખું પાણી મળતા પહેલાં જ ડીઝલ ખલાસ થઈ જાય તો તકલીફ ઊભી થાય. ગમે તેમ પણ બધું મારી ધારણા કરતાં વધારે સારી રીતે ગોઠવાતું જતું હતું. જો કે હજુ તો બીજા ચાર દિવસ આ પ્રાથમિક તબક્કાના કાઢવાના હતા.

અમે આજુબાજુ તપાસ કરી લીધી હતી પણ ક્યાંય કોઈ બચી ગયેલું મળ્યું ન હતું. ને ટેકરીની ચારે તરફ તો પાણીનો મહાસાગર ઘુઘવતો હતો. એ તરફથી ન તો કોઈ આ તરફ આવવાનું હતું કે ન તો અહીંથી એ તરફ કોઈ જઈ શકે તેમ હતું.

આમ ને આમ પાંચ દિવસ વીતી ગયા. સામર્થદેવના વિનાશનું કેન્દ્ર બીજી તરફ હતું એટલે અમે કેટલાક નજીવા ગડગડાટ કે ધરતીકંપ સિવાય કોઈ મોટા આંચકાથી બચી ગયા હતા. તોય મારી સાથેનાં લોકો તો કાયમ ભયના ઓથારમાં ફડફડાતાં જ રહેતાં હતાં.

# ૧૩.
# તબાહીનું તાંડવ-૧

મને થયું કે સંસ્કરણનો પહેલો દોર ખત્મ થઈ ગયો છે એટલે મારે હવે નવી દુનિયાનો નઝારો નિહાળવા જવું જોઈએ.  મારા સાથીઓથી બહાનું કાઢીને થોડે દૂર જઈ મેં સ્વર્ગની વાટ પકડી. ત્યાં જઈ મેં પોરુમદેવની અનુમતિ લીધી ને માનસીને સાથે લઈને પુષ્પક વિમાનની સફર શરૂ કરી.

આ વિમાન દુન્યવી લોકોની નજરે પડ્યા સિવાય કે કોઈ પણ જાતનો અવાજ કર્યા સિવાય ઝડપથી હવામાં તરતું જઈ શકતું હતું. ક્યારેક વાદળોની ઉપર તો ક્યારેક પાણીની સપાટીથી ફક્ત હજાર ફીટની ઊંચાઈએ ઊડતાં મેં નવી દુનિયાનું વિહંગાવલોકન કરવા માંડ્યું.

આખી દુનિયા જાણે સમુદ્રમાં ડૂબી ગઈ હોય એમ ચારે તરફ પાણી જ પાણી દેખાતું હતું. પાણીમાંથી કેટલાક નાના નાના ભૂ ભાગ બહાર ડોકિયાં કરી રહ્યા હોય એમ દેખાતા હતા ખરા. એના પર ક્યાંક અસહાય લોકો જીવ બચાવવા વલખાં મારતા નજર આવતા હતા.

એક ઠેકાણે એક યુગલ પોતાના બાળકને તેડીને શૂન્યમનસ્કશું ઊભું હતું. એક મગર જડબુ ફાડીને એમના તરફ ધસી રહ્યો હતો. એનાથી કેમ બચવું એની વિમાસણમાં એ લોકો ગભરાઈ રહ્યાં હતાં. જો તેઓ પાણીમાં કૂદી પડે તોય મગર તેમને છોડવાનો ન હતો. ને ધરતી પર તો મગર સામે જ હતો.

મને તેમની દયા આવી ને મેં મારા વિમાનમાંથી એક સુવર્ણ મુદ્રા પેલા મગરના મુખ પર ફેંકી. એ મુદ્રા એની બે આંખોની વચ્ચે જ વાગી ને ગભરાઈને મગર પાછો ફરી ગયો. મને થયું ચાલો એક સારું કામ તો થયું. ત્રણ જીવ તો બચી

ગયા, પણ કેટલો સમય! હું એમને બચાવવા કાયમ તો અહીં હાજર રહેવાનો તો ન હતો ને! અહીં ડગલે ને પગલે મોત ડોકિયાં કરી રહ્યું હતું.

ચારે તરફ પાણીનો મહાસાગર લહેરાતો હતો એમાં દુનિયાનો કોઈ જાણીતો પ્રદેશ ઓળખવો મુશ્કેલ હતો. કદીક લાગતું કે હું અમેરિકા પર ઊડી રહ્યો છું તો કદીક એમ પણ લાગતું કે હું રશિયા પર ઊડતો હતો.

ક્યાંક જ્વાળામુખીની રાખ વચ્ચેથી મારું પુષ્પક વિમાન પસાર થતું હતું તો મનેય ગભરાટ થઈ જતો હતો ત્યાં એની રાખની નીચે ધરબાઈ ગયેલાં લાખો કરોડોનું શું? મને થતું હતું એ ગરમ રાખમાં ભૂંજાતાં તરફડતાં બીજાં એટલાંનું શું?

કુરુક્ષેત્રના યુધ્ધ પછી અર્જુનની જે સ્થિતિ હતી એવી સ્થિતિ અત્યારે મારી હતી. હું ભલે આ સંહારનો સર્જક ન હતો પણ એમાં મારો હિસ્સો તો હતો જ ને!

કોઈ ઈમારત કે કોઈ સ્થાપત્ય ક્યાંય દેખાતાં ન હતાં. કદાચ પાણીની નીચે એમાંનું કશું સલામત પણ હોય. વરસો પછી કોઈ વૈજ્ઞાનિક એને શોધીને ડૉક્ટરેટ કે કોઈ મોટું ઈનામ મેળવશે પણ આજે?

મેં અમારું વિમાન ઉત્તરધ્રૂવ કરફ હંકારવા કહ્યું. ત્યાં બરફના પહાડોની જગાએ વિશાળ જલરાશી લહેરાતો હતો. મને થયું કે વખત જતાં આ આખો જલરાશી બરફમાં ફેરવાઈ જશે ત્યારે શું થશે? એને કારણે તો હીમયુગનું આગમન વહેલું થઈ જશે ને કદાચ લાંબો સમય સુધી ટકશે પણ ખરું.

થોડુંક દક્ષિણમાં ગયા પછી જે નાનાનાના ટાપુઓ દેખાતા હતા તે જોતાં મને લાગ્યું કે વખત જતાં એ બધા સરકીને એકબીજા સાથે જોડાઈને વિશાળ દેશની રચના કરે તોય નવાઈ નહીં. જેમ ભારત પણ એક વખત દક્ષિણમાંથી ઉપરની તરફ સરકીને એશિયામાં જોડાઈ ગયો હતો તેમ જ.

આમાં માણસો ક્યાં! ક્યાંક ક્યાંક પાંચ દસના સુમૂહમાં થોડાં માણસો દેખાતાં હતાં ખરાં, નિસ્તેજ અને હતાશ. એમને ભાવિની જાણે ચિંતા કરવાનો અવકાશ ન હતો, એમને સૌને જાણે આજની જ ચિંતા હતી. એક તો આ અચાનક આવી

પડેલી આફતને કારણે હતાશ થઈ ગયેલાં ને જ્યાં ડગલે ને પગલે મોત ડોકિયાં કરતું હોય ત્યાં બિચારાં ભાવિને વિષે વિચારી પણ શું શકે!

મને આ અવલોકન પડતું મૂકીને સ્વર્ગલોકમાં ભાગી જવાનું એક વખત તો મન થયું પણ પોરુમદેવે મને આ અવલોકન માટે મંજૂરી આપી હતી તેમાં એક આદેશ પણ હતો. મારે આ અવલોકનનો અહેવાલ પણ તેમને આપવાનો એમાં આદેશ આવી જતો હતો. ને મારે મારી અવલોકન સફર ચાલુ રાખવી પડી.

એક જગાએ જ્વળામુખીની રાખમાંથી અર્ધું દટાયેલું એક શહેર મોટી મોટી ઈમારતો અને તેની ઉપરના વાયરલેસના ટાવરોથી ડોકિયાં કરતું હતું. ને ઉપરથી વરસતી રાખ અને પૂરું ઢાંકી દેવા ધસમસતા પૂરની જેમ વરસ્યા કરતી હતી.

આ ઈમારતોમાંથી કોઈ જીવતું રહીને દૂર ભાગી ગયું હશે કે બધાં આ ગરમ ગરમ રાખમાં જ શેકાઈને ભડથું થઈ ગયાં હશે? તો બીજી તરફ એવો પણ વિચાર આવ્યો કે પેલાં નાનાં નાનાં મકાનોનું ને એમાં રહેલાં લોકોનું શું! એમને માથે તો મકાનનો કાટમાળ પડ્યો હશે તેમાંથી બચવાનાં હવાતિયાં મારતાં હશે ત્યાં ઉપરથી આ ગરમ ગરમ રાખ!

હું મનમાં જ પોકારી ઊઠ્યો: હે ભગવાન, હે નિર્માણદેવ, આ તે કેવું તમારું રીસાયકલ! જીવતાં જ શેકાઈ જનારા આ જીવોના આર્તનાદ ને હું તેવા તમારા આ કર્તવ્યનો ભાગીદાર! જો આ જરૂરી હોય તો એમાં થોડી દયાની ભાવના ભેળવીને એને સહ્ય કેમ ન બનાવાય? મોત પણ હસતું આવે તો વહાલું લાગે. પણ મારા આ સ્મશાન વૈરાગ્યનો કોઈ અર્થ ન હતો. સ્વર્ગમાં તો હું એક સામાન્ય માણસ જ હતો.

માનસી કહે: ‘આ તે કેવી દુનિયા છે. થોડા વખત પહેલાં આપણે ફર્યાં હતાં એ કેટલી સુંદર હતી! ત્યારે તો મને અહીં રહી જવાનીય ઈચ્છા થઈ હતી પણ અત્યારે તો અહીંથી ભાગી છૂટવાની ઈચ્છા થાય છે. આ બધું તારા પુન:સંસ્કરણના પ્રતાપે થયું ને!’

‘ગાંડી, મારું નહીં પણ આ પુન:સંસ્કરણ તો

નિર્માણદેવની કૃપાનું પરિણામ છે. મેં તો એમાં ફેરફાર કરાવવા ઘણી મહેનત કરી પણ ત્યાં મારું ચાલે શું?'

'ગમે તેમ પણ તોય એમાં તારો સાથ હતો એ તો તું સ્વીકારે છે ને.'

'એ સ્વીકાર્યા સિવાય મારો છૂટકો છે? પણ એમાં મારી સંમતિ એ મારી લાચારી હતી. હવે તો એ જ જોવું રહ્યું કે દેવશ્રીની ઈચ્છા મુજબની નવી દુનિયાનું સર્જન થાય અને તે પણ જેમ બને તેમ જલ્દી.'

'આ પહેલાંની તમારી દુનિયાને બનતાં કેટલાં વરસ લાગ્યાં હતાં! એટલાં તો આને બનતાંય લાગશે જ ને. સાચું કહું તમારા આ મહસંસ્કરણનાં પરિણામ જોઈને મને આજે તો ખાવાનુંય નહીં ભાવે.'

◇

ત્યાં મારી નજર એક નાનકડા ટાપુ પર પડી. એ આખાય ટાપુની ધરતી પર કેટલાંક માણસો દેખાતાં હતાં. પણ કેવાં માણસો! ફાટેલાં કપડાં ને લોહી નિંગળતાં શરીર, હાથમાં આવ્યું તે ઈંટ, પથ્થર ને લાકડાના ડંડા લઈને એકબીજા સામે લડતાં. મને આછા અવાજ સંભળાયા: 'આ અમારો ટાપુ છે. અહીંથી ચાલ્યા જાવ નહીં તો બધાને ઊંચકીને દરિયામાં પધરાવી દઈશું.'

'અમારા આખા ટાપુ પર અમારે કોઈ બહરના વધારેને માટે જગા નથી.' બીજો એક કહેતો હતો.

'પણ તમે જ કહો અમે ક્યાં જઈએ? અમારે તો ઉપર આભ ને નીચે પાણી છે.'

'ચાહે ત્યાં જાવ પણ અમારા ટાપુ પર તો નહીં જ. આ ટાપુ અમે શોધ્યો છે. અમે જ તેના માલિક છીએ. જેનાથી ચાકરી થાય એ ભલે અહીં રહે ને અમારી ચાકરી કરે. બીજાને માટે બહુ જગા છે દરિયાને તળિયે.

'અમારે અહીં ઘર બનાવવાનાં છે, શહેર વસાવવાનું છે. અમારે મજૂરોની જરૂર છે. મડદાલ પેટભરાંની નહીં.'

'એ એમ નહીં માને એમને ઊંચકીને ફેંકી દો દરિયામાં.

નકામી લમણઝીક શું કરવા કરો છો?' એક ખૂણેથી અવાજ આવ્યો ને કેટલાકે એક ઘરડા અસહાય માણસને ઉપાડ્યો ને દરિયામાં ફેંક્યો ને સામું ટોળું દસ ડગલા પાછું હઠી ગયું. પણ અમણે મરણિયા થઈને સામે હલ્લો કર્યો ને જે હાથમાં આવ્યા તેમને પાણીમાં ફેંકવા માંડ્યા.

ને ઘડીકમાં તો ભયાનક યુધ્ધ ફાટી નીકળ્યું હોય એમ સામસામે રીડિયા થવા માંડ્યા. કોણ કોને પક્ષે હતું એની જ ખબર પડતી ન હતી. સૌ પોતાની સામે આવનારને દુશ્મન સમજીને પાણીમાં ફેંકવા પ્રયત્ન કરતું હતું.

થોડી જ વારમાં ત્યાં માણસોની વસ્તી અર્ધી થઈ ગઈ. હવે પેલા આગેવાનો પણ મૂંઝાઈ ગયા. એમને થયું કે જો આમ જ ચાલતું રહેશે તો પછી રાજ કોના પર કરીશું! ને એમણે હાકલ કરી: ‘શાંતિ, શાંતિ. આમ સામસામે લડીને વાતનો ઉકેલ નહીં આવે આવો આપણે શાંતિથી સાથે મળીને પરિસ્થિતિનો સામનો કરવાનો કોઈ ઉપાય શોધીએ.'

કોઈ સાથી દેશો કે રાષ્ટ્રો મદદે આવવાનાં ન હતાં એ પરિસ્થિતિની ખબર પડતાં બેય પક્ષ ઢીલા પડી ગયા હતા. બેય પક્ષે સમાધાન કરીને એ ટાપુ અર્ધો અર્ધો વહેંચી લીધો. ને એમ આ નવી દુનિયાનું પહેલું વિશ્વયુધ્ધ આખરે પત્યું.

મને લાગ્યું કે હવે પછી ગમે ત્યારે ત્યાં સીમાનું યુધ્ધ તો ફાટી જ નીકળશે. કારણ કે સીમા નક્કી કરવાનાં કે એના પર નિશાની ચોઢવાનાં કોઈ સાધન કોઈની પાસે હાથવગાં ન હતાં.

હજાર બે હજાર વરસ પછી કોઈ આ વિશ્વયુધ્ધનો ઈતિહાસ લખશે તો આ સીમા યુધ્ધ દુનિયાની શરૂઆતથી જ શરૂ થયું હતું એમ એને કોણ કહેશે? મેં આમાં દરમિયાનગીરી કરવાનું મુનાસિફ ન ગણ્યું કારણ કે મને પોરુમદેવનો આદેશ હતો કે મારે નિર્માણદેવના નવરચનાના કાર્યક્રમમાં હસ્તક્ષેપ કરવાનો ન હતો.

થોડે દૂર જતાં એક નાના ટાપુ પર કેટલાંક માણસો જે મળ્યાં તે સાધનો એકઠાં કરી રહેવા માટેનાં નાનાં નાનાં ઝૂંપડાં બાંધવાના પ્રયત્નમાં વ્યસ્ત હતાં. નાનાં બાળકો અને સ્ત્રીઓ પણ આ કામમાં લાગી પડ્યાં હતાં.

એમણે આવી પડેલી આફત પર વલોપાત કરવાને બદલે તેને સ્વીકારીને તેમાંથી માર્ગ કાઢવાનો ઉત્તમ માર્ગ અપનાવ્યો હતો. એમને કોઈના પર રાજ કરવાની મહેચ્છા હોય એમ લાગતું ન હતું. મને થયું કે નવી સંસ્કૃતિનો પાયો કદાચ અહીંથી જ નંખાવાનો હતો.

માનસી કહે: 'આપણે આ લોકોને મદદ કરવી જોઈએ. આ લોકો કેવાં શાંતિથી સ્થાઈ થવા પ્રયત્ન કરી રહ્યાં છે!'

'આપણે નિર્માણદેવના આ કાર્યક્ષેત્રમાં કશી ડખલ ન કરવી એવો મને ઉપરથી આદેશ છે. ને આપણે આમને મદદ પણ શી કરી શકીએ એમ છીએ! એ લોકો એમની જાતે જ આમાંથી માર્ગ કાઢે એમાં જ નવી નવી શોધો અને પ્રયોગો કરતાં એ જ નવી સંસ્કૃતિની રચના કરવાના છે.'

'આજે તો મારે પાછાં જવું છે. મને નથી ગમતું આ બધું. તારે આવવું હોય તો કાલે એકલો પાછો આવજે. હું તો આ બધું જોઈને ઉબાઈ ગઈ છું.' માનસીએ કહ્યું.

'ચાલ તું થાકી ગઈ હોય તો હું તને મૂકી આવું પણ મારે તો આ એક ફરજ છે એટલે નિભાવવી જ પડશે. હું તને મૂકીને કાલે પાછો આવીશ.' કહેતાં મેં ચાલકને વિમાન પાછું સ્વર્ગલોકમાં લઈ જવા કહ્યું.

◇

સ્વર્ગલોકમાં મારે માટે એક આશ્ચર્ય સમાન સંદેશો તૈયાર જ હતો. મને નિર્માણદેવે વહેલી તકે તેમને મળવાનો આદેશ પોરુમદેવ પર મોકલી આપેલો હતો. મને તો મને પણ ખૂદ પોરુમદેવને પણ આ આદેશનું આશ્ચર્ય ઓછું ન હતું. જ્યાં કોઈ એક દેવને પણ પચીસ પચાસ વરસેય નિર્માણદેવના સાનિધ્યમાં હાજર થવાનો મોકો મળતો ન હતો ત્યાં મારા જેવાને નિર્માણદેવનું તેડું!

પોરુમદેવે મને આ આદેશની જાણ કરતાં કહ્યું: 'તારે હમણાં જ નિર્માણદેવની સમક્ષ ઉપસ્થિત થવાનું છે. મને નથી લાગતું કે કોઈ કામ માટે અલંકૃત કરવા એમણે તને બોલાવ્યો હોય. તેં કશું અઘટિત કાર્ય તો નથી કર્યું ને?'

'મેં ભાનપૂર્વક તો એવું કાંઈ કર્યું હોય એવું મને નથી

લાગતું. કદાચ અજાણમાં મારાથી એવું થયું હોય એવું પણ મને લાગતું નથી. મને તો ગભરાટ થાય છે.'

'તારા કરતાં ગભરાટ તો મને વધારે થાય છે. મેં જ તને સંસ્કરણનું અવલોકન કરવાનું કાર્ય સોંપ્યું હતું. તારે નિર્માણદેવશ્રીને મળવાનો પહેલો જ પ્રસંગ છે એટલે સાવધ રહેજે ને પહેલેથી જ ક્ષમા માગી લે જે.'

એમના આવું કહેવાથી મારા ગભરાટમાં ઓર વધારો થઈ ગયો. મેં મનમાં મારાં કાર્યોની ચકાસણી કરવા માંડી. મેં ક્યાંય નિર્માણદેવના કાર્યમાં હસ્તક્ષેપ કર્યો હોય એવું મને ક્યાંય જણાયું નહીં. છતાં મારી ચિંતા ઓછી ન થઈ. કાંઈક એવું જરૂર હતું જે મારાથી થઈ ગયું હતું જે મારે કરવું જોઈતું ન હતું એવું મને લાગી રહ્યું હતું.

મેં સેવકને મને નિર્માણદેવ પાસે લઈ જવા કહ્યું તો એ કહે ત્યાં મારાથી નહીં આવી શકાય. આપને કોઈ અધિકારી ચાલક સાથે એકલા જ ત્યાં જવું પડશે. હું એવા અધિકારી ચાલકને રથ લઈને આવવા જણાવી દઉં છું.' કહેતાં તેણે પોતાના સંદેશવાહક યંત્ર પર ટકોરા મારવા માંડ્યા.

થોડી વારમાં એક રથ આવ્યો એમાં બેસી હું ગભરાતે દિલે નિર્માણદેવના સાનિધ્યમાં ઊપડ્યો. આ નિર્માણદેવ અન્ય દેવો કરતાં દેખાવે કેવા હશે એના કરતાં એ સ્વભાવે કેવા હશે એ જ મારી મોટી ચિંતા હતી. આટલું મોટું તંત્ર ચલાવનાર એ દેવમાં સુક્ષ્મ નિર્ણાયક શક્તિની સાથે બધા પાસેથી કામ લેવાની ને શિક્ષા કરવાની પણ એવી જ નીતિ હશે એવું મને પહેલેથી જ લાગતું હતું. આજે મને તેનો પરિચય થવાનો હતો.

આખે રસ્તે મને એવા વિચારો આવ્યા કર્યા કે જો નિર્માણદેવ મારા કામથી નારાજ થયા હોય તો મને પાછો મૃત્યુલોકમાં જ મોકલી આપે એ શક્ય હતું. ને મેં મૃત્યુલોકમાં તાજેતરમાં જે જોયું હતું તેમાં પાછા જવું એટલે સીધા નર્કમાં જવા જેવું હતું.

નિર્માણદેવના કાર્યાલયના દરવાજા પર પહોંચતાં જ ચાલકે મને કહ્યું: 'આ દેવશ્રીનું કાર્યાલય છે. આપ આપનાં પગરખાં રથમાં જ રાખીને ખુલ્લે પગે દેવશ્રી પાસે જઈ

શકશો.'

મેં એના કહેવા પ્રમાણે કર્યું ને હું અંદર પ્રવેશ્યો. એક અનુચરે મને કાર્યાલય તરફ દોર્યો ને દ્વાર પરથી મારા આવ્યાની જાણ અંદર કરી. પછી મને કહે: 'દેવશ્રી આપને એમની રૂબરૂ થવાની અનુમતિ આપે છે. આપ અંદર જઈ શકો છો.'

અંદર દાખલ થતાં જ મને જાણે હું સાચા સ્વર્ગમાં આવી ગયો હોઉં એવો અનુભવ થવા માંડ્યો. અનેક વાજીંત્રોની સુમધુર સુરાવલી વહેતી હતી. મંદમંદ સુંધથી આખું કાર્યાલય મહેંકી રહ્યું હતું. સામે મધ્યમાં એક સુખાસન પર દૈદીપ્યમાન દેવશ્રી નિર્માણદેવ બિરાજમાન થયેલા હતા. મે એમને પ્રણામ કર્યા. એમણે મને આવકારતાં સૌમ્ય સ્વરે કહ્યું: 'આવ સ્વપ્નીલ, બેસ.'

ને હું એમણે જેના તરફ અંગુલીનિર્દેશ કર્યો હતો એવા એક આસન પર બેસી ગયો.

'તને અહીં શા માટે બોલાવવામાં આવ્યો છે એનો તને ખ્યાલ તો આવી જ ગયો હશે.' એમણે કહ્યું.

'માફ કરશો દેવશ્રી, પણ આખે રસ્તે હું એના જ વિચાર કરતો આવ્યો છું પણ મને હજુ સુધી એના પ્રયોજન વિષે કોઈ અણસાર આવી શક્યો નથી.' મેં ગભરાતાં કહ્યું.

'તને કોઈ આછો પણ ખ્યાલ નથી આવતો કે જેને માટે તને મના કરવામાં આવી હોય એવું કોઈ કાર્ય તેં કર્યું હોય કે તારાથી તે અજાણમાં થઈ ગયું હોય?' એમણે સ્મિત કરતાં પૂછ્યું.

'એવું કોઈ કાર્ય મારાથી સજાગપણે તો નથી જ કરાયું. અજાણમાં મારાથી એવી ભૂલ થઈ ગઈ હોય તો હું એને માટે આપની પાસે ક્ષમા પ્રાર્થું છું.' બે હાથ જોડી હું કરગરી રહ્યો.

'એમાં તારે ક્ષમા માગવાની જરૂર નથી. તને જો શિક્ષા જ કરવી હોત તો તને અહીં બોલાવવાને બદલે પોરુમદેવ મારફત કરાવી દીધી હોત. પણ મેં તને અહીં ફરીથી તું એવું કાંઈ ન કરે એ માટે માત્ર શિખામણ આપવા જ બોલાવ્યો છે.

'તને યાદ છે કે તેં પેલાં ત્રણ જણાંને મગરથી મરતાં

બચાવ્યાં હતાં? તને અને બધાને એવી સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે પહેલા પાંચ દિવસ પછી કોઈએ મારા કાર્યમાં હસ્તક્ષેપ કરવાનો નથી, છતાં તેં જાણીને કે અજાણમાં એ કર્યું. એમ કરીને તું એમનો જાન તો ન બચાવી શક્યો પણ મારા આદેશનું ઉલંઘન તો તારાથી થયું જ. તું હજુ નવો છું ને તારા દુન્યવી વિચારોથી મુક્ત થઈ શક્યો નથી એટલે જ મેં તને આજે અહીં બોલાવ્યો છે.'

'પેલા ટાપુ પર એ લોકો આધિપત્ય માટે લડતા હતા ત્યારે મેં આપના આદેશને ખ્યાલમાં રાખીને જ એમાં વચમાં પડવાનું માંડી વાળ્યું હતું પણ પેલાંને બચાવવાના ખ્યાલ વખતે એ મારાથી કેમ ભૂલાઈ ગયું એ મારી મોટી ભૂલ.'

'મને ખબર છે કે તારાથી એ ભૂલ કેમ થઈ ગઈ. કારણ કે તું હજુ તારી લાગણીઓ પર કાબૂ મેળવી શક્યો નથી. અહીં મારી પાસે આવ.'

હું એમની સમીપ ગયો ને બે હાથ જોડી એમને નમી રહ્યો. એમણે મારે માથે હાથ ફેરવતાં કહ્યું: 'તારું એ કાર્ય સ્વાર્થ પ્રેરીત ન હતું એટલે એને માટે હું તને માફ કરું છું ને આશીર્વાદ આપું છું કે હવે તારાથી અજાણમાંય આવી ભૂલ ન થાય. જા, સદા આનંદમાં રહે. હવે તું દેવ છે એ ન ભૂલતો. તારું નામ હવેથી સુખદેવ છે.'

એમનાં આવાં વચનોથી ગદગદીત થતાં હું એમને ફરીથી વંદીને પાછે પગલે કાર્યાલયની બહાર નીકળ્યો. હું રથમાં બેઠો તો ચાલક કહે: 'હવે કઈ તરફ જવાની આજ્ઞા છે સુખદેવશ્રી?'

મને મારા નવા નામે સંબોધાયેલો સાંભળી મેં મનમાં જ કહ્યું: આ સ્વર્ગલોક છે. ને સેવકને સીધા મારા આવાસ તરફ લઈ જવા કહ્યું.

આવાસમાં દાખલ થતાં જ માનસીએ મને આવકારતાં કહ્યું: 'પધારો સુખદેવશ્રી. કહો મારે માટે શી આજ્ઞા છે?'

'તો તારે હાથે મને કોઈ સ્વર્ગીય વાનગી જમાડ. હવે તો હું દેવ બની ગયો છું ને!'

'હવે તો કોઈ દેવી કે દેવકન્યાને વરવાના મોહ થશે

તમને. કહો ક્યારે મને લાત મારો છો?' એની આંખોમાં સાપોલિયાં રમતાં હતાં પણ એની પાછળ ભયની જે ઝાંય હતી એ નહોતી છૂપી રહી શકતી.

'તને લાત મારું એ કરતાં હું મારો પગ જ ન ભાગી નાખું! તું જ મારે મન દેવી છું. હવે એવું અઘટીત ન બોલતી.' મેં કહ્યું ને એને આલિંગનમાં લીધી તોય એનાં પેલાં પાંપણ આડે રોકાયેલાં અશ્રુ તો બહાર આવી જ ગયાં. એ મને વળગી પડી ને મને એણે ચૂંબનોથી ભીંજવી દીધો.

'લે આ મારી સ્વર્ગીય વાનગી. તું ધરાયો કે નહીં!'

'એનાથી જ મને ધરવી દેવાની છું કે પછી બીજુંય જમાડવાની છું?'

'હું સેવકને આપણા ભોજન માટે જણાવી દઉં પછી પાછી આવીને તને કહું છું.' કહેતાં તે સેવકને અમારા ભોજનની વરદી આપવા બહારના ખંડમાં ગઈ.

પાછી આવીને એ મને પાછી વળગી પડી. તેં મને વચન આપ્યું છે એ ન ભૂલતો રાજ્જા. હું તારી સેવા ઉઠાવવામાં કોઈ કચાસ નહીં છોડું.' એણે મારી છાતીમાં મોં ઘાલતાં કહ્યું.

'તારે એવી ચિંતા કરવા જેવી નથી. બીજા દેવો જે કરતા હોય એ ખરું પણ હું તને નહીં છોડું ને તારે પણ મને નહીં છોડવાનો. જો તું મને છોડીને ક્યાંક જતી રહીશ તો હું તારું હરણ કરીને તને પાછી લઈ આવીશ એ નક્કી જાણજે.' મેં કહ્યું ને એને મારી સામે વધારે કસીને જકડી.

# ૧૪.
# તબાહીનું તાંડવ-૨

બીજે દિવસે પોરુમદેવે મને બોલાવીને કહ્યું: 'તને દેવશ્રી તરફથી જરૂરી શિખામણ મળી ગઈ હશે. હવે તારે કાલથી પૃથ્વીલોકમાં જઈને સર્વેક્ષણ પાછું શરૂ કરવાનું છે ને મને ત્યાંની પરિસ્થિતિથી વાકેફ કરતા રહેવાનું છે. તું દર અઠવાડિયે એકબે દિવસ માટે અહીં આવીને મને અહેવાલ આપતો રહેજે.'

'જી. હું કાલે જ રવાના થઈશ ને મેં જે ભૂલ કરી હતી તેનું પુનરાવર્તન હવે ફરીથી નહીં થવા દઉં.' મેં કહ્યું.

'એને માટે કોઈ શિક્ષા કરવાને બદલે દેવશ્રીએ તને માથે હાથ ફેરવીને જે આશીર્વાદ આપ્યા એ આખા સ્વર્ગલોકમાં કોઈકના જ નસીબમાં હોય છે. એ બતાવે છે કે તેમને તારા પર કેટલી શ્રધ્ધા છે. હવે તારે એમાં પાર ઊતરવાનું છે.'

'હું ફરીથી આપને કે દેવશ્રીને મારે માટે ફરિયાદ કરવા જેવો મોકો નહીં આવવા દઉં. હું રજા લઉં?' મેં કહ્યું.

'જા, તારે હજુ માનસી પાસેથીય રજા લેવાની હશે ને! મારું માને તો ફરીથી એને હમણાં તો પૃથ્વીલોકમાં સાથે ન લઈ જતો.'

'છેલ્લા વખતમાં એ ધરાઈ ગઈ છે. એણે પોતે જ ફરી મારી સાથે ત્યાં આવવાની ના પાડી દીધી છે.'

એ સાંજે અમે જમી પરવારીને પથારીમાં પડ્યાં ત્યારે મેં એને મારી હવે પછીની ફરજની વાત કરી. પછી કેટલાય સમય સુધી અમે ખોટે ખોટાં રીસામણાં મનામણાં કર્યા કર્યાં. છેવટે એણે કહ્યું: 'મને ખબર જ હતી કે તું મારાથી છૂટવાનું આવું કોઈ બહાનું બનાવશે જ. પણ ત્યાં કાયમ માટે રહી ન પડતો.'

'મારો એવો વિચાર નથી એટલે જ મેં દર અઠવાડિયે એક કે બે દિવસ અહીં આવીને તારી ખબર રાખવાની રજા પોરુમદેવ પાસે માગી જ લીધી છે.'

'હા એ તેં સારુ કર્યું. તું મારી ખબર રાખજે ને હું એ રીતે તારી ખબર રાખીશ એટલે અપણો હિસાબ બરાબર થઈ રહેશે.' એણે આંખો નચાવતાં કહ્યું.

◇

બીજે દિવસે મેં અમારા પુષપક વિમાનમાં પૃથ્વી તરફ પ્રયાણ શરૂ કર્યું. મને થયું કે હું મારા સાથીઓની ખબર લેતો જાઉં. ત્યાં જતા પહેલાં મેં મનને મજબુત કર્યું કે એ લોકો દુખમાં હોય તોય એમને આશ્વાસન સિવાય કશી મદદ કરવાની નથી એની ખાસ કાળજી રાખવી.

મને જોતાં જ પેલાં મરજાદી બાઈ બોલી ઊઠ્યાં: 'ભાઈલા, તું અમને આમ રેંઢાં મેલીને કંઈ જતો રહ્યો હતો? અમારે માથે તો દુખનાં ઝાડવાં જ ઊગ્યાં છે કંઈ! માંથે ભગવાન રૂઠ્યો છે. એમ લાગે છે કે જીવતાં રહ્યાં એના કરતાં મરી ગયાં હોત તો સારું હતું.'

'માજી એવું ના બોલાય. આખી દુનિયામાંથી તમારા જેવાં થોડાં પૂન્યશાળી માણસોને જ ભગવાને ઉગાર્યાં છે. ઉપર આભને કોઈ થાંભલાનાં ટેકણ ઓછાં છે! તમ જેવાંને પ્રતાપે તો એ ટક્યું છે. તમારે જ આ દુનિયાને નવેસરથી ઊભી કરવાની છે.

'હવે બધું તમારા જેવાં પૂન્યશાળીઓના હાથમાં છે. તમે જેવી બનાવવા માગો એવી દુનિયા બનાવવા ભગવાને તમને નિમિત્ત બનાવ્યાં છે. શરૂમાં થોડી અગવડ પડશે પણ તમારે જોઈએ છે એવી દુનિયા તો તમે બનાવી શકશો ને! તમારે બધાએ મળીને રામરાજ્ય લાવવાનું છે. તમને અગવડ તો પડશે.'

'પણ ભૈલા, અગવડ તે કેવી. નીચે નહાવાનું પાણી લેવા જઈએ ત્યારે કોઈકનું મુડદું હડફેટે આવે જ. આ તારા ટોળાના છોકરા બાપડા કેટલું કરે! કેટલાંયને બાળ્યાં ને કેટલાંકને ખાડા ખોદીને દાટ્યાં. ભગવાન જાણે કે હજુ પાણીને તળિયે કેટલાં પડ્યાં હશે!'

‘બધું થઈ રહેશે. હુંય આંટો મારતો રહીશ. મારે માથે પણ કેટલાંક કામ છે. પહેલાં પીવાના પાણીની વ્યવસ્થા કરવી પડશે તમારે.’

‘એની વ્યવસ્થા અમે અમારી રીતે કરી લીધી છે. પહેલાં તો બસો અને ટ્રકમાંથી ડીઝલ કાઢી જનરેટરમાં પૂરીને થોડા દિવસ તો બોરમાથી પાણી ખેંચીને ટાંકી ભરી. પછી ડીઝલ ખૂટવા આવ્યું ત્યારે ટ્રકના ડ્રાઈવરે પંપ સાથે એક હેંડલ ફીટ કરી આપ્યું. તેનાથી જાતે હેંડલ ફેરવીને રોજના પાંચ કલાકમાં ટાંકી ભરવા માંડી છે. આ હેંડલ ફેરવવાના પણ વારા નક્કી કરી દીધા છે. એમાં બહેનો, છોકરાં ને ઉંમરે પહોંચેલાંને બકાત રાખ્યાં છે. કામ બરાબર ગોઠવાઈ ગયું છે.’ એક યુવાને કહ્યું.

‘ખાવાનાં દાણાદુણીનું કેમ છે?’

‘એ હજુ તો કરકસરથી વાપરવામાં આવે તો આખું વરસ ચાલે તેટલું છે. વળી ખેતીકામના જાણકાર એક બે જણ છે તે આજુબાજુમાં ઊગેલા ઘાસ અને ઝાડ પરથી ખાવા લાયક પાંદડાં ને ફળ શોધતા રહે છે તેમાંથી ભાજી અને શાક કરવા જેવું કાંઈક ઉપયોગમાં આવતાં બે એક મહિના વધારે પણ નભી જશે.

‘પાછું આપણી પાસેના અનાજમાંથી જે ઉગાડવા જેવું અનાજ હશે તે આવતા અઠવાડિયા પછી રોપવાનું વિચાર્યું છે. તેમાંથી જો બે ત્રણ જાતના અનાજનું ઉત્પાદન થઈ શકશે તો પછી તો ખાવાનો કોઈ પ્રોબ્લેમ જ નહીં રહે.’

‘એ તો નવી દુનિયા રચવાનું પહેલું પગથિયું છે. તમે હિંમત ન હારશો. હુંય મારી રીતે તપાસ કરતો રહીશ ને વાવવા લાયક કોઈ બીજ મળશે તો તમને તેની ભાળ આપતો રહીશ.’ મેં તેમને હૈયાધારણ તો આપી પણ આમ કરતાં મારે નિર્માણદેવના માર્ગમાં આવવા જેવું થાય તેમ હતું એટલે એ માત્ર હૈયાધરણ જ રહેવાની હતી. પણ મને મારા પસંદ કરેલા જુવાનિયા પર વિશ્વાસ હતો કે એ લોકો ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢી શકશે.

વળી એમને ઝૂંપડાં બાંધવાની તો જરૂર ઊભી થવાની જ ન હતી. એમને તો પચાસ રૂમનું આખું ગેસ્ટ હાઉસ રહેવા

માટે તૈયાર મળી ગયું હતું. ચોખ્ખા પાણીની વ્યવસ્થા એમણે કરી લીધી હતી. હવે જરૂર હતી કપાસ પકવીને એમાંથી ખાદી વણવાની. ને મને ખાતરી હતી કે કોઈક જુવાનને એવો વિચાર પણ જરૂર આવશે.

ત્યાં અમારા તંત્રી આવી પહોંચ્યા. મેં એમને પૂછ્યું: ‘કેમ ચાલે છે તમારી દુનિયા?’

‘શું ચાલવાની હતી મારી દુનિયા. પહેલાં તો મને થયું કે નવરા બેલી રહેવા કરતાં એક છાપું કાઢું. છાપવાની સગવડ તો અહીં ક્યાથી થાય પણ હાથે લખીને છાપું કાઢવાનો વિચાર કરીને આપણા ખબરપત્રી મનસુખને કામ પણ સોંપ્યું પણ પછી વિચાર આવ્યો કે છાપુ વાંચનારા તો જે ગણો તે અમે સો બસો માણસો જ છીએ ને એ બધા તો રોજ ભેગા હોઈએ જ છીએ.

‘પછી વિચાર આવ્યો કે એના કરતાં આ હોનારત પછીની દુનિયાનો વિગતવાર ઈતિહાસ લખવો જોઈએ. પેલા સ્ટોરમાંથી એક પાકા પૂઠાની ડાયરી શોધી લાવ્યો છું ને એમાં લખવાનું શરૂ કર્યું છે. ક્યારેક તને એ વંચાવીશ.’

‘તમે કલમના જીવ છો. તમને ગમે તે પ્રવૃત્તિ કરતા રહો. મારે એમાં શું કહેવાનું હોય?’ મારા બોલવામાં ક્યાંય નિર્માણદેવના માર્ગમાં આડા ન આવી જવાની કળજી રાખતાં મેં કહ્યું.

મને ક્યારેક એવો વિચાર આવતો હતો કે એમને આવો વિચાર કરતા કરવા જોઈએ. પણ એમ કરતાં મેં એમને મદદ કરી છે ને એ રીતે નિર્માણદેવના કાર્યમાં ડખલ કરી છે એવું થવા સંભવ હતું એટલે હું તેમને એવું કાંઈ કહેવાનું ટાળતો હતો. મેં મનથી નક્કી કરી લીધું કે હવે પછી એમની પ્રગતિ દૂરથી જોઈને સંતોષ માનવો પણ એમની સામે આવવાનું ટાળવું જ યોગ્ય હતું.

‘મને માફ કરશો પણ મારે મારી ફરજ પર જવું જ પડશે. હું પાછો આંટો મારીશ. તમને એમ તો નથી લાગતું ને કે હું તમારાથી દૂર ભાગી રહ્યો છું?’

‘અમને ખબર છે કે તમારે ભગવાને ચિંધ્યાં ઘણાં કામ કરવાનાં છે એટલે તમે અવારનવાર અમારી ખબર કાઢતા

રહો છો એ પૂરતું છે.' પેલા વરાયેલા આગેવાને કહ્યું ને મને એક વાતે સંતેષ થયો કે એ મને સમજી ગયો હતો ને પોતાની રીતે એ બધાને સમજાવી પણ દેશે.

તો મને એના બોલવા પરથી એક એવો પણ વિચાર આવ્યો કે એ મને ભગવાન તો નહીં પણ એમનો કોઈ ફરિસ્તો તો નહીં સમજતો હોય ને! એ એના સાથીઓને બધું વધારીને કહેશે ને એ બધા મને એક વ્યક્તિ-વિષેશ તરીકે તો જાણે જ છે પણ એ આવનારી પેઢીને મારા વિષે જે વાતો કરશે તેનાથી એ નવી પેઢી મને ભગવાન સમજીને મારી પૂજા કરવા તો નહીં માંડે ને!

મને થયું કે ગમે તેમ પણ મારે હવે અહીં તેમને મળવા આવવાનું બંધ કરી જ દેવું જોઈએ. એમને ભલે એમ લાગતું કે તેમને બચાવવાનું નાટક કરીને હું તેમને મઝધારે અટવાતાં મૂકીને ભાગી ગયો છું, તોય વાંધો નહીં.

એમનાથી બહાનું કાઢીને દૂર જઈ મે મારી વિમાનયાત્રા પાછી શરૂ કરી. હું ચાલકને મારા જાણીતા વિસ્તાર તરફ હંકારવા જરૂરી સૂચનાઓ આપ્યા કરતો હતો એવામાં મને એક સાવ વેરાન લાગતા એક ટાપુ પર કેટલાંક માણસો હોય એવું લાગ્યું. મેં ચાલકને થોડું વધારે નીચું ચલાવવા કહ્યું તો મારી નજરે કોઈક જાણીતો ચહેરો જણાયો.

હું થોડે દૂર જઈ વિમાનમાંથી ઊતરી પડ્યો ને પેલા માણસ તરફ ચાલવા માંડ્યો. મારી ધારણા સાચી જ હતી. એ અમારા નેતા પેલા ભાગવતભાઈ જ હતા. મને જોતાં જ એમના મોં પર આનંદની લહેર ફરકી ગઈ હોય એમ મને લાગ્યું. મારી નજીક આવતાં એ બોલી ઊઠ્યાઃ 'ભાઈ સ્વપ્નીલ, તને જોયો ને જાણે ભગવાન મળ્યા હોય એટલો આનંદ થયો.'

'મને પણ એટલો જ આનંદ થયો. કોઈ જીવતું માણસ ક્યાંયે જોવા નથી મળતું.' મેં કહ્યું.

'તારાથી કશું ક્યાં અજાણ્યું છે! તને તો બધું સંકેતમાં આવતું જ હતું ને! તેં આખી દુનિયાને બધું કહ્યું પણ અમને તારી નજીકનાને જ કાંઈ ના કહ્યું.'

'મેં તો બધાને સરખું જ કહ્યું હતું. તમારા સમજવામાં મારી વાત ન આવી એમાં મને દોષ ન દેતા.' મેં કહ્યું.

'તને દોષ નથી દેતો પણ તેં અમને કાનમાંય આ વાતનો ઈશારો કર્યો હોત તો અમે કશી ત્રેવડ તો કરી શક્યા હોત ને!'

'કોઈની ત્રેવડ એમાં ચાલે તેમ જ ક્યાં હતી? બધું ભગવાનની ઈચ્છા મુજબ જ થવાનું હતું. મેં તો બધાને ધર્મનું ભાથું બાંધવાનું કહ્યું હતું. છેવટે તો પૂન્યદાન ને ધર્મ જ કામમાં આવવાનાં હતાં એમ મેં વાગી વગાડાવીને કહેલું જ હતું ને!'

'પણ આટલું બધું ખેદાનમેદાન થઈ જશે એવું અમે સમજ્યા ન હતા. અમને તો એમ હતું કે જેમ ધરતીકંપ કે સુનામી આવે છે તેમ કશુંક થશે. ને અમે દરિયાથી દૂર રહીને બચવા ગયા તો ત્યાં પણ કશું ન બચ્યું. અમે જીવતા રહ્યા એય ભગવાનની કૃપા.'

'તો આટલેથી સમજી જઈને લોકોને મદદરૂપ થવાય એવું કાંઈક કરવા માંડો. કોઈ દીનદુખિયું નજરે ચડે તો એને તમારાથી થાય તે મદદ કરશો તો એય તમારા પૂન્યના ખાતામાં જમા થશે.'

'અત્યારે તો હું જ દીનદુખિયો છું. જો તું મને પાણીની એક બોટલ આપે તો હું તને હજાર રૂપિયા આપવા તૈયાર છું.' એમણે કહ્યું. એ હજુ એમની કરોડોની સંપતિની વાતમાંથી બહાર આવી શક્યા ન હતા.

મેં કહ્યું: 'પાણી શોધવા તો હુંય ક્યારનો વલખાં મારું છું. તરસે મારું તો ગળું રુંધાય છે. તમે હજાર રૂપિયા આપો કે લાખ રૂપિયા આપો પણ હવે એની કોઈ કિંમત જ ક્યાં રહી છે? કોની પાસે એ વટાવવાના ને બદલામાં કઈ દુકાનમાંથી કશું ખરીદવાનું?'

'મને થાય છે કે મેં આખી જિંદગીમાં કશું ખોટું કર્યું નથી તોય મારે માથે ભગવાને આ દિવસ જોવાના કેમ લખ્યા હશે?' એમણે કહ્યું. એમને હજુ પોતાની ભૂલ સ્વીકરવામાં તકલીફ પડતી હતી. એમણે જ મને એક કરોડ રૂપિયા આપીને ખરીદવાની વાત મૂકી હતી એ વાત મને તો યાદ હતી જ. એ કરોડ રૂપિયા કેવી કમાણીના હતા એનીય મને ખબર હતી જ ને!

મેં એમને કહ્યું: 'હું પણ પાણી શોધવા જ નીકળ્યો છું. તમે થાક્યા હશો એટલે અહીં બેસો હું પાણીની તપાસ કરું છું. મારે માથે કોઈ આફત આવશે તો હું તમને હાંક મારીશ એટલે તમે મારી મદદે આવી પહોંચજો.'

આમ કહી હું એમની નજરથી બહાર ગયો ને મારા વિમાનમાં બેસી ગયો. ને મેં હાંક મારી ભગવતભાઈ મને બચાવો. મને ખાતરી જ હતી કે મને બચાવવા એ પોતાનો જીવ જોખમમાં મૂકવાના ન હતા. છતાં મેં થોડી વાર એમની રાહ જોઈ. મારી ધારણા સાચી જ હતી. એમણે મને બચાવવા આવવાની તસ્દી ન જ લીધી. ને મેં અમારા વિમાનને આગળ લેવા ચાલકને સૂચના આપી.

થોડે આગળ જતાં કેટલાક લોકો ગંદા પાણીમાંથી માંછલાં પકડતા હતા ને બહાર કિનારા પર ફેંકતા હતા. કિનારા પર ઊભેલા લોકો માછલાં હાથમાં આવતાં કાચાં જ ખાવા માંડતા હતા. કેટલાક તો જીવતાં માંછલાંને જ ખાવા માંડતા હતા. એ લોકો બેત્રણ દિવસના ભૂખ્યા હોય એવા લાગતા હતા. મને થયું કે આમની દુનિયા આવી જ રચાવાની છે શું!

એટલું સારું હતું કે એ લોકો માંછલાં માટે અંદરો અંદર લડતા ઝઘડતા ન હતા. કદાચ બધાં એક જ કુટુંબનાં હશે કે પછી એમને જોઈએ તેના કરતાં વધારે માંછલાં ત્યાં હતાં એટલે પણ હોય.

ને મને મનાવંતદેવની સાથે જોયેલા ગ્રહની યાદ આવી ગઈ. એ ગ્રહ આપણી પૃથ્વી કરતાં લગભગ બે હજાર જ વરસ પાછળ હતો. ત્યાં પણ મેં આવું જ જોયું હતું. એ લોકોય આમની જેમ જ જીવતા હતા. મને થયું કે અમારી ટીમ આ લોકો કરતાં ક્યાંય આગળ નીકળી જશે. કદાચ પાછી ગુલામીની માયાજાળ તો આમાંથી ક્યાંક નહીં શરૂ થાય ને!

અમારામાંથી તો કોઈ અત્યારે એવા લાગતા ન હતા પણ એમની ત્રીજી કે ચોથી પેઢી એવીય નીકળે કે જે બીજાનું શોષણ કરીને પોતાના મોજશોખ પૂરા કરવા માંડે. એ તો બધું કાળના ચક્ર પર આધારિત હતું. મારે તો આજે એની કલ્પના જ કરવાની હતી.

એક જગાએ કેટલાંક માણસો એક જ્વાળામુખીના ધસતા લાવા સામે તાકી રહ્યાં હતાં. લાવા એમની સામે ધસતો આવતો હતો છતાં કોઈ એનાથી ડરીને દૂર ભાગતું ન હતું. મને આશ્ચર્ય થયું કે એ લોકો દૂર કેમ ભાગતાં નથી. પણ મેં એમની આંખોમાં હતાશાનું પાગલપણ જોયું. તે બધાં જિંદગીથી સાવ હારી ગયેલાં લાગતાં હતાં ને આવતા મોતને લાચારીથી અપનાવી લેવા જાણે ઊભાં હતાં.

એક ઠેકાણે મેં લાકડાની નવી જ બનાવેલી કિલ્લા જેવી વાડ જોઈ. એ વાડની અંદર સાતઆઠ નાનાંનાનાં ઝૂંપડાં હતાં. તેમાંનાં કેટલાંકમાંથી ધૂમાડાની સેર નીકળતી હતી. લાગતું હતું કે ત્યાં ચુલા પર કશુંક રંધાતું હતું. મેં જરા વધુ નજીક જઈને જોયું તો કેટલાંક નાગાંપુંગાં માણસો તાપણી કરીને તેની ચારે બાજુ તાપતાં બેઠાં હતાં.

થોડે દૂર જતાં એક સ્ત્રી માટે ઝઘડતા બે પુરુષો જોયા. બે જણા એક સ્ત્રીને સામસામે ખેચતા હતા જાણે ગજગ્રાહની રમત હોય એમ. પેલી સ્ત્રી ચીસો પાડતી જતી હતી પણ પેલામાંથી કોઈ એને જતી કરવા તૈયાર ન હતું. બન્નેને એ જોઈતી હતી. હજુ તો જીવનની શરૂઆત કેમ કરવી એ જ વિચારવાનું હતું ત્યાં આ સ્ત્રીને કારણે થનારા યુધ્ધનો નમૂનો સામે આવી ગયો.

આવા તમાસા જોતાં મારું અઠવાડિયું ક્યાંય પૂરું થઈ ગયું ને હું સ્વર્ગલોકમાં પોરુદેવની મારો રીપોર્ટ આપવા પહોંચી ગયો. મારે તો માનસીને પણ રીપોર્ટ આપવાનો હતો જ ને!

# ૧૫.
# આરામનો સમય

સ્વર્ગમાં આવી હું મારો અઠવાડિયાનો રીપોર્ટ પોરુમદેવને આપવા ગયો. મેં એમાં જોએલી બાબતોની વિગતે વાત કરી.

એમણે કહ્યું: 'તું હમણાં એક મહિના માટે મૃત્યુલોકમાં જવાનું બંધ રાખ. તું તારા બચાવેલા સાથીઓને મળવા ગયો હતો ત્યાં સુધી તો બધું બરાબર હતું પણ મને બીક છે કે એમ કરતાં તું કદાચ દેવશ્રીના માર્ગમાં આવીને તેમના કોપનો ભોગ બની જઈશ. તારાથી ભૂલમાં કદાચ એમને મદદ કરી દેવાય તો દેવશ્રીના આયોજનમાં ખલેલ પડી શકે છે.'

'આ વખતે મેં ખાસ કાળજી લીધી હતી ને મને ખાતરી છે કે મારાથી દેવશ્રીના માર્ગમાં આવી જવાય એવું કોઈ કામ થયું નથી. પણ મેં બચાવવા પસંદ કરેલા લોકો પોતે બુધ્ધિશાળી હોવાને કારણે એ લોકો પ્રમાણમાં વહેલા પગભર થશે તો એમાં મારો કોઈ હાથ નથી કે મારી કોઈ ભૂલ નથી.'

'ચોક્કસ એમાં તારી ભૂલ નથી જ. પણ તારી એ પસંદગીને મેં મંજૂર કરી એ મારી ભૂલ હતી, એમ મને લાગે છે. તારા બચાવેલા માણસોમાં સૌથી વધારે સાવધ રહેવા લાયક જો કોઈ હોય તો તે છે તારી ટ્રકનો ડ્રાયવર. એની ગણતરીમાં હું થાપ ખાઈ ગયો. મને એમ હતું કે એ ડ્રાયવર સામાન્ય માણસ જ હશે પણ એ તો જન્મજાત એંજીનિયર હોય એવો નિવડ્યો. જો કે એને થોડા વહેલા મરવું પડશે. બીજો ઉપાય નથી.'

'હા, એને કારણે ટ્રકમાંથી ડીઝલ કાઢીને જનરેટરમાં પૂરવાનું ને પાણીના પંપ પર હેંડલ ફીટ કરવા જેવાં કામ શરૂમાં જ થઈ ગયાં એટલે પાછળના લોકોને એની આ શોધના લાભ વહેલા ને વગર કશું ખંખોળ્યા વગર મળી જાય તો

દેવશ્રીએ જે ગણતરી મૂકી હોય એમાં લાંબે સમયે મોટા પાયે ફેરફાર થાય એ હું સમજું છું પણ એની પસંદગી મેં કરી ન હતી.'

'એટલે જ તું અને હું બચી ગયા છીએ. હવે મારે જ એનો રસ્તો કાઢવો પડશે. કદાચ તારાં બચાવેલાં માણસોમાંથી કેટલાંકનો ભોગ પણ એમાં લેવાઈ જાય. તને ખબર નથી કે આવી શરૂઆત આ લોકોને બાકીની દુનિયાથી એટલા આગળ મૂકી દે કે એ લોકો આખી પૃથ્વી પર સામ્રાજ્ય સ્થાપીને બધાને ગુલામીમાં જકડી લેવા જેવા સક્ષમ થઈ શકે.'

'મને એમની પ્રગતિ જોઈને આનંદ થયો હતો પણ આપની વાત સાંભળ્યા પછી લાગે છે કે મારો એ આનંદ અમારા સંબંધથી પ્રેરીત હતો.'

'એના સ્થાન વિષે પણ મેં પુરતો વિચાર કર્યો ન હતો એમ લાગે છે. સમર્થદેવે તને આ જગા સલામત રાખીને આપી તેમાં ત્રણ બાબતોની ચકાસણી કરવી રહી ગઈ. એક તો ત્યાંનું પચાસ રૂમનું ગેસ્ટ હાઉસ અને પેલો સ્ટોર. ને ટેકરીની ચારે તરફ પાણીની કિલ્લેબંધી. આ તો બધી ગણતરીને ઊંધી પાડી દે એવાં પરિબળ. હવે મારે એનો તાત્કાલીક ઉપાય કરવો પડશે. મેં નિર્માણદેવ પાસે વધુ પાંચ દિવસની મુદત માગી છે. હું આ પાંચ દિવસમાં બધું બરાબર કરી દેવાની ગણતરી રાખું છું.'

'પેલાં લાકડાંની વાડની અંદરનાં ઝૂપડાં અંગે પણ કશું કરવું જોઈએ એમ મારું માનવું છે. એ વાડ કિલ્લા જેવી બનાવી છે એમણે. એ લોકોય પ્રગતિમાં આગળ નીકળી શકે એવા જણાય છે.' મેં એમનું ધ્યાન દોર્યું.

'એ પણ મારા ધ્યાનમાં છે. મારે એક આંટો પૃથ્વીલોકનો મારવો પડશે. તું જોતો જા હું બધું બરાબર કરી દઈશ. હમણાં તું તારી રીતે સ્વર્ગલોકમાં ભ્રમણ કર.' એમણે મને એમની આ પ્રવૃત્તિથી દૂર રહેવાની મોઘમ ચેતવણી આપી દીધી.

◇

ને મેં મનાવંતદેવની સાથે બાકીના ગ્રહો પર જઈ આવવાનું વિચાર્યું. ને હું માનસીને લઈને મનાવંતદેવના

કર્યાલય પર પહોંચ્યો.

'કેમ ચાલે છે તારા મૃત્યુલોકમાં?' મને જોતાં જ એમણે પ્રશ્ન કર્યો. મને થયું કે મારી ભૂલની વાત અહીં સુધી પહોંચી ગઈ કે શું!

'શું ચાલવાનું હતું ત્યાં બીજું! જે કોઈ બચ્યાં છે એય ત્રાહી પોકારી ગયાં છે. હમણાં મને મહિનાની છૂટ્ટી મળી છે તો અમે તમારે માથે પડવા આવી પહોંચ્યાં છીએ. આજે અમારે આપના બાકીના ગ્રહોની મુલાકાત લેવાનો વિચાર છે.'

'તમે લોકો માથે પડવા આવી જ ગયાં છો તે ના થોડી પડાશે! ચાલો માથે પડો.' કહેતાં તેમણે સેવકને અવકાશયાન તૈયાર કરાવવાની વરદી આપી. ને અર્ધા કલાક પછી અમે ઊપડ્યાં એક નવા ગ્રહની સફરે.

અમે સફર શરૂ કરી કે મનાવંતદેવ જાણે શિક્ષક બની ગયા. એમણે અમને કહ્યું: 'જે ગ્રહ પર હું તમને લઈ જાઉં છું એ તમારા પૃથ્વીલોકથી થોડાંક હજાર વરસ પાછો હતો. પણ આજે તમારા લોકનું તો સંસ્કરણ થઈ ગયું છે એટલે એ હવે તમારા કરતાં વધારે નહીં તો દસેક હજાર વરસ આગળ ગણાય. ત્યાંની પરિસ્થિતિ જોતાં તને ખ્યાલ આવી જશે કે તમારા પૃથ્વીલોકને હવે કેવી પરિસ્થિતિમાંથી પસાર થવાનું છે.'

'એમ કેમ થાય! પૃથ્વીલોકમાંથી જે કાંઈ બચેલું છે તેમાંથી કોઈને સંશોધન કરતાં એમાંથી કોઈ કડી તો મળી જ આવશે ને!'

'એમ જ માન કે કશું એવું બચ્યું નથી. જેવી રીતે કૉલેજમાં બહું ઊંચી પદવી મેળવીને મહાજ્ઞાની થયેલો એક માણસ મરી જાય છે પણ બીજા જન્મે તો એને બાલમંદિરથી જ શરૂ કરવું પડે છે તેમ તમારી દુનિયાનો આ નવો જ જન્મ છે. એમને બધું નવેસરથી જ શરૂ કરવાનું છે.

'તારા સાથીઓ પાસે તૈયાર મકાન અને પાણીની સુવિધા મળી ગઈ છે ને ખાવા માટે પેલી દુકાનમાંથી પુરતું ખાવાનું મળી ગયું છે પણ મૂળ વાત છે એના સાતત્યની. જો એમની પાછળની પેઢીને આનું જ્ઞાન આ લોકો નહીં આપી શકે કે પછી એમાં હુંસાતોસી પેસી જશે તો એ સાધનો બીજી બે

પેઢી પછી હયાત હશે પણ એને વાપરવાની આવડત એ લોકોનામાં રહી નહીં હોય.'

'મને તો એમ હતું કે મારાં પસંદ કરેલાં માણસોમાં એવી સમજશક્તિ છે કે એ એમનું જ્ઞાન આવનારી પેઢીને આપતા જશે.'

'એમાંના કોઈને તેં એવું કાંઈ કરતાં જોયા છે ખરા! એક તારા તંત્રી રોજબરોજની નોંધપોથી લખે છે ખરા પણ એમની એ ડાયરી કોઈને હાથોહાથ આપે ને પેલો એને સમજી શકે ને મરતા પહેલાં એ કોઈ બીજાને એ ડાયરી આપતો જાય અને તેને વાંચવા સમજવા જેટલું ભાષાજ્ઞાન નવી પેઢીને આપતો જાય. આવું બેચાર પેઢી સુધી ચાલ્યા કરે ને કોઈકને એમાંથી પ્રેરણા લઈ કાંઈ કરવાની ચમક ઊપડે તો તું કહું છું એવું કાંઈક બની શકે.'

આમ વાતો કરતાં અમે પેલા ગ્રહ પર આવી ગયા. અહીં ધરતી પર જ સ્વર્ગલોકનું કાર્યાલય હતું. ત્યાં એ લોકો અવકાશ સંશોધનના નામ નીચે આ કાર્યાલય ચલાવતા હતા. ગ્રહના લોકોને જાણે તેમની સાથે કશો સંબંધ જ ન હોય એમ ગ્રહના લોકો એમનામાં રસ લેતા ન હતા. એ બધા તો એમ માનતા હતા કે કેટલાક ગાંડા માણસો એમની જાતજાતની ધૂનો પર નકામાં કામો કર્યા કરે છે.

જેમ ગ્રહના લોકો આમનામાં રસ લેતા ન હતા તેમ આ લોકો પણ ગ્રહના કામમાં કશો રસ લેતા જણાતા ન હતા એટલે કોઈ તેમને કશી ડખલ પણ કરતા ન હતા. આ લોકો આ ગ્રહના નથી પણ સ્વર્ગલોકના વાસી છે એની પણ કોઈને ખબર ન હતી. જો કે હજુ ગામોની વસ્તી ગણવાની કે એની નોંધ રાખવાની શરૂઆત અહીં થઈ જ ન હતી.

અહીં કાર્યાલયના પરિસરમાં ચારપાંચ નાનાંનાનાં ઝૂંપડાં બાંધેલાં હતાં તેમાં આ ગ્રહનાં કેટલાંક કુટુંબો રહેતાં હતાં. એમને ખાવા જેટલાં અનાજપાણી કાર્યાલયમાંથી આપવામાં આવતાં હતાં અને આ લોકો કાર્યાલયનાં બહારનાં કામો કરતાં હતાં.

આ પ્રદેશના કેટલાક લોકો એમ પણ માનતા હતા કે આ લોક જાદુગરો છે ને એમના કહેવાથી વરસાદ પડે છે.

વળી વરસાદ એ તો એમની જીવાદોરી સમાન હતો એટલે એમને મન તો આ લોકો ભગવાન જેવા હતા.

ક્યારેક વાવાઝોડું કે ભારે વરસાદ થવાનો હોય તો આ સ્વર્ગીય લોકો પોતાના સ્થાનિક માણસો મારફતે બધાને સાવધ રહેવાના સંદેશા મોકલી આપતા હતા એટલે બધાને મનમાં વસી ગયું હતું કે એ વરસાદના દેવો જ હતા. પછી કોઈ એમના કામમાં માથું મારે ખરા!

હા, ક્યારેક વરસાદ ઓછો પડે ત્યારે લોકો આ દેવતાને બદલે એમને ત્યાં કામ કરતા પેલા બહારના માણસોને કહેવા આવતા કે દેવોને કહો કે વરસાદ મોકલે.

આ લોકો એમને જેમ તેમ સમજાવી દેતા ને વખત મળતાં અંદરના દેવોને કહેતા કે લોકો વરસાદ માગવા આવ્યા હતા. હાલ વરસાદની ખોટ ન હતી એટલે વરસાદ થતો ને લોકો માનતા કે દેવોએ તેમની વાત સાંભળીને વરસાદ મોકલ્યો છે.

◇

અહીં અમારે છપાવાનું હતું નહીં એટલે અમે સામાન્ય માણસો જેવાં કપડાં પહેરીને ગામમાં નીકળ્યા. અમારી ઓળખ કાર્યાલયના અધિષ્ઠાતા વરસાદના દેવે બધાને બીજે ગામથી આવેલા મહેમાનો તરીકેની આપી. એ લોકો કદાચ એમ પણ સમજ્યા હશે કે અમે અમારા ગામમાં વરસાદ મોકલવા વરસાદના દેવને મનાવવા આવ્યા હોઈશું.

આ ગામને ગામ કહેવું એય વધુ પડતું હતું. છૂટાં છવાયાં જ્યાં ત્યાં બંધાએલાં પચીસ ત્રીસ ઝૂપડાં ને એમાં વસતાં નાગાંપુંગાં ને માંદલાં છોકરાં ને એવાં જ મડદાલ મોટી ઉંમરનાં માણસો. આખા ગામની વસ્તી કદાચ પાંચસોનીય નહીં હોય. મને લાગ્યું કે આપણી દુનિયાની સ્થિતિ કદાચ વિક્રમ સંવત શરૂ થઈ એનાં પાંચ હજાર પહેલાં આવી હશે.

કેટલાક લોકો અમારી સામે આવતાં પણ ડરતા હોય એવું લાગતું હતું. એક જણે અમારી સામે આવીને ડરતાં કહ્યું: ‘દેવ, હવે પંદર દા’ડા વરસાદ ના મોકલશો. નહીં તો બધું પાણીમાં બૂડી જશે.’

અમારી સાથેના દેવે એમને હસીને ફક્ત માથું હલાવીને એમની વાત સાંભળી હોય એમ ડોકું ધૂણાવ્યું ને પેલો માણસ જાણે ધન્ય થઈ ગયો હોય એમ મલકાતે મોંએ એક બાજુ સરી ગયો.

ગામની બાજુમાં જ એક નાનો એવો વેંકળો વહી જતો હતો તેમાં કેટલાંક છોકરાં મસ્તી કરતાં નહાતાં હતાં તો કેટલાંક સ્ત્રીપુરુષો માટીનાં વાસણોમાં પાણી ભરી જતાં હતાં.

◇

કાર્યાલય પર પાછાં આવી અમે થોડી વાર પછી બીજા એવા ગામની મુલાકાતે ઊપડ્યાં. મનાવંતદેવ કહેઃ ‘હવે હું તમને એવી જગાએ લઈ જવા માગું છું કે જ્યાં ખેતીની જમીન બાબતે લડાઈ ઝઘડા ચાલે છે. કોઈને દૂરની જમીન જોઈતી નથી. બધાને પોતાના ઘરથી નજીકની જમીનમાં જ ખેતી કરવી છે. બે વરસથી એ લોકો આમ ઝઘડ્યા કરે છે. એમાં મારામારી પણ કરે છે ને એકબીજાના પાકને નુકશાન પણ કરે છે.’

‘એમને કોઈ સમજાવનાર નથી કે એમને એમ ન કરવા ન્યાયની રીતે દબાણ કરી શકે તેમ નથી?’

‘અહીં હજુ ન્યાય કે કાયદાની શરૂઆત થઈ નથી. અત્યારે તો જેના હાથમાં લાઠી એની ભેંસ જેવો ઘાટ છે. પણ ગામમાં કેટલાક સમજુ માણસો છે એ આવું કંઈક વિચારે છે જરૂર. મને લાગે છે કે હવે પછીનાં પાંચેક વરસમાં અહીં પાંચ સાત આવા માણસોનું એક પંચ રચાશે ને એમના ઘડેલા નિયમો મુજબ લોકો ચાલતા થશે ખરા. પહેલાં ઝઘડા ને પછી સમાધાન ને પછી એને માટેના નિયમો. તમારી દુનિયા પણ આ મારગે જ ચાલી હતી એક વખતે.’ હસતાં એમણે કહ્યું.

‘આ સમયનો અમારી પાસે કોઈ ભરોંસાપાત્ર ઈતિહાસ નથી. જે કોઈ વાતો છે કહી સૂની છે. કેટલાક સંશોધકોએ ભૂતકાળમાં ડોકિયાં કરીને એની કલ્પનાઓ કરી છે. તોય મને નથી લાગતું કે અમારી દુનિયા આવી રીતે શરૂ થઈ હોય.’

‘મેં તને હમણાં જે વાત કરી તે કહી સૂની નથી પણ અમારી જોએલી છે. હજુ સુધી તો આ લોકો તમારે પગલે જ ચાલતા હોય એમ લાગે છે. આગળ ઉપર તેમની દુનિયા કેવો

વળાંક લે છે તે જ જોવાનું રહે છે.'

'મને લાગે છે કે તોય અમારી દુનિયા આ લોકો કરતાં હજારેક વરસ પછી આગળ નીકળી ગઈ હશે. એમની પાસે એમના મગજમાં જે જ્ઞાન ભર્યું છે તે કાંઈક રંગ લાવશે.' મેં આશાવાદી સૂરમાં કહ્યું.

'તારાથી હજુ તારી દુનિયાની યાદ ભૂલાતી નથી એટલે કદાચ તને એવું લાગતું હશે પણ નિર્માણદેવની યોજના તો તમારી દુનિયાને બધું નવેસરથી જ શરૂ કરવું પડે તેવી લાગે છે. મને નથી લાગતું કે એ જૂનું કશું ઉપયોગમાં લેવા દે.'

'કોઈના મગજમાં જે પડ્યું છે એને દેવશ્રી કેવી રીતે ભૂંસી શકવાના હતા! એ સ્મૃતિનો કોઈક તો લાભ આવનારી પેઢીને મળશે જ ને!'

'તું એ કેમ ભૂલી જાય છે કે તમારી છઠ્ઠીના લેખ પણ એમના દુતો મારફતે લખાય છે! જરૂર પડે તો એ ગમે ત્યારે બદલીને એને સ્થાને નવા લખી શકાય છે. દેવશ્રી ધારે તે કરી શકે છે.' મનાવંતદેવે કહ્યું.

નિર્માણદેવના સામર્થ્યની તો મને ખબર હતી જ એટલે હું ચૂપ રહ્યો. ત્યાં કહેવા પુરતી લટાર મારી અમે દરિયા કિનારા પરની એક જગાએ ગયા. ત્યાં કેટલાંક લોકો તરાપા પર બેસી કિનારાની નજીક આમતેમ ફરી રહ્યાં હતાં.

'આ લોકોને હજુ વિશ્વાસ નથી કે તરાપાનાં લાકડાં પાણી પર કેટલો સમય તરતાં રહેશે એટલે એ લોકો હજુ તો પ્રયોગ કરી રહ્યા છે. વખત જતાં એમાંથી વહાણવટું શરૂ થશે કદાચ. એમ કરતાં થોડા અકસ્માત પણ થશે પણ કોઈક તો એવો નીકળશે કે જે વહાણવટાનો પાયો નાખશે.'

'આ લોકો હવામાં ઊડવાના કોઈ પ્રયોગો કરે છે કે નહીં?'

'કેમ તારે એમને પેલા અર્ધમાનવગ્રહની જેમ આમને પણ ઊડવાનું શિખવવું છે કે શું! પણ હજુ એમને તળાવથી શરૂ કરીને નદી અને દરિયા પર તો હાથ અજમાવવા દે. ને નિર્માણદેવશ્રીના કામમાં માથું ન મારવાની મને ચેતવણી મળી જ ગઈ છે. તારે લીધે મારે એમનો ઠપકો સાંભળવો

પડ્યો છે.'

'મને પણ એક બીજી બાબતમાં ઠપકો મળ્યો છે પણ એ બહાને દેવશ્રીનાં દર્શનનો લહાવો તો મળ્યો. હવે ફરી ઠપકાને બદલે શિક્ષાનું જોખમ લાગે છે એટલે હું દેવશ્રીના માર્ગમાં ન આવી જવાય એની સતત કાળજી રાખવા માંડ્યો છું.' મેં કહ્યું.

'તને રૂબરૂ બોલાવીને ઠપકો આપ્યો એ માટે તું નસીબદાર બાકી કોઈને દેવશ્રી રૂબરૂ બોલાવે એટલે શિક્ષા જ કરવાની હોય. વળી તને એમનાં દર્શન થયાં ને એમણે તારે માથે હાથ ફેરવ્યો એ તો ઠપકાને બદલે લહાવો મળ્યો કહેવાય.'

એ પ્રવાસ ત્યાંથી પતાવીને અમે પાછાં મનાવંતદેવના કાર્યાલય પર પાછાં આવી ગયાં. એ કહે: 'તમારે કાલે પાછાં આવવાનું છે તો તેને બદલે અહીં જ રોકાઈ જાવ ને. આપણે સાથે જમશું ને વાતો કરીશું.'

ને અમે રોકાઈ ગયાં. જમ્યા પછી રાતે એમની સાથે વાતો કરતાં મને ઘણું જાણવાનું મળ્યું. એમાંથી મને આપણી દુનિયા વિશે એક વાત જાણવા મળી તે એ હતી કે ફક્ત આપણી દુનિયાનાં જ ત્રણ ત્રણ સંસ્કરણો કરવામાં આવ્યાં હતાં. બાકીની કોઈ દુનિયાનું એક પણ સંસ્કરણ કરવામાં આવ્યું ન હતું.

મને વિચાર આવ્યો આપણી જ દુનિયાનાં ત્રણ સંસ્કરણ શા માટે? મેં મનાવંતદેવને એ અંગે પૂછ્યું તો એ કહે: 'કારણ કે તમે વિજ્ઞાન, સ્થાપત્ય, કળા અને સાહિત્યનાં ક્ષેત્રોની સાથે લોભ, લાલચ, ગુનાખોરી અને વસ્તીવધારામાં પણ ઝડપી પ્રગતિ કરો છો એટલે. તેં જોયું હશે કે જે બે ગ્રહની તેં મુલાકાત લીધી તે ગ્રહો તમારી દુનિયા કરતાં મોટા છે એટલે થોડાં વરસોમાં ભરાઈ જાય તેમ નથી. અને ત્યાંના લોકો પ્રગતિનાં બધાં ક્ષેત્રોમાં ધીમા છે. અને હજુ તેમની ઉંમર પણ ક્યાં થઈ છે?'

# ૧૬.
# પૃથ્વીલોકની એક વધુ સફર

મારું વેકેશન પૂરું થયું એટલે હું પોરુમદેવને મળવા ગયો. મને ખાતરી જ હતી કે એમણે દેવશ્રી પાસેથી જે પાંચ દિવસની મુદત માગી હતી તેમાં એમણે કરવા ધારેલાં કામ પતાવી જ દીધાં હશે.

‘આવ, હું તને બોલાવવાનો જ હતો. મેં પૃથ્વીલોકમાં થોડી કરવા જેવી સાફસુફી કરી દીધી છે. તારે એ બેય સ્થળોની મુલાકાત લઈ આવવી હોય તો જા. પણ એ જોઈને તારે જીવ જ બાળવાનો છે. મારું માનું તો તું ત્યાં જાય ભલે પણ કોઈની રૂબરૂ ન થતો કે એમના કામમાં કોઈ રીતે મદદરૂપ થવા જેવુંય ન કરતો.’

‘આપની આજ્ઞા હોય તો મને ત્યાં જવું ગમશે. હજુ કોઈ વાત આપના ધ્યાન બહાર રહી ગઈ હોય ને મારા ધ્યાનમાં આવે તો આપને જણાવવી મને ગમશે. પણ આ વખતે આપે જાતે જ કાર્યને અંજામ આપવાનું ગોઠવ્યું છે એટલે એમાં કોઈ ક્ષતિ રહી હોવાનો સંભવ નથી.’

‘એમ કેમ કહેતો નથી કે તારા ટોળામાંથી આ વખતે પણ દેવશ્રીના માર્ગમાં રોડાં નાખી શકે એવો કોઈ બચી ગયો હોવાની તને શંકા છે!’

‘એવું તો નહીં પણ મારા પસંદ કરેલા યુવાનોમાંના કેટલાક વિચક્ષણ બુધ્ધિ ધરાવતા હોવાની મને જાણ છે. એમાંનો કોઈ બચી ગયો હશે તો એ આપે ન ધાર્યું હોય એવું જરૂર કાંઈક કર્યા સિવાય નહીં રહે.’

‘તો ભલે તું સાવચેતીથી એક આંટો મારી આવ. ક્યાંય પ્રત્યક્ષ ન થતો.’

‘ભલે હું કાલે બેય સ્થાનની મુલાકાત લઈને આપને તે અંગે માહિતી આપીશ. તો હું રજા લઉં?’

'જા મને પરમ દિવસે સવારમાં તું જે જાણી લાવ્યો હોઉં એ માહિતી મળી જવી જોઈએ. ને ફરીથી યાદ દેવડાવું છું કે કોઈને મળતો નહીં.'

'મને દેવશ્રીના આશીર્વાદ છે અને આપની ટકોર છે એટલે મારીથી એવી ભૂલ નહીં જ થાય એની મને શ્રધ્ધા છે. તો હું રજા લઉં?'

'ભલે, જા.'

આવાસ પર પહોંચી મેં માનસીને મારા જવાની વાત કરી તો એ કહે: 'મને ત્યાં છેલ્લી વખત ગયાં ત્યારે બહુ ગમેલું નહીં છતાં મને તારી સાથે આવવાનું મન થાય છે.'

'આ વખતે તો તું સાથે ન જ આવે એવું હું ઈચ્છું છું. વળી આ વખતે તો મારાં બચાવેલાં માણસોમાંથી અર્ધાં હોમાઈ ગયાં હશે. મારેય કાળજું કઠણ કરીને બધું નિહાળવું પડશે. તારાથીય એ સહન થાય તેમ નથી એટલે તું મારી સાથે ન જ આવે એ સારું છે. ને હું સાંજે તો પાછો તારી સેવામાં ઉપસ્થિત થઈ જ જવાનો છું.'

ને તે માની ગઈ ને હું આંખો બંધ કરીને કોણ મર્યું હશે ને કોણ બચી ગયું હશે એના વિચારમાં પડી ગયો. માનસીએ પણ મારી અસ્વસ્થતા સમજીને મને એકલો છોડી દીધો. એ આખી રાત મને મારા સાથીઓના જ વિચાર આવ્યા કર્યા. મને થયું કે એમાંના કેટલાકે મરતાંય મને યાદ કર્યો હશે. એમણે વિચાર્યું હશે કે હું એમને અણીને સમયે અટુલાં છોડીને ક્યાં ભાગી ગયો હોઈશ!

◇

બીજે દિવસે સવારમાં જ હું ધરતી પર જવા રવાના થઈ ગયો. માનસી મને સાંજે પાછા આવી જવાનું યાદ કરાવવાનું ન ભૂલી. એણે મને એ યાદ દેવડાવવાની જરૂર ન હતી. પોરુમદેવે મને આવતી કાલે ત્યાંનો અહેવાલ તેમને આપવાનો આદેશ આપેલો જ હતો.

હું પહેલાં અમારા ટોળાના સમચાર જાણવા ત્યાં જ ગયો. ગેસ્ટ હાઉસની સ્થિતિ જોતાં જ મને સમજાઈ ગયું કે ભયંકર સંહાર થયો હતો. પહેલી નજરે જોતાં જ અમારા

ટોળામાંથી કોઈ બચી ગયું હોય એવું લાગતું ન હતું. મારી આંખો ભરાઈ આવી. મને થયું કે મેં એમને બચાવતાં સામેથી મોતના મુખમાં ધકેલી દીધાં હતાં.

ગેસ્ટ હાઉસ ઈંટમાટીના ટેકરામાં ફેરવાઈ ગયું હતું. નજીકમાંના સ્ટોરની હાલત તો પહેલેથી જ તેના જેવી હતી. બધું વેરણછેરણ થઈ ગયું હતું. મને એની ચિંતા ન હતી. મને ચિંતા હતી મારા સાથીઓની. પોરુમદેવે તો કહેલું કે એમાંનાં અર્ધા જેટલાં માણસો કદાચ માર્યાં જશે. પણ અહીં તો એમાંનું કોઈ જ બચ્યું હોય એવું જણાતું ન હતું. મેં ચાલકને આસપાસ આંટો મારવા જણાવ્યું ને બારીકાઈથી નિરિક્ષણ કરવા માંડ્યું.

નીચે પાણીની ધાર પાસે મને કોઈ માણસો જેવું જણાયું. મેં ચાલકને વિમાન થોડું વધારે નીચે લેવા કહ્યું. થોડા નીચે જતાં જ એ માણસો ઓળખાયા. એમાંના બે જુવાનિયા એક તરાપો બનાવતા હતા. બીજા કેટલાક તેમને લાકડાં તથા દોરડાં આપીને મદદ કરતા હતા.

એમાં પેલાં મરજાદી બહેન પણ હતાં. બધાંના હાલહવાલ જોતાં તેઓ જિંદગીથી હારી ગયાં હોય એવાં નિસ્તેજ જણાતાં હતાં. એમને માથેથી છાપરું હઠી ગયું હતું ને એમના ટોળામાંથી અર્ધા જેટલાં માણસો માર્યાં ગયાં હતાં તેનો શોક અને પોતાની સલામતિની ચિંતા તેમના મોં પર ડોકાતાં હતાં.

એ લોકો મને કે મારા વિમાનને જોઈ શકતાં ન હતાં એટલે મેં વિમાન છેક તેમની નજીક લેવા ચાલકને કહ્યું. હવે મને તેમની વાતો સંભળાતી હતી.

એક જુવાન કહેતો હતોઃ ‘સ્વપ્નીલ હાજર હોત તો કદાચ આવું ન બન્યું હોત. એને ભગવાનનો સંકેત મળ્યો હોત તો એ આપણને બીજે સલામત સ્થાને લઈ ગયો હોત. પણ એને માથે ભગવાનનાં દીધાં એટલાં બધાં કામ હશે એટલે એ આપણને બચાવવા નહીં આવી શક્યો હોય. આપણે તેને માટે સંદેશો મૂકતા જઈશું. પણ આપણે ક્યાં જવાના છીએ એ પણ નક્કી નથી ત્યાં એને જણાવીશું શું?’

‘પણ ભૈલા, આપણે આટલાં માણસો ને બચ્યુંકચ્યું સાધન ને એમાં તેં પેલા ખટારાનાં છ પૈડાં મેલ્યાં છે તે તારી

આ હોડી એટલો ભાર ખમશે? ક્યાંક આપણને બધાંને એ દરિયાને તળિયે તો નહીં લઈ જાય ને!'

'તમે એના ચિંતા ન કરશો માડી, સામે કાંઠે પહોંચીને એનાથી તો મારે બેત્રણ ગાડાં બનાવવાનાં છે. તેમાં તમારા જેવાં ઘરડાં ને ઘવાયેલાં માણસો ને આ સાધનસામગ્રી ભરીને બીજું રહેઠાણ ગોતવા નીકળવાનું છે.'

'પેલો ડ્રાઈવર હોત તો તને એ મદદ કરત આ કામમાં પણ એ બિચારો તો હોટલના કાટમાળમાં દટાઈને ધામમાં ગયો. ભલો માણસ હતો. એની આવડતે તો આપણને ચોખ્ખું પાણી પીતાં રાખ્યાં હતાં.'

'શું કરીએ માડી, ભગવાન રૂઠ્યો છે ત્યાં? આખી દુનિયાનું ધનોતપનોત કાઢી નાંખ્યું છે. આપણા વગર હજુ આપણે બીજું કોઈ જીવતું માણસ ક્યાં જોયું છે આટલા દિવસથી? હવે આપણેય કેટલાં રહ્યાં છીએ! અમારા જેવાં ઘરડાં ને બીજાં કેટલાંક ઘવાએલાં. તારા જેવા હબધા તો માંડ દસ રહ્યા છે. જે કરવાનું છે એ હવે તમારે જ કરવાનું છે. અમે તો તારે માથે પડ્યા જેવાં છીએ.'

'માડી, એમ કેમ કહો છો? અમે જે સાજાંસમાં રહ્યાં છીએ તેય તમારા પૂન્યને જોરે જ ને! તમે અમારે માથે નથી પડ્યાં, તમે તો અમને બચાવ્યાં છે.' એક જુવાનિયાએ કહ્યું.

મને થયું કે મારી પસંદગીમાં ક્યાંય ભૂલ ન હતી પણ એનાથી નિર્માણદેવશ્રીના માર્ગમાં રોડાં નાખવા જેવું તો નથી થતું ને! મારે જઈને પોરુમદેવને રીપોર્ટ આપવાનો હતો. આ રીપોર્ટ આપવો એટલે આવા તરવરિયા જુવાનના મોતના આદેશ પર અંગૂઠો ચાંપવા જેવું જ હતું. ને આવી માહિતી છુપાવી રાખવી એટલે મારા મોતનો આદેશ માગી લેવા જેવું જ હતું. મને થયું આના કરતાં હું અહીં ન આવ્યો હોત તો વધારે સારું થાત.

સજળ નેત્રે મેં ચાલકને પેલી લાકડાની વાડવાળી વસાહત તરફ વિમાનને હંકારવા આદેશ આપ્યો. રસ્તામાં ક્યાંય નવસર્જનનું કોઈ ચિન્હ જણાતું ન હતું. બધે હતાશ અને મુડદાલ નિસ્તેજ ચહેરા જ દેખાતા હતા. મને લાગ્યું કે એ લોકોમાંથી કોઈ પચાસ વર્ષના આયુ સુધી પહોંચવાનાં ન

હતાં. એ એમની બીજી પેઢીને દુઃખ, નિરાશા ને માંદગીનો જ વારસો આપી જવાનાં હતાં.

થોડી જ વારમાં અમારું વિમાન લાકડાની વાડવાળા સ્થાન પર આવી ગયું. હવે ત્યાં લાકડાની વાડને સ્થાને કોલસા ને રાખની એક લીટી દોરી હોય એવું લાગતું હતું. ક્યાંય કોઈ જીવતું માણસ દેખાતું ન હતું.

અહીં મેં પહેલે વખતે જોયું ત્યારેય ક્યાં કોઈ સાચા અર્થમાં જીવતું કહી શકાય એવું માણસ હતું! જે કોઈ હતાં એ હતાશ, નિરાશ અને હારી ગયેલાં જ હતાં. પણ એવા વખતમાંય પણ એમનામાં કંઈક કરીને આમાંથી બહાર નિકળવાની ચતુરાઈ દેખાતી હતી. આજે તો પેલી લાકડાની વાડની સાથે એની પણ રાખ થઈ ગઈ હોય એવું લાગી રહ્યું હતું.

મને થયું કે અહીંની પ્રગતિનું તો મીંડું જ વળી ગયું હતું. હવે અહીંથી તો નવનિર્માણની પહેલ થાય એ અશક્ય જ હતું. ચાલ બીજે આંટો મારું. ક્યાંક નવસર્જનની કુંપળ ફૂટી હોય તો. ને મેં ચાલકને ત્રીજી દિશામાં વિમાનને ઘુમાવવાનો આદેશ આપ્યો.

એક જગાએ નાનકડા ટાપુ પર મેં એક ખેતર જેવું જોયું. તેના ચારે તરફ લીલાં સૂકાં ઝાંખરાંથી વાડ જેવું બનાવેલું હતું ને વચમાંની ખેતર જેવી જગામાં એક સરખી વધેલી લીલોતરી જેવું હતું. મેં ચાલકને વિમાન એ ખેતરની વચ્ચે વધારે નીચું લઈ જવા કહ્યું.

એ લીલુંછમ ઘાસ જેવું લાગતું ઘઉંનું વાવેતર હતું. અને આ વાવેતર પણ કોઈ ખેતીના જાણકાર માણસે વરસોની કોઠાસૂઝથી કર્યું હોય એવું વ્યવસ્થિત હતું. જો એમાં કશી અડચણ ઊભી કરવામાં નહીં આવે તો એક મહિનામાં તો સો મણ જેટલા ઘઉંનું ઉત્પદન થશે એમાં શક નહીં. ને આમ થતાં ખેતી ઉપર નભતી સંસ્કૃતિની કદાચ અહીંથી જ શરૂઆત થશે.

મેં એ લોકોની વસાહત તરફ જઈને જોયું તો આઠદસ છાપરાં બનાવેલાં હતાં. એ છાપરાં જરૂર હતાં પણ એક સીધા રસ્તાની આસપાસ વ્યવસ્થિત રીતે ઊભાં કરેલાં હોય એવાં હતાં. વળી દરેક છાપરાની ચારે તરફ નાની સરખી વાડ પણ

કરેલી હતી. કેટલાંક છાપરાંની ચારે બાજુ વિવિધ વનસ્પતિ ઉછેરવાની શરૂઆત થઈ ગઈ હતી.

ક્યાંક મકાનની વાડ પર વેલા દેખાતા હતા તો ક્યાંક વેલા પરથી પીળાં ને સફેદ ફૂલ પણ ડોકિયાં કરી રહ્યાં હતાં. એ પાન અને ફૂલ પરથી મને લાગ્યું કે એ વગર માવજતે ઉછેરી શકાય એવાં શાકભાજીના વેલા હતા. એમણે ઘઉંની સાથે શાકભાજીની પણ જોગવાઈ કરવા માંડી હતી. નક્કી આ ટોળામાં કોઈ પ્રગતિશીલ ખેડૂત હોવો જોઈએ. આમને પગભર થતાં બહુ વરસ નહીં લાગે.

મારે સાંજે તો પાછા પહોંચવાનું હતું ને દિવસ હવે બહુ બાકી રહ્યો ન હતો છતાં પાછા ફરતા પહેલાં મેં એક આંટો સમુદ્ર જેવા લાગતા એક વિશાળ જલરાશીના કિનારા પર મારી લેવાનું વિચાર્યું.

ત્યાં મેં જોયું તો એક જગાએ કેટલાક લોકો લાંબાં લાંબાં લાકડાં ઊભાં ખોડીને કોઈક બંધ જેવું બાંધી રહ્યાં હતાં. મને થયું કે એ નકામી મહેનત કરતા હતા. પણ એ કિનારા પર આગળ જતાં મને જાણવા મળ્યું કે એક નદીનું પાણી આ સાગર જેવા લાગતા તળાવમાં આવી રહ્યું હતું. આ પાણી જે જગાએથી બહાર નીકળતું હતું ત્યાં લગભગ દસેક ફૂટ ઊંચા ડેમની આ લોકો રચના કરી રહ્યા હતા.

મને લાગ્યું કે આ લોકો કુદરતી રીતે નિર્માયેલા નદીના આ સરોવરની સપાટી થોડી વધારીને આજુબાજુની જમીન પર ખેતી કરવાની યોજના કરી રહ્યાં હશે.

બીજી જગાનો નઝારો શોકભર્યો જરૂર હતો પણ ક્યાંક ક્યાંક એમાં મને આશાની લકીર ડોકિયાં કરતી જોવા મળી હતી. મારે પોરુમદેવને આ માહિતી કેવી રીતે આપવી એની જ દ્વિધા મારા મનમાં ઘુમરાઈ રહી. એ રાતે મેં માનસીને એમાંની સારી અને આશ્વાસન લેવા જેવી વાતો કરીને એને ખુશ કરી. બીજે દિવસે તો મારે બધી જ વાતો પોરુમદેવને જણાવવાની જ હતી ને!

◇

બીજે દિવસે સવારની વેળામાં હું પોરુમદેવની સામે બેઠો હતો. ‘કહે, ત્યાં તેં શું અવલોકન કર્યું?’ એમણે મને સીધો

જ પ્રશ્ન કર્યો.

'આપે જે કર્યું હતું એ મેં જોયું. કોઈની પણ સામે ગયા સિવાય મેં ઘણાં સ્થળોનું નિરિક્ષણ કર્યું. એમાં મને મને મોટે ભાગે તો હતાશ અને જિંદગીથી હારી ગયેલાં માણસો જ દેખાયાં પણ કેટલીક જગાએ મને નવનિર્માણનાં મૂળિયાં નંખાતાં પણ જણાયાં.'

'એ નવનિર્માણવાળી જગાની વાત મને વિસ્તારથી કહે.'

'એક સ્થળે ઘઉંનો પાક લહેરાતો પણ મેં જોયો તો બીજા એક સ્થળે મેં એક સરોવર પર આડબંધ બંધાતો પણ જોયો.' મેં કહ્યું ને પોરુદેવની આંખો ચાર થઈ.

'આડબબંધ! ન હોય! મને એ વિષે ચોક્કસ કહે. એનું સ્થાન અને ત્યાંના લોકો, તેમની સંખ્યા, એ બધું મને કહે.' એમણે કહ્યું.

'એ સ્થળ પર એક નદીના માર્ગમાં એક તળાવ જેવા સરોવરની કુદરતી રચના થઈ ગઈ છે. આ સરોવરમાંથી પાણી આગળની તરફ જ્યાંથી વહી જાય છે ત્યાં મોટાં મોટાં લાકડાં રોપીને એ લોકો દસેક ફૂટ ઊંચો બંધ બનાવી રહ્યા હોય એવું મને લાગ્યું છે. એમનાં રહેવાનાં જે ઝૂંપડાં એમણે બનાવ્યાં છે તે પણ કોઈ ગામની વ્યવસ્થિત શેરી જેવાં બનાવ્યાં છે. દરેક છાપરાની ચારે તરફ ખુલ્લી જગા ને છાપરાંની બે લાઈનો વચ્ચે પચાસ ફૂટ જેટલો પહોળો સીધો રસ્તો.'

'એટલી વારમાં ત્યાં આવું બધું એમણે બનાવી પણ દીધું!'

'એટલું જ નહીં પણ એમણે એમનાં આ છાપરાંની આસપાસની ખાલી જમીન પર શાકભાજી પણ ઉછેરવા માંડ્યાં છે ને એમાંના કેટલાક છોડ ને વેલા પર તો ફૂલ પણ આવી ગયાં છે.'

'એટલુ બધું ત્યાં થઈ ગયું છે? મને લાગે છે કે ક્યાંક મારી ભૂલ થઈ છે કે પછી સમર્થદેવની ક્યાંક ચૂક થઈ છે. પણ દેવશ્રીનો આદેશ છે કે હવે આપણે ત્યાં કશો હસ્તક્ષેપ

કરવાનો નથી.' કહેતાં તે અંદરના ખંડમાં ગયા.

'થોડી વારમાં અંદરથી પાછા આવતાં મને કહે: 'ચાલ, આપણે દેવશ્રીના સાનિધ્યમાં જવાનું છે.' એમના આ કહેવાથી મારા મનમાં ભયની એક લહર દોડી ગઈ.

અનુચરે આવીને રથ તૈયાર હોવાની જાણ કરી કે તરત અમેદેવશ્રીના સાનિધ્યમાં જવા રવાના થયા.

અમે દેવશ્રીની સમીપ પહોંચ્યા ત્યારે તેઓ બંધ આંખે ઊંડા વિચારમાં બેઠા હોય એમ લાગતું હતું. અમે આવ્યાની ખબર તોય એમને પડી ગઈ હોય એમ એમણે આંખો ખોલીને આંખોથી જ અમને આવકાર આપ્યો ને આંગળી આસન તરફ દર્શાવી એમને બેસવાનો મૂક આદેશ આપ્યો. તો પોરુમદેવે મને ઈશારાથી જ ન બોલવાનું સૂચવી દીધું.

થોડીવાર પછી દેવશ્રીએ મને પૂછ્યું: 'સુખદેવ, તને પૃથ્વીલોક પર નજર રાખવાનું ને ત્યાંના અહેવાલ વખતોવખત પોરુદેવને પહોંચાડવાનું કામ સુપ્રદ કરાયેલું હતું તો તેં આજ સુધી આ થઈ રહેલી પ્રગતિ અંગે કેમ કશું ન જણાવ્યું?'

'દેવશ્રી, છેલ્લા એક મહિનાથી પોરુમદેવે મને પૃથ્વીલોક પર ન જવા આદેશ આપ્યો હતો તે દરમિયાન આ બધું થયું હશે. કદાચ હું છેલ્લે ગયો હોઈશ ત્યારેય એની શરૂઆત થવા માંડી હશે પણ એ નાના પાયા પર હશે એટલે મારા ધ્યાન બહાર રહી હશે. એ બદલ હું આપની ક્ષમા માગું છું.'

'પોરુમ, તેં એને પૃથ્વીલોકમાં જવાની ના કેમ પાડી હતી? કશું કારણ હતું?'

'મને એમ લાગ્યું કે એના પૃથ્વીલોક સાથેના સંબંધો હજુ તાજા જ હતા એટલે એ કદાચ કોઈને માર્ગદર્શન આપવા પ્રયત્ન કરીને આપના માર્ગમાં આવી જશે. એટલે મેં તેને એક મહિના માટે ત્યાં જવાની ના પાડેલી. વળી તે દરમિયાન ત્યાં મારે જે કેટલીક એવી સફાઈ કરવી પડવાની હતી કે એ એનાથી કદાચ સહન ન થાત એવું મને લાગતું હતું.'

'તારે માનવું જોઈતું હતું કે મેં એને  એવું ન કરવાના

આશીર્વાદ આપ્યા હતા એટલે એનાથી અજાણમાં પણ એવું થવાની સંભાવના ન હતી. તોય એની ગેરહાજરી એકલી જ આ પરિસ્થિતિ માટે કારણભૂત નથી. ક્યાંક તારી, સમર્થની કે મારી પણ ભૂલ થઈ હશે.'

'હું એ કબુલ કરું છું. હવે શી આજ્ઞા છે?' પોરુદેવે પોતે ભૂલની જવાબદારી સ્વીકારતાં કહ્યું.

'આપણે આ બે મુખ્ય સ્થળો પરની પ્રગતિમાં નાના મોટા અંતરાય નાખીને એને ધીમી પાડવાનું કરવું જોઈએ. પણ એમાં ક્યાંય આપણે કોઈના મોતની જવાબદારી લેવાની નથી. એ એમના ભાગ્યમાં લખ્યા પ્રમાણે ભલે મરતા. આપણે કોઈને મારવા નથી.'

'નાના કે મોટા અંતરાયો નાખવા છતાં એમાંનું બધું તો આપણે રોકી નહીં જ શકીએ.'

'આપણી ગણતરી એવી હતી કે બેચાર પેઢી પછી એમની પાસે આવી કોઈ સ્મૃતિ ન રહી હોવી જોઈએ. તો જ નવી સંસ્કૃતિની રચના નવા પરિપ્રેક્ષ્યમાં થાય. હવે શક્ય હોય તો એમને માટે એવા સંજોગોનું સર્જન કરીએ કે તેમનું જ્ઞાન નવી પેઢીને એ કદાચ આપે તોય નવી પેઢી એને સમજી ન શકે. વળી નવી પેઢીના એ લોકોને પણ જીવવાની એવી ઝંઝટોમાં મૂકીએ કે તેમને એનો અમલ કરવા કરતાં ચાલુ ચીલે ચાલવાનું જ સુગમ લાગે.'

# ૧૭.
# દેવશ્રીના આદેશનો અમલ કરતાં

મને દેવશ્રીએ જે આશીર્વાદ આપ્યા હતા તેમાં એક આદેશ પણ હતો ને મારે માટે એમાં એક બંધન પણ હતું. મને શ્રધ્ધા હતી કે મારાથી એમાં અજાણતાંય કોઈ ભૂલ નહીં થાય પણ તોય મેં મનથી નક્કી કરી લીધું કે પૃથ્વીલોકમાં કોઈને પ્રત્યક્ષ જ ન થવું. એમની ગતિ દૂરથી જ નિહાળવી ને એની માહિતી સ્વર્ગલોકમાં આપવી.

બીજે દિવસે પૃથ્વીલોકમાં જતા પહેલાં હું પોરુમદેવની પાસે એમની કોઈ વિશેષ આજ્ઞા હોય તો એ પૂછવા ગયો. એમણે મને જ્યાં જ્યાં કોઈ પ્રગતિ થઈ રહી હોય તેની જ માહિતી મેળવવાની ને એમને આપવાની ખાસ સૂચના આપી. વળી જે તે સ્થાનનો નકશો મનમાં બનાવી લેવાનું પણ એમણે મને સૂચવ્યું કે જેથી ફરી ત્યાં જવું હોય તો સીધા ઝડપથી પહોંચી જવાય.

એમણે કહ્યું: 'તને બધું યાદ ન રહે તો તારે ફક્ત એને નંબરથી યાદ રાખવા પ્રયત્ન કરવો અને ચાલકને તે સ્થાનનો નંબર યાદ રાખવાનું કહેવું. એને એવું યાદ રાખવાની તાલીમ આપવામાં આવેલી જ છે.'

'ત્યાંની ખેતીમાં મારું જ્ઞાન મર્યાદિત છે. એને માટે શું કરી શકાય? હું ત્યાં કોઈ છોડ કે વેલાને જોઉં તો એની માહિતી અહીં આપવામાં મને થોડી તકલીફ પડે છે ને છતાંય એ માહિતી ચોક્કસ આપી શકાતી નથી.'.

'એ માટે તું વિજ્ઞાન કાર્યાલયમાંથી છબી ગ્રહણ યંત્ર લઈ જા. જે તું જુએ તેની છબી પાડીને અહીં લઈ આવવી. અહીં વનસ્પતિવિજ્ઞાન કાર્યાલયવાળા તેને ઓળખીને તેની સંપૂર્ણ માહિતી આપણને આપશે. આજે તો તારે મોડું થઈ જશે. આજે વિજ્ઞાન કાર્યાલયમાં જઈ આવજે. પણ કાલે તારે ત્યાંથી

સીધો જ નીકળી જજે.'

'ભલે, હું એમ જ કરીશ. ત્યાં અંધારામાં કશું અવલોકન કરી શકાય તેમ નથી હોતું. વળી આપણો પ્રકાશ આપણે ત્યાં ન કરવાની આપની સૂચના છે એટલે કાલે વહેલી સવારે જ હું નીકળી જઈશ ને ત્યાં અંધારું શરૂ થાય એટલે પાછો ફરીશ. હજુ તો મારે છબી ગ્રહણ યંત્ર લેવા જવાનું છે.' કહીને હું છબીગ્રહણ યંત્ર લેવા ગયો. ત્યાં જઈને મેં એને કેમ વાપરવું એ પણ જાણી લીધું. એમાં આપણા ડીજીટલ કેમેરા જેવી જ વ્યવસ્થા હતી.

એમણે મને છબીગ્રહણ યંત્રની સાથે એક ઈ-નોટબુક જેવું સાધન પણ આપ્યું ને તેને તેમના સંદેશાયંત્ર સાથે જોડાણ પણ કરી લીધું. હવે હું ત્યાં જે કોઈ છબી પાડું કે મારા આ ઈ-બુક પર જે કાંઈ ટાંચણ કરું તે સીધું આ વિજ્ઞાન કાર્યાલયમાં આવી જતું હતું. આપણા લાઈવ ટીવી પ્રસારણ જેવું જ કાંઈક આ હતું. આ બેય સાધનો લઈને ત્યાંથી હું મારા આવાસ પર આવ્યો.

'તું ગયો ત્યારે તારા જમવાની વાનગીઓની પસંદ મને કહીને ગયો હોત તો મેં મંગાવી રાખી હોત.' માનસીએ કહ્યું. તેને એમ હતું કે હું અત્યારે જ પૃથ્વીલોક જવા રવાના થવાનો હતો.

'હું આજે ત્યાં નથી જવાનો પણ કાલે વહેલી સવારે જવાનો છું એટલે સવારે વહેલાં એ જમવાની વાનગીઓ આવી જાય એવું આપણે સેવકને સાંજના જણાવી દઈશું. આજે તો પોરુમદેવે મને તારી સંગતમાં રહેવાની આજ્ઞા કરી છે.'

'એમણે મને કેમ તારી સંગતમાં રહેવાની આજ્ઞા કરી નથી? કે પછી તું મને ખોટું બોલીને પટાવી રહ્યો છું?' મારી રહેવાની વાતથી એ આનંદમાં આવી ગઈ હતી પણ એ આનંદ મોં પર ન જણાઈ જાય એટલે એણે આંખો નચાવતાં ભળતું જ કહ્યું.

'તારે જેમ માનવું હોય તેમ માન ને છતાંય તને સંતોષ ન થતો હોય તો તું જ પોરુમદેવને જઈને પૂછી આવ કે તેમણે મને એવું કહ્યું છે કે નહીં! બાકી મને તો તારી સંગત માણવાનું ગમશે જ. તારી વાત તું જાણે.' મેં પણ એને

ઉડાવતાં કહ્યું.

'લે બોલ, તારે આજે શું જમવાની ઈચ્છા છે? ને કાલે વહેલી સવારે પણ તારે શું મંગાવવાનું છે?'

'આજે સાંજે તો તને જે ગમે તે તું જ મંગાવ. કાલે સવારે જે મંગાવવું હશે તે હું જ સેવકને જણાવીશ. મારે યાદ કરીને કશુંક નવું મંગાવવું પડશે. હું એ આપણા બન્ને માટે મંગાવીશ એટલે તને પણ એક વધુ નવી વાનગી ચાખવાની મળશે.'

'તેં મને તારી દુનિયાની એટલી બધી વાનગીઓ અત્યાર સુધીમાં ચખાડી છે કે મને તેનાં નામ પણ યાદ રહ્યાં નથી. હજુ તારી પાસે કેટલી નવી વાનગીઓ બચી છે?'

'અમારી દુનિયામાં એટલી બધી વાનગીઓ બને છે કે તને આખું વરસ દરેક ટંકે નવી વાનગી ચખાડી શકું. એનાં નામ તને યાદ રહે કે ન રહે એનું કશું મહત્ત્વ નથી. જે તને ગમે તેનાં નામ યાદ રાખવાનો પ્રયત્ન કરજે. ને તોય તને યાદ ન રહે તો હું તો તારી સેવામાં હાજર જ છું તને યાદ દેવરાવવા.'

'એ કશું મને યાદ ન રહે તો તું તો મારી પાસે હોઈશ જ ને! હું તારા ગાલ પર એક બચકું ભરી લઈશ ને એમાં તારી બધી વાનગીઓનો સ્વાદ આવી જશે.' હસતાં એણે કહ્યું.

'તું આવી માંસાહારી ક્યારથી થઈ ગઈ? મારે બધાને આ જણાવવું પડશે.'

'તું આખા સ્વર્ગલોકમાં એ જણાવશે તો પણ મને વાંધો નથી. બધાને ખબર છે કે તું મને એટલા માટે તો ઉપાડી લાવ્યો છે. તું મને કાયમ આવાં બચકાં ભરીને સ્વર્ગલોકની વાનગીઓ ક્યાં નથી ચાખ્યા કરતો! કોઈક દિવસ મારો પણ વારો આવે ને!' આંખો નચાવતાં એણે કહ્યું ને એને લઈને મેં પથારીમાં ઝંપલાવ્યું. ને કાલે સવારે વહેલા ઊઠીને નીકળવાનું હતું એ ભૂલીને અમે બેય રંગમસ્તીમાં ખોવાઈ ગયાં.

◇

પૃથ્વી પર પહોંચી મેં ચાલકને સૌ પહેલાં મારા ટોળાના સ્થળ પર વિમાનને લેવાનું જણાવ્યું. મને મનમાં

શ્રધ્ધા હતી જ કે એમણે કાંઈક નવું કર્યું જ હશે.

ત્યાં પહોંચતાં મેં જોયું કે એક છાપરી પાસે એક ગાય અને તેનું બેએક માસનું વાછરડું ઊભાં હતાં ને પેલાં મરજાદી બાઈ વાછરડાને પોતાની હથેળીમાંથી કાંઈક ખવરાવી રહ્યાં હતાં. ને ગાય વહાલથી એમના હાથ ચાટી રહી હતી. એવું લાગતું હતું કે એકલી પડી ગયેલી આ ગાયને જાણે પોતાનાં સ્વજનો મળી ગયાં હોય.

મેં એમની કેટલીક છબીઓ લીધી ને મારા નોટબુકયંત્રમાં નોંધ કરી:

મરજાદી ધનુમા એક ગાયના વાછરડાને કાંઈક ખવરાવી રહ્યાં છે ને પાસે ઊભેલી ગાય મમતાથી માજીના હાથ પર જીભ ફેરવી રહી છે.

માજીની પાછળ એક છાપરું છે તેના આંગણમાં એક તુલસીનો છોડ લહેરાય છે. પાસે જ માટીનું એક નાના મંદિર જેવું કાઈક જણાય છે. મને લાગે છે કે માજીએ મંદિર બનાવ્યું છે. અંદર કયા દેવની સ્થાપના કરી છે એ જોઈ શકાતું નથી પણ હું માજીને જાણું છું એ પરથી લાગે છે કે એમાં એમણે શ્રી કૃષ્ણ ભગવાનની સ્થાપના કરી હશે,

ત્યાંથી થોડું આગળ ગયા પછી મેં જોયું તો એક નાના સરખા ડુંગર પરથી એક ઝરણું નીકળે છે તેના વહેણમાં એક નાનકડા તળાવ જેવી રચના થઈ છે. તેને કિનારે કોઈક પતરવેલી જેવાં પાન લહેરાતાં લાગે છે. તેની આસપાસ સૂકી ડાળીઓ ખોડીને વાડોલા જેવું પણ કાંઈક કરેલું જણાય છે.

લખવાની સાથે હું કેટલીક છબીઓ પણ પાડતો જતો હતો. મને વિચાર આવ્યો કે મારે માનસીને પાતરાં ચખાડવાં જોઈએ. ને મેં એક અંગત મથાળા નીચે એવું લખી નાખ્યું.

ત્યાંથી થોડે દૂર જતાં મેં મારા બીજા કેટલાક સાથીઓને જોયા. પાસે જ એમનું ગાડું પડ્યું હતું. લાકડાની ધરી પર ટ્રકની કાંબીઓ લગાડીને ઉપર ગાડા જેવું કાઈક કર્યું હોય એવું અણઘડ એ લાગતું હતું. એની આગળને ભાગે એક ધૂંસરી જેવું કરેલું હતું. આ ગાડામાં આજુબાજુથી ભેગાં કરેલાં સૂકાં લાકડાં તથા ઝૈડાં બધા ભરી રહ્યા હતા.

મને લાગ્યું કે એ લાકડાં વાડ બનાવવા માટે હશે. કદાચ ચૂલામાં સળગાવવા માટે પણ હોય, કદાચ ઈંટો પકવવાના ભઠ્ઠા માટે કે માટીનાં વાસણો પકવવાના નિભાડા માટે પણ હોય. જો કે મને હજુ સુધી ક્યાંય કાચી ઈંટો કે કાચાં વાસણો દેખાયાં ન હતાં.

જે હશે તે એક કે બે અઠવાડિયામાં ખબર પડશે વિચારી મેં ચાલકને વિમાન પેલા બીજા વિસ્તાર તરફ લેવા કહ્યું કે જ્યાં લોકો સરોવર પર આડબંધ બાંધતા દેખાયા હતા.

ત્યાં મેં જોયું તો પેલું ઘઉંનું ખેતર ખેદાનમેદાન થઈ ગયું હતું. એમાં ઢોર અથવા જંગલી પશુઓએ તારાજી સર્જી હોય એવું પહેલી નજરે લાગતું હતું. છતાં ક્યાંક ક્યાંક કેટલાક છોડ આડા પડી ગયા છતાં બચી ગયા હતા ને તેના પર ઘઉંની ભરાઈને પાકી ગયેલી ડુંડીઓ દેખાતી હતી. કેટલાંક સ્ત્રીપુરુષો એકએક કરીને એ ડુંડીએ લણતાં હતાં.

મેં અંદાજ માંડ્યો કે પંદર મણ જેટલા ઘઉં તો એમાંથી નીકળશે જ. એ લોકો એટલાં તો સમજદાર હતાં ને મને ખાતરી હતી કે એમાંથી ખાતા પહેલાં આવતા વરસના બી માટે બે મણ જેટલા ઘઉં એ જરૂર જુદા રાખશે. હું જેમ વિચારતો જતો હતો તેમ મારા આ ઈ-નોટબુકમાં લખતો જતો હતો.

એમની વસાહતમાં છાપરાંની ચારેબાજુ એમણે જે શાકભાજી ઉગાડ્યાં હતાં તેના પર જુદી જુદી જાતનાં શાકભાજી લહેરાતાં હતાં. એને પક્ષીઓથી બચાવવા એમણે જ્યાં ત્યાં ચાડિયા પણ ઊભા કર્યા હતા. મને આ લોક સાચા ને અનુભવી  ખેડૂતો હોય એમ લાગતું હતું.

ત્યાંથી હું ત્રીજા સ્થાન પર ગયો જ્યાં દસેક માણસો એક જંગલી ભુંડનો શિકાર કરી રહ્યાં હતાં. એમાં પુરુષોની સાથે સ્ત્રીઓ પણ એમનાથી બનતી મદદ કરી રહી હોય એમ લાગતું હતું. પુરુષોના હાથમાં ભાગ્યાં તૂટ્યાં હથિયારો હતાં. લાગતું હતું કે તેમની પાસે હથિયારોનું સમારકામ કરવાની આવડત ન હતી અથવા એમને એમ કરવાની જરૂર જણાતી ન હતી.

એમની વસાહત તરફ આંટો મારતાં મેં જોયું તો ત્યાં જ્યાં ત્યાં હાડકાં વેરાયેલાં પડ્યાં હતાં. કેટલાક તો એમના

છાપરા પાસે હાડકાંના ઢગલા કરીને પોતે કેટલા મોટા શિકારી છે એની જાહેરાત કરી રહ્યા હોય એમ લાગતું હતું.

પછી સાજ પડવા આવી હતી એટલે મેં વિમાનને પાછું સ્વર્ગલોક તરફ હંકારવા સૂચના આપી.

◇

બીજે દિવસે મારે પૃથ્વીલોક પર જવાનું ન હતું એટલે પોરુમદેવને મળવા જતા પહેલાં હું વિજ્ઞાન કાર્યાલય પર ગયો. મારે એ જાણવું હતું કે મારા ગઈકાલના અવલોકનની કેટલી માહિતી એમની પાસે આવી હતી ને કેવા સ્વરૂપમાં ત્યાં રાખવામાં આવી હતી?

મને જોતાં જ ત્યાંના અધિકારીદેવે મને કહ્યું: ‘તારે માનસીને જ પાતરાં ચખાડવાનાં છે ને અમને નથી ચખાડવાનાં? એમ કર હું સેવકને બોલાવું છું તેને તું પાતરાં લઈ આવવાનું તારી રીતે જણાવ.’

‘એની પણ તમને ખબર પડી ગઈ! મેં તો આ નોંધ અંગતના મથાળા નીચે કરી હતી!’

‘સુખદેવ, સ્વર્ગલોકમાં અમારાથી છૂપું કશું નથી રહેતું. ફક્ત દેવશ્રી અને પોરુદેવની નોંધમાંથી જ અમે કશું જાણી શકતા નથી. તારે હવે આવી અંગત નોંધ કરવતા પહેલાં એ વાતની કાળજી રાખવી જોઈશે.’ હસતાં એમણે મને મીઠી ટકોર કરી.

પછી સેવક આવ્યો એટલે મેં એને પાતરાં ને એને અનુરૂપ ચટણી લઈ આવવા સૂચના આપી. મને લાગ્યું કે મારે અહીં કશું જોવાની જરૂર જ ન હતી. જો મારી અંગત નોંધની પણ અહીં નોંધ લેવાઈ હોય તો બીજી નોંધની તો હોય જ ને! છતાં મેં મારા અવલોકનની નોંધ કાળજી પૂર્વક જોઈ.

‘બધું બરાબર છે કે તને એમાં કોઈ સુધારો કરવા જેવો લાગે છે? હજુ અમે એ પોરુમદેવ પાસે મોકલી નથી.’

‘મારે કોઈ સુધારા કરવાના નથી. હવે મારે કોઈ પણ અંગત નોંધ કરતા પહેલાં કાળજી રાખવી પડશે એવું મને લાગે છે. પણ મારે કોઈ આવી અંગત નોંધ કરવી જ હોય તો એને માટેની કોઈ વ્યવસ્થા ખરી?’ મેં હસતાં પૂછ્યું.

'એ તો તારાં પાતરાં ચાખ્યા પછી જ હું તને જણાવી શકું.' એમણે મારી જેમ જ હસતાં કહ્યું.

પછી પાતરાં આવ્યાં ને મારા જણાવ્યા પ્રમાણે એમણે એ ચટણી સાથે ખાધાં પછી એમણે કહ્યું: 'તારાં આ પાતરાં ખાધા પછી લાગે છે કે તને આવી અંગત નોંધ કરવાની રીત શિખવાડવા જેવી નથી. પણ તું જે કોઈ વાનગી તારી માનસીને ચખાડે તે અમને પણ મોકલવાની નીતિ રાખવાનું વચન આપે તો હું તને કદાચ એ શિખવાડું ખરો.'

'એના કરતાં હું જે વાનગી માનસીને ચખાડું તેની નોંધ જ આપને મોકલી આપવાની રાખું તો આપને અનુકુળ સમયે આપ સેવક પાસે તે મંગાવી શકશો.'

'હા, એમ કરવું યોગ્ય થશે. તું એમ જ કરજે.' કહી એમણે મને અંગત નોંધ કેમ કરવી તે શિખવાડ્યું. ને હું પોરુમદેવને મારા અવલોકનની માહિતી આપવા એમના કાર્યાલય તરફ ઊપડ્યો.

મારા ત્યાં પહોંચતા પહેલાં જ એ માહિતી ત્યાં પહોંચી ગઈ હતી. પરુમદેવે મને આવકારતાં જ કહ્યું: 'ચાલ, તારાં પાતરાં મને પણ ચખાડ. મનેય તારા પૃથ્વીલોકની એ વાનગી ચાખવાનું ગમશે.'

ને એમને જવાબ આપતાં હું શરમાઈ રહ્યો. મેં સેવકને પાતરાં ને ચટણી લાવવાની સૂચના આપી ને પોરુમદેવને મારા પૃથ્વીલોકના અવલોકનની વિગતો આપવા માંડી. એમાંની મોટા ભાગની મેં નોંધેલી વિગતો તો તેમની પાસે આવી ગયેલી હતી એટલે મેં મારાં તારણો વિષે જ વાત કરી.

'હવેથી તારો રોજનો ક્રમ નક્કી કરી લઈએ. તારે એક દિવસ પૃથ્વાલોક પર જઈ પરિસ્થિતિનું અવલોકન કરવાનું ને બીજે દિવસે એની માહિતી મને આપતાં તારી પસંદગીની નવીનવી વાનગીઓ મને ચખાડવાની.' એમણે પાતરાં ખાતાં મને કહ્યું.

'જેવી આપની આજ્ઞા. પૃથ્વીલોકમાં એટલી બધી વાનગીઓ એ લોકો બનાવે છે કે એમ જ લાગે કે એ લોકો જાણે ખાવા માટે જ ન જીવતા હોય! હું બે વર્ષ સુધી રોજ નવીનવી વાનગીઓ આપને ચખાડી શકું.'

'મને લાગે છે કે મને એ ગમશે. મારા સાંજના જમવામાં પણ આવી જ કોઈ વાનગી ચાખવાનું મને મન થાય છે તો જતા પહેલાં સેવકને કોઈ નવી જ વાનગી મારે માટે મંગાવવાની સૂચના આપતો જજે.'

'આજે આપે જે પાતરાં ચાખ્યાં તેનું વાવેતર પૃથ્વીલોક પર શરૂ થઈ ચૂક્યું છે. મારા અવલોકનમાં મને જે જોવા મળ્યું છે એ મુજબ એમણે સૌ પ્રથમ એમની ખાવાની ચીજો અને એની ખેતી પર મુખ્ય ધ્યાન આપવા માંડયું છે.'

'એમાં એમનો કશો વાંક નથી. બધા એમ જ કરે. મહાલય ન હોય તો ઝૂપડીય ચાલે પણ ખાધા સિવાય કોઈને ચાલે ખરું! એટલે એ લોકો આમ કરી રહ્યા છે પણ હજુય મને લાગે છે કે એ બાજી આપણા આયોજન કરતાં બહુ ઝડપથી આગળ વધી રહી છે. દેવશ્રીનો આદેશ છે કે આપણે ત્યાં કોઈ હિંસક પગલાં નથી લેવાનાં, પણ એનો અન્ય કોઈ ઉપાય પણ દેખાતો નથી.'

'મને એનો એક જ ઉપાય દેખાય છે. ખેતીની જીવાદોરી છે વરસાદ. આપણે ઉપરાઉપરી બે કે ત્રણ વર્ષ વરસાદ વગરનાં જવા દઈએ તો એમની ખેતીમાં જરૂર બાધા આવશે. વળી પેલા લોકોએ જે બંધ બાંધ્યો છે તેમાં પણ પાણીનું સ્તર નીચું જતાં એ પણ ખેતીને બચાવવામાં નિષ્ફળ જશે.'

'આપણે એવું જ કાંઈ કરવું પડશે એમ મને લાગે છે. આપણે બે મહિના વાટ જોઈએ, પછી જે યોગ્ય લાગશે તે કરવાનું વિચારીશું.'

'હા, આપણી પાસે હજુ ઘણો સમય છે. હજુ પાકને વાવવાનો સમય આવતા પહેલાં. ને હું માનું છું કે એક વખત પાક વવાઈ જાય તે પછી વરસાદ ન પડે તો એમણે જે બીયારણ વાવ્યું હોય એ નકામું જાય અને બીજે વરસે વાવવાનું તેમની પાસે બીજું વધારાનું બીયરણ વધ્યું ન હોય તો તેમને નવા બીયારણની શોધમાં બીજાં સોએક વરસો વીતી પણ જાય ને ત્યાં સુધીમાં આ ખેતીના જાણકારો રહ્યા પણ ન હોય.'

'મને તારી વાત બરાબર લાગે છે. એમાં કોઈક

પોતાનાં સંતાનોને ખેતીની રીત શિખવાડશે પણ ખરા પણ એમને કદાચ ખેતીમાં બરકત નહીં જણાય ને એ બીજી રીતે જીવવાનું શરૂ કરી દેશે.'

# ૧૮.
# વરસાદી ખેતીનાં હવાતિયાં

ને અમારી એ યોજના સફળ પણ રહી. બે જ વર્ષમાં વરસાદની વાટ જોતાં એ લોકો ત્રાહીમામ પોકારી ગયાં. એમની પાસેનાં બિયારણ પણ ખૂટી ગયાં.

પણ બધેથી અમને એક સરખાં પરિણામો મળ્યાં ન હતાં. મારા સાથીઓએ ભાલના જેવી ઘઉંની સૂકી ખેતી કરવા માંડી હતી. એમાં બહુ વરસાદની જરૂર પડતી ન હતી. ઉતારો જો કે એવો મળતો ન હતો એમાં. એક મણ ઘઉં વાવ્યા હોય તો ભાગ્યે જ ચારથી પાંચ મણ ઘઉં પાકતા હતા. એમાં મહેનતના પ્રમાણમાં વળતર ઘણું ઓછું મળતું હતું પણ હવે તો એમને માટે આ એક જ વિકલ્પ હતો.

ને જમીનની અહીં ક્યાં તંગી હતી? એમણે જેટલા ઘઉં બચાવ્યા હતા એમાંના અર્ધા જેટલા ઘઉં જુદાં જુદાં ખેતરો બનાવીને એમાં વાવી દીધા હતા. શરૂમાં જે થોડો વરસાદ પડ્યો હતો તેનાં અમીથી ઘઉં કોરંટ હતા છતાં પ્રમાણમાં સારો પાક લહેરાઈ રહ્યો હતો.

એની છબીઓનો અભ્યાસ કર્યા પછી કૃષિવિજ્ઞાનની શાખાએ અંદાજ માંડ્યો હતો કે એ વાવેતરમાંથી વધારે નહીં તોય પચીસ મણ ઘઉં તો પાકવા જ જોઈએ.

મને થયું કે પચીસ મણ ઘઉં પાકે તો એમને બાર મહિના ખાતાંય જરૂર કરતાં વધારે બિયારણ વધે. મને થયું આ લોકો તનતોડ મહેનત કરીને પણ એમનું ખાવા જેટલું અનાજ તો પકવી જ લેશે.

પેલા ઝરણાનું પાણી ઓછું થઈ ગયું હતું તોય એનાથી એ લોકો એની આજુબાજુમાં શાક તો ઉછેરતા જ હતા. થોડા ઉપરવાસમાં એમણે જમીન ખોદીને એક તળાવ જેવું કર્યું હતું. તેમાં પાણીનો ઘણો સંગ્રહ થયો હતો. તેમાં થઈને નદીનું પાણી આ શાકભાજીની ખેતીમાં આવતું હતું. જરૂર પડ્યે એ

તળાવમાંથી પાણી ઉલેચીને તેઓ આ શાકભાજીને જીવતી રાખતા હતા. એમાંય મહેનત ઘણી હતી પણ આ લોકો મહેનતથી કંટાળે એવા ન હતા.

તળાવના આ પાણીનું જંગલી જાનવરોથી રક્ષણ કરવા એમણે તળાવની ચારે તરફ લાકડાં રોપીને મજબુત વાડ પણ બનાવી દીધી હતી.

◇

ત્યાંથી હું બીજી વસાહત તરફ ગયો. આ વસાહત પેલી માંછલાં વાળી હતી. વરસાદને અભાવે તેમની તલાવડી સૂકાઈ ગઈ હતી. તેમાંથી એ લોકો કાદવ ડહોળીને માંછલાં પકડતા હતા ને એ ડહોળાયેલું ગંદુ પાણી જ પીતા હતા. એમણે બીજો કોઈ ઉદ્યમ કરવાનું કે પાણી માટે કોઈ પ્રયાસ કરવાનું વિચાર્યું લાગતું ન હતું. આ પાણી સૂકાઈ જશે પછી તેમની શી દશા થશે એનો હજુ તેમને ખ્યાલ આવ્યો હોય એમ લાગતું ન હતું, કદાચ એ લોકો પાણીની શોધમાં અહીંથી ઉચાળા ભરીને ક્યાંક દૂર ચાલ્યા જાય તોય નવાઈ નહીં.

ત્યાંથી મેં પેલા જન્મજાત ખેડૂતોની વસાહત તરફ લેવા ચાલકને સૂચના આપી. એમને વરસાદ પૂરતો ન પડ્યાની કેવી અસર પડી તે મારે ખાસ જાણવું હતું. તમણે નદીએ બનાવેલા નાનકડા સરોવર પર બંધ બાંધ્યો હતો તેનાથી તેમની ખેતી બહુ ખીલી હોય તોય નવાઈ નહીં.

ત્યાં સ્થિતિ ધાર્યા પ્રમાણેની ન હતી. એમના બંધવાળા નાનકડા સરોવરના પાણીનું તળ નદીનું વહેણ ધીમું પડતાં ઘણું નીચું ગયું હતું ને એમાંથી પાણી ઉલેચીને પણ ખેતીને બચાવી શકાય તેમ ન હતી.

એ લોકોએ એ નાનકડા સરોવરના ભાઠામાં ઘઉં ને શાકભાજી ઉગાડ્યાં હતાં. સરોવરમાં પાણી ઓછાં થતાં જેમ જેમ પાણીનો કિનારો દૂર જતો હતો તેમતેમ એ લોકો પાણીની ધાર પર કાંઈક ને કાંઈક વાવતા જતા હતાં. લાગતું હતું કે એ લોકો પોતાની જરૂરીઆત જેટલું તો પકવી જ લેશે.

એમને પીવા ને રસોઈમાં વાપરવા જેટલું પાણી તો ઝરણામાંથી તેમને મળી રહેતું હતું પણ સરોવરની સપાટી જળવાઈ રહે એટલું પાણી ઝરામાં આવતું ન હતું. જો એક

વરસ વરસાદ વધુ ખેંચાય તો તેમને તકલીફ પડે તેમ હતી.

વળી તેમણે ઘરઆંગણે શાકભાજી ઉગાડ્યાં હતાં તેને માટે નદીના ઝરામાંથી અથવા સરોવરમાંથી પાણી ઊંચકીને લઈ જવું પડતું હતું. ને અહીં ભાઠામાં ખેતી કરવામાં પણ રોજેરોજ મહેનત કરવી પડતી હતી એટલે આ શાકભાજીની ખેતીમાં પણ કસર વર્તાવા લાગી હતી.

◇

મેં આમ કરતાં ઘણાં સ્થળોની મુલાકાત લીધી હતી. હજુ સુધી તો જે જે ટોળાં થયાં હતાં તે બધાં એકબીજાથી પરિચિતોનાં જ હતાં અને એક ટોળાથી બીજા ટોળાને કોઈ સંબંધ સ્થાપિત થયો હોય એવું લાગતું ન હતું. બધાં કદાચ એવું માનતાં હોય એમ લાગતું હતું કે એમનું ટોળું એકલું જ આ હોનારતમાંથી બચી ગયું છે.

પણ હવે વરસાદની અછતને કારણે ખેતી અને જળચરોમાં પણ અછત વર્તાતાં લોકો સારા માહોલની શોધમાં દૂર દૂર વિચરવા લાગશે એટલે એમને બીજા લોકોનો પરિચય થશે ને એમાં કડવા-મીઠા અનુભવો પણ થવા માંડશે. એમાં એમને દોસ્તો કરતાં દુશ્મનો વધારે મળશે. કારણ કે એ જ્યાં જશે ત્યાંના લોકોને એમ લાગશે કે આ લોકો તેમનામાં ભાગ પડાવવા આવ્યાં છે.

હવે જે થવાનું હતું તેની અસર નવી દુનિયાના ઘડતરમાં પાયાની ભૂમિકા ભજવશે એમ મને લાગવા માંડ્યું હતું. દેવશ્રીના આયોજનમાં શું હતું તેની મને ખબર ન હતી.

◇

સ્વર્ગલોકમાં જઈ બીજે દિવસે હું પોરુમદેવ પાસે મારા અવલોકનની માહિતી આપવા ગયો. એમણે બધું જાણ્યા પછી મને કહ્યું: ‘જે થઈ રહ્યું છે મને યોગ્ય લાગતું નથી પણ કોઈ પણ નિર્ણય લેવા માટે આપણે લાચાર છીએ. મને લાગે છે કે આપણે દેવશ્રીને આ અંગે પૂછવું જોઈએ.’

અમારે દેવશ્રીની પાસે વારંવાર જવાનું થતું હતું એટલે સ્વર્ગલોકમાં જાત જાતની વાતો ચર્ચાવા માંડી હતી. તેમાં એક વાત એવી પણ હતી કે મારાથી કોઈ એવી હરકત થઈ ગઈ

હતી કે જેને કારણે હું ગમે ત્યારે દેવશ્રીના કોપનો ભોગ બનવાનો હતો. અને એ માટે જ મને વારંવાર દેવશ્રી પોતાની સમક્ષ બોલાવી રહ્યા હતા.

આજે અમે દેવશ્રીની મંજૂરી માગીને તેમના સાનિધ્યમાં જવા રાવાના થયા. રસ્તામાં મને પોરુમદેવે કહ્યું: 'તને દેવશ્રી પૂછે તો જે બે સ્થળને વિષે ખેતી પ્રગતિ કરી રહી છે એની વિગતવાર માહિતી આપજે ને હું એ અંગે જરૂરી પગલાં લેવા એમની પાસે મંજૂરી માગી લઈશ.'

'એમની પાસે એ માહિતી પહોંચી જ ગઈ હશે એમ મને ખાતરી છે. છતાં એ મને પૂછશે તો હું એમને સત્ય વાત વિગતે જરૂર કરીશ.'

અમારી રજૂઆત સાંભળ્યા પછી દેવશ્રીએ મલકાતાં પૂછ્યું: 'આમાં તમને ઉપાધી શી છે?'

'જે રીતે ખેતીનો વિકાસ થઈ રહ્યો છે એ ગયા વખતના કરતાં ઘણો ઝડપી છે એટલે મને થયું કે આપના ધ્યાન પર આ વાત લાવીને એ અંગે કાંઈક કરવા જેવું હોય તો આપની આજ્ઞા માગી લઉં.' પોરુમદેવે કહ્યું.

'મને નથી લાગતું કે હાલ આપણે કાંઈ કરવું જોઈએ. ને ખેતીની તો તને ખબર જ છે કે આપણે ગઈકાલ સુધી ત્યાં કોઈને કોઈ સ્થળે દુષ્કાળની સ્થિતિ પેદા કરતા જ રહ્યા હતા ને! એમની પાસે તો અન્નને એક જગાએથી બીજી જગાએ લઈ જવાનાં સાધનોય હતાં છતાં લાખો લોકો ભૂખમરાથી ક્યાં નહોતાં મરતાં? ને આમની પાસે તો હજુ બે પગ સિવાય ક્યાંય જવા જેટલુંય સાધન નથી.'

'દેવશ્રી, એમણે એક ગાડા જેવું સાધન બનાવી પણ દીધું છે. ને તેમની પાસે કોદાળી પાવડા ધારિયાં વગેરે જેવાં હથિયારો પણ બચેલાં છે.'

'આ હું નવું જાણું છું, પોરુમ. મને કેમ આજ સુધી તમે આ બાબતની જાણકારી આપી નથી! આ ગાડું એમણે કેવુંક બનાવ્યું છે?'

'એ ગાડું એમણે પેલી ટ્રકની કાંબીઓને પૈડાની જગ્યાએ વાપરીને બનાવ્યું છે ને ઉપર સાવ અણઘડ રીતે એક

તરાપા જેવું લાકડાનું મંડળ કર્યું છે.' મેં કહ્યું.

ગયા સંસ્કરણ પછી તો એમને પૈડાની શોધ કરતાંય બે હજાર વરસ લાગેલાં તેને બદલે આ વખતે ગાડાની રચના અને તે પણ લોખંડનાં પૈડાં સાથે! એવાં હથિયારો ને ગાડાનો નાશ સત્વરે કરવો પડશે. એ કામ પોરુમ, હું તને સોંપું છું. પણ એમાં કોઈ જાનહાની ન થવી જોઈએ એનું ધ્યાન રાખજે.'

મને લાગ્યું કે પોરુમદેવ પાસે એવી કોઈ તરકીબ હોવી જોઈએ કે કોઈ પણ જાનહાની કર્યા સિવાય એ આ બધું કરી શકે. એ આ કેમ કરે છે એ જાણવાની મને દિલચશ્પી થઈ.

દેવશ્રી પાસેથી પાછા ફરતાં મેં પોરુમદેવને કહ્યું: 'કોઈ પણ જાતની જાન હાની કર્યા વગર આ કરવું થોડું અઘરું લાગે છે. હવે મારે માટે શી આજ્ઞા છે?'

'તારે હમણાં કશું કરવાનું નથી. મારે કોઈ યોજના વિચારવી પડશે. બધું નક્કી થયે હું તને તારે લાયક કામ સોંપીશ, ત્યાં સુધી તું ત્યાં ફરતો રહે ને મને બધી માહિતી આપતો રહે.'

મને થયું કે પેલા પૃથ્વી કરતાં એક વખત ઘણા પાછળ રહી ગયેલાં માનવોના ગ્રહમાં મારે એક આંટો મારવો જોઈએ ને ત્યાં આવી કોઈ પરિસ્થિતિ પેદા થઈ હોય તો તેમણે એમાંથી બહાર આવવા કેવાં પગલાં લીધાં હતાં એ જાણીને પૃથ્વી લોકનાં માનવોને રોકવાનાં પગલાં લેવાનું વિચારી શકાય.

પણ મને લાગ્યું કે મનાવંતદેવને મળતા પહેલાં જો અવિરતદેવને મળી લીધું હોય તો એમની પાસેથી એ ગ્રહ વિશેની જાણકીરી મેળવી લીધી હોય તો ત્યાંની પરિસ્થિતિ સમજવામાં ઘણી મદદ મળે. એટલે મેં પહેલાં અવિરતદેવના કાર્યાલય પર જવા વિચાર્યું.

ત્યાં એમની પાસેના માહિતી સંગ્રહને ફંફોસતાં મને ઘણું જાણવાનું મળ્યું. તેમાં મુખ્ય વાત એ હતી કે આટલાં વર્ષો થયા છતાં એ લોકો હજુ પૈડાની શોધ કરી શક્યા ન હતા ત્યાં ગાડાની તો વાત જ ક્યાંથી હોય! મને લાગ્યું કે આ વાત પોરુદેવના ધ્યાન પર લાવવી જોઈએ.

પછી હું માનસીને સાથે લઈને મનાવંતદેવના કાર્યાલય તરફ ઊપડ્યો. અમને જોતાં જ એમણે કહ્યું: 'શું વાત છે, આજે જુવાન જોડું ફરી વાર અહીં ભૂલું પડ્યું છે! કહો આજે શા કામે માથે પડવાનું વિચાર્યું છે?'

'આજે તમારા ઈતિહાસને બદલે પ્રત્યક્ષ દર્શનનો લહાવો લેવાનો વિચાર છે. આપણે પેલા પૃથ્વી જેવા ગ્રહ પર આંટો મારવા જવું છે પણ તે પહેલાં મારે આપના ઈતિહાસમાંથી જાણવું છે કે એ ગ્રહની પ્રગતિ પૃથ્વી કરતાં કેટલી પાછળ છે?'

'ભાઈ સુખદેવ, તારો પ્રશ્ન જ ખોટો છે. એ ગ્રહ તારી પૃથ્વી કરતાં કેટલો આગળ છે એમ તારે પૂછવું જોઈએ. તારી પૃથ્વી તો એમ કહેવાય કે હજુ આજે જ જન્મી છે. તેમણે તો બધું જ નવેસરથી શરૂ કરવાનું છે, જ્યારે આ ગ્રહ તો હજારો વરસથી પ્રગતિ કરી રહ્યો છે.'

'મારે એમની આ હજારો વર્ષની પ્રગતિ ને નજરે જોવી છે ને ગણતરી માંડવી છે કે પૃથ્વીલોકને એમની સાથે થઈ જતાં કેટલાં વર્ષ લાગશે?'

'કહો, આજે શું જમશો? આપણે પેટપૂજા કરીને નીકળીએ. સાંજે મોંડે સુધી હું તને એ ગ્રહની સેર કરાવીશ. આશા રાખું છું કે તારે જે જાણવું છે તે તને મળી જાય.'

પછી જમીને અમે પેલા ગ્રહ પર જવા નીકળ્યાં. અમે એક વખત તો આ ગ્રહની મુલાકાત લઈ આવેલાં જ હતાં. આ ગ્રહના લોક સ્વર્ગલોકના પોલા કર્મચારીઓને વરસાદના દેવ કરીકે માનતા હતા એય મેં નજરો જોયું હતું.

આજે તો મારે એમની સરખામણી પૃથ્વીલોકની પ્રગતિ સાથે કરવી હતી. હવે પૃથ્વીલોકની બદલાયેલી પરિસ્થિતિ પછી આ લોકો એમના કરતાં કેટલા આગળ રહ્યા છે એ જ મારે જાણવું હતું.

પૃથ્વી પર હજુ છૂટાં છવાયાં ટોળાંની વસાહતો સ્થપાઈ હતી કે જેઓ એક બીજાથી તદ્દન પરિચિત ન હતાં. અહીં મેં જોયું તો પાંચ દસ માઈલના ઘેરાવામાં બધાને બીજી વસાહત હોવાની ખબર તો હતી પણ એમની વચ્ચે કોઈ સંબંધ ન હતો કે ન તો દુશ્મનાવટ હતી. બધા પોતાનામાં જ મસ્ત રહીને

જીવતા હતા.

ક્યારેક આસપાસથી લોકો વરસાદના દેવને વરસાદ મોકલવા વિનંતિ કરવા આવતા હતા. અહીં વરસાદના દેવો રહેતા હતા એટલા પુરતું આ ગામ કે વસાહતનું મહત્ત્વ લોકોના માનસમાં વધારે હતું.

હજુ અહીં કોઈ ચીજની જરૂર હોય તો તેને બદલે સામી કોઈ ચીજ આપવી જ પડે એવું આર્થિક ચલણ શરૂ થયું ન હતું પણ ક્યારેક કોઈ ચીજ કોઈ માગે તો લોકો તે આપતા હતા. એ એક વહેવાર ગણાતો હતો.

ગાડા જેવું કોઈ વાહન ક્યાંય જોવા મળતું ન હતું. અહીં બધી ખેતી માણસોથી જ થતી હતી. ખેડવાને બદલે જમીન ખોદીને વાવવા લાયક કરવામાં આવતી હતી. એમનાં કટાઈને નકામાં થઈ ગયેલાં ઓજારોને સમરાવવા માટેની કોઈ વ્યવસ્થા હજુ શરૂ થઈ ન હતી.

આ વરસાદના દેવોના ગામની નજીક એક ગામ હતું તેમાં અમે ગયાં. એને આજુબાજુના ગામના લોકો મધાનું ભઠ કહેતા હતા. મને લાગ્યું કે આપણે જેને માટે ગામ શબ્દ પ્રયોજીએ છીએ એવી જ રીતે આ લોક એને ભઠ કહેતા હોવા જોઈએ.

આ મધાના ભઠમાં એક માણસે ઓજારોને ગરમ કરીને તેમને ટીપીને સરખાં કરવાનું કે તેમને ધાર કાઢીને વાપરવા યોગ્ય કરી આપવાનું શરૂ કર્યું હતું. એના કામના બદલામાં લોકો એને ખાવા જેટલાં દાણા અને શાકભાજી આપતા હતા. પણ જેનું તે કામ કરી આપતો હતો તેણે જ એને કાંઈક આપવું જોઈએ એવું ચલણ હજુ અહીં શરૂ થયું ન હતું.

કદાચ વખત જતાં કે આ કામ કરનારને એ પૂરતું નહીં પડે તો કામના બદલામાં કંઈક લેવાનું શરૂ થશે. અને એ જ હશે વેપાર અને ચલણ. એમાંથી નગદ નાણાં જેવી વ્યવસ્થા ઊભી થતાં તો હજુ વરસો લાગશે.

મેં અહીં બે ચીજો જોઈ. એક તો એમની પાસે ગાડા જેવું કોઈ વાહન ન હતું ને બે, કે એમણે જૂના ભંગારમાંથી નવાં ઓજારો બનાવવાનું શરૂ કર્યું ન હતું.

મેં આ બધું જોઈને જો તારણ કાઢ્યા હતાં તે લઈને હું પોરુદેવને મળ્યો. પણ ત્યાં સુધીમાં તો દેવશ્રી પાસેથી આગળ કોઈ પગલાં ન લેવાનો આદેશ આવી ગયો હતો. એમણે પૃથ્વીલોકમાં કોઈ હસ્તક્ષેપ ન કરવાનો આદેશ પોરુમદેવ પર મોંકલી આપ્યો હતો. એમાં એમણે જણાવ્યું હતું કે પૃથ્વીલોક પરની સ્થિતિ જેમ છે તેમ જ ભલે રહેતી આપણે આખરે તો એક પ્રયોગ જ કરીએ છીએ ને! એમને એમની રીતે વિકાસ કરવા દેવો એ જ બરાબર છે. સોએક વરસ પછી આપણે કાંઈક કરવા જેવું જણાશે તો જ એમાં માથું મારવાનું વિચારીશું.

પોરુમદેવને તો દેવશ્રીના આ આદેશ માટે કશું કહેવાનું હોય જ નહીં ને! એમણે એ આદેશને સ્વીકારીને મને પણ આદેશ આપ્યો કે મારે પણ ત્યાં માથું મારવાનું ન હતું. હા, મારે પૃથ્વીલોકની મારી યાત્રાઓ તો ચાલુ જ રાખવાની હતી.

# ૧૯.
# સંસ્કરણની પાંચમી શતાબ્દીએ

આમ કરતાં લગભગ પાંચસો વરસ વીતી ગયાં. ત્યાં દેવશ્રીનો આદેશ આવ્યો કે પૃથ્વીલોકની તલસ્પર્શી માહિતી મેળવીને એમની પાસે રજૂ કરવી. એટલે મારે માથે એની જવાબદારી આવી ગઈ.

હું અવારનવાર ત્યાંની માહિતી મેળવીને પોરુમદેવને આપ્યા કરતો હતો પણ જ્યારે ઉપરથી આદેશ આવ્યો ત્યારે મારે એક છેડેથી બીજા છેડા સુધી બારીકાઈથી અવલોકન કરીને માહિતી એકત્ર કરવાની હતી.

મેં મનમાં જ ગણતરી માંડવા માંડી. મને લાગ્યું કે મારા ટોળાવાળા બીજા બધા વિસ્તારો કરતાં ઘણા આગળ હતા એટલે ભવિષ્યમાં પણ આગળ જ રહેશે. મારા તંત્રી પર મને એટલી તો શ્રધ્ધા હતી જ કે તે પ્રાથમિક ભાષાજ્ઞાન તો બીજી પેઢીને આપતા જ જશે. મને એમને આ બાબતની ટકોર કરવાની ઈચ્છા થઈ હતી પણ દેવશ્રીની આજ્ઞા આડે આવી હતી.

મેં બીજા જ દિવસે મારું સમયપત્રક બનાવી લીધું ને પૃથ્વીલોકની સફર શરૂ કરી. પહેલાં તો મેં પૃથ્વીના પટને જુદા જુદા પચીસ જેટલા વિભાગોમાં વહેંચી દીધો. ને ચાલકને એના નંબર તથા એની ઓળખ યાદ રાખવાનું જણાવી દીધું.

આ માટે મારે આખી પૃથ્વી પર ભ્રમણ કરવું પડ્યું. એમાં મને જાણવા મળ્યું કે ત્યાં હીમયુગના આવવાનાં એંધાણ વર્તાતાં હતાં. ચોમેર ઠંડીનું પ્રમાણ વધી ગયું હતું. લોકો ઘરમાં કે આંગણામાં તાપણીઓ કરીને બેઠેલા જોવા મળતા હતા.

મને થયું કે જો આમ જ ચાલશે તો એમણે જે થોડી પ્રગતિ કરી છે એ પણ ભૂલાઈ જશે. કદાચ આ ઠંડી તો

કાયમની છે એમ લાગતાં એ લોકો એમાંથી રસ્તો કાઢવા પ્રયત્ન કરે પણ ખરા. પણ એટલું તો ખરું કે એમની પ્રગતિ આ અસહ્ય ઠંડીને કારણે ધીમી તો પડી જ જશે.

નાનાં નાનાં તળાવડાંનાં પાણી તો ઠરીને બરફમાં ફેરવાઈ ગયાં હતાં. કેટલાંક ઝરણાં પણ આગળ જામી ગયેલા બરફને કારણે અંતરાઈને વહેતાં બંધ થઈ ગયાં હતાં ને બરફ એમને પાછળ ને પાછળ ધકેલતો જતો હતો.

પછી અમે પહેલા નંબરથી અમારું અવલોકન શરૂ કર્યું. આ વિસ્તારમાં માણસોની વસ્તી નહીંવત જ હતી. ચારે તરફ પહાડો અને બરફ જ દેખાતાં હતાં. હા, સંસ્કરણ પછી જે હતી તેના કરતાં પશુઓની વસ્તી વધી ગયેલી લાગતી હતી. તો એમાં કેટલાંક ન ઓળખાય એવાં નવાં પશુઓ પણ ઉમેરાયાં હતાં.

બધે બરફના ડુંગરાઓ ખડા થઈ ગયા હતા છતાં એમાંય કેટલીક વનસ્પતિ ઊગી નીકળી હતી. જો કે એમાં કોઈ ફળાઉ ઝાડ ન હતાં. ક્યાંક ક્યાંક ખાબોચિયા જેવાં લાગતાં તળાવો હતાં ખરાં પણ તેય ઠંડીમાં ઠૂઠવાતાં બરફમાં ફેરવાઈ ગયાં હતાં. ત્યાં તો કોઈ માણસો નજરે પડતાં ન હતાં એટલે મારે પ્રકૃતિ સિવાય બીજી માહિતી લેવાની ન હતી.

ત્યાંથી અમે બે નંબરના વિસ્તાર તરફ ઊપડ્યા. ત્યાંય બરફનું સામ્રાજ્ય તો જામી જ ગયેલું હતું પણ તોય ત્યાં માણસો કુદરતની સામે બાથ ભીડતાં જીવન ટકાવવાનો જંગ ખેલી રહ્યાં હતાં. એમણે નાનીનાની ગુફાઓમાં વસવાટ કરીને ઠંડીથી રક્ષણ મેળવવા જેટલી બુધ્ધિ જો કે લડાવી જરૂર હતી પણ અનાજ કે અન્ય ખાવાની વ્યવસ્થા કરવામાં તે ઘણાં પાછળ પડી ગયાં હોય એમ લાગતું હતું.

ત્રીજા વિસ્તાર તરફ ગયા તો એ પેલો લાકડાંની વાડવાળો વિસ્તાર હતો. એ લોકો પહેલાં જોયેલા વખત કરતાં પાછા સક્રિય થઈ ગયેલા લાગતા હતાં. તેમણે બરફમાં ટકી રહે એવાં કેટલાંક વૃક્ષો ઉછેર્યાં હતાં. આમાં કેટલાંક ફળાઉ વૃક્ષો પણ હતાં. ને બરફમાં ઉછેરી શકાય એવાં શાકભાજીના અખતરા પણ તેઓ કરી રહ્યા હતા.

એમની જાણ પ્રમાણે ધાણા ને મેથી ને એવાં કેટલાંક

શાકભાજી બરફમાં પણ ઊગી નીકળતાં હતાં. તેમણે થોડી જમીન પરથી બરફ ખસેડીને ત્યાં આવાં શાકભાજી ઉછેરવાના પ્રયત્નો શરૂ કર્યા હતા પણ એમાં ધારવા જેવી સફળતા મળી ન હતી. ને આ હતાં પણ શાકભાજી જ ને!

એમની અનાજ ઉગાડવાની મથામણ ચાલુ જ હતી. પણ લાગતું હતું કે જ્યારે હીમયુગ બરાબર જામી જશે ત્યારે એમણે છેવટે તો જામી ગયેલા બરફની નીચેથી માછલાં પકડવા સિવાય બીજો આરો નહોતો જ રહેવાનો.

ત્યાંથી અમે ચોથા વિસ્તાર તરફ ગયા. આ વિસ્તાર પહેલેથી જ માંસાહાર તરફ વળી ગયેલો હતો. એમને હીમની અસર જરૂર થઈ હતી પણ એમને માછલાં અને જંગલી પશુઓનું માંસ મેળવવામાં બહુ તકલીફ પડે તેમ ન હતું. એ લોકો તો નભી જશે એમ લાગતું હતું,

એમણે જંગલી પશુઓને ફસાવવાની અને તેમનો શિકાર કરવાની નવીનવી તરકીબો શોધી લીધી હતી. આમાં શિકાર કરતાં એમને જોખમો ખેડવાં પડતાં હતાં ને એમાં કેટલાક લોકો ઘવાતા હતા તો કોઈક મરણ પણ પામતા હતા. પણ ભૂખે મરવા કરતાં આવાં જોખમ લેવાનું તેમને ઓછું જોખમી લાગતું હતું.

પાંચમા વિસ્તાર તરફ જઈને મેં જોયું તો એ લોકો પશુઓનો ઉછેર કરતા હોય એમ લાગ્યું. એમણે ગાયો ને બકરીઓને પાળીને તેનાં દૂધઘીની સાથે એમનાં માંસ પણ ખાવામાં ઉપયોગમાં લેવા માંડ્યાં હતાં. મને લાગ્યું કે આ સંસ્કૃતિ ઘણે લાંબે સુધી જઈ શકશે. એમને હીમયુગમાં ટકી રહેવામાં વાંધો નહીં આવે.

છઠ્ઠા વિસ્તારમાં મેં જઈને જોયું તો એ લોકોએ આસપાસથી લૂટ કરીને ખાવાનું તથા એમનાં પાળેલાં પશુઓને લૂટીને પોતાનું ગુજરાન ચલાવવાનું જ જાણે નક્કી કર્યું હતું. એમની પાસે ન તો ખેતીની આવડત હતી કે ન તો પશુપાલનની. એમને તો ફક્ત લૂટ કરતાં જ આવડતી હતી. મને થયું કે આવા માણસોને એમનો સામનો કરવાવાળા મળી જ રહેશે.

સાતમા વિસ્તારમાં જતાં જોવા મળ્યું કે એ તો મારાં

બચાવેલાં લોકોનો જ વિસ્તાર હતો. એમણે રહેવા માટે ગુફાઓ પસંદ કરી હતી પણ ખાવાના અનાજની તંગી તેમને સતાવી રહી હતી. હજુ તેમણે માંસાહારને અપનાવ્યો ન હતો પણ કદાચ છેવટના ઉપાય તરીકે એનો આશરો લે તોય નવાઈ નહીં એમ મને લાગતું હતું.

એમણે પશુપાલન તો ઘણા વખતથી શરૂ કરી દીધેલું જ હતું. હવે આ પશુઓને માટેના ઘાસચારાની અછત વર્તાવા માંડી હતી. આ લોકો કેટલીક બરફમાં ઊગતી વનસ્પતિનાં પાન એમનાં આ પ્રાણીઓને માટે લઈ આવતા હતા. લાગતું હતું કે પશુઓ પણ આ નવા ઘાસચારાથી ટેવાતાં જતાં હતાં.

પશુઓનું ઠંડીથી રક્ષણ કરવા એ લોકોએ એમને નાનાં નાનાં ઝૂંપડાં બાંધીને એમાં રાખ્યાં હતાં. વળી જંગલમાં મરી ગયેલાં પશુઓનાં ચામડાંઓમાંથી તેમને માટે ઠંડીથી રક્ષણ આપે તેવા ઓછાડ પણ બનાવ્યા હતા. એ લોકો પશુઓનું સારી રીતે રક્ષણ કરવાની ભાવના ધરાવતા હતા એમ લાગતું હતું.

હજુ એમને કપાસની કે તેના ઉપયોગની કશી ખબર ન હતી.

મને થયું કે જો હીમયુગ પાંચ કે દસ હજાર વર્ષ ચાલે તો કોઈ પણ જીવીત માણસ માંસાહાર વિના જીવી જ નહીં શકે. પછી નવી સંસ્કૃતિનો પાયો માંસાહાર પર જ નંખાશે ને! જો તે દરમિયાન બરફમાં ઉગાડી શકાય એવા કોઈ ધાનની ખેતીની આ લોકોને ખબર પડે તો ઠીક.

પણ નજીક જઈને જોતાં ખબર પડી કે હમણાં તો એમની આ ખાધ્યાનની તંગીમાંથી બચવાનો રસ્તો તો એમણે શોધી લીધો હતો. એમાંના કેટલાક જુવાન લોકો બરફમાં કાંઈક ખોદી રહ્યા હતા. ધારીને જોતાં મને જણાયું કે એમણે એક મોટું કંદમૂળ ખોદી પણ કાઢ્યું હતું ને એ કંદમૂળની સાથે વળગેલી નાનીનાની ગાંઠોને એ લોકો પાછી પેલા ખાડામાં નાખીને ઉપર માટી વાળી દેતા પણ હતા.

મને ખેતીમાં કશી ખબર નથી પડતી તોય મને એટલું તો સમજાઈ જ ગયું કે એ લોકો એ જ કંદમૂળનું પાછું વાવેતર પણ સાથે સાથે કરી દેતા હતા. મને લાગ્યું કે એ લોકો એમાં

જો સફળ થાય તો એમને પછીનાં કેટલાંય વર્ષો સુધી ખાવાની તંગી પડે એમ ન હતું.

મને જોવાનું મન થયું કે એ લોકો આ ગાંઠનો ખાવા માટે કેવી રીતે ઉપયોગ કરે છે? મેં એમની ગુફામાં ડોકિયું કરીને એ જોવા પ્રયત્ન કર્યો તો જાણવા મળ્યું કે એ ગાંઠને એ તાપણામાં શેકીને ખાતા હતા. એના પર ભભરાવવા જેવા કોઈ મસાલા એમની પાસે હતા નહીં કે પછી એમને એની જરૂર ન હતી એની મને ખબર ન પડી.

મને એ વાતથી સંતોષ જરૂર થયો કે મારા ટોળાની આઠમી કે દસમી પેઢીય હજુ માંસાહારને રવાડે ચઢી ન હતી. જો કે આ હીમયુગ અવિરતદેવ કહેતા હતા તેમ પાંચ કે સાત હજાર વર્ષ ચાલવાનો હોય તો એમને કદાચ કોઈ તકલીફ પડે પણ ખરી. તો બીજી બાજુ મને એમ પણ લાગી રહ્યું હતું કે જેમ તેમણે આ કંદમૂળની શોધ કરી હતી તેમ એમને બીજી કોઈ ખાવા લાયક ચીજની ભાળ મળે પણ ખરી.

પછી અંધારું થવા આવ્યું હતું એટલે હું સ્વર્ગલોકમાં પાછો આવ્યો.

◇

બીજે દિવસે મેં પોરુદેવને મારા અવલોકનની માહિતી આપી તો એ વિચારમાં પડી ગયા. એમણે મને પૂછ્યું: ‘તને એ કંદમૂળ કેવડું હતું એનો કશો અંદાજ છે?’

‘મને લાગે છે કે એ અમારા પૃથ્વીના માપે જોઈએ તો અડધો મણ વજનનું તો હશે જ. મેં એની છબી ગ્રહણ કરેલી છે.’

એ સાંભળતાં જ એ અંદરના ખંડમાં ગયા ને થોડી વાર પછી બહાર આવતાં મને કહે: ‘આ એક મહત્ત્વની બાબત છે. મને લાગે છે કે મારે દેવશ્રી સાથે આ અંગે વાત કરવી પડશે. તું કાલે પૃથ્વીલોક પર જવાનું મુલતવી રાખ. હું પહેલાં દેવશ્રી સાથે આ અંગે વાત કરી લઉં પછી તને તારી પૃથ્વીની સફર વિષે આગળ શું કરવું તે કહીશ.’

મને થયું કે આ કંદમૂળમાં એવું તો શું હતું કે પોરુમદેવ જેવા એમાં આમ ચિંતામાં પડી ગયા હતા! તો બીજી બાજુ મને

મારા ટોળાવાળા લોકોને માટે ચિંતા પણ થવા માંડી. મને થયું કે એને કારણે એમના પર કોઈ આપત્તિ આવશે તો એ મારે કારણે હશે. પણ મારે તો દેવને મારા અવલોકનની માહિતી આપ્યા સિવાય છૂટકો જ ક્યાં હતો?

મેં જે મળ્યા તે બેચાર દિવસ અહીં આરામમાં વીતાવવાનું વિતાર્યું. આ બે દિવસ મેં કશું કરવાને બદલે માનસીના સાનિધ્યમાં જ વીતાવ્યા. હું ઘેર જ રહ્યો એ માનસીને ઘણું ગમ્યું. એણે કહ્યું: 'તારું પૃથ્વીલોકનું કામ પતી ગયું એ જાણીને મને એટલો તો આનંદ થયો છે કે એનો પાર નહીં. હવે તારે કામ વગરના ત્યાંના ફેરા ખાવાના નથી. તું અહીં મારી પાસે જ રહે.'

'ગાંડી, મારું પૃથ્વીલોકનું કામ પતી ગયું નથી પણ મને એમાંથી આ બેચાર દિવસની ફક્ત છૂટ્ટી જ મળી છે. મારે તો દેવશ્રીનો આદેશ મળતાં પાછી પૃથ્વીની દડમજલ શરૂ કરવાની જ છે.' મેં કહ્યું ને માનસીની આંખોમાં પાછી ઉદાસી છવાઈ ગઈ.

ત્રણેક દિવસ પછી મને પોરુમદેવનો આદેશ મળ્યો: મારે એમની સાથે દેવશ્રીને મળવા જવાનું હતું. મારા જેવા નવું દેવત્વ પામેલાને આમ વારંવાર દેવશ્રીના સાનિધ્યમાં જવાનું થતું હતું ને બધા માનતા હતા એમ મને શિક્ષાને બદલે નવાં નવાં કામના જ આદેશ મળતા હતા એ જોઈને હવે સ્વર્ગલોકમાંય મારે માટે આશંકાઓ થતી ઓછી થઈ ગઈ હતી.

ને એમ હું પોરુદેવની સાથે દેવશ્રીના સાનિધ્યમાં ઉપસ્થિત થયો. એમણે સીધું મને જ પૂછ્યું: 'કહે સુખી, તને આ વખતના અવલોકનમાં ખાસ શું જાણવા મળ્યું?'

'દેવશ્રી, મને એવું લાગ્યું કે હીમયુગ આવવાનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. શાકાહારની તંગી પડવા માંડી છે. જો આમને આમ ચાલશે તો ભવિષ્યની પેઢી માંસાહાર સિવાય જીવી જ નહીં શકે. હા, એક જગાએ મને કેટલાંક માણસોએ કેટલાક ખાદ્યાન્નની શોધ કરી હોય એવું પણ જોવા મળ્યું છે.'

'ને એ લોકો તેં જેને બચાવેલા એમના વારસદારો જ છે, બરાબર ને!'

‘હા દેવશ્રી. એમણે કેટલાંક કંદમૂળ ખાવામાં લેવા માંડ્યાં છે ને એનું વાવેતર પણ એમણે કરવા માંડ્યું છે. આ કંદમૂળ બરફમાંય ઊગે છે ને એનો ફાલ પણ સારો આવતો લાગે છે.’

‘તને એમ નથી લાગતું કે તારે એમને અહીંના વિજ્ઞાન કાર્યાલયમાંથી કોઈ એવાં બીજ આપવાં જોઈએ કે એ લોકોને કાયમ આવું શાકાહારી બની રહેવાનું શક્ય બને!’ હસતાં એમણે કહ્યું ને મને લાગ્યું કે એ મશ્કરી કરતાં મારા મનની ઈચ્છા જાણવા પ્રયત્ન કરતા હતા. મને તો ખાતરી હતી જ કે મારા મનની કોઈ વાત એમનાથી છૂપી ન જ હતી.

‘હું તો આપના આદેશ મુજબ કામ કરી રહ્યો છું. એમાં મારા મનમાંની વાતને હું આડે આવવા દેતો નથી.’ મેં કહ્યું.

‘હું તને માત્ર એટલું જ પૂછું છું કે તારા મનમાં એવો કોઈ વિચાર આવે છે કે નહીં?’

‘મારા ટોળાના આ વંશજો અન્યોથી બે ડગલાં આગળ રહે તો એમાં મને આનંદ જરૂર થાય છે પણ એમને કોઈ પણ રીતે મદદરૂપ થવાનો વિચાર મારા મનમાં આવતો નથી.’

‘તને એવો વિચાર આવે તો હું તેમાં તારો દોષ જોતો નથી. હજુ તારા પૃથ્વી સાથેના તાર ક્યાંક ને ક્યાંક જોડાયેલા જ રહ્યા છે છતાં તું મારા આદેશને વળગી રહ્યો છું એ તારે માટે સારું છે. ને અમે પણ પેલા “જીવો જીવસ્ય ભક્ષણમ્”માં માનતા નથી. એટલે જ હું તને પૂછું છું કે તારા ટોળાના એ વારસદારોને કોઈક રીતે મદદ થાય એવું કરવાની તને ઈચ્છા થાય છે કે નહીં?’

‘આપના આદેશની બહારની કોઈ ઈચ્છા થવી એને હું અપરાધ ગણું છું.’

‘તો હવે એને અપરાધ ગણવાને બદલે હું તારો દૃષ્ટિકોણ જાણવા પૂછું તો?’

‘જો આપને શાકાહારી સંસ્કૃતિથી નવી દુનિયાનો પાયો નાખવો હોય તો એમને કે આ રસ્તે ચાલતા કોઈને પણ મદદ કરવી જોઈએ એમ હું માનું છું.’

‘મારે એ જ જાણવું હતું. તો જા આપણા

વિજ્ઞાનસંશોધન કાર્યાલયમાંથી ચારપાંચ જાતનાં એવાં બિયારણ લઈ જા કે જે બરફમાં પણ ઊગતાં ને પાકતાં હોય અને વગર ભેદભાવે એમને વહેંચ. આમ કરતાં તું પ્રત્યક્ષ થાય તો કોઈ દેવના સ્વરૂપે જજે કે ભવિષ્માં એ લોકો માંસાહાર તરફ જવા માગે તોય એમને એ દેવના આશીર્વાદનું ઉલ્લંઘન કરતા હોવા જેવું લાગે.'

'આમ કરતાં બેય પ્રકારની સંસ્કૃતિ ખીલશે. મારે એમની સામે કયા દેવના સ્વરૂપમાં જવું એવો આપ આદેશ આપવા કૃપા કરશો!'

'તારા તંત્રીએ તારો ફોટો એમને વારસામાં આપ્યો જ છે ને એ તેમણે હજુ સુધી સાચવી પણ રાખ્યો છે ને તારાં પેલાં મરજાદી બહેને જ્યારે નાનકડું મંદિર બનાવ્યું હતું ત્યારે કૃષ્ણ ભગવાનની બાજુમાં તારી પણ તેમણે સ્થાપના કરેલી. તો તું ત્યાં તારા જ દેવસ્વરૂપે મુગુટ પહેરીને ત્યાં જશે તો એમને લાગશે કે સ્વપ્નીલદેવે તેમને દર્શન દઈને વરદાનરૂપી આ બીજ આપ્યાં છે. આ સિવાયના બીજા વિસ્તારમાં પણ આ જ સ્વરૂપે જજે. જોઈએ એ લોક તને કયા દેવના સ્વરૂપે પૂજવા માંડે છે!'

મારા આવાસ પર જઈ મેં માનસીને બતાવવા મારા દેવસ્વરૂપના શણગાર સજ્યા. એ જોઈ માનસી હસ્યા વગર ન રહી શકી: 'આ કેવો વેશ પહેર્યો છે તેં! શું તું કોઈ નાટક ભજવવા તો નથી જતો ને!'

'ના દેવશ્રીનો આદેશ છે કે મારે પૃથ્વીલોકમાં આવા દેવ સ્વરૂપે જવાનું છે.'

'તો તો હુંય તારી સાથે આવીશ.'

'ગાંડી થઈ છે કે શું! આજે તારાથી મારી સાથે ન અવાય. મને તો દેવશ્રીનો આદેશ છે.'

'તો મારે માટે પણ દેવશ્રીની આજ્ઞા મેળવી લે. હું તારી સાથે આવવાની જ છું.'

મેં છેલ્લા ઉપાય તરીકે પોરુમદેવનું શરણ લીધું. એ કહે: 'એ તારી સાથે ક્યાંથી આવી શકે? એ જો તારી સાથે આવે વખતે આવે તો એ પણ દેવી સ્વરૂપે પૂજાવા માંડે ને

એને તો દેવીત્વ પણ આપવામાં આવ્યું નથી. છતાં થોભ હું દેવશ્રીનો શો આદેશ છે એ પૂછીને તને જણાવું છું.'

થોડી વાર પછી પોરુદેવને બદલે ખુદ દેવશ્રીનો સંદેશ આવ્યો. એમણે કહ્યું: 'સુખી, તું મને મોંઘો પડવા માંડ્યો છું. તને દેવત્વ આપ્યું ત્યાં સુધી તો બરાબર હતું પણ તારે કારણે મારે આજે માનસીને પણ દેવીત્વ આપવું પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. તું એકલો ત્યાં જાય એના કરતાં કોઈ દેવીની સાથે જાય એ વધારે યોગ્ય છે એટલે માનસીને સંદેશવાહક યંત્ર પાસે બોલાવ. હું એની સાથે વાત કરી લઉં.'

ને માનસી આવી એટલે એમણે કહ્યું: 'જો માનકીયા, હજારો વર્ષથી કોઈ સમાજસારિકાને મેં દેવીત્વ આપ્યું નથી પણ હું આજે તે તને આપી રહ્યો છું. સાચી દેવી બનીને રહેજે, મારા તને આશીર્વાદ છે. તું સુખેથી સુખદેવ સાથે પૃથ્વી પર જા અને માનસીદેવી તરીકે ત્યાં ઓળખા. એક વાત ધ્યાનમાં રાખજે કે ત્યાં વગર સમજ્યે તથાસ્તુ ન કહેતી તેને બદલે આશીર્વાદમાં જ પતાવજે. '

આ સાંભળતાં જ માનસીની આંખોમાં શ્રાવણ ભાદરવો વરસવા માંડ્યા. એ ગદગદીત થઈને મારે ચરણે પડી ને બોલી: 'દેવ, તમારે કારણે મને આજે દેવશ્રીએ દેવીત્વ આપ્યું છે. તમારા આ પ્રેમનો બદલો હું કેમ કરીને ચૂકવીશ!'

'પ્રેમ કરીને. લે હવે તૈયાર થવા માંડ. તારે પણ હવે દેવી માનસી તરીકે મારી સાથે પૃથ્વીલોકમાં આવવાનું છે. તું મોર મુગુટ ને હથિયાર સજી લે.'

'ના હથિયાર નહીં. આજે તો તારી સાથે હું દયાની દેવી બનીને આવવા માગું છુ. તું દયાનો દેવ ને હું દયાની દેવી.'

પછી હું વિજ્ઞાન સંશોધન કાર્યાલયમાંથી સાત-આઠ પ્રકારનાં બીજ લઈ આવ્યો ને અમે પૃથ્વીલોકમાં જવા ઊપડ્યાં. આજે માનસીનો ઉત્સાહ કોઈ ઔર જ હતો. એ સાચા અર્થમાં આજે દેવી બની હતી ને!

પૃથવીલોક પર પહોંચી સૌ પહેલાં અમે મારાવાળા ટોળાના વારસદારો પાસે પહોંચ્યાં. અમે ગુફામાં જઈ પ્રત્યક્ષ થયાં ત્યાં જ આખી ગુફામાં સ્વર્ગીય પ્રકાશ ઝળહળી રહ્યો. અમારાં દર્શનથી અંજાઈ ગયેલાં બધાં અમારી સામે નમી

પડ્યાં.

મેં કહ્યું: 'જુઓ, તમારા શાકાહારી વ્રતથી પ્રસન્ન થઈને હું સ્વપ્નીલદેવ તથા આ માનસીદેવી તમને દર્શન અને વરદાન દેવા આવ્યાં છીએ. આ થોડાં બીજ છે તેને તમે ધરતીમાં વાવશો તો એમાંથી અગણીત ખાદ્યાન્ન ઉત્પન થશે. જ્યાં સુધી તમે પશુઓની હત્યા કરીને તેમનાં માંસનું ભક્ષણ નહીં કરવાની આવી ભક્તિને વળગી રહેશો ત્યાં સુધી તમારી આ બીજની ખેતી અવિરત રહેશે.'

'સ્વપ્નીલદેવશ્રી, અમે શરૂથી જ અનેક વિડંબણાઓ છતાં માંસાહાર કરવાનો વિચાર સુધ્ધાં કર્યો નથી ને હવે તો આપના આશીર્વાદ મળ્યા પછી તો એનો વિચાર કરવો એ પણ અમારે મન પાપ છે. આપના ચરણ પખારીને અમે ચરણામૃતની અંજલી સાથે પણ લઈએ છીએ કે માંસાહાર કરવા કરતાં અમે મરવું પસંદ કરીશું પણ માંસાહાર ક્યારેય નહીં કરીએ.' એમાંના એક જણે કહ્યું ને બધા એમાં સંમતિ આપી રહ્યા.

ત્યાંથી અમે બીજા વિસ્તારોમાં પણ એ જ સંદેશ સાથે ફર્યાં. પેલા મૂળભૂત ખેડુઓવાળા વિસ્તારમાં અમે ગયા તો એમણે તો અમારી આરતી ઉતારી ને પ્રસાદ પણ વહેંચ્યો. એમણે કહ્યું: 'સ્વપ્નીલદેવશ્રી અને માનસીદેવીની કૃપા અમારા પર ઊતરી છે ને અમે તરી ગયાં છીએ. અમને આમ ફરીથી દર્શન ને આશીર્વાદ આપવા કૃપા કરશો. અમે આપના આદેશ પ્રમાણેનું જીવન જીવવાના સોગંદ ખાઈએ છીએ.'

એમ કરતાં અમે પેલાં માંસભક્ષીઓની વસાહતમાં પણ ગયાં પણ ત્યાં અમારા આ ઉપદેશનો એમણે અમને મનગમતો જ અર્થ કાઢ્યો. એમણે કહ્યું: 'અમે આપના ઉદ્દેશ પ્રમાણે ચાલવાનું વચન આપીએ છીએ ને ક્યારેક જ પશુની હત્યા કરીને માંસનું ભક્ષણ કરીશું. બહુધા તો અમે જંગલી જાનવરોએ કરેલી હત્યાના માંસનું જ ભક્ષણ કરીશું.'

આમ બધા વિસ્તારોમાં બીજ અને આશીર્વાદની લહાણી કરીને અમે સ્વર્ગલોકમાં પાછાં ફર્યાં તો માનસીની બેનપણીઓ તેની વાટ જ જોતી હતી. અમને જોતાં જ એક બટકબોલી બેનપણીએ કહ્યું: 'દેવ, તે દિવસે તમે માનકીયાને

બાથમાં લીધી હતી એને બદલે મને કેમ ન લીધી?'

'તે હજુય ક્યાં મોડું થઈ ગયું છે આવ આજે તનેય બાથમાં લઈ લઉં.' કહેતાં મેં એને બાથમાં લીધી ત્યાં માનસી ધસી આવી.

એ કહે: 'જો મારા દેવને ફોસલાવવાની કોઈએ ચેષ્ઠા કરી છે તો હું તેને શાપ આપી દઈશ. તમને બધીને ખબર છે ને કે હું હવે દેવી છું.'

'બેન, દેવીના ઠાઠ તો જુઓ. જૂની બેનપણીઓને આશીર્વાદ આપવા તો એક બાજુ રહ્યા ને આ તો અત્યારથી શાપ આપવાની વાતો કરવા માંડી છે.'

'આ તો હજુ શરૂઆત છે. બે વરસ પછી જો આપણામાંથી કોઈ એને સામી મળશે તો એને ઓળખશે પણ નહીં.'

'એ તો હવે દેવી જો થઈ ગઈ છે તે. પણ હું તે દિવસે એને બદલે સ્વપ્નીલને કોરો કરવા લઈ ગઈ હોત તો માનકીયા રખડી જ ગઈ હોત. એણે તો ઊલટું મારો આભાર માનવો જોઈએ.'

'હું તો હજુય ઈચ્છું છું કે તું મને કોરો કરવા લઈ જાય. બોલ, આવવું છે સ્નાનકક્ષમાં?'

'એનો ટાંટિયો જ ના તોડી નાખું હું!' કહેતાં માનસીએ પેલીને અંગૂઠો બતાવ્યો.

પછી કલાકેક આવી મજાક મશ્કરી કરીને બધી વિખરાઈ. ને મેં કહ્યું: 'કહો દેવીશ્રી, મારા માટે શો આદેશ છે?'

'હવે મારો કોઈ આદેશ નહીં ચાલે અહીં, મારા દેવ. તમારે પ્રતાપે મને દેવીત્વ મળ્યું છે એટલે હું તો તમારી દાસી થઈ ગઈ છું. તમે આદેશ આપો કે હું આપની શી સેવા કરું?'

'આ જે તો તમે તમારાં મનભાવતાં ભોજન મંગાવો ને તમારા કોમળ હાથે મને જમાડો.'

'મારાં આંગળાં પર બચકું ભરવાના તમારા આશયની મને શંકા આવે છે છતાં મારી ફરજ છે અટલે હું તમને અવશ્ય જમાડીશ, દેવ.'

'લે હવે દેવ દેવીનું નાટક પડતું મૂક અને જમવાનું મંગાવ. આજે તો આપણે તારા દેવી થયાની ઉજવણી કરવાની છે.'

◇

પછી તો વરસો પાણીના રેલાની જેમ વહેવા માંડ્યાં. મને દેવશ્રી તરફથી પૃથ્વીલોકમાં જવાનો કે ન જવાનો કોઈ આદેશ મળ્યો ન હતો છતાં મારો એ દુનિયા સાથેનો લગાવ મને કાયમ આપર્ષી રહ્યો હતો એટલે હું ક્યારેક માનસીની સાથે તો ક્યારેક એકલો પૃથ્વી પર જઈને ત્યાંની પરિસ્થિતિનું અવલોકન કરી આવતો હતો પણ કોઈનેય પ્રત્યક્ષ થતો ન હતો.

માનસી જ્યારે મારી સાથે ત્યાં આવતી ત્યારે મારે ખાસ કાળજી લેવી પડતી કે એ ક્યાંક પ્રત્યક્ષ ન થઈ જાય! એને તો વારંવાર લોકોની મુશ્કેલીઓમાં મદદરૂપ થવાના ને એમને આશીર્વાદ આપવાના ચસ્કા પણ ઊપડતા હતા પણ મેં એને દેવશ્રીના આદેશની બીક બતાવી એવું ન કરવા મનાવી લીધી હતી.

ક્યારેક પોરુદેવની આજ્ઞા લઈ અમે ત્યાં પ્રત્યક્ષ થવા જતાં હતાં તો ત્યાં પણ અમે તથાસ્તુ કહેવાને બદલે માત્ર આશીર્વાદથી જ પતાવતાં હતાં.

આમ તો ત્યાં બધું રાગે પડી ગયું હતું પણ ત્યાંના લોકોની અપેક્ષાઓ વધતી જતી હતી. હજુ તો પુન:સંસ્કરણને પાંચ હજાર વરસો જ વીત્યાં હતાં. હીમયુગમાંથી ધરતી મુક્ત થતી જતી હતી. લોકો પણ હવે ખાવાની સાથે અન્ય ચીજો પર ધ્યાન આપવા માંડ્યા હતા.

કપાસના છોડ જંગલમાંથી મળી આવતાં લોકો તેમાંથી જેવાં તેવાં કપડાં વણતાં શીખ્યા હતા. કેટલાંક સ્ત્રી પરુષો ચામડાંને ઠેકાણે હવે વસ્ત્રો પહેરતાં થયાં હતાં.

ત્યાં અચાનક મારે માટે દેવશ્રીનો આદેશ આવ્યો કે મારે કે માનસીએ પૃથ્વીલોકમાં વારંવાર જવાનું નથી. જ્યારે જવું હોય ત્યારે એમની અનુમતિ લઈને જ જવાનું છે. એટલે અમારું પૃથ્વીલોક પર જવાનું જ જાણે બંધ થઈ ગયું છે.

આ વાતનેય બીજાં હજારેક વરસ વહી ગયાં છે. હું અને માનસી દેવશ્રીના આદેશની વાટ જોઈ રહ્યાં છીએ કે એ ક્યારે અમને પૃથ્વીલોક પર જવાનો આદેશ આપે છે.

**સંપૂર્ણ**